भाग - १ २८ ४०१

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



66ग
82 ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या...... 66ग ४२१

पञ्जिका संख्या...... २८५०९

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પત્ર નં. (૨૫) ૨૯૯૮ તા. ૨૧-૭-'૫૧થી]
પાઠ્યપુસ્તક તરીકે મંજૂર

સાહિત્યરત્ન

ભાગ પહેલો

स्टाक प्रमाणीकरण ११८४-११८५

With Best Compliments
from the publishers

મૂળ સંપાદકો
સ્વ. ઈશ્વરલાલ આણુલાલ ખાનસાહેબ, બી. એ.
સ્વ. નરહરિ ત્ર્યંબકલાલ, એમ, એ. એલએલ. બી.

CHECKED 1973
Initial ......

પુનર્યોજના કરનાર
રમણલાલ નરહરિલાલ વકીલ, એમ. એ.
આચાર્ય, ધી મોડર્ન સ્કૂલ, મુંબઈ – ૪

પ્રકાશક
મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ
નાણાવટ * સુરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: પ્રકાશક :

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ

તરફથી શ્રી નંદસુખલાલ બાલુભાઈ બુકસેલર

નાણાવટ * સુરત

पुस्तक सं० ....
आगत सं० ....
दिनांक ....
गुरुकुल पुस्तकालय काँगड़ी.

સુધારેલી આવૃત્તિ

૧૯૫૨

ત્રીસમી આવૃત્તિ ૧૯૫૨
એકત્રીસમી આવૃત્તિ ૧૯૫૨
બત્રીસમી આવૃત્તિ ૧૯૫૪

: મુદ્રક :

જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ

નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

પચીસેક વર્ષના ગાળામાં આ પુસ્તકની ચૌદ આવૃત્તિઓ થઈ એટલે એની લોકપ્રિયતા માટે કાંઈ બોલવાનું રહેતું નથી. સમયની જરૂરિયાત પ્રમાણે સંગ્રહમાં સુધારાવધારા કરવાનો નિર્ણય તો ક્યારનોય થઈ ગયો હતો. કેટલાક શિક્ષકો તરફથી માગણી થતાં ટિપ્પણ લખવાનો પ્રયાસ પણ એક વાર થયો હતો. આ કાર્ય કરવાનો સુયોગ મને સાંપડ્યો એ મારું સદ્‌ભાગ્ય. શિક્ષકો અને વિદ્યાર્થીઓની એકસરખી જરૂરિયાતો પૂરી પાડવા મેં યથાશક્તિ યથામતિ પ્રયાસ કર્યો છે. લેખકોના જીવનપરિચયમાં અને ટિપ્પણમાં વિદ્યાર્થીઓનું કાર્ય સરળ અને સાદું કરવા કરતાં, એમના જ્ઞાનભંડોળમાં વધારો થાય એ દૃષ્ટિબિંદુ ઉપર વધારે લક્ષ આપ્યું છે. એથી જ માત્ર શબ્દો કે વાક્યોની સમજૂતી ન આપતાં, અર્થસૂચક અગત્યની હકીકત જ આપી છે. ટિપ્પણનો દુરુપયોગ વિદ્યાર્થીઓ ન કરે અને સાહિત્યનો શોખ માણવા માત્ર રસવૃત્તિ નહિ પણ થોડા શ્રમની પણ જરૂર છે, એ બે વસ્તુઓ ધ્યાનમાં રાખતાં કોઈને ટિપ્પણમાં અપૂર્ણતા નહિ લાગે.

કવિના જીવનજ્ઞાન વગર એનું કવન સમજવું અને માણવું સર્વદા અને સર્વાંશે શક્ય નથી. આ દૃષ્ટિએ લેખકોનાં જીવન અને કૃતિઓ માટે મહત્ત્વની નોંધ આપી છે. એ હકીકત વિદ્યાર્થીઓને વિશેષ ઉપયોગી અને માર્ગસૂચક થઈ પડશે એવી આશા છે.

આ પુસ્તકની નવી યોજના પ્રમાણે એને ત્રણ ભાગમાં વહેંચી નાખવામાં આવ્યું છે. આધુનિક સાહિત્યમાંથી ઘણા નવા નમૂના ઉમેરવામાં આવ્યા છે, અને એને માટે અવકાશ કરવા પૃષ્ઠસંખ્યા વધારી તો છે, પણ તે પૂરતું ન લાગતાં જૂના સાહિત્યમાંના થોડા નમૂના કાઢી નાખ્યા છે. આવા સંગ્રહમાં બે હેતુ મુખ્ય હોય : એક તો કિશોર વિદ્યાર્થીઓને આપણા સાહિત્યના માર્ગસૂચક મુખ્ય પ્રવાહો અને બનાવોથી વાકેફ કરવાનો, અને બીજો, તેમને સાહિત્યમાં રસ લેતા કરવાનો. ગુજરાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યની શરૂઆતથી આજ સુધીના મુખ્ય સાહિત્ય પ્રવાહો અને પ્રકારોની સૂચક કૃતિઓને આ સંગ્રહમાં સ્થાન આપવામાં આવ્યું છે. સાહિત્યનો વિકાસ સતત–સળંગ છે અને એ વિકાસ જાણવા સાહિત્ય–વિષયક અને ઐતિહાસિક એ બન્ને દૃષ્ટિબિંદુઓનો સમન્વય થવો ઘટે. આ પુસ્તક ખાસ વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવ્યું છે, પણ સામાન્ય જનોને સાહિત્યપ્રવેશ માટે એ ઉપયોગી થઈ પડે એ તરફ જોઈતું ધ્યાન આપવામાં આવ્યું છે. કૃતિઓની પસંદગી, ટિપ્પણ અને જીવનપરિચય–ત્રણેમાં વિભાગ પ્રમાણે ધોરણ ઊંચું રાખવામાં આવ્યું છે.

એકલે હાથે આ કાર્ય હું કદાચ આટલું જલદી ન કરી શક્યો હોત. મિત્રોએ આપેલા સહકાર માટે હું તેમનો ઋણી છું. ઉપરાંત જે જે લેખકો કે પ્રકાશકોએ ઉદાર વૃત્તિ દર્શાવી આ સંગ્રહમાંની કૃતિઓ પ્રગટ કરવા રજા આપી છે, તે માટે હું તેમનો અતિ આભારી છું.

તા. ૮મી ડિસેમ્બર, ૧૯૩૩ — **રમણ ન૦ વકીલ**

સત્તાવીસમી આવૃત્તિમાં નવા અભ્યાસક્રમ પ્રમાણે સુધારાવધારા કર્યા છે. પૃષ્ઠસંખ્યા પણ સારા પ્રમાણમાં વધી છે; એટલે ન છૂટકે પુસ્તકની કિંમતમાં વધારો કરવો પડ્યો છે.

ધી મૉડર્ન સ્કૂલ, મુંબઈ – ૪
તા. ૨૪મી ડિસેમ્બર, ૧૯૫૦ — **ર૦ ન૦ વકીલ**

બત્રીસમ[illegible] ત્ત એકત્રીસમી આવૃત્તિનું પુનર્મુદ્રણ છે.

તા. ૧લી જાન્યુઆરી, ૧૯૫૪ — **ર૦ ન૦ વકીલ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

પદ્યવિભાગ

૧	નરસિંહ મહેતા	ગિરિ તળેટી	૩
૨	,,	નાગદમન	૩
૩	,,	કાનુડા સામે ફરિયાદ	૫
૪	મીરાંબાઈ	બોલ મા	૮
૫	,,	રામ રમકડું	૯
૬	અખો	મિથ્યા ઉત્પાત	૧૨
૭	પ્રેમાનંદ	સુદામાચરિત્ર (સંક્ષિપ્ત)	૧૪
૮	સામળ ભટ્ટ	મોત વિષે	૩૩
૯	,,	હિંમત	૩૩
૧૦	,,	છૂટક દોહરા	૩૪
૧૧	ધીરો	જેને રામ રાખે	૩૬
૧૨	બ્રહ્માનંદ	ગાફલ પ્રાણી	૩૭
૧૩	દયારામ	શ્યામ રંગ સમીપે ન જાવું	૪૦
૧૪	,,	મોંઘો મનુષ્ય-દેહ	૪૦
૧૫	નર્મદાશંકર	સાહસ	૪૩
૧૬	દલપતરામ	અન્યોક્તિ	૪૬
૧૭	,,	શરણાઈવાળો	૪૭
૧૮	,,	જૂનો ચાલ	૪૭
૧૯	,,	દેશાટન વિષે	૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦ નવલરામ	જનાવરની જાન	૫૦
૨૧ [?] લોકગીત	વેરણુ વીજળી	૫૪
૨૨ નર્મસંહરાવ	મધ્યરાત્રિએ કોયલ	૫૮
૨૩ „	માનવ બુદ્બુદ	૫૯
૨૪ ગોવર્ધનરામ અને નરહરિલાલ	પ્રેમયોગી	૬૩
૨૫ મણિશંકર (કાન્ત)	અનન્ત વાત્સલ્ય	૬૮
૨૬ „	મહેમાનોને	૬૯
૨૭ કલાપી	શિકારીને	૭૧
૨૮ „	મને જોઈને ઊડી જતાં પક્ષીઓને	૭૨
૨૯ બોટાદકર	પ્રેમ અને સત્કાર	૭૪
૩૦ „	જનની	૭૫
૩૧ નાનાલાલ	ફૂલડાં-કટોરી	૭૮
૩૨ „	અહાલેક	૭૯
૩૩ ખબરદાર	હલદીઘાટનું યુદ્ધ	૮૧
૩૪ રામનારાયણ પાઠક	વૈશાખનો બપોર	૮૬
૩૫ જુગતરામ દવે	ધર્મવ્યાધ	૯૧
૩૬ ચંદ્રવદન મહેતા	દેવઆલ	૯૩
૩૭ સ્નેહરશ્મિ	રાષ્ટ્રધ્વજને	૯૪
૩૮ સુંદરજી બેટાઈ	બાની ચીમટી	૯૬
૩૯ પ્રભુભાઈ પટેલ	હૈયાફૂટી	૯૮
૪૦ સુંદરમ્	બ્રાહ્મણો	૧૦૧
૪૧ ઉમાશંકર જોષી	ધોબી	૧૦૪
૪૨ પ્રહ્લાદ પારેખ	છેલ્લી પૂજા	૧૦૭
૪૩ ૧ થી ૪૦	રત્નકણિકા	૧૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગદ્યવિભાગ

૧	નર્મદાશંકર	સ્વદેશાભિમાન વિષે	૧૧૭
૨	,,	મહાપુરુષો	૧૨૦
૩	દલપતરામ	'મિથ્યાભિમાન નાટક'માંથી	૧૨૪
૪	મનઃસુખરામ	અસ્ત અને ઉદય	૧૩૭
૫	ગણપતરામ ભટ્ટ	માનસિંહની રાજ્યભક્તિ	૧૪૨
૬	,,	પ્રતાપનો ટેક	૧૪૫
૭	ગોવર્ધનરામ	અર્થદાસને મણિમુદ્રાની ભેટ	૧૪૮
૮	?	શ્રીદામાની સફળ યુક્તિ	૧૫૬
૯	બળવંતરાય ઠાકોર	પૅરિસના ત્રણ છોકરા	૧૬૭
૧૦	કૃષ્ણલાલ ઝવેરી	અખો	૧૭૩
૧૧	ગાંધીજી	ગં. સ્વ. વાસંતીદેવી	૧૮૧
૧૨	અતિસુખશંકર ત્રિવેદી	આશા	૧૮૮
૧૩	કનૈયાલાલ મુનશી	શામળશાહનો વિવાહ	૧૯૩
૧૪	કાલેલકર	કાગડા	૨૦૯
૧૫	રામનારાયણ પાઠક	હિંદુઓનું ખાસ સાયન્સ	૨૧૫
૧૬	મશરૂવાળા	બુદ્ધ	૨૨૨
૧૭	ઝવેરચંદ મેઘાણી	આનું નામ તે ધણી!	૨૩૪
૧૮	ચંદ્રવદન મહેતા	પ્રેમનું મોતી	૨૩૯
૧૯	જ્યોતીન્દ્ર દવે	વહેમ	૨૫૯
૨૦	કીકુભાઈ રતનજી દેસાઈ	જમરાજ અને વૈદરાજ	૨૭૦
૨૧	યશવંત પંડ્યા	હોળીનું નાળિયેર	૨૭૬
૨૨	(સંપાદિત)	અંતિમ યાત્રા	૨૮૭
૨૩	બબલભાઈ મહેતા	ગામડાના ધરમરાજા!	૨૯૬
૨૪	છોટુભાઈ સુથાર	લાંબું અને ટૂંકું	૩૦૭

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્યવિભાગ

નરસિંહ મહેતા

[ઈ. સ. ૧૪૫૧? – ૧૪૮૧?]

[ગુજરાતના આદિ કવિ નરસિંહ મહેતાનો જન્મ જૂનાગઢના વડનગરા નાગર કુટુંબમાં થયો હતો. માતા-પિતા નાનપણમાં મરી ગયેલાં હોવાથી બાળક નરસિંહ પોતાના પિત્રાઈ ભાઈને ત્યાં રહેતા હતા. સત્તર વર્ષની ઉંમરે માણેકબાઈ સાથે મહેતાનું લગ્ન થયું. સાંસારિક વ્યવહાર તરફ ઉદાસીન મહેતાએ ભાભીના મહેણાથી ઘર છોડયું 'અને શિવને આરાધી વૈકુંઠની રાસલીલાનું દર્શન માગી લીધું' એમ કહેવાય છે. નરસિંહ મહેતાના હૃદયમાં કૃષ્ણભક્તિના અંકુર ફૂટ્યા ને તે ફાલીને પ્રેમભક્તિનું મોટું વૃક્ષ થયું. મહેતાને કુંવરબાઈ અને શામળશા નામે બે સંતાન હતાં. કુંવરબાઈને સાસરે વળાવી; પુત્ર પણ લગ્ન પછી થોડે સમયે દેવલોક પામ્યો અને તે પછી માણેક મહેતી પણ ગુજરી ગયાં, ત્યારે મહેતાએ ગાયું હશે—

'ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ.'

[સા. રત્ન ભા. ૧-૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક મહાપુરુષના જીવનમાં ચમત્કાર આરોપવામાં આવે છે. 'મહેતાને પ્રભુ પ્રત્યક્ષ હતા, ને એમના પુત્ર શામળદાસના વિવાહ વખતે, કુંવરબાઈના સીમંત પ્રસંગે મામેરામાં ને એમના પિતાના શ્રાદ્ધને પ્રસંગે શ્રીકૃષ્ણે સાક્ષાત્ દર્શન દીધાં હતાં, તેમ જ એમની હૂંડી શ્રીભગવાને જાતે સ્વીકારી હતી એવી લોકવાર્તા છે. મહાકવિ પ્રેમાનંદે આ પ્રસંગોનું રસિક વર્ણન કર્યું છે.'

મહેતા સૌને સમાન દૃષ્ટિથી જોતા. એમણે સ્પૃશ્ય–અસ્પૃશ્યનો ભેદ ટાળ્યો હતો અને 'ઢેડ વરણમાં દૃઢ હરિ ભક્તિ' દેખી મહેતા ઢેડ— હરિજનોને ત્યાં પણ ભજન કરવા જતા. આથી 'દોઢલી નાગર ન્યાત' તરફથી એમને ઘણી પજવણી થઈ હતી; પરંતુ 'પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન' એમ માનનાર મહેતાએ અનેક પ્રકારની કનડગત સહી પોતાનું કાર્ય ચાલુ રાખ્યું હતું. 'ઘણાં ઘરનો જે હોય પરોણો તેનું મન સ્થિર ન હોય રે' એમ માનનાર મહેતા એક જ ઈશ્વરમાં માનતા હતા.

'મહેતાની કવિતામાં ભક્તિ સવત્ર વ્યાપ્ત છે.' એમણે શૃંગાર અને જ્ઞાનનાં કાવ્યો પણ લખ્યાં છે. રાધાકૃષ્ણના જીવનના અનેક પ્રસંગો કલ્પી મહેતાએ કાવ્યોમાં ગૂંથ્યા છે. પ્રભાતિયાં તો નરસિંહ મહેતાનાં જ એમ હજુ પણ કહેવાય છે. એમની ભાષા એકંદર સાદી અને સરળ છે: પરંતુ જ્ઞાનનાં પદોમાં તે ગંભીર અને સંસ્કૃતમય છે. મહેતા સંસ્કારી કવિ હતા અને એમનું ધર્મજ્ઞાન ઊંડું હતું.

મહેતાનાં કાવ્યોની મૂળ ભાષા કેવી હશે તે ચોક્કસપણે ન કહી શકાય; પણ અત્યારે જે ભાષા આપણે જોઈએ છીએ તે મૂળ મહેતાની ન હોઈ શકે. એમનાં પદો લખાયેલાં નહિ, પણ લોકમુખે ઊતરી આવેલાં હોવાથી સમય પ્રમાણે એમાં ઘણા ફેરફાર થયા હોય એ દેખીતું છે. મહેતાનાં ઘણાં કાવ્યો પ્રેમાનંદે ને દયારામે સુધારેલાં, અને કેટલાંક બીજા કોઈએ લખી એમના નામથી પ્રચલિત કરેલાં, એમ ઘણા સાક્ષરો માને છે. અહીં ઉતારેલું 'ગિરિ તળેટી ને કુંડ દામોદર' એ પદ એની શૈલી અને વિષય ઉપરથી મહેતાનું લખેલું લાગતું નથી.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧)

ગિરિ તળેટી

(પદ)

ગિરિ તળેટી ને કુંડ દામોદર, ત્યાં મહેતાજી ન્હાવા જાય;
ઢેડ વરણુમાં દૃઢ હરિભક્તિ, તે પ્રેમ ધરીને લાગ્યા પાય.–ગિરિ૦
કર જોડીને પ્રાર્થના કીધી, વિનતિતણાં બહુ વદ્યા રે વચન;
સંતપુરુષ અમ અરજ એટલી, અમારે આંગણે કરો રે કીર્તન.–ગિરિ૦
પ્રેમપદારથ અમે પામીએ, વામીએ જન્મમરણુ જંજાળ;
કર જોડતામાં કરુણા ઊપજી, મહેતાજી વૈષ્ણવ પરમ દયાળ.–ગિરિ૦
પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન;
ગોમૂત્ર તુલસી વૃક્ષ લીંપજો, એવું વૈષ્ણવે આપ્યું વાગ્દાન.–ગિરિ૦
મહેતાજી નિશાએ આવ્યા, લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ;
ભોર થયા લગી ભજન કીધું, સંતોષ પામ્યા સૌ વૈષ્ણવ.–ગિરિ૦–૧૦
ઘેર પધાર્યા હરિજશ ગાતા, વાતા તાળ ને શંખ મૃદંગ;
હસી હસી નાગર તાળીઓ લે છે, આ શા રે બ્રાહ્મણના ઢંગ ?–ગિરિ૦
મૌન ગ્રહીને મહેતાજી ચાલ્યા, અધવધરાને શો ઉત્તર દઉં ?
જાગ્યા લોક નરનારી પૂછે, મહેતાજી તમે એવા શું ?–ગિરિ૦
નાત ન જાણો, જાત ન જાણો, ન જાણો કાંઈ વિવેકવિચાર;
કર જોડીને કહે નરસૈયો, વૈષ્ણવતણો મને છે આધાર.–ગિરિ૦

(૨)

નાગદમન

જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે.—ટેક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે રે બાળક તું મારગ ભૂલ્યો, કે તારા વેરીએ વળાવિયો ?
નિશ્ચે તારો કાળ જ ખૂટ્યો, અહીંયાં તે શીદ આવિયો ?–જળ૦

નથી નાગણ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવિયો;
મથુરા નગરીમાં જૂગટું રમતાં, નાગનું શીશ હારિયો.–જળ૦

રંગે રૂડો રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જણિયા, તેમાં તું અળખામણો ?–જળ૦

મારી માતાએ બેઉ જનમિયા, તેમાં હું નટવર ન્હાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડો.–જળ૦

લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરીઓ;
એટલું મારા નાગથી છાનું, આપું રે તુજને ચોરીઓ.–જળ૦

શું કરું નાગણ હાર તારો ? શું કરું તારો દોરીઓ ?
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીઓ ? –જળ૦

ચરણ ચાંપી, મૂછ મરડી, નાગણે નાગ જગાડિયો;
ઊઠોને બળવંત કોઈ, બારણે બાળક આવિયો.–જળ૦

બેઉ બળિયા બાથે વળગિયા, કૃષ્ણે કાળિનાગ નાથિયો;
સહસ્ર ફેંણા ફૂંફવે, જેમ ગગન ગાજે હાથિયો.–જળ૦

નાગણ સૌ વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરા નગરીમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે.–જળ૦

બેઉ કર જોડીને વીનવે, સ્વામી ! મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને.–જળ૦

થાળ ભરી શગ મોતીએ, શ્રીકૃષ્ણને રે વધાવિયો;
નરસૈંયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયો.–જળ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩)

કાનુડા સામે ફરિયાદ

(રાગ–ઝીંઝોટી)

ગોપી—

જશોદા તારા કાનુડાને, સાદ કરીને વાર રે;
આવડી ધૂમ મચાવે વ્રજમાં, નહિ કોઈ પૂછણહાર રે! જશોદા૦
શીકું તોડ્યું, ગોરસ ઢોળ્યું, ઉઘાડીને બાર રે;
માખણ ખાધું, ઢોળી નાખ્યું, જાન કીધું આ વાર રે! જશોદા૦
ખાંખાંખોળા કરતો હીંડે, બીએ નહિ લગાર રે;
મહી મથવાની ગોળી ફોડી, આ શાં કહીએ લાડ રે? જશોદા૦
વારેવારે કહું છું તમને, હવે ન રાખું ભાર રે;
નિત્ય ઊઠીને એમ કેમ સહીએ, વસી નગર મોઝાર રે? જશોદા૦

જશોદા—

આડીઅવળી વાત તમારી, હું નહિ સાંભળનાર રે;
ડાહ્યો ડમરો લાડકો મારો, કદી ન એમ કરનાર રે. જશોદા૦
મારો કા'નજી ઘરમાં હુતો, ક્યારે દીઠો બહાર રે?
દહીંદૂધનાં માટ ભર્યાં છે, બીજે ન ચાખે લગાર રે. જશોદા૦
શાને કાજે મળીને આવી, ટોળે વળી દસ–બાર રે?
નરસૈંયાનો સ્વામી સાચો, જૂઠી વ્રજની નાર રે! જશોદા૦

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **કુંડ દામોદર**—આ નામનો કુંડ જૂનાગઢમાં છે. **૫ વાસીએ**—તજીએ–ટાળીએ. **૧૦ ભોર**—સૂર્યોદય પહેલાંનો સમય, ભરભાંખળું. **૧૧ તાળ**—કરતાલ અથવા તાળીઓ. **મૃદંગ**—બન્ને બાજુ વગાડાય તેવું તબલા જેવું વાદ્ય. **૧૨ હસી હસી. . . ઢંગ?**—નાગર બ્રાહ્મણોના મશ્કરીપ્રિય સ્વભાવતું અહીં સૂચન છે. બ્રાહ્મણ થઈ નરસિંહ મહેતા ઢેડ હરિજનોને ત્યાં ભજન કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતા તે નાગરો સહી શકતા નહિ અને એમને અનેક પ્રકારે કનડતા; કનડગતનો આ પણ એક પ્રકાર હતો. **૧૩ અધવધરા**–અધકચરા, જ્ઞાનમાં અર્ધદગ્ધ.

(૨) **નાગદમન**–જમના નદીનાં પાણીને નાગ ઝેરી બનાવતો. આથી નાગને વશ કરવા–ગેડીદડા રમતાં પાણીમાં દડો નાખી તે કાઢવાને બહાને કૃષ્ણે પાણીમાં ઝંપલાવ્યું અને નાગને વશ કર્યો. **દમન**–પીડવું તે. **૧૧ દોરિયો**–સ્ત્રીઓને પહેરવાનું સોનાનું ઘરેણું. **૧૭ નાથિયો**–નાથ્યો, નાકની આરપાર દોરી ઘાલી અંકુશમાં આણ્યો. બળદને આવી રીતે નાથવામાં આવે છે. **૨૩ શગ**–છલોછલ. "મેં તો થાળ ભર્યો શગ મોતીએ રે." (લોકગીત) ઊંચી જાતનાં મોતી.

(૩) **૨ પૂછણહાર**–પૂછનાર; સર્જનકાર, સર્જનહાર–તે રીતે પૂછણકાર, પૂછણહાર. **૪ જાન**–નુકસાન. **૭ ભાર**–માન. **૮ મોઝાર**–મધ્યમાં; વચ્ચે.

૧. નરસિંહ મહેતા સાચા વૈષ્ણવ હતા, એના સમર્થનમાં તમારા વિચાર દર્શાવો.

૨. મહેતાએ સ્પૃશ્ય–અસ્પૃશ્યનો ભેદ કેવી રીતે ટાળ્યો? સામાન્ય માણસો એ બાબત તેમને શું કહેતા?

૩. મહેતાના હરિજન પ્રત્યેના પ્રેમ સંબંધમાં આ કાવ્ય ઉપરથી તમે જે જાણી શકયા હો તે ટૂંકમાં લખો.

૪. શ્રીકૃષ્ણ અને નાગણ વચ્ચે શી શી વાતચીત થઈ તે પ્રશ્નોત્તરરૂપે લખો. નાગણે નાગને શ્રીકૃષ્ણ પાસેથી કેવી રીતે છોડાવ્યો?

૫. કાળિનાગ અને શ્રીકૃષ્ણની વચ્ચે થયેલા યુદ્ધનો પ્રસંગ વર્ણવો.

૬. શ્રીકૃષ્ણ કાળિનાગને નાથે છે તે પ્રસંગનું આલેખન તમારા શબ્દમાં કરો.

૭. કાનુડો વ્રજમાં શાં શાં તોફાન મચાવતો?

૮. જશોદામાતાએ ગોપીઓને શો જવાબ આપ્યો? કાનુડા સામેની ફરિયાદ સાચી, કે જશોદામાતાનો જવાબ સાચો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાંબાઇ

[ઈ. સ. ૧૫૦૫?–૧૫૭૦?]

[વિદુષી મીરાંનો જન્મ જોધપુરમાં સોળમા સૈકાની શરૂઆતમાં થયો મનાય છે. રાવ દૂદાજી એમના દાદા, અને રત્નસિંહ પિતા થાય. જયમલ રાઠોડ, જેણે અકબર સામે યુદ્ધમાં અડગ શૌર્ય બતાવ્યું હતું તે, એમના પિત્રાઈ ભાઈ હતા. આ બન્ને બાળકો રાવ દૂદાજીના હાથ નીચે ઊછર્યાં હતાં. એટલે બન્નેમાં વૈષ્ણવ સંસ્કાર અતિ દૃઢ થયા હતા. મીરાંનાં લગ્ન રાણાસંગના યુવરાજ ભોજરાજ સાથે થયાં હતાં. લગ્ન પછી ટૂંક સમયમાં જ મીરાં વિધવા થયાં હશે એમ એમનાં કેટલાંક પદો ઉપરથી અનુમાન થાય છે. રાણા સંગના મૃત્યુ પછી મીરાંનો દિયર વિક્રમાદિત્ય ગાદીએ આવ્યો અને એણે કૃષ્ણઘેલી મીરાંને અનેક પ્રકારે દુઃખ દીધું. કેટલાંક પદોમાં જે રાણાનો ઉલ્લેખ કરવામાં આવે છે, તે વિક્રમાદિત્ય હશે એમ લાગે છે. 'બાળવયથી કૃષ્ણને વરેલી મીરાં શૈવમાર્ગી સાસરે સમાઈ નહિ અને દ્વારિકામાં જઈ કૃષ્ણભક્તિમાં ને સત્સંગમાં પોતાનો કાળ ગાળવા લાગી. ઝેરનો પ્યાલો મીરાં હરિચરણામૃત કરી પી ગયાં હતાં એમ લોકોમાં મનાય છે.'

કુંવરબાઈના મામેરાનો પ્રસંગ મીરાંએ કાવ્યમાં ઉતાર્યો મનાય છે. અકબર બાદશાહે મીરાંની ભક્તિની કસોટી કરી હતી એવી લોકવાયકા છે. આ હકીકત સાચી મનાય તો મીરાંને ઈસવી સનના સોળમા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૈકામાં જ મૂકી શકાય. છેલ્લા ઐતિહાસિક પુરાવા પણ આ મતનું સમર્થન કરે છે. આ માન્યતા પ્રમાણે મીરાં ચિતોડના મહારાણા પ્રતાપનાં કાકી થાય. એમને ઉત્તરાવસ્થામાં પ્રતાપના પિતા ઉદયસિંહે બોલાવી રાખ્યાં હતાં એમ પણ મનાય છે.

મીરાંએ હિંદીમાં અનેક પદો રચેલાં છે. હિંદી સાહિત્યમાં પણ કવિઓની પંક્તિઓમાં મીરાંબાઈનું નામ ઊંચા વર્ગમાં મુકાય છે. મીરાં જન્મે ગુજરાતી ન હતાં એટલે એમનાં ગુજરાતી પદોમાં હિંદી ભાષાની અસર સ્પષ્ટ જણાય એ સ્વાભાવિક છે. એમનાં પદો સાદાં અને ટૂંકાં છે. ભાષા સરળ પણ વેગવતી છે. પદે પદે સ્ત્રીહૃદયની સ્વાભાવિક કોમળતા અને મધુરતા છે. નરસિંહ મહેતાનાં પદો જેવું તત્ત્વજ્ઞાન કે ભક્તિરહસ્ય એમાં નથી. પણ ભગવાન માટે ઝંખતા ભક્તહૃદયનું અગાધ દર્દ એમાં છે. મીરાંનાં પદ હજુ પણ ઠેરઠેર ગવાય છે.

અત્યારે મીરાંને નામે ચાલતાં પદોમાં — લોકમુખે ઊતરી આવતા બીજા સાહિત્ય માફક — વિકાર થયો છે, એ નિર્વિવાદ છે; પણ કેટલાંક કાવ્યો કોઈએ લખી મીરાં પ્રત્યેની ભક્તિના કે બીજા કોઈ કારણે મીરાંને નામે ચઢાવ્યાં હોય એ પણ અતિ સંભવિત છે.]

(૧)

બોલ મા

(પદ)

બોલ મા, બોલ મા બોલ મા રે,
રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા. —ટેક૦
સાકર શેરડીનો સ્વાદ તજીને,
કડવો લીમડો ઘોળ મા રે. રાધા૦
ચાંદા – સૂરજનું તેજ તજીને,
આગિયા સંગાથે પ્રીત જોડ મા રે. રાધા૦
હીરા રે માણેક ઝવેર તજીને,
કથીર સંગાથે મણિ તોળ મા રે. રાધા૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાંકે પ્રભુ ગિરધરનાગર,
શરીર આપ્યું સમતોલમાં રે. રાધા૦ ૧૦

૨

રામ રમકડું

રામ રમકડું જડિયું રે,
રાણાજી, મને રામ રમકડું જડિયું. — ટેક૦
રૂમઝૂમ કરતું મારે મંદિર પધાર્યું,
નહિ કોઈ હાથે ઘડિયું રે. રાણાજી૦
મોટા મોટા મુનિજન મથીમથી થાકયા,
કોઈ એક વિરલાને હાથે ચડિયું રે. રાણાજી૦
સૂન શિખરના ઘાટથી ઉપર,
અગમ અગોચાર નામ પડિયું રે. રાણાજી૦
બાઈ મીરાંકે પ્રભુ ગિરિધર નાગર,
મારું મન શામળિયાશું જડિયું રે. રાણાજી૦ ૧૦

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) ૩ **શેરડી** — શલ – ભાલો, તે ઉપરથી શેરડી. ૪ **કથીર** – કલાઈ. ૯ **મીરાંકે** – મીરાંના 'કે' હિંદી પ્રત્યય છે. **નાગર** – રસિક સભ્ય **સમતોલમાં** – શબ્દનો અર્થ અસ્ફુટ છે; ભારોભાર ભક્તિને માટે એવો અર્થ થઈ શકે.

(૨) ૭ **સૂન શિખર** – સમાધિનો એક પ્રકાર. આ યોગ કરનાર પ્રાણને દૂંટીમાં રૂંધી રાખે છે. એવો યોગ સાધનારને પણ અલભ્ય એવું એ રમકડું છે. ૮ **અગમ** – અગમ્ય, ન ઓળખી શકાય તેવું. **અગોચર** – ઇન્દ્રિયોથી ન જાણી શકાય તેવું.

૧. રાધાકૃષ્ણના નામ વિના બીજું ખોટું છે. એ સંબંધી મીરાંએ કઈ કઈ સરખામણી રજૂ કરી છે?
૨. મીરાંબાઈની પ્રભુભક્તિ ઉપર ટૂંકી નોંધ લખો.
૩. મીરાંએ રામને રમકડાંનું ઉપનામ શા માટે આપ્યું?
૪. 'રામ રમકડું' મળવું સહેલું નથી: એમ મીરાં શા માટે કહે છે?

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખો

[ઈ. સ. ૧૬૫૧?– ૧૬૭૫]



['પોતાની ઇચ્છા વિરુદ્ધ ગુજરાતના મહાકવિઓમાં લેખાતો અમદાવાદનો સોની અખો સમર્થ વેદાંતી હતો. પંદર વર્ષની ઉંમરે એનો બાપ એને જેતલપુરથી અમદાવાદ લઈ આવ્યો. એની બહેન નાનપણમાં મરી જવાથી એને વૈરાગ્ય ઉત્પન્ન થયો, ને એણે સાધુસંતની સંગત કરવા માંડી; પણ તેમની અનીતિથી એ કંટાળ્યો હોય એમ લાગે છે. અમદાવાદની ટંકશાળનો એ ઉપરી હતો. દરમિયાન નવાએ કોઈની ભંભેરણીથી વહેમાઈ, સિક્કામાં એ ભેળ કરે છે કે નહિ તેની તપાસ કરી. અખો નિર્દોષ ઠર્યો, પણ આથી સંસાર પરની પ્રીતિ ઊઠી ગઈ. બીજો એક પ્રસંગ એવો બન્યો કે કોઈ બાઈ, જેને એ બહેન જેવી ગણતો હતો, તેણે એને પોતાના ત્રણસો રૂપિયા રાખવા આપ્યા હતા. બાઈને કોઈએ ભંભેરી કે 'સોનીભાઈનો વિશ્વાસ શો? માટે તું તારા પૈસા પાછા લઈ લે.' આ ઉપરથી બાઈએ અખાને કહ્યું: 'ભાઈ, મને મારા ત્રણસો રૂપિયાની કંઠી કરી આપ.' અખાયે તેમાં સો રૂપિયા ઉમેરી ચારસોની કંઠી કરી આપી. તે બાઈએ આ વાત પેલા માણસને કહી અખાની પ્રશંસા કરી, ત્યારે તેણે કહ્યું, 'સોનીભાઈ સગી બહેનનું ચોરે, તો તને સો રૂપિયા ભલો આપતો! તપાસ કર, વખતે કંઈ ભેગ કર્યો હશે.' બાઈએ કંઠી કપાવીને કિંમત અંકાવી તો ચારસોની થઈ. પછી કંઠી આખી કરાવવા તે બાઈ અખા કને ગઈ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે અખાએ સમજાવીને કંઠી ભાંગવાનું ખરું કારણ જાણી લીધું. આથી અખાને લાગ્યું કે સૌ સ્વાર્થનું જ સગું છે. છેવટે એણે ઓજાર કૂવામાં નાખી સદ્‌ગુરુની શોધ કરવા માંડી. અનેક મહારાજો, ગોસાંઈઓ ને સાધુઓ જોયા; પણ તે સર્વે તેને દંભી, સ્વાર્થી ને લંપટ માલૂમ પડ્યા.

મૂર્તિપૂજાની અતિશયતા અને તેથી ઉદ્‌ભવેલા અનર્થ જોઈ અખાને મૂર્તિપૂજાના સેવાપ્રકારથી અસંતોષ થયો. અખાએ વૈષ્ણવી દીક્ષા ગોકુળનાથની પાસે લીધી હતી એમ લાગે છે, પરંતુ એનું સ્વતંત્ર મન સંપ્રદાયના વાડાની સંકુચિતતા ન સ્વીકારે એ સ્વાભાવિક છે. એથી જ અખો કહે છે —

'ગુરુ કીધા મેં ગોકુળનાથ, નગુરા મનને ઘાલી નાથ;
મન મનાવી સગુરુ થયો, પણ વિચાર નગુરાનો રહ્યો.'

'એણે દંભી અને સ્વાર્થસાધુ ધર્મગુરુઓને ઠીક સપાટા લગાવ્યા છે; એનાં વાગ્બાણ તીક્ષ્ણ ને હૃદયમાં સોંસરાં પેસી જાય એવાં છે. એનાં દૃષ્ટાંતો પરથી એણે દુનિયા ઘણી જોઈ હોય એમ માલૂમ પડે છે. વેદાંતજ્ઞાનના એના ગ્રંથો વિદ્વત્તાભરેલા છે, પણ આવા ગહન વિષયને માટે ગુજરાતીમાં જોઈતા સરળ શબ્દો નહિ હોવાથી એની ભાષા ઘણી ક્લિષ્ટ થઈ ગઈ છે. ઘણી વખત એણે તાણીતોડીને શબ્દના અર્થ બેસાડ્યા છે. આથી વેદાંતના એના ગ્રંથો કઠિન છે; પણ જનસમાજના દોષને તીવ્ર કટાક્ષબાણથી વીંધી નાખવામાં એ એક્કો છે. ૭ ચરણના એના છપ્પા વાંચવા લાયક ને બોધદાયક છે. વેદાંતનાં મૂળતત્ત્વો જાણ્યાં હોય ને ભાષાજ્ઞાન સારું હોય, તો કાળજીથી વાંચનારને એનાં વેદાંતકાવ્યો ઘણું જ્ઞાન આપે છે. એના ગ્રંથોં 'અખેગીતા', 'અનુભવબિંદુ', 'ગુરુશિષ્યસંવાદ', 'ચિત્તવિચારસંવાદ', 'પંચીકરણ', 'કૈવલ્યગીતા', વગેરે છે. છૂટક છપ્પા ને પદોમાં એણે લોકાચારને ઊધડો લેવામાં બાકી રાખ્યું નથી.

ધાર્મિક પાખંડને પ્રગટ કરવું અને વેદાંતને લોકભાષામાં ઉતારવું, એ અખાની કવિતાનો ઉદ્દેશ હતો. એટલે એની કવિતા ઉપદેશાત્મક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં કાવ્યો કઠિન અને ઘણે અંશે કર્કશ હોવાથી એ નરસિંહ અને મીરાંની લોકપ્રિયતા પ્રાપ્ત કરી શક્યો નથી.]

મિથ્યા ઉત્પાત

તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં;
તીરથ ફરી ફરી થાક્યા ચર્ણ, તોય ન પહોંતા હરિને શર્ણ;
કથા સુણી સુણી ફૂટચા કાન, અખા તોય ના'વ્યું બ્રહ્મજ્ઞાન.
એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ;
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન;
એ તો અખા બહુ ઉત્પાત; ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત?
જોજો રે મોટાના બોલ, ઊજડ ખેડે લાગ્યો ઢોલ;
અંધેઅંધ અંધારે મળ્યા; જેમ તલ માંહીં કોદરા ભળ્યા;
ઘેંસ ન થાયે, ન થાયે ઘાણી, કહે અખો એ વાતો જાણી.
આંધળો સસરો ને સણગટ વહુ, કથા સુણવા ચાલ્યું સહુ;
કહ્યું કાંઈ ને સમજ્યાં કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.
ઊંડો કૂવો ને ફાટી બોખ, શીખ્યું સાંભળ્યું સર્વ ફોક,
બળદની તે કેમ થાયે ગાય? મૂરખ મિથ્યા કરે ઉપાય;
જ્ઞાન વિના તે સાધન એવાં, અખા તેમાં ન લેવાદેવા.

ટિપ્પણ અને પ્રશ્નો

૨ **પહોંતા** – પહોંચ્યા. ૭ **ખેડે** – ગામડે (ખેડું – ગામડું) ૮ **કોદરા** – એક પ્રકારનાં રાતાં-કાળાં છોડાંવાળું ધાન્ય. તલ અને કોદરા ભેગા થઈ જાય તો છૂટા પાડવા મુશ્કેલ પડે છે. એટલે ઘેંશ પણ ન થાય અને તેલ પણ ન કાઢી શકાય. "જિમ તિલમાંહી કોદ્રવ મિલ્યા, તિન ઘયસી ન ઘાણી થઈ." આ પંક્તિનું મૂળ નરસિંહ મહેતાના સમકાલીન માંડણ કવિની, ઉપર આપેલી પંક્તિમાં છે. અખાના પદબંધ અને વિચારો ઉપર આ કવિની અસર પ્રબલ છે. **૧૦ સણગટ**– ઘૂમટાવાળી; સણગટ 'ઘૂમટા'ના અર્થમાં નામ તરીકે પણ વપરાય છે. **૧૨ બોખ** – ટાંકું અથવા કંતાનની ડોલ, બોઘ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. અખાએ મૂરખ ભક્તનાં કયાં કયાં કામોને ઉત્પાત તરીકે વર્ણવ્યાં છે?
૨. જ્ઞાનની મહત્તા સંબંધી અખાનો શો અભિપ્રાય છે? તેના સમર્થનમાં એ કયા દાખલા ટાંકે છે?
૩. આ પંક્તિઓમાં જે સરખામણીઓ છે તે બતાવો અને સમજાવો.

—(૦)—

પ્રેમાનંદ

[ઈ. સ. ૧૬૩૬? – ૧૭૩૪?]



['ગુજરાતી ભાષાને બીજી મહાભાષાઓના જેવા સાહિત્યથી શણગારું તો જ પાઘડી પહેરું' એવું આકરું પણ લેનાર, ગુર્જરી ગિરાને વિવિધ પ્રકારના અનેક ગ્રંથોથી દીપાવનાર, ગુર્જર કવિ-શિરોમણિ ભટ્ટ પ્રેમાનંદનો જન્મ વડોદરામાં થયો હતો.

માબાપ ગુજરી ગયાં એટલે બાળપણથી જ પ્રેમાનંદને અનેક કષ્ટ વેઠવાં પડ્યાં. એમણે નિયમિત વિદ્યાભ્યાસ કર્યો ન હતો, પણ બાપદાદાનો પુરાણીનો ધંધો હોવાથી ઉદરનિર્વાહ માટે મહાભારત, રામાયણ, ભાગવત, પુરાણ વગેરેનો ઊંડો અભ્યાસ એમણે કર્યો હતો. તે સમયમાં પુરાણીઓ સંસ્કૃતમાં કથા કરતા, અને કવિઓ હિંદી ભાષામાં કાવ્યો રચતા. 'ઉંબર મૂકી ડુંગર પૂજવા' ઇચ્છતા પ્રેમાનંદને એમના ગુરુ રામચરણે, ગુજરાતી સાહિત્યના સદ્‌ભાગ્યે, ગુજરાતીમાં કાવ્ય લખવા અને કથા કરવા પ્રેર્યા. આથી તે ઘણા લોકપ્રિય થઈ શક્યા. એમને પણ નરસિંહ મહેતા, મીરાંબાઈ અને દયારામની માફક દિવ્ય કૃપાથી જ કાવ્યપ્રસાદી મળી હતી એમ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમાનંદ કથા કરીને પોતાનું ગુજરાન ચલાવતા. ત્રાંબાની ગાગર લઈ કથા કરનારને 'માણભટ્ટ' કહેવામાં આવે છે. એ જાતના કથાકારો હજુ પણ ક્વચિત્ કોક સ્થળે માલૂમ પડે છે. પણ એ સંસ્થા હવે તો લગભગ મૃતપ્રાય દશામાં જ છે. પ્રેમાનંદ પણ આવા પ્રકારના માણભટ્ટ હતા. જીવનની ઉત્તરાવસ્થામાં નંદરબારના રાજાનો આશ્રય કવિએ સ્વીકાર્યો હતો. તોપણ કવિએ તેના ગુણ ગાયા નથી. 'કવિતામાં ઈશ્વર સિવાય બીજા (પ્રાકૃત) પાત્રની સ્તુતિ ન કરવી, એવો એમનો દૃઢ સંકલ્પ હતો. પ્રેમાનંદના અનુગામી લોકપ્રિય કવિ શામળભટ્ટે પોતાના આશ્રયદાતા રખીદાસ માટે કાઢેલા ઉદ્‌ગાર — 'રખીઅલ રૂડો રાજવી, ભોજ સમોવડ ભૂપ' — પ્રેમાનંદના સંકલ્પ સાથે વિરોધમાં સરખાવવા જેવા છે.

'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'સુદામાચરિત્ર', 'મામેરું' એ પ્રેમાનંદની અતિ લોકપ્રિય કૃતિઓ છે. એમની સર્વ મુખ્ય કૃતિઓનું વસ્તુ બીજા જૂના ધાર્મિક ગ્રંથોમાંથી લેવામાં આવ્યું છે, છતાં પંક્તિએ પંક્તિએ પ્રેમાનંદની પ્રતિભાની અપૂર્વતા અને સામર્થ્ય તરી આવે છે. કવિની અદ્‌ભુત વર્ણનશક્તિ, અલંકારોની યોગ્યતા, અનન્ય કવિત્વશક્તિ, તીવ્ર કલ્પના અને રસમય રીતે કથા કહેવાની કલા એમને ગુજરાતના કવિઓમાં સર્વોપરીપદે સ્થાપે છે. કવિનું પાત્રાલેખન ઉચ્ચ છે; પ્રેમાનંદ માનવસ્વભાવના ઊંડા અભ્યાસી અને સિદ્ધહસ્ત આલેખક છે, એ એમનું કોઈ પણ આખ્યાન વાંચી આપણે કહી શકીએ. એમની અસાધારણ વિવેકશક્તિને લીધે વાર્તાના રસમાં ભંગ થતો નથી. કવિ કરુણ કે હાસ્યરસને બહુ જ સચોટ રીતે ઉતારી શકે છે. 'સુદામાચરિત્ર'માં બન્ને રસનું મિશ્રણ અતીવ કલામય રીતે કરવામાં આવ્યું છે.]

સુદામાચરિત્ર (સંક્ષિપ્ત)

(ઢાળ)

સાંદીપનિ ઋષિ સુરગુરુ સરખા, વિદ્યાવંત અનંત;
તેને મઠ ભણવાને આવ્યા, હળધર ને ભગવંત.
તેની નિશાળે વડો વિદ્યારથી, ઋષિ સુદામો કહાવે;
પાટી લખી દેખાડવા, રામકૃષ્ણ સુદામા પાસે આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુદામો, શ્યામ, સંકર્ષણ, અન્નભિક્ષા માગી લાવે;
એકઠા બેસી અશન કરે, તે ભૂદરને મન ભાવે.
સાથે સ્વર બાંધીને ભણતા, થાય વેદની ધુન્ય;
એક સાથરે શયન કરતા, મોરલીધર, બળ, મુન્ય.
ચોસઠ દહાડે ચૌદ વિદ્યા, શીખ્યા બેઉ ભાઈ;
ગુરુને ગુરુદક્ષિણા આપી, વિઠ્ઠલ થયા વિદાય. ૧૦
કૃષ્ણ સુદામો ભેટી રોયા, બોલ્યા વિશ્વાધાર;
મહાનુભાવ! ફરીને મળજો, માગું છું એક વાર.
ગદ્‌ગદ કંઠે કહે સુદામો, "માગું દેવ મુરારિ;
સદૈવ તમારા ચરણ વિષે, મનસા રહેજો મારી."
મથુરામાંથી કૃષ્ણ પધાર્યા, પુરી દ્વારકાવાસી;
સુદામે ગૃહસ્થાશ્રમ માંડ્યો, મન જેનું સંન્યાસી.
પતિવ્રતા પત્ની છે પાવન, પતિને પ્રભુ કરી પ્રીછે;
સ્વામીસેવાનું સુખ વાંછે, માયા સુખ નવ ઇચ્છે.
દસ બાળક થયાં સુદામાને, દુઃખ દરિદ્રે ભરિયાં;
શીતળાએ અમી છાંટો નાખ્યો, થોડે અન્ન ઊછરિયાં. ૨૦
અજાચક વ્રત પાળે સુદામો, હરિ વિના હાથ ન ઓડે;
આવી મળ્યું તો અશન કરે, નહિ તો ભૂખ્યાં સાથરે પોઢે.

(વલણ)

પોઢે ઋષિ સંતોષ આણી, સુખ ન ઇચ્છે ઘરસૂત્રનું;
ઋષિપત્ની ભિક્ષા માગીને લાવે, પૂરું પાડે પતિ પુત્રનું.

(રાગ વેરાડી)

ભિક્ષાનું કામ કામિની કરે, કોનાં વસ્ત્ર ધુએ ને પાણી ભરે;
જેમ તેમ કરીને લાવે અન્ન, નિજ કુટુંબ પોષે સ્ત્રી-જંન.
ઘણા દિવસ દુઃખ ઘરનું સહ્યું, પુરમાં પછે અન્ન જડતું રહ્યું;
બાળકને થયા બહુ ઉપવાસ, ત્યારે સ્ત્રી આવી સુદામા પાસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ હું વીનવું જોડી બે હાથ,” અબળા કહે “ સાંભળીએ નાથ !
બાળક ભૂખ્યાં કરે રુદન, નગરમાં નથી મળતું અન્ન.
ન મળે કંદ, મૂળ કે ફળ, બે દિવસ થયાં લેઈ રહે જળ;
સુખશય્યા ભૂષણ પટકૂળ, પ્રભુ ક્યારે થાશે સાનુકૂળ ? ”
ભૂખ્યાં બાળક જુએ માનું મુખ, સ્ત્રી કહે સ્વામીને દુઃખ;
“ હું કહેતાં લાગીશ અળખામણી, સ્વામી જુઓ આપણા ઘર ભણી.
અન્ન વિના પુત્ર મારે વાગલાં, તો ક્યાંથી ટોપી આંગલાં ?
અબોટિયું પોતિયું ના મળે, સ્નાન કરે છે શીતળ જળે.
નખ વાધ્યો ને વાધી જટા; માંહે ઊડે રક્ષાની ઘટા;
દર્ભ તણી તૂટી સાદડી, નાથજી ! તે પર રહો છો પડી.
બીજે દહાડે પામો આહાર, મુજને દહે છે અંગાર;
હું તો દારિદ્રય સમુદ્રમાં બૂડી, હેવાતનમાં એક જ ચૂડી.
સૌભાગ્યના નથી શણગાર, નહિ કાજળ નહિ કીડિયાં હાર;
નહિ લલાટે દેવા કંકુ, અન્ન વિના શરીર રહ્યું સૂકું.
હું પૂછું લાગી પાય, આવું દુઃખ ક્યાં સુધી સ્હેવાય ?
તમે દહાડી કહો છો ભરથાર, માધવ સાથે છે મિત્રાચાર.
જે રહે કલ્પવૃક્ષની તળે, તેને શી વસ્તુ નવ મળે ?
જે જીવ જળમાં ક્રીડા કરે, તે પ્રાણી કેમ તરસે મરે ?
જેને સ્નેહ શામળિયા સાથ, તેનું ઘર નવ હોય અનાથ;
છેલ્લી વિનતી દાસીતણી, પ્રભુ, પધારો ભૂદર ભણી;
તે છે ચૌદ લોકનો મહારાજ, બ્રાહ્મણને ભીખતાં શી લાજ ?”

(વલણ)

“ લાજ ન કીજે નાથ, માધવ મનવાંછિત આપશે રે;
દીન જાણીને દયા આણી, દારિદ્રયનાં દ્રુમ કાપશે રે.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(રાગ ગોડી)

"જઈને જાચો જાદવરાય, ભાવઠ ભાંગશે રે;
હું તો કહું છું લાગીને પાય, ભાવઠ ભાંગશે રે;
ધન નહિ જડે તો ગોમતીમાં જઈ, દર્શન ફળ નહિ જાય."—ભા૦
સુદામો કહે સ્ત્રીને, "નથી માગતાં પ્રતિવાય;
પણ મિત્ર આગળ મામ મૂકી, માગતાં જીવ જાય—
મામ ન મૂકીએ રે."
"જાચવા ન જઈએ ને પડી રહીએ તો, કયમ જીવે પરિવાર?
એક વાર જાચો જાદવા, તમને નહિ કહું બીજી વાર." — ભા૦
સુદામો કહે નારને, "કયમ ચાલે મારા પાય?
મિત્ર આગળ મામ મૂકીએ, ધિક્ પડો મારી કાય!
મામ ન મૂકીએ રે."
"કહેવું નહિ પડે કૃષ્ણજીને, નથી અંતરજામી અજાણ;
ઘટઘટમાં વ્યાપી રહ્યા છે, પૂરણ પુરુષ પુરાણ. — ભા૦
તમે જ્ઞાની વૈરાગી થઈ બેઠા, પંડિત ગુણભંડાર;
હું જુગતે જાચું કયમ કરી? અબળાનો અવતાર." — ભા૦

(રાગ રામગ્રી)

પછે સુદામોજી બોલિયા, "સુણ સુંદરી રે;
શી કહું હું શિખામણ, ઘેલી કોણે કરી રે?
જે નિર્મ્યું છે તે પામીએ, સુણ સુંદરી રે;
વિધિએ લખી વૃદ્ધિ હાણ, ઘેલી કોણે કરી રે?
દીધા વિના ક્યાંથી પામીએ? સુણ સુંદરી રે;
નથી આપ્યું જમણે હાથ, ઘેલી કોણે કરી રે?
જો ખડધાન જ વાવીએ, સુણ સુંદરી રે;
તો ક્યાંથી જમીએ શાળ? ઘેલી કોણે કરી રે?

[સા. રત્ન ભા. ૧-૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જળ વહી ગયે શી શોચના ? સુણ સુંદરી રે;
જો પ્રથમ ન બાંધી પાળ, ઘેલી કોણે કરી રે ?
સંતોષ અમૃત ચાખીએ, સુણ સુંદરી રે;
હરિચરણે સોંપી મંન, ઘેલી કોણે કરી રે ?
ભક્તિએ નવનિધિ આપશે, સુણ સુંદરી રે;
ધરો ધીર તમે સ્ત્રીજંન, ઘેલી કોણે કરી રે ?"
આંખ ભરી અબળા કહે, "ઋષિરાયજી રે;
મારું જડ થયું છે મંન, લાગું પાયજી રે. ૮૦
એ તો જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી રે;
રુએ બાળક લાવો અન્ન, લાગું પાયજી રે.
અન્ન વિના ચાલે નહિ, ઋષિરાયજી રે;
મોટા જોગેશ્વર હરિભક્ત, લાગું પાયજી રે.
અન્ન વિના ભજન સૂઝે નહિ, ઋષિરાયજી રે;
જીવે અન્ને આખું જગ્ત, લાગું પાયજી રે.
ફેરાનું ફળ જાશે નહિ, ઋષિરાયજી રે;
જઈ જાચો કૃષ્ણ–બળદેવ, લાગું પાયજી રે.
વિધિલેખ લખ્યા અક્ષરદરિદ્રના, ઋષિરાયજી રે;
ધોશે ધરણીધર તતખેવ, લાગું પાયજી રે." ૯૦

(ઢાળ)

જાવું પડશે સર્વથા, ઘણું રુએ અબળા રાંક;
અન્ન વિના બાળક ટળવળે, એમાં માત તણો શો વાંક ?
પત્ની પ્રત્યે કહે સુદામો, "તું સાંભળ મારી વાત;
કહો ભામની, ભગવંત આગળ ભેટ શી મૂકું હાથ ?
કાકા કહીને કુંવર આવે, કૃષ્ણસુતસમુદાય;
ખાવા માગે મુજ કને, ત્યારે શું મેલું કર માંહ્ય ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુણી હરખ પામી પ્રેમદા, ગઈ પડોશણની પાસ;
"બાઈ, આજ કામ કરો મારું, જાણે વણ મૂલે લીધી દાસ.
દ્વારામતી મમ પતિ જાય છે, જાચવા જાદવરાય;
અમો બમણું કરીને આપશું, કાંઈ આપો ઊછીતું માઈ."
પડોશણને દયા આવી, આ દુર્બળ આવી લેવા;
સૂપડું ભરીને કાંગ આપ્યા, આ બાઈ; તમારે દેવા.
ઊખળે ઘાલી ઓખણ્યા, તેને કીધા શ્વેત;
તગતગતા કરી કરમાં આપ્યા, ઋષિજી પામ્યા હેત.
મારગમાં છોવાય નહિ, છે ત્રિકમના તાંદુલ,
લેઈ જાવા છે દ્વારામતી, નથી બાંધવા પટકુલ.
ઉપરાઉપરી બંધન બાંધ્યાં, ચીંથરાં દસવીસ;
રત્નની પેરે જત્ન કીધું, જ્યમ ચઢે છોડતાં રીસ.
ઋષિ સુદામાને કહે બાળકડાં, કરીને રોતાં મુખ;
"પિતાજી એવું લાવજો, જ્યમ જાય આપણી ભૂખ."
દીન વાણી સાંભળીને, મુનિએ મૂક્યા નિઃશ્વાસ;
સુદામો કહે પુત્રને "પરિબ્રહ્મ પૂરશે આશ."
ઋષિ સુદામો સંચર્યા, વોળાવી વળ્યો પરિવાર;
ધસમસે ને ધાય મુનિવર, મુખે શ્વાસ ન માય;
જે મારગમાં મળે તે, દેખી વિસ્મય થાય.

(રાગ સારંગ)

ઋષિ કહે, "સાંભળ નરપતિ, સુદામે દીઠી દ્વારામતી;
કનકકોટ ચમકારા કરે, મણિમય રત્ન જડ્યાં કાંગરે.
દુર્ગે ધજા ઘણી ફરફરે, દુંદુભિ ઢોલ ત્યાં ગડગડે;
ત્યાં તો ગોમતી સંગમ થાય, ચારે વર્ણ ત્યાં આવી ન્હાય.
પરમ ગતિ પ્રાણી પામે ઘણાં, નથી મુક્તિપુરીમાં મણા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિ સુદામે કીધું સ્થાન, પછી પુરમાં પેઠા ભગવાન.
રૂપ જોઈ જોવા સૌ મળે, ખીજવે બાળક પૂંઠળ પળે;
જાદવ-સ્ત્રી તાળી દઈ હસે, ધન્ય નગર આવો નર વસે.
કીધાં હશે વ્રત તપ અપાર, તે સ્ત્રી પામી હશે આ ભરથાર;
કોઈ કહે ઇંદ્ર, કોઈ કહે કામ, એને રૂપે હારશે કેશવ રામ.
કોઈ કહે હાઉ આવ્યો વિકરાળ, દેખાડો રોતાં રહેશે બાળ;
ઘણી ચેષ્ટા પૂંઠળથી થાય, સુણી સુદામો હસતા જાય.
પૂંઠે બાળક કાંકરા નાખે, ઋષિજી રામકૃષ્ણ મુખથી ભાખે;
પાડે તાળી વજાડે ગાલ, પૂંઠે ફરી વળ્યાં નાનાં બાળ,
કોઈ વૃદ્ધ જાદવે દીઠા ઋષિ, સાધુની દૃષ્ટિ તેણે ઓળખી;
તેણે બાળક સહુ કાઢયાં હાંકી, પૂછ્યા સમાચાર ઊભા રાખી;
'કૃપાનાથ, કયાંથી આવિયા ? આ પુરને કેમ કીધી મયા ?'
પ્રતિઉત્તર બોલ્યા ઋષિજન, 'મને હરિદર્શનનું મન.'
તે જાદવે કીધો ઉપકાર; દેખાડી દીધું રાજદ્વાર;
અનંત યોદ્ધા ઊભા પ્રતિહાર, સાચવે શામળિયાનું દ્વાર.
ત્યાં સુદામો ફેરા કરે, સંકલ્પવિકલ્પ મનમાં કરે.
'ગહન દીસે છે કર્મની ગતિ, એક ગુરુના વિદ્યારથી;
એ થઈ બેઠો પૃથ્વીપતિ, મારા ઘરમાં ખાવા રજ નથી.
રમાડતો ગોકુળ માંકડાં, ગુરુને ઘેર લાવતો લાકડાં;
તે આજ બેઠો સિંહાસન ચડી, મારે તુંબડી ને લાકડી.'
વળી ઋષિને આવ્યું જ્ઞાન, 'અલ્પ જીવ હું, એ ભગવાન;
એક વાર પામું દર્શન, હું જાણે પામ્યો ઇન્દ્રાસન.'
છે વિવેકી હરિના છડીદાર, પૂછ્યા સુદામાને સમાચાર;
'મહાનુભાવ, કેમ કરુણા કરી ?' તવ સુદામાએ વાણી ઓચરી.
'હું દુર્બળ બ્રાહ્મણ અવતાર, માધવ સાથે છે મિત્રાચાર;
પ્રભુને જઈ કહો મારા પ્રણામ, આવ્યો વિપ્ર સુદામો નામ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(વલણ)

નામ સુદામો જઈ કહો, ગયો ઘરમાં પ્રતિહાર રે;
એક દાસી સાથે કહાવિયો, શ્રીકૃષ્ણને સમાચાર રે.

(રાગ મારુ)

સૂતા શય્યાએ શ્રી અવિનાશ રે, અષ્ટ પટરાણીઓ છે બે પાસ રે;
રુક્મિણી તળાંસે પાય રે, મિત્રવિંદા ઢાળે છે વાય રે.
એવે દાસી ધાતી આવી રે, જોઈ નાથે પાસે બોલાવી રે;
બોલી સાહેલી શીર નામી રે, 'દ્વારે દ્વિજ આવ્યો કોઈ સ્વામી રે!
દુઃખી દરિદ્ર સરખો ભાસે રે, એક તુંબીપાત્ર છે પાસે રે;
પિંગળ જટા ભસ્મે ભરિયો રે, ક્ષુધારૂપી નારીને વરિયો રે.
શેરીએ શેરીએ થોકાથોક રે, તેને જોવા મળ્યા બહુ લોક રે;
તેણે કહાવ્યું કરી પ્રણામ રે, મારું વિપ્ર સુદામો છે નામ રે.'
એમ દાસી કહે કરજોડ રે, 'ખરો, ખરો,' કહે રણછોડ રે;
'મારો, બાળસ્નેહી સુદામો રે, હું દુખિયાનો વિસામો રે.'
ઊઠી ધાયા જાદવરાય રે, નવ પહેર્યાં મોજાં પાય રે;
અતિ આનંદે ફૂલી કાય રે, હરિ દોડે ને શ્વાસ ભરાય રે.
પડે આખડે, બેઠા થાય રે, એક પળ તે જુગ જેવી જાય રે;
સ્ત્રીઓને કહી ગયા ભગવાન રે, 'પૂજાથાળ કરો સાવધાન રે.
હું જે ભોગવું રાજ્યાસન રે, તે તો એ બ્રાહ્મણનું પુણ્ય રે;
જે કોઈ નમશે એનાં ચરણ ઝાલી રે, તે નારી સહુપેં મને વ્હાલી રે.'
તવ સ્ત્રી સહુ પાછી ફરતી રે, સામગ્રી પૂજાની કરતી રે;
સહુ કહે માંહોમાંહે બાઈ રે, 'કેવા હશે શ્રીકૃષ્ણના ભાઈ રે?
જેને શામળિયાશું સ્નેહ રે, હશે કંદર્પ સરખી દેહ રે;'
સુદામે દીઠા કૃષ્ણદેવ રે, છૂટયાં આંસુ શ્રાવણનેવ રે.
જુએ કૌતક ચારે વર્ણ રે, ક્યાં વિપ્ર ક્યાં અશરણશર્ણ રે?
જુએ દેવ વિમાને ચઢિયા રે, પ્રભુ ઋષિને પાયે પડિયા રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિ ઉઠાડ્યા ગ્રહી હાથ રે, ઋષિજી લીધા હૈડા સાથ રે;
મળ્યા જાદવ જોવા પૂંઠે રે, પ્રેમનાં આલિંગન નવ છૂટે રે.
મુખ અન્યોઅન્યે જોયાં રે, હરિનાં આંસુ સુદામે લ્હોયાં રે;
તુંબીપાત્ર ઉલાળીને લીધું રે, દાસત્વ દયાળે કીધું રે.
‘ ઋષિ, પાવન કર્યું મુજ ગામ રે, તમે પવિત્ર કર્યાં રંક ધામ રે;’
તેડી આવ્યા વિશ્વાધાર રે, મંદિરમાં હરખથી અપાર રે.
હસ્ત ઝાલી હરખે મુરારિ રે, જોઈ હસ્યા કરે સૌ નારી રે;
ઘણું વાંકાબોલાં સત્યભામા રે, ‘ આવા ફૂટડા મિત્ર સુદામા રે.
હરિ તેને ઊઠી શું ધાયા રે? બળી નાનપણાની માયા રે;
ભલી જોવા સરખી જોડી રે, હરિને સોંધો એને રાખોડી રે.
જો કોઈ બાળક બહાર નીકળશે; તો તે કાકાને દેખી છળશે રે;’
તવ બોલ્યાં રુક્મિણી રાણી રે, ‘તમે બોલો આવું શું જાણી રે?’

(વલણ)

‘ શું બોલો વિસ્મય થઈ? હરિભક્તને ઓળખો નહિ;’
બેસાડ્યા મિત્રને શય્યા ઉપર, ઢોળે વાયુ હરિ ઊભા રહી.

(રાગ સોરઠી)

ભક્તાધીન દીનને પૂજે, દાસ પોતાનો જાણી;
સુખશય્યા પર ઋષિ બેસાડી, ચમર કરે ચક્રપાણિ રે.
વિશ્વામિત્ર સરખા તાપસને, દોહ્યલે દર્શન દીધું;
તેણે સુદામાના પગ પખાળી, પ્રીતે પાદોદક પીધું રે.
પોતાને ઓઢવાની પીત પછેડીએ, લ્હોયા ઋષિના પાય;
ઊભા કરી કર વીંજણો ગ્રહીને વિઠ્ઠલ ઢોળે વાય રે.
થાળ ભરી વૈદરભી લાવ્યાં, ઘૃતપકવ પકવાન–
શર્કરા સંયુક્ત, ઋષિને કરાવ્યાં પયપાન રે.
શુદ્ધાચમન તંબોળ ખવરાવ્યાં, ધરી પ્રેમ શામળવાન;
વાધ્યું તે પ્રસાદ પ્રમાણે, આરોગ્યું ભગવાન રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુદામાને ચિંતા મોટી, રખે દેખે કાયા કાંપે;
પેલી ગાંઠડી તાંદુલ તણી તેં, જંઘા નીચે લઈ ચાંપે રે.

(વલણ)

જંઘા નીચે ચાંપે ઋષિ, ગાંઠડી તાંદુલ તણી;
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વરને, જાણ્યા તણી ગત્ય છે ઘણી.

(રાગ મલાર)

ગોવિંદે માંડી ગોઠડી, "કહોને મિત્ર અમારા;
સાંભળવા આતુર છું, સમાચાર તમારા.
શે દુઃખે તમે દૂબળા ? એવી ચિંતા કેઈ!
મન મૂકીને કહો મને, મારા બાળસનેહી."
પછી સુદામાજી બોલિયા, પ્રભુને શીશ નામી;
"તમારું અજાણ્યું કાંઈ નથી, તમે છો અંતરજામી.
અમને તો દુઃખ વિજોગનું, નહિ પ્રભુજી પાસે;
આજ હરિ મને જો મળ્યા, પિંડ પુષ્ટ જ થાશે."
પછી શામળિયો બોલિયા, "તને સાંભરે રે;"
"હા જી, નાનપણાની પેર, મને કેમ વીસરે રે ?"
"આપણે બે મહિના પાસે રહ્યા, તને૦
હા જી, સાંદીપનિ ઋષિને ઘેર." મને૦
"અન્ન ભિક્ષા માગી લાવતા, તને૦
હા જી, જમતા ત્રણે ભ્રાત." મને૦
"આપણ સૂતા એક સાથરે, તને૦
હા જી, સુખદુઃખની કરતા વાત." મને૦
"પાછલી રાતના જાગતા, તને૦
હા જી, કરતા વેદની ધુન્ય." મને૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ગુરુ આપણા ગામે ગયા, તને૦
હા જી, જાચવા કોઈ મુન્ય." મને૦
"શરીર આપણાં ઊકળ્યાં, તને૦
હા જી, માથે તપ્યો અરિષ્ટ." મને૦
"સ્કંધે કુહાડા ધર્યા, તને૦
હા જી, ઘણું દૂર ગયા રણછોડ." મને૦
"આપણુ વાદ વધ્યા ત્રણે બાંધવા, તને૦
હા જી, ફાડયું મોટું ખોડ." મને૦
"ત્રણે ભારા બાંધ્યા દોરડે, તને૦
હા જી, આવ્યા બારે મેહ." મને૦
"શીતળ વાયુ વાયો ઘણો, તને૦
હા જી, ટાઢે થરથર ધ્રૂજે દેહ." મને૦
"નદીએ પૂર આવ્યું ઘણું, તને૦
હા જી, ઘન વરસ્યો મુશળધાર." મને૦
"એકે દિશા સૂઝે નહિ, તને૦
હા જી, થયા વીજ તણા ચમકાર." મને૦ ૨૨૦
"ગુરુજી ખોળવા નીસર્યા તને૦
હા જી, કહ્યું સ્ત્રીને તેં કીધો કેર." મને૦
"આપણને હૃદયાશું ચાંપિયા, તને૦
હા જી, પાછા તેડીને લાવ્યા ઘેર." મને૦

(રાગ વસંત)

સકળ સુંદરીઓ દેખતાં, ગોષ્ટિ ગોવિંદે કીધી;
પછે દરિદ્ર ખોવા દાસનાં, ગાંઠડી દૃષ્ટિમાં લીધી.–સકળ૦
"મનવાંછિત ફળ આજ પામ્યો, મિત્રજી મળવા આવ્યા;
ચતુર ભાભીએ ભેટ મોકલી, કહો સખા શું લાવ્યા ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અઢળક ઢળિયો રે શામળિયો, મુષ્ટિ તાંદુલ માટે;
ઇંદ્રનો વૈભવ સહેજમાં આપ્યો, સ્વલ્પ સુખડી સાટે.
ચરણ તળે ચાંપી રહ્યો સુદામો, કૃષ્ણજી કહે છે કહાડો;
'અમ જોગ જો ભેટ ન હોય, તો દૂર થકી દેખાડો.'
એ દેવતાને દુર્લભ દીસે, જાચે જાદવરાય;
'જો પવિત્ર સુખડી પ્રેમે આપો, તો ભવની ભાવટ જાય.'
ભગવાનની સ્ત્રી ભર્મમાં ભૂલી, જુએ મળી સમસ્ત;
અમૃતફળ કે સંજીવનમણિ હરિ ઓડે છે હસ્ત.
આમ હરિ જ્યારે હાથ લગાડે, ઋષિ ખસેડે આમ;
ભક્ત હેત પોતે દેખાડે, સૌનેં સુંદરશ્યામ.
અવલોકવા ઊભી સૌ નારી, કર ધરી કનકનાં પાત્ર;
જદુપતિને જાચે સૌ નારી, 'અમને આપજો તિલમાત્ર.'
સુદામો ચિંતામાં પડિયો, 'લજ્જા મારી જાશે;
ભર્મ ભાંગશેં તાંદુલ દેખી, કૌતુક મારું થાશે.
સ્ત્રીને કહ્યેથી હું થયો લોભી, તુચ્છ ભેટ અહીંયાં આણી;
લજ્જા લાખ ટકાની ખોઈ, ઘર ઘાલ્યું ધણિયાણી.'
સુદામાની મનની શોચના, શામળિયે સૌ જાણી;
હસતાં ખસતાં પાસે આવી, તાંદુલ લીધા તાણી.
હેઠળ હેમની થાળી મેલી, વસ્તુ લેવા જગદીશ;
છોડે છબીલો પાર ન આવે, ચીથરાં દસવીસ.
કણ વેરાણા ને પાત્ર ભરાણું, જોઈ રહ્યો જુવતીનો સાથ;
તાંદુલકણને હૃદયે ચાંપી, બોલ્યા લક્ષ્મીનાથ:
'સુદામા, મેં આ અવનિમાં, લીધા બહુ અવતાર;
આ તાંદુલનો સ્વાદ છે એવો, નથી આરોગ્યો એક વાર.
મોટા મોટા મિત્ર મેં જોયા, ધ્રુવ, અંબરીષ, પ્રહ્‌લાદ;
આ તાંદુલનો એકે મિત્રે, દેખાડ્યો નથી સ્વાદ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુચ્છ ભેટ ભારે કરી, માની વિચાર્યું ભગવાન;
સાત જન્મ સુધી સુદામે, નથી કીધાં પુણ્યદાન.
જાચક રૂપ થયા જગજીવન, પ્રીત હૃદેમાં વ્યાપી;
મુખમાં મુષ્ટિ તાંદુલ મૂકયા, દારિદ્રય નાખ્યાં કાપી.
કર મરડીને ગાંઠડી લીધી, સાથે સૌનાં દુઃખ મોડયાં;
જેમ જેમ ચીંથરાં છોડયાં નાથે, ભવનાં બંધન તોડયાં.
જ્યારે તાંદુલ મુખમાં મૂકયા, ઊડી છાપરી આકાશ;
તેને સ્થાનક સુદામાને થયા, સપ્તભૂમિના આવાસ. ૨૬૦
ઋષિપત્ની થયાં રુક્મિણી સરખાં, સાંબ સરખા પુત્ર;
એ વૈભવને કવિ શું વખાણે? જેવું કૃષ્ણનું ઘરસૂત્ર.

(રાગ મેવાડો)

દ્વારિકા આપવા ઇચ્છા કરી, વળી મુઠ્ઠી શ્રીનાથે ભરી;
ત્યારે રુક્મિણીએ સાહ્યા હાથ, 'અમે અપરાધ શો કીધો નાથ?'
સામું જોઈ રહ્યાં દંપતી, સોળ સહસ્રમાં પ્રીછતી નથી;
સકળ નારીને કરુણા કરી, તાંદુલ વહેંચી આપ્યા હરિ.
તેમાં મૂકયો સ્વાદ અપાર, સ્ત્રી આગળ રાખ્યો મિત્રનો ભાર;
હાસ્યવિનોદ કરતાં વહી શર્વરી, થયો પ્રાત સુદામે જાચ્યા હરિ.
'મને વિદાય કરો જગજીવન,' હરિ કહે 'પધારીએ સ્વામિન્;
વળી કૃપા કરજો કોઈ સમે,' ઠાલે હાથે નરહરિ નમે. ૨૭૦
પ્રભુ પોળ લગી વળાવા જાય, કોડી એક ન મૂકી કર માંહ્ય;
સત્યભામા કહે, 'સુણો જાંબુવતી, કૃપણ થયા કેમ કમળાપતિ?
બ્રાહ્મણ વળી મિત્ર પોતા તણો, દરિદ્ર દુઃખે પીડેલો ઘણો;
તેને વાળ્યો નિર્મુખ,' ફરી રુક્મિણી કહે 'શું સમજો સુંદરી?'
બેલડીએ વળગ્યા વિશ્વાધાર, સુદામે જાતે કર્યો વિચાર;
'એનો વૈભવ આગળ વધિયો છેક, પણ મને ન આપી કોડી એક.
સ્ત્રીની ચોરી મનમાં ધરી, પણ કાંઈક ગુપ્ત મને આપશે હરિ;'
માધવ માર્ગ વળાવા ગયા, પછી સુદામાજી ઊભા રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

‘વિઠ્ઠલજી હવે પાછા વળો,’ તવ ભેટીને રોયા શામળો;
વળ્યા કૃષ્ણ ફરી મળજો કહી, પણ કરમાં કાંઈ મૂક્યું નહિ.
ઋષિ સુદામે મૂક્યો નિઃશ્વાસ, ચાલ્યો બ્રાહ્મણ થઈને નિરાશ;
ઋષિ પામ્યો મનમાં સંતાપ, નિંદા કરવા લાગ્યો આપ.
‘હું માગવા આવ્યો મિત્ર કને, તેપેં મૃત્યુ શે ના'વ્યું મને ?
ભૂખે મરે બાળક નાનડાં, ખવરાવીએ સૂકાં પાંદડાં.
પવન પ્રાશીને ભરીએ પેટ, નીચ પુરુષની કરીએ વેઠ;
કાષ્ઠ કે તૃણનો વિક્રય કરી, અથવા પરઘેર પાણી ભરી.
અથવા વિષ પીને પોઢીએ, પણ મિત્ર કને કર નવ ઓડીએ;
અજાચક વ્રત મૂક્યું આજ, ખોઈ લાખ ટકાની લાજ.
દામોદરે મને કીધી દયા, મૂળગા મારા તાંદુલ ગયા;
કૃપણને ધન હોયે ઘણું, એને છે નગર સોનાતણું.
એને આપતાં શું ઓછું થાત? હું દુર્બળની ભાવઠ જાત;
સામા મળી મને ભેટ્યા હરિ, પાદ પખાળીને પૂજા કરી.
આસનવ્યંજન ભોજન ભલું, મુજ રાંકને કોણ કરે એટલું?
એ ધૂર્ત કપટીની સેવા, લટપટ કરી મારા તાંદુલ લેવા.
જેનું લે તેનો નવ રાખે ભાર, હરિને નિંદું તો મને ધિક્કાર;
જો ભાજીપત્રનો કીધો આહાર, તો વિદુર તાર્યો સંસાર.
કૃપા કરી મને જગદાધાર, પણ મારું કર્મ કઠોર અપાર;’
વિવેકજ્ઞાન સુદામે ગ્રહ્યું, ધન ના'વ્યું તો સારું થયું.
ધને કરી મદ મુજને થાત, ભક્તિ પ્રભુની ભૂલી જાત;
કૃષ્ણે મુજને કરુણા કરી, દારિદ્ર દુઃખ ન લીધું હરિ.
સુખમાં વ્યાપે ક્રોધ ને કામ, દુઃખમાં સાંભરે કેશવ રામ.’

(વલણ)

રામ સાંભરે વૈરાગ્યથી, ઋષિ જ્ઞાનઘોડે ચડ્યા;
વિચાર કરતાં ગામ આવ્યું, ધામ દેખી ભૂલા પડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સુદામા– 'આ ભવન કોણે કર્યાં હશે ? પર્ણકુટિ મારી ક્યાં ગઈ ?' [પૃષ્ઠ ૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઢાળ)

"ઠામ ભૂલ્યો પણ ગ્રામ નિશ્ચે, ધામ કોઈ ધનવંતનાં;
એ ભવનમાં વસતા હશે, જેણે સેવ્યાં ચરણ ભગવંત
એવું વિચારી વિપ્ર વળિયો, બધું નગર અવલોકન કરી;
ઋષિ ઇચ્છા આણી સર્વ જોતાં, તે ભવન પાછળ ફેરા ફરી.
પછી સુદામો પડ્યા સાંસામાં, વિચાર કરે વેગળા જઈ:
'આ ભવન કોણે કર્યાં હશે? પર્ણકુટિ મારી ક્યાં ગઈ?'
જોઈ સુદામે નિઃશ્વાસ મૂક્યો, 'કોઈ છત્રપતિનાં ઘર થયાં;
આશ્રમ ગયાનું દુઃખ નથી, પણ બાળક મારાં ક્યાં ગયાં?
હોમશાળા, રુદ્રાક્ષમાળા, મારી પત્રકુશની સાદડી;
ગોપીચંદ, સંમાર્જની ગઈ, વિપત્ય આવડી ક્યમ પડી?
તુટી સરખી ઝૂંપડી, ને લૂંટી સરખી નાર;
સડ્યાં સરખાં છોકરાં, નવ મળ્યાં બીજી વાર.'
સંકલ્પવિકલ્પ કોટિ કરતા, ઋષિ આવાગમન હિંડોળે ચડ્યા;
બારીએ બેસી પંથ જોતાં, નિજ સ્ત્રીની દૃષ્ટે પડ્યા.
સાહેલી એક સહસ્ર લઈને, સતી ગઈ પતિને તેડવા;
જળ ઝારી ભરીને નારી જાયે, જાણે હસ્તિની કળશ રેડવા.
સાહેલી બહુ વીંટી વળી, પદ્મિની લાગી પાય;
પૂજા કરીને પાલવ ગ્રહ્યો, તવ ઋષિજી નાઠા જાય;
ઋષિપત્ની કહે: "સ્વામી મારા, તમે રખે દેતા શાપ;
દારિદ્ર ગયાં, નવાં ઘર થયાં, શ્રીકૃષ્ણ ચરણ પ્રતાપ."
એવું કહી કર ગ્રહીને ચાલી, તું સાંભળ પરીક્ષિત ભૂપ!
સુદામો પેઠો પોળમાં, થયું કૃષ્ણ સરખું રૂપ.

(રાગ ધનાશ્રી)

નિજ મંદિર સુદામો ગયા, તત્ક્ષણ કૃષ્ણજી સરખા થયા;
દંપતી રાજ્ય શોભાએ ભર્યાં, શ્રીકૃષ્ણે દુઃખ દોહ્યલાં હર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

સુરગુરુ – દેવોના ગુરુ બૃહસ્પતિ **હળધર** – હળ ધારણ કરનાર — બળભદ્ર, કૃષ્ણના મોટાભાઈ; જેમ કૃષ્ણનું આયુધ ચક્ર તેમ બળભદ્રનું આયુધ હળ હતું. **રામકૃષ્ણ** – બળરામ અને કૃષ્ણ. **સંકર્ષણ** – બળરામ. બળરામે યમુના નદીને હળથી ખેંચી આણી હતી તેથી તે સંકર્ષણ કહેવાતા. **અશન** – ભોજન. **ભૂધર** – પૃથ્વી (ભૂ)ને ધારણ કરનાર પ્રભુ – કૃષ્ણ. **સ્વર** – વેદ ભણતાં અવાજ ઊંચો, મધ્યમ અને નીચો લેવો પડે છે તેને સ્વર બાંધવો એમ કહે છે. **ધુન્ય** – ધ્વનિ. **મહાનુભાવ** – મહાપુરુષ. **મુરારિ** – (મુર – પાંચ માથાંવાળો એક રાક્ષસ; તેના અરિ, શત્રુ) કૃષ્ણ. **મનસા** – મનની ભાવના, બુદ્ધિ. **શીતળા** – અન્નપૂર્ણા. આ દેવીની કૃપાથી થોડા અનાજે સુદામાનાં છોકરાં ઊછર્યાં. આ દેવીને છોકરાં ઘણાં વહાલાં હોય છે. **અજાચક વ્રત** – કોઈ પાસે કાંઈ પણ ન માગવાની ટેક. **ઓડે** – ઘરે. **ઘરસૂત્ર** – ગૃહસ્થાશ્રમ. **વાગલાં** – વલખાં, ફાંફાં. **આંગલાં** – શરીરને રક્ષણ આપનાર, કપડાં. **હેવાતનમાં** – સૌભાગ્યના ચિહ્નમાં. **દહાડી** – હમેશાં; સરખાવો : ‘ કરહણિયા મને દહાડી દરહણ દેજે;’ દહાડિયું રોજે આણેલો મજૂર (પંચમહાલમાં આ શબ્દ હજુ પણ વપરાય છે). **ચાંદ લોક** – સાત સ્વર્ગ અને સાત પાતાલ (સાત સ્વર્ગ – ભૂ, ભુવર્, સ્વર્, મહર્, જન, તપ અને સત્ય; સાત પાતાલ – અતલ, વિતલ, સુતલ, મહાતલ, રસાતલ, તલાતલ અને પાતાલ) **ભાવઠ** – ઉપાધિ, જંજાળ. **પ્રતિવાય** – પ્રત્યવાય, વાંધો, દોષ. **મામ** – આબરૂ. **વૃદ્ધિહાણ** – ચડતીપડતી, લાભાલાભ. **શાળ** – ડાંગર, ભાત. **કાંગ** – એક જાતનું ધાન્ય. **ઊખળે** – ખાંડણિયામાં. **ઓખણ્યા** – ખાંડયા. **છોવાય** – અડકવાથી અપવિત્ર થાય. **કાંગરા** – કિલ્લાની ધાર ઉપરનું ચણતર. **મયા** – દયા, કૃપા. **તળાંસે** – દાબે, ચાંપે. **પિંગળ** – કચરાળી, ફિક્કી, ભૂખરા રંગની, લાંબી. **સહુપેં** – સહુથી. **સોંઘા** – સુગંધીદાર પદાર્થ **છળશે** – બીશે. **પાદોદક** – પવિત્ર જળ. **શર્કરા** – સાકર. **પિંડ** – શરીર. **અરિષ્ટ** – સૂર્ય. **ખોડ** – સૂકું જાડું લાકડું. **બારે મેહ** – મેઘ બાર જાતના કહેવાય છે. જો તે સાથે વરસે તો મુશળધાર વરસાદ વરસે છે. **અઢળક** – ઘણો. **કૌતુક** – મશ્કરી. **મૂળગા** – સમૂળગા. **આસનવ્યંજન** – આસન આપ્યું અને વીંજણા (વ્યંજન)થી પવન નાખ્યો. **પત્રકુશ** – દર્ભ (પવિત્ર મનાય છે) **સંમાર્જની** – સાવરણી. **આવાગમન** – આવજા.

૧. કૃષ્ણ–સુદામાની ગોઠડીનું વર્ણન કરો.

૨. ‘સુદામાના તાંદુલ’ વિષે શું જાણો છો? આ પ્રયોગ વાકયમાં વાપરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. પૃષ્ઠ ૨૯નું ચિત્ર જોઈ, તે સંબંધી સુદામાના વિચાર તમારી ભાષામાં જણાવો.
૪. સુદામાની ગરીબાઈનું વર્ણન કરો.
૫. પોતાના ગૃહજીવન વિષે સુદામા અને તેમની પત્ની વચ્ચે જે સંવાદ થયો તે તમારા શબ્દોમાં લખો.
૬. સુદામાને દ્વારકામાં પ્રવેશતાં કેવો અનુભવ થયો?
૭. શ્રીકૃષ્ણે સુદામાને જે પ્રસંગનું સ્મરણ કરાવ્યું તે વિષે જાણતા હો તે લખો.
૮. દ્વારકાથી પાછા વળતાં સુદામાને જે અનુભવ થયો તે સવિસ્તર વર્ણવો.
૯. પ્રસ્તુત કાવ્યમાંથી તમને કયો પ્રસંગ સૌથી વિશેષ ગમે છે? કારણ આપો.
૧૦. આ કાવ્યમાં હાસ્ય અને કરુણ રસનું મિશ્રણ ક્યાં ક્યાં જણાય છે?

—(૦)—

સામળ ભટ્ટ

[ઈ. સ. ૧૬૭૦ ?–૧૭૩૦ ?]



[લોકપ્રિય કવિ સામળનો જન્મ અમદાવાદ પાસે વેગણપુર (ગોમતીપુર)માં થયો હતો. પોતાના ગુરુ નાના ભટ્ટ પાસે સામ સંસ્કૃત અને હિંદીનો સારો અભ્યાસ કર્યો હશે એમ લાગે છે. તે ઉપરાંત જૈન કવિઓ, ભાટ–ચારણ અને પુરોગામી ગુજરાતી કવિઓની કૃતિઓથી પણ એ પરિચિત હશે એમ એની વાર્તાઓ ઉપરથી લાગે છે. કવિ તરીકેની એની ખ્યાતિ સાંભળી સીહુંજ ગામના રખીદાસ નામે એક ધનાઢ્ય કણબીએ એને ઉદાર આશ્રય આપ્યો. સામળે રખીદાસનાં ઘણાં અત્યુક્તિભર્યાં વખાણ કર્યાં છે. સામળનો જન્મ કે મૃત્યુસમય ચોક્કસ રીતે કહી શકાતો નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ એ પ્રેમાનંદનો સમકાલીન નહિ, પણ અનુગામી હતો એવું અનુમાન થઈ શકે છે.

સામળની કલ્પના અતિ તીવ્ર છે અને એની વાર્તાઓ અશક્ય દોષે ભરેલી છતાં અતિ રસમય છે. સામળના લખાણનો હેતુ સર્વદા ઉપદેશાત્મક જ લાગે છે. સામળે લખ્યું છે—

'મહા પુરુષ માખણ ગ્રહે, ગ્રહે છતહીણા છાશ;
નીચ બુદ્ધિ નરકે પડે, વડાને વૈકુંઠ વાસ.'

સામળની ભાષા સાદી અને ઘરગથ્થુ હોવા છતાં અખા જેવી ક્લિષ્ટ નથી. કોઈક વાર સામળની ભાષા ગ્રામ્ય થઈ જાય છે, છતાં તે એકંદરે સંસ્કારી કહેવાય. એના સમયમાં રાજભાષા ઉર્દૂ હતી. એટલે ફારસી શબ્દોનું પ્રમાણ એના લખાણમાં વધુપડતું છે. માનવજીવન એ એની વાર્તાનો સામાન્ય વિષય છે. જેમ પ્રેમાનંદે રામાયણ, મહાભારત અને પુરાણમાંથી સામગ્રી લઈ આખ્યાનો લખ્યાં, તેમ સામળે ભોજ અને વિક્રમને લગતી દંતકથાઓ અને પ્રચલિત લોકવાર્તાઓનો છૂટથી ઉપયોગ કર્યો છે. એકંદરે સામળની વસ્તુવિભાવના (conception of plot) પ્રેમાનંદ કરતાં વિશેષ મૌલિક ગણાય, પણ સામળમાં કવિ તરીકેનાં બીજાં લક્ષણો પ્રેમાનંદ જેટલાં વિકસેલાં નથી. એની વાર્તાઓનો હેતુ અશિક્ષિત ગ્રામજનોને ખુશ કરી બોધ આપવાનો છે. એની કૃતિઓમાં સમકાલીન સામાજિક વસ્તુસ્થિતિનો હૂબહૂ ચિતાર છે, અને હજુ પણ ગ્રામજનોમાં સામળની વાર્તાઓ પ્રચલિત છે. ગુજરાતી સાહિત્યમાં કલ્પિત લૌકિક કથાઓ લખવાની શરૂઆત સામળે જ કરી.

સામળના ગ્રંથો કથાત્મક અને બોધાત્મક છે. તેના છપ્પા ઘણા લોકપ્રિય છે. એથી જ 'છપ્પય સામળ ખાસ' એમ કહેવાય છે. હિંદી કવિઓ માફક એણે દુહા અને ચોપાઈનો પણ છૂટથી ઉપયોગ કર્યો છે. વ્યવહારુ ભાષાને કહેવતોથી સમૃદ્ધ કરવામાં એના છપ્પાએ ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. 'સિંહાસનબત્રીસી', 'વૈતાલપચીસી', 'સૂડાબહોતેરી', 'નંદબત્રીસી', 'મદનમોહના', અંગદવિષ્ટિ', 'સામળ રત્નમાળા' એ એના જાણીતા ગ્રંથો છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧)
મોત વિષે
(છપ્પા)

ચિરંજીવી નહિ કોઈ, ગયા માંધાતા મહિપત;
ચિરંજીવી નહિ કોઈ, ગયા અગણિત અહિપત.
ચિરંજીવી નહિ કોઈ, ગયા અધિકારી ઇન્દ્ર;
ચિરંજીવી નહિ કોઈ, ગયા કાંઈ સૂરજ ચંદ્ર.
વળી ગયા રામ ને રાવણા, ગયા દેવ ને દાનવી;
ગયા સતવાદી સુલક્ષણા, કોણ માત્રમાં માનવી ?
કોઈ આજ કોઈ કાલ, કોઈ માસે ખટ માસે;
કોઈ વર્ષે દસ બાર, કોઈ પચીસ પચાસે.
કોઈ સાઠ સિત્તેરે, કોઈ પોણાસો એંસી;
જે જાયું તે જાય, નથી રહેવાનું બેસી.
જે નામ તેનો નાશ છે, ધર્મ જ એવો ધારવો;
કવિ સામળ કહે મૂરખ, કરે ગંદી દેહનો ગારવો.
ઘડી પલક કે પહોર, સાંજ સવાર કે વ્હાણું;
એ દીપક ઓલવાય, ન આવે સાથે નાણું.
રહે ઘરમાં કે ગામ, દેશ પરદેશે પડશે;
જળ પરપોટો જેમ, એક દિન નિશ્ચે મરશે.
રાખી કોઈની રહેશે નહિ, દિવસ નક્કી નહિ દેહનો;
સામળ કહે કાચો કુંભ છે, તો ભરૂંસો શો ? તેહનો !

(૨)
હિંમત
(છપ્પો)

કોઈ દિન અમરત આહાર, કોઈ દિન લૂખી ભાજી;
કોઈ દિન પળવું પાય, કોઈ દિન ચઢવા વાજી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ દિન સુંદર સેજ, કોઈ દિન ભોમે સૂવું;
કોઈ દિન વિવા હોય, કોઈ દિન રીસે રોવું.
કોઈ દિન રળવું ઘણી રીઝથી, કોઈ દિન ખોવા દામને;
સામળ કહે હિંમત ન મૂકીએ, સંભારીએ શ્રીરામને.

(૩)

છૂટક દોહરા

નીચ દૃષ્ટિ તે નવ કરે, જે મોટા કહેવાય;
શત લાંઘણ સિંહ જો કરે, તોય તૃણ નવ ખાય.
રત્નજડિત હોય મોજડી, શીશ ન બાંધે નેટ;
કનક છરી હાથે ધરી, કોઈ ન મારે પેટ.
કમળ જળમાં નિત્ય રહે, નિમેષ ન ભેદે નીર;
કામ ન ભેદે તેહને, જેનું શુદ્ધ શરીર.
જીભને ચીકટ અડે નહિ, સોને ન અડે શ્યામ;
ગુણને અવગુણ નવ અડે, જ્ઞાનીને ન અડે કામ.

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) ૧ **માંધાતા**–સૂર્યવંશી રાજા. ૨ **અહિપત**–અહિપતિ; અહિ (નાગ)+પતિ–નાગનો રાજા, વાસુકિ. ૧૦ **જાયું**–જન્મ્યું. ૧૨ **ગારવો**–ગર્વ

(૨) ૨ **વાજી**–ઘોડો. ૪ **વિવા**–લગ્ન; આનંદનો પ્રસંગ.

(૩) ૨ **લાંઘણ**–ઉપવાસ. ૩ **નેટ**–નક્કી. ૫ **નિમેષ**–જરા પણ.

૧. સામળની વાર્તાઓ અને કાવ્યોમાં કઈ કઈ બાબતો તરી આવે છે?
૨. સામળ સામાન્ય જનસમાજમાં અતિ લોકપ્રિય થઈ પડયો છે એનાં કારણો આપો.
૩. 'કોણ માત્રમાં માનવી?' અને 'જે જાયું તે જાય' આ ઉક્તિના સમર્થનમાં કવિ સામળ કયાં કયાં ઉદાહરણો આપે છે?
૪. કવિ કાયાને 'કાચો કુંભ' શા માટે કહે છે તે સમજાવો.
૫. 'હિંમત રાખો' અને 'શ્રીરામને સંભારો' એ વિષે કવિ કેવા પ્રકારની દલીલ કરે છે તે લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૬. નીચેનાં વાક્યોમાં ખૂટતા શબ્દો મૂકો :
અ. સિંહ શત —— કરે પણ —— નહિ ખાય.
બ. કનકની —— પેટમાં —— ન હોય.
૭. મોત વિષે સામળ જે કહે છે તે ત્રણ લીટીમાં દર્શાવો.

—(૦)—

ધીરો

[ઈ. સ. ૧૭૫૩?–૧૮૨૫?]



[ભક્તકવિ ધીરાના જન્મ વિષે ચોક્કસ નિર્ણય થઈ શકતો નથી. તે જ્ઞાતિએ બ્રહ્મભટ (બારોટ) હતો અને સાવલી પાસે ગોઠડા ગામમાં રહેતો હતો. કહેવાય છે કે ધીરો પોતાનાં કાવ્યો કાગળ ઉપર લખી તેમને વાંસની ભૂંગળીમાં મૂકી નદીમાં તરતાં મૂકતો.

ધીરાનું સ્થાન અખો અને ભોજો એ બે જ્ઞાની ભક્તકવિઓની સાથે છે. ગુજરાતભરમાં 'ધીરા ભગત'ની કાફી અતિપ્રિય અને જાણીતી છે. ધીરાને વેદાંત દ્વારા સત્ય જ્ઞાન થયું હતું અને તે તેણે સહેલી અને સુમધુર ભાષામાં ઉતાર્યું છે. કાફીઓ અને ગરબીઓ ઉપરાંત 'ગુરુસ્વરૂપ', 'જ્ઞાનકક્કો' અને 'અવળવાણી' વગેરે લાંબાં કાવ્યો પણ એણે લખ્યાં છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેને રામ રાખે

(કાફી)

જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે ?
અવર નહિ દેખું રે, બીજો કોઈ પ્રભુ પાખે.—જેને૦
ચાહે અમીરને ભીખ મંગાવે, ને રંકને કરે રે રાય;
સ્થલને સ્થાનકે જલ ચલાવે, જલ સ્થાનક સ્થલ થાય;
તરણાનો તો મેરુ રે, મેરુનું તરણું કરી દાખવે.—જેને૦
નીંભાડાથી બળતાં રાખ્યાં, માંજારીનાં બાળ;
ટિટોડીનાં ઈંડાં ઉગાર્યાં, એવા છો રાજન રખવાળ !
અંત વેળા આવો રે, પ્રભુ તમે તેની તકે.—જેને૦
બાણ તાણીને ઊભો પારધી; સીંચાણો કરે રે તકાવ;
પારધીને પગે સર્પ ડસિયો, સીંચાણા શિર પર ઘાવ;
બાજ પડ્યો હેઠે રે, પંખી ઊડી ગયાં સુખે.—જેને૦
ગજ કાતરણી લઈને બેઠા, હરજી તો દીનદયાળ;
વધે ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ;
ધણી તો ધીરાનો રે, હરિ તો મારી હીંડે હેકે.—જેને૦

ટિપ્પણ અને પ્રશ્નો

૬ **નીંભાડાથી** – માટીનાં વાસણ પકવવાની કુંભારની ભઠ્ઠીમાંથી. **માંજારી** – બિલાડી; માર્જાર (સંસ્કૃત) ઉપરથી. ૭ **ટિટોડી** – ટી ટી અવાજ કરતું પક્ષી. ૯ **સીંચાણો** – બાજપક્ષી. **તકાવ** – તરાપ મારવાની તૈયારી. **૧૪ મારી હીંડે હેકે** – મારી ચાલ પ્રમાણે ચાલે; મારી સંભાળ રાખે.

૧. ધીરા કવિએ પોતાનાં કાવ્યોનો ફેલાવો કરવા માટે શું કર્યું હતું ?
૨. ‘રામ રાખે તેને કોણ ચાખે ?’ આ ઉક્તિનું સમર્થન કરવા આ કાવ્યમાં કયા પ્રસંગો ટાંક્યા છે ?
૩. આ કાવ્યમાં ધીરાએ પ્રભુને માટે કયા કયા શબ્દો વાપર્યા છે તે લખો. તે શબ્દોના અર્થ વિગતવાર સમજાવો.

—(૦)—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્માનંદ

[ઈ. સ. ? – ૧૮૪૯]

[સ્વામીનારાયણ સંપ્રદાયનો આ કવિ જાતે ભાટ હતો અને ડુંગરપુર તાબાના ખાણ ગામમાં જન્મ્યો હતો. તેના બાલ્યકાળમાં નવા જન્મેલા સ્વામીનારાયણ સંપ્રદાયના આદ્ય ગુરુ સહજાનંદ સ્વામીનાં તેને ગઢડામાં દર્શન થયેલાં અને ત્યારથી તે ત્યાં જ રહેતો. જૂનાગઢમાં મંદિર સ્થપાયા પછી મૂળી ગામમાં તેવું જ મંદિર સ્થાપી તેનું મહંતપદ એણે જીવન પર્યંત ભોગવ્યું. બ્રહ્માનંદે ચારણી તથા હિન્દી ભાષામાં પણ કાવ્યો રચ્યાં છે.

બ્રહ્માનંદ સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓના મુખ્ય પ્રતિનિધિ છે. આ સમયમાં આ સંપ્રદાયના ઘણા નાનામોટા કવિઓ થઈ ગયા. એમણે ગુજરાતી સાહિત્યમાં વૈરાગ્યનાં પદો ઉમેરી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. વૈષ્ણવોની શૃંગારઅતિશયતાના વિરોધરૂપે આ સંપ્રદાય નીકળ્યો હતો. ત્યાર પછી દયારામે લગભગ વીસરાઈ ગયેલી પ્રેમભક્તિની શૃંગારપ્રધાન કવિતા સચેતન કરી.]

ગાફલ પ્રાણી

(ધોળ)

પ્રભુ ભજ્યા વિણ ગાફલ પ્રાણી, આમે ઉંમર ખોઈ જી;
મેડી મંદિર માલ ખજાના, કામ ન આવે કોઈ જી.
માયા માયા કરતો મૂરખ, તૃષ્ણામાંહી તણાણો જી;
લોક તણી લજ્જાને લઈને, કોટે બાંધ્યો પહાણો જી.
ઊંચે કુળ અવતાર લઈને, કહે શું સારું કીધું જી ?
લખ ચોરાશી કેરું લગડું, તાણી માથે લીધું જી.
જીવતણું કંઈ જતન ન કીધું, મન માયામાં મ્હોયું જી;
રાતદિવસ તત્પર થઈ રળિયો, ઠાલું નીર વલોવ્યું જી.
લોક કુટુંબમાં મોટો થાવા, કામ બગાડ્યું તારું જી;
બ્રહ્માનંદ કહે રે પ્રાણી, હજુ સમજ તો સારું જી. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

૪ કોટે – કંઠે, ગળે. ૬ લગડું – ભાર. ૮ રળિયો – કમાયો.

૧. આ પદનો મધ્યવર્તી વિચાર બે ત્રણ લીટીમાં દર્શાવો.
૨. બ્રહ્માનંદ કેવા મનુષ્યને 'ગાફલ પ્રાણી' કહે છે? શા માટે?
૩. લજ્જા, તૃષ્ણા, લગડું, માયા, નીર—આ શબ્દોના અર્થ સ્પષ્ટ થાય એવાં વાક્યો યોજી લખો.

દયારામ

[ઈ. સ. ૧૭૬૭?–૧૮૫૨?]



[આ રંગીલા ફક્કડ કવિનો જન્મ નર્મદાતટે ચાણોદમાં સાઠોદરા નાગર પ્રભુદાસ પંડયાને ત્યાં થયો હતો. નાગર જેવી સંસ્કારી જ્ઞાતિમાં જન્મેલા દયારામ છેક અભણ હોય એ સંભવિત નથી, પરંતુ તેર-ચૌદ વર્ષની વયે માબાપ ગુજરી જવાથી એ વિશેષ અભ્યાસ નહિ કરી શક્યા હોય. નાની ઉંમરથી જ પુષ્ટિમાર્ગી વૈષ્ણવ-સંપ્રદાય પ્રત્યે દયારામને પ્રીતિ ઉદ્ભવી અને તરુણ વયે વલ્લભસંપ્રદાયનો સ્વીકાર કરી, હિંદુસ્તાનમાં એકેએક તીર્થની પગે મુસાફરી કરી. નાસિક જતાં આનાજી આંગડિયા નામના લૂંટારાએ દયારામને પકડી કેદ કર્યા; પણ આનાજીને પોતાની સંગીત–નિપુણતાથી ખુશ કરી કવિ ત્યાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટચા. યાત્રાએથી પાછા ફરી કવિએ ડભોઈમાં વસવાટ કર્યો. પોતાના મીઠા કંઠ અને અનુપમ કવિત્વશક્તિથી એ આગળપાછળના પ્રદેશમાં પણ ઘણા પ્રખ્યાત થયા. એમના સંગીતનૈપુણ્ય માટે પણ અનેક લોકવાર્તા પ્રચલિત છે. દરરોજ રાતે દયારામનાં ભજન સાંભળવા લોકોની ઠઠ જામતી. દરરોજ જાતે પદ રચી, ગાવાની ટેવને લીધે જ પ્રેમાનંદની પેઠે દયારામ ઘણું લખી શક્યા એમ માનીએ તો એ ખોટું નથી.

દયારામનાં કૃષ્ણલીલાનાં પદો અતિ લોકપ્રિય છે. કૃષ્ણજીવનની કલ્પિત કે સત્ય મનાતા પ્રસંગો પર રચાયેલી એમની ગરબીઓ આજે પણ ગવાય છે. એ ગરબીઓમાંથી આજના કેટલાય રાસ રચનારા પ્રેરણા અને વસ્તુ મેળવી શકે છે. ગુજરાતના સંગીતસાહિત્યમાં દયારામની સેવા અનન્ય છે. એમનાં કાવ્યોમાં શબ્દપસંદગી અને ગોઠવણી સંગીતની દૃષ્ટિએ થયેલી છે. એ શબ્દમાધુર્ય કવિતાના અર્થગાંભીર્યને દીપાવે છે. દયારામની ભાષા શુદ્ધ, મધુર, સંસ્કારી અને ભાવમય છે.

કૃષ્ણભક્તિ દયારામનાં કાવ્યોનો મુખ્ય વિષય છે. એ મધ્યબિંદુની આસપાસ જ એમની સર્વ કાવ્યપ્રવૃત્તિનું વર્તુલ દોરાયું છે. નરસિંહ અને મીરાંની માફક ભક્ત દયારામ પોતાની જાતને ગોપી સ્વરૂપે કલ્પી લઈ પુરુષ કૃષ્ણ પ્રત્યેની ભક્તિ અનેક પ્રકારે કાવ્ય દ્વારા પ્રગટ કરે છે. નરસિંહ અને મીરાં કરતાં એમની શૃંગારની ભાવના વિશેષ પ્રબળ છે. આથી દયારામની કૃતિમાં ઘણે સ્થળે શૃંગારની અતિશયતા છે. દયારામે લખેલાં બોધનાં પદ પણ ઉચ્ચ કોટિનાં છે. એમાં અર્થઘનતા વિશેષ છે, છતાં મધુરતા સારા પ્રમાણમાં જળવાઈ રહી છે.

દયારામે હિંદીમાં પણ ઘણાં કાવ્યો લખ્યાં છે. લાંબા પગપાળા પ્રવાસોને અંગે દયારામને ઘણી ભાષાઓ આવડતી, અને એમણે પાંચેક ભાષાઓમાં કાવ્યો રચ્યાં હતાં એમ કહેવાય છે.

દયારામ ગુજરાતના છેલ્લા પ્રાચીન ભક્તકવિ છે. એમના મૃત્યુ પછી અંગ્રેજી સંસ્કૃતિની ભરતી ચઢવાથી ગુજરાતી કાવ્યપ્રવાહમાં અવનવા ફેરફાર થવા માંડે છે; એ હવે પછીના કવિઓની કૃતિઓમાં દેખાશે. અત્યાર સુધી ભક્તિ એ કવિતાનો મુખ્ય વિષય હતો, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂનું દૃષ્ટિબિંદુ પશ્ચિમની અસરથી બદલાયું, અને કાવ્યસાહિત્યમાં હવે પછીના યુગમાં જે વિવિધતા આવી તે એ કૃતિઓમાં માલૂમ પડે છે.]

(૧)

શ્યામ રંગ સમીપે ન જાવું

શ્યામ રંગ સમીપે ન જાવું,
મારે આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું.
જેમાં કાળાશ તે તો સહુ સરખું,
સર્વમાં કપટ હશે આવું–મારે૦
કસ્તૂરીની બિંદી તો કરું નહિ લલાટે,
કાજળ ન આંખમાં અંજાવું–મારે૦
કોકિલાનો શબ્દ હું સુણું નહિ કાને,
કાગવાણી શકુનમાં ન લાવું–મારે૦
નીલાંબર કાળી કંચુકી ન પહેરું,
જમનાનાં નીરમાં ન નહાવું–મારે૦
મરકતમણિ ને મેઘ દૃષ્ટે ન જોવા,
જાંબુ વંત્યાક ન ખાવું–મારે૦
દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો,
પણ મન કહે જે પલક ન નિભાવું–મારે૦

(૨)

મોંઘો મનુષ્ય-દેહ

(પદ–કાફી)

ફૂલ્યો શું ફરે છે રે? ભૂલ્યો ભવકૂપમાં પડ્યો;
મનુષ્ય-દેહ મોંઘી રે, ખોયો મણિ હાથે ચડ્યો.—ટેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું થયું સંપત્તિ ઘણી મેળવ્યે? શું થયું મોટે દરબાર?
નિશ્ચલ થઈ હરિને ભજે નહિ, ભૂંડા ધિક્ તારો અવતાર—
ધિક્ તારું જીવ્યું રે, હવે તને શાને ઘડચો? — ફૂલ્યો૦

ડાહ્યો થઈ દુનિયામાં ફરે છે, તેણે શું સીધ્યું તારું કાજ?
જમની કચેરી જીતવી કઠણ છે, નથી રહેવાની તારી લાજ—
ડહાપણ તારું ત્યારે રે, જ્યારે જમને કર ના ચડચો.—ફૂલ્યો૦

વાંકી મૂછ ઉપર વાટ ઊઠી રે, નરકની વાટે તું ઠર્યો;
મિથ્યા જનુની ભારે મારી, એવો જન્મ ધર્યો ન ધર્યો—
માટે જોની જાગી રે, અવસર એવો આવી અડચો.—ફૂલ્યો૦

સમજ મન મારા રે, કહું છું મોહ, માયા, મમતા તજ;
સ્મરણ કર પરબ્રહ્મ પુરુષોત્તમ, રાધાકૃષ્ણ હરિ ભજ—
દયો એવું જાણે રે, તે સર્વથી સરસ પડચો — ફૂલ્યો૦

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) ૪ **બિંદી**–ઝીણો ચાંલ્લો. 'બિંદુ' ઉપરથી બિંદી. ૬ **નીલાંબર**–નીલ (ભૂરું, કાળાશપડતું)+અંબર (વસ્ત્ર). **કંચુકી**–કાપડું, ચોળી. ૭ **મરકતમણિ**–નીલમ.

(૨) ૧ **ભવકૂપ**–ભવ (જીવન, સંસાર)રૂપી કૂવો. ૬ **સીધ્યું**–સર્યું. ૯ **વાટ**–વળ. દેહના મિથ્યા ગર્વનું સૂચન કરે છે.

૧. દયારામનું જીવનચરિત્ર ટૂંકમાં લખો.
૨. દયારામના પગપાળા પ્રવાસ અને કૃતિઓ સંબંધી શું જાણો છો?
૩. 'શ્યામ રંગ સમીપે ન જાવું' એવી પ્રતિજ્ઞા કોણે અને શા માટે લીધી હતી?
૪. મનને સાચી સમજ આપવા માટે દયારામ શી શિખામણ આપે છે? ભવકૂપમાંથી બહાર નીકળવા કવિ કેવો માર્ગ બતાવે છે?
૫. કવિ મનુષ્યના દેહને મોંઘો શા માટે કહે છે? એ દેહને કવિ શેની સાથે સરખાવે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નર્મદાશંકર

[ઈ. સ. ૧૮૩૩–૧૮૮૬]

[ગુજરાતના અર્વાચીન સાહિત્યનો પાયો નાખનાર 'વીર નર્મદ'નો જન્મ સુરતની નાગર જ્ઞાતિમાં થયો હતો. કુળની યાચકવૃત્તિ તજી નર્મદાશંકરના પિતા લાલશંકરે લહિયાનો ધંધો સ્વીકાર્યો હતો. આમ સ્વાશ્રય અને કલમની દોસ્તી નર્મદને પારણામાંથી જ થયેલી. નર્મદના જન્મસમયથી જ દેશમાં અંગ્રેજી કેળવણીની શરૂઆત થયેલી અને તેનો લાભ નર્મદાશંકરને મળેલો. સુરતમાં સ્કૂલનો અભ્યાસ પૂરો કરી નર્મદાશંકર મુંબઈ આવી એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં દાખલા થયા, પણ કૌટુંબિક સંજોગોને લઈ ફરી સુરત જઈ નોકરી સ્વીકારવી પડી. પ્રથમ પત્નીનું મૃત્યુ થતાં નર્મદ જાગ્રત થયો અને મોટાં કામ કરી નામના મેળવવાની ઇચ્છા જાગતાં તે ફરીથી મુંબઈ આવ્યો. મુંબઈ આવી તેણે સાહિત્યનો ઊંડો અભ્યાસ કરવા માંડ્યો અને કવિતા રચવાની પણ શરૂઆત કરી. આ દરમિયાન તે નોકરી પણ કરતો. ઈ. સ. ૧૮૫૮માં નોકરીને હંમેશ માટે તિલાંજલિ આપી સજળ નેત્રે એણે કલમને ખોળે માથું મૂક્યું.

જૂની અને નવી વિદ્યાએ માંડેલા દેશમંથનથી બહાર આવેલાં પ્રથમ બે રત્ન તે કવિ નર્મદાશંકર અને દલપતરામ છે.' બન્ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકમેકના હરીફ હતા અને બન્નેની કવિતા અતિ લોકપ્રિય હતી. દલપતરામ ઠરેલ અને શબ્દચતુર કવિ છે, જ્યારે નર્મદાશંકર મસ્ત કવિ છે. 'યા હોમ કરીને પડો, ફતેહ છે આગે' એ નર્મદનાં જીવન અને કવનનો મંત્ર છે. આ જમાનામાં નર્મકવિતા ઘણાને ન રુચે, પણ ધીરજ અને વિવેકથી જોનારને તેની પાછળ રહેલી સમાજસુધારણાની ભાવના જોઈ જરૂર નર્મદ પ્રત્યે પૂજ્યભાવ ઉત્પન્ન થાય. એની અનેક પ્રકારની સેવા જોઈ આપણે મુગ્ધ થઈએ છીએ.

સ્વદેશસ્વાતંત્ર્યનું પ્રથમ સ્વપ્ન ગુજરાતમાં નર્મદે સેવ્યું; સ્વદેશાભિમાન શબ્દ પ્રથમ નર્મદે યોજ્યો; ગદ્ય લખવાની ખરી શરૂઆત નર્મદે કરી; પ્રથમ શબ્દકોષ અને વ્યાકરણ નર્મદે રચ્યાં; આ ઉપરાંત એણે ઇતિહાસ, ધર્મ, સમાજસુધારણા, વિવેચન, પિંગલ, જીવનચરિત્ર, નાટક એ સર્વ વિભાગમાં યથાશક્તિ ફાળો આપ્યો છે. આટલા ઉપરથી નર્મદની મહાન સાહિત્યસેવાનો આછો ખ્યાલ વાચકને જરૂર આવશે.

નર્મદાશંકર ઊછળતા હૃદયના, સાહસિક, ઉત્સાહી ને રસજ્ઞ કવિ હતા. દલપતરામ પોતાની જાતને ભૂલી જઈ સામાને રંજિત કરવા શ્રોતાજનને અનુકૂળ કવિતા લખતા. નવલરામ લખે છે: 'નર્મદની કવિતામાં સ્વભાવ તથા શાસ્ત્રનું બળ ઘણું પણ ચાતુર્યનું થોડું; દલપતશૈલી **સભારંજની**, ચાતુર્યશૈલી કહેવાય, ને નર્મદશૈલી **મસ્ત** કહેવાય.' નર્મદાશંકરની ભાષા સરળ, સંસ્કારી અને અસરકારક છે. એમનાં કાવ્યોનો સંગ્રહ 'નર્મકવિતા'ને નામે પ્રગટ થયો હતો.]

સાહસ

(લાવણી)

સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે,
યા હોમ કરીને પડો ફતેહ છે આગે—ટેક
કેટલાંક કરમો વિષે ઢીલ નવ ચાલે,
શંકા–ભય તો બહુ રોજ હામને ખાળે;
હજુ સમય નથી આવિયો, કહી દિન ગાળે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન બ્હાનું કરે નવ સરે અર્થ કો કાળે;
ઝંપલાવવાથી સિદ્ધિ જોઈ બળ લાગે,
—યા હોમ૦

સાહસે કર્યો પરશુએ પૂરો અર્જુનને,
તે પરશુરામ પરસિદ્ધ રહ્યો નિજ વચને;
સાહસે ઇંદ્રજિત શૂર હણ્યો લક્ષ્મણે,
સાહસે વીર વિક્રમ જગત સહુ ભણે;
થઈ ગર્દ જંગમાં મર્દ હક્ક નિજ માગે,
—યા હોમ૦

સાહસે કોલંબસ ગયો નવી દુનિયામાં,
સાહસે નેપોલિયન ભીડયો યુરોપ આખામાં;
સાહસે લ્યૂથર તે થયો પોપના સામાં,
સાહસે સ્કૉટે દેવું રે વાળ્યું જોતામાં;
સાહસે સિકંદર નામ અમર સહુ જાગે,
—યા હોમ૦

સાહસે જ્ઞાતિના બંધ કાપી ઝટ નાખો,
સાહસે જાંઓ પરદેશ, બીક નવ રાખો;
સાહસે કરો વેપાર જમે સહુ લાવો,
સાહસે તજી પાખંડ બ્રહ્મરસ ચાખો;
સાહસે નર્મદા દેશ-દુઃખ સહુ ભાગે,
—યા હોમ૦

ટિપ્પણ અને પ્રશ્નો

૧ જંગ—યુદ્ધ. **૧૨ થઈ ગર્દ**—ફના થઈને. **૧૫ લ્યૂથર**—માર્ટિન લ્યૂથર. મહાન જર્મન ધર્મ-સુધારક; જેણે ધાર્મિક દંભ અને પોપની સત્તા સામે બળવો કરી પ્રૉટેસ્ટંટ સંપ્રદાયની શરૂઆત કરી. **૧૬. સ્કૉટ**—સર વૉલ્ટર સ્કૉટ—૧૯મા સૈકાની શરૂઆતમાં થઈ ગયેલો અંગ્રેજ કવિ અને નવલકથાકાર, જેણે પુસ્તકો લખી માથે ચડેલું દેવું ચૂકવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. 'વીર નર્મદે સજળ નેત્રે કલમને ખોળે માથું મૂક્યું.' — આ સંબંધમાં જે જાણતા હો તે લખો.

૨. દલપત અને નર્મદ, બંને એકમેકથી શી રીતે જુદા હતા?

૩. નર્મદની સાહિત્યસેવા, નર્મદનું સ્વદેશાભિમાન, નર્મદની સમાજ-સુધારણા અને નર્મદની મસ્ત શૈલી એ સંબંધી જે જાણતા હો તે લખો.

૪. 'યા હોમ કરીને પડો…' એ સમજાવવા કવિ કયાં દૃષ્ટાંતો આપે છે?

૫. કવિએ સાહસના કયા કયા ફાયદા ગણાવ્યા છે? એને માટે શું શું કરવાનો બોધ આપ્યો છે?

૬. આ કાવ્યમાં જે વ્યક્તિઓના સાહસનો ઉલ્લેખ થયો છે તેમના વિષે માહિતી મેળવો.

દલપતરામ

[ઈ. સ. ૧૮૨૦ – ૧૮૯૮]



[સમાજસુધારણાની ઇચ્છાથી પ્રેરાઈ સમયની જરૂરિયાત પ્રમાણે ઉપદેશાત્મક કવિતા લખનાર આ કવિનો જન્મ વઢવાણમાં થયો હતો. જ્ઞાતિએ તે શ્રીમાળી બ્રાહ્મણ હતા, અને પાછળથી સ્વામી-નારાયણ સંપ્રદાયનો સ્વીકાર કર્યો હતો. છેક બાળપણથી એમને કવિતા કરવાનો શોખ હતો, અને વીસ વર્ષની નાની ઉંમરે જ કવિ તરીકે જાણીતા થયા હતા. ઈ. સ. ૧૮૪૮માં સ્વ. ભોળાનાથ સારાભાઈની મારફતે તે ફૉર્બ્સ સાહેબના પરિચયમાં આવ્યા ત્યારથી તેમની યશસ્વી કારકિર્દીની શરૂઆત થઈ. ૧૮૪૮માં ફૉર્બ્સ સાહેબની પ્રેરણા અને મદદથી સ્થપાયેલી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની વ્યવસ્થા પાછળથી એમના હાથમાં આવી હતી. સોસાયટીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખપત્ર 'બુદ્ધિપ્રકાશ'નું તંત્રીપદ પણ એમણે કરેલું. અમદાવાદ આવ્યા પછી ૧૮૫૩માં એમણે શિક્ષકની સરકારી નોકરી સ્વીકારેલી; પણ મુખ્યત્વે દલપતરામ કવિ તરીકે જાણીતા હતા. રાજાપ્રજાએ એમની કદર ઘણી સારી કરી હતી.

દલપતરામની શિક્ષકવૃત્તિ એમની કવિતામાં પણ દેખાઈ આવે છે. એમની કવિતાનો ઉદ્દેશ ગમ્મત સાથે જ્ઞાન આપવાનો છે. એમણે જૂના કાવ્યસંપ્રદાયને પોતાના સમયને અનુકૂળ નવું સ્વરૂપ આપ્યું. નર્મદાશંકરને અંગ્રેજી સાહિત્યનો પરિચય ઠીક થયેલો, જ્યારે દલપતરામને માત્ર પરોક્ષ રીતે તેનો સ્પર્શ જ થયેલો.

દલપતરામ એમના યુગના પ્રતિનિધિ હતા. સમકાલીન સામાજિક સ્થિતિનો ખ્યાલ એમનાં કાવ્યો વાંચતાં સહજ આવે છે. હજુ પણ એ એક લોકપ્રિય કવિ તરીકે ગણાય છે. એમની કવિતામાં લાગણી – હૃદયની ધગશ — ઓછી છે, પણ એમનું છંદનું જ્ઞાન અને તે ઉપરનું પ્રભુત્વ આપણને મુગ્ધ કરે તેવાં છે. એમની ભાષા સરળ છે, છતાં અલંકાર વગેરેનો પણ કવિ છટાથી ઉપયોગ કરી શક્યા છે. એમનાં કાવ્યોનો સંગ્રહ 'દલપતકાવ્ય' તરીકે જાણીતો છે.

(૧)
અન્યોક્તિ

(મનહર છંદ)

ઊંટ કહે આ સમામાં, વાંકાં અંગવાળાં ભૂંડાં,
ભૂતળમાં પક્ષીઓ ને પશુઓ આપાર છે;
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી,
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.
વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા,
ભેંસને તો શિર વાંકાં શિંગડાંનો ભાર છે;
સાંભળી શિયાળ બોલ્યો, દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

શરણાઈવાળો

(મનહર છંદ)

એક શરણાઈવાળો સાત વર્ષ સુધી શીખી,
રાગરાગણી વગાડવામાં વખણાણો છે.
એકને જ જાચું એવી ટેક છેક રાખી, એક
શેઠને રિઝાવી મોજ લેવાને મંડાણો છે.
કહે દલપતરામ પછી બોલ્યો તે કંજૂસ શેઠ,
"ગાયક ન લાયક તું ફોગટ ફુલાણો છે,
પોલું છે તે બોલ્યું તેમાં કરી તેં શી કારીગરી ?
સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે."

(૩)

જૂનો ચાલ

(મનહર છંદ)

ઘૂડ કહે ઘણો જૂનો ચોખો છે અમારો ચાલ;
દુનિયાને જૂની રીત અમારે દેખાડવી;
સૃષ્ટિ સરજાયાં પહેલે સમે ક્યાં સૂરજ હતો,
એ તો થયો નવો, નવી રીત નહિ પાડવી.
હોય જાતે હલકા તે આધુનિક રીત રાખે,
ઉત્તમ જાતિએ નવી રીતને નસાડવી;
જુઓ કેવી જગતમાં ઉત્તમ અમારી જાત,
દિવાકર દેખી નહીં આંખ જ ઉઘાડવી.

(૪)

દેશાટન વિષે

(દોહરા)

વિદેશમાં વિચર્યા વિના, પેટ ન પૂર્ણ ભરાય;
પશુઓ પણ પરભાતથી, જંગલ ચરવા જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર રહે લક્ષ્મી ઘણી, હોશે કેમ હમેશ?
રાજા રાજ્ય વધારવા, વિચરે દૂર વિદેશ.
વિદ્યા, સદ્‌ગુણ, વિનયતા, હોય ચપળતા હામ;
ડરે ન પરદેશે જતાં, દેખે તે નર દામ.
વિદેશમાં વિચર્યા વિના, મળે ન મોટું માન;
સમુદ્રમાં વખણાત શું, સીપતણાં સંતાન?
સુખે વિદેશે સંચરો, કરો ભલેરાં કામ;
પ્રેમ ધરી વિધિ પાળતાં, નિર્મલ કરવું નામ.
જો ધનની ઇચ્છા ધરો, તો ખરું માની ખચીત;
મહા સમુદ્ર મથન કરો, એ જ અનાદિ રીત.
પ્રયાણ કરી પરદેશમાં, પરવરી લાંબે પંથ;
કોટિ કળાકૌશલ્યનાં, ગુણીજન લાવો ગ્રંથ.

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **અન્યોક્તિ** – બોલવું અમુકને ઉદ્દેશીને અને લાગુ પાડવું કોઈ બીજાને એવી ચતુર વાણી. **૫ વારણ** – હાથી.

(૨) (૩) આ બંને કાવ્યોમાં કટાક્ષ છે. બંને 'અન્યોક્તિ'જ છે. 'શરણાઈવાળો'માં કળાની કદર નહિ જાણનાર પર અને 'જૂનો ચાલ'માં સુધારાના વિરોધીઓ પર કવિ કટાક્ષ કરે છે.

(૪) **૮ સીપતણાં સંતાન** – મોતી; છીપમાં પાકે છે તેથી. **૧૨ મથન કરો** – ખેડો. **૧૪ ગુણીજન** – ગુણવાન મનુષ્ય.

૧. દલપતરામનાં જીવનકાર્યોની નોંધ કરો. નર્મદ અને દલપતના સુધારા વિશેના વિચારોની સરખામણી કરો.
૨. દલપતરામ લોકપ્રિય કવિ શાથી ગણાય છે?
૩. 'ઊંટનાં અઢારે વાંકાં' એ લોકોક્તિ લઈને કવિ આપણને શો બોધ આપે છે?
૪. 'શરણાઈવાળો' અને 'જૂનો ચાલ' એ બે કાવ્યોમાં રહેલો કટાક્ષ સમજાવો.
૫. દેશાટન વગર દેશના ઉદયનો સંભવ નથી એતું સમર્થન કવિ શી રીતે કરે છે?
૬. કવિના જમાનામાં દેશાટન સંબંધી કેવી ઉદાસીનતા હશે? આજે દેશાટન કેટલે દરજ્જે આગળ વધ્યું છે?

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

નવલરામ

[ઈ. સ. ૧૮૩૪–૧૮૮૮]

[નર્મદ–દલપતના સમકાલીન, ગુજરાતના પ્રથમ વિવેચક અને કેળવણીકાર, નવલરામનો જન્મ સુરતની વીસનગરા નાગર જ્ઞાતિમાં થયો હતો. ૧૮૫૩માં હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ પૂરો કરી નવલરામ સુરતની અંગ્રેજી શાળામાં શિક્ષક તરીકે માસિક દસ રૂપિયાના પગારે નિમાયા. પાછળથી કેળવણી ખાતામાં ઊંચી પાયરીએ ચડી અમદાવાદ અને રાજકોટમાં એમણે નોકરી કરી હતી.

ગુજરાતી સાહિત્યમાં નવલરામ મુખ્યત્વે વિવેચક તરીકે જાણીતા છે. એમનું વિવેચન તટસ્થ, સમતોલ અને રસદૃષ્ટિવાળું છે. વિવેચન ઉપરાંત એમણે થોડી કવિતા, નાટક, ભાષાંતર અને નિબંધ લખ્યા છે.

એમની સર્વ કૃતિઓમાં સુધારાની ધગશ દેખાય છે. આથી જ એમની કવિતા મુખ્યત્વે ઉપદેશાત્મક દેખાશે. એમની ગરબીઓ એક કાળે અતિ લોકપ્રિય હતી. એમણે કટાક્ષમય, હાસ્યરસપ્રધાન કાવ્યો પણ રચ્યાં છે, જેનો એક નમૂનો નીચે આપવામાં આવ્યો છે. આ ઉપરાંત 'ભટનું ભોપાળું' નામક અનુવાદમાં પણ એમણે સમાજ ઉપર વિનોદમિશ્રિત કટાક્ષમાં ઠીક ફટકા માર્યા છે. 'વીરમતી નાટક' એ એમની અતિ જાણીતી કૃતિ છે; એ ઉપરથી આપણને એમની રસવૃત્તિનો ખ્યાલ આવી શકે છે. આ સર્વ કરતાં નવલરામનું સ્થાન એક નિર્ભય વિવેચક અને સમર્થ ગદ્યલેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ રહેશે. 'નવલ-ગ્રંથાવલિ'માં એમની કૃતિઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે.]

[સા. રત્ન ભા. ૧–૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનાવરની જાન

(છચોક ઘોળા)

જાન જનાવરની મળી, મેઘાડંબર ગાજે;
બકરીબાઈનો બેટડો, પરણે છે આજે.
ઢોલ, નગારાં ભેર ને, સૂર શરણાઈ તીણાં;
સો સાબેલા શોભીતા, બેટા-બેટી ઘેટીનાં.
ઠીક મળી ઠઠ લોકની, જરા ઠામ ન ઠાલો;
દોડે વરનો બાપ ત્યાં, દડબડ દાઢીવાળો.
સાજનનું શું પૂછવું? બકરે કરી જોરો;
ભેગાં કર્યાં છે ભાવથી, મોટાં મોટાં ઢોરો.
રાતા માતા આખલા, રાખી શિંગડાં સીધાં;
આગળ માર્ગ મુકાવતા, પદ પોલીસ લીધા.
સાજને શ્રેષ્ઠ જ ઊંટડા, હીંડે ઊંચી ઓડે;
એનાં અઢારે વાંકડાં, કામદારોની ગોડે.
હારમાં એક બે હાથી છે, મોટા દાંત જ વાળા;
નીચે ન્યાળીને ડોલતા, હીંડે શેઠ સૂંઢાળા.
હાથી ઘોડા તો છે ઘણા, હાર રોકતા પાડા;
કાળા, કઢંગા ને થયા, ખડ ખાઈ જડ જાડા.
આંખો ફાટી, છાતી નીસરી, કરતા ખૂબ ખૂંખારા;
હીંડે ઊછળતા ઘોડલા, શાહજન થઈ સારા.
ટટ્ટુઓ ટગુમગુ ચાલતાં, પૂઠે ગરીબ ગધેડા;
હા જી હા જી કરી હીંડતાં, ડીંફાં વિના અતેડા.
હારોહાર હજારો આ, માંહોમાંહે લપાતા;
કોણ આવે કામળ ઓઢીને? એ તો ગાડરમાતા.
પિત્રાઈઓ વેવાઈના, એને અકલ ન કોડી;
આડાઅવળા એકેકની, પૂઠે જાય જો દોડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાન જનાવરની મળી, મેઘાડંબર ગાજે . . . [પૃષ્ઠ ૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બકરા તો વરના બાપ છે, હોય એનું શું લેખું?
શું સાગર શિંગડાં તણો, હું તે આજે આ દેખું!
વરનો તે ઘોડો આવિયો, વાજે વાજાં વિલાતી;
ભેર, ભુંગળ ને ઝાંઝરી, ભેગું ભરડતી જાતી.
વરરાજા બે માસનું, બાળ બેં બેં કરતું;
ઝડપાયું ઝટ ઝોળીમાં, મન માડીનું ઠરતું.

મંગળ બકરી માઈ તો, ગાય હરખી હરખી;
જોડે જાંદરણી ઘણી, કાઢે જોવા જ સરખી.
બકરીબાઈ એ નાતની, ને બીજી ઘણીઓ;
આણી આડોશપાડોશણો, બાઈપણી બેનપણીઓ.
ભેંસ, ભુંડણ ને ઊંટડી, ઘેટી, ઘોડી ગધેડી;
ગાય, બિલાડી, ઉંદરડી ને, એક કૂતરીયે તેડી.
વાંદરીઓ નથી વીસર્યાં, દસ-વીસ આ કૂદે!
માથે સામટાં થઈ સૌ, સાત સૂરને છૂંદે.
કોઈ બેં બેં કોઈ ભેં ભેં કરે, કોઈ ભૂંકતી ભૂંડું:
કોઈ ચૂંચું, મ્યાઉંમ્યાઉં કરે, વેર વાળે કોઈ કૂડું.

હૂકહૂક કરતી વાંદરી, જો જો નાચે છે કેવી!
ધન ધન બકરી! ન કોઈની, જાન તારા તો જેવી!
ચારપગાંની જાન આ, જોડી બેપગાં સારુ;
સમજે તો સાર નવલ બહુ, નહિ તો હસવું વારુ.

ટિપ્પણ અને પ્રશ્નો

૧ **મેઘાડંબર** – વાદળાંની જમાવટ, ગર્વભર્યો (વાજાંનો) અવાજ. ૩ **ભેર** – નગારું, નોબત. ૪ **સાબેલા** – સાબેલો (એકવચન)–વરઘોડામાં વરની આગળ ઘોડા ઉપર શણગાર પહેરી બેઠેલાં છોકરાં. ૭ **સાજન** – વરઘોડા સાથે રહેલું પ્રતિષ્ઠિત માણસોનું મંડળ, શાહજન. **જોરો** – દબાણ. ૧૧ **ઓડે**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–ડોકે. ૧૨ ગોડે–પેઠે. ૨૦ ડીફાં–નાની જાડી લાકડી, ડફણી, ડફણું. અતેડા–અવ્યવસ્થિત, આડાઅવળા. ૩૨ જાંદરણી–જાનરડી, જાનમાં આવેલી સ્ત્રીઓ. ૪૨–૪૩ આખું કાવ્ય બાળલગ્નની રૂઢિ ઉપર કટાક્ષરૂપે છે. નવલરામના સમયમાં લગ્ન વખતે નીકળતી જાન અને જાનૈયાઓની રીતભાત હાસ્યમય રીતે આલેખી કવિએ એ પ્રથાને નિંદી છે.

૧. નવલરામના જીવન વિષે જે જાણતા હો તે ટૂંકમાં લખો.
૨. ‘જનાવરની જાન’ એ કાવ્યનો કટાક્ષ તમારા શબ્દોમાં સ્પષ્ટ સમજાવો.
૩. બાળલગ્નની રૂઢિ ઉપર નવલરામે કેવો હાસ્યમય કટાક્ષ કર્યો છે એ સમજાવો.
૪. છેલ્લી બે લીટીઓ વિસ્તારપૂર્વક સમજાવો.

—(૦)—

વેરણ વીજળી

[એક બની ગયેલા પ્રસંગ ઉપરથી નીચેનું ‘લોકગીત’ રચાયું છે. આ ગીત કોણે લખ્યું તે જાણવામાં આવ્યું નથી. ‘વીજળી’ નામની આગબોટ કચ્છથી મુંબઈ આવતાં, સેંકડો માણસો સાથે તોફાની દરિયામાં ગરક થઈ ગઈ. આ કરુણ ઘટનાથી લોકનાં હૃદય હલમલી ઊઠ્યાં; લાગતા-વળગતા સાથે પ્રજાના જીવન ઉપર ઘેરો શોક છવાઈ ગયો. એમાંથી આ ગીત જન્મ્યું. ખરું જોતાં હકીકત ઘણી અધૂરી અને સત્યથી વેગળી છે; પણ આવા લોકગીત માટે ઇતિહાસની રસહીન વિગતોનું મહત્ત્વ એમાં રહેલા ભાવની સરખામણીમાં ઘણું ઓછું છે. ઇતિહાસ અને કવિતાના સત્યમાં જે ભેદ રહેલો છે તે દર્શાવવા ‘વીજળી’ને લગતી ‘બૉમ્બે સ્ટીમ નેવિગેશન કંપની’ના દફતરમાંથી મળેલી વિગતો નીચે આપી છે.

‘વીજળી’નું સાચું નામ ‘વૈતરણા’ હતું; પણ હિંદુસ્તાનને કિનારે ફરતી આગબોટમાં વીજળીના દીવાવાળી આ પહેલી જ આગબોટ હતી, એટલે લોકો એને ‘વીજળી’ના નામથી ઓળખતા. ઈ. સ. ૧૮૮૮ના ડિસેમ્બરની ૮મી તારીખે આશરે ૮૦૦ મુસાફરો સાથે એ (કચ્છ) માંડવીથી મુંબઈ આવવા ઊપડી. દ્વારકાથી થોડા વધુ મુસાફરો લીધા. ૯મી ડિસેમ્બરે પોરબંદર પહોંચી. દરિયો ઘણો તોફાની હતો એટલે પોરબંદરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિકારી લીલી (Lillie) સાહેબે પોરબંદરથી બીજા મુસાફરોને ચઢવાની રજા ન આપી. 'હિંદુ' નામની બીજી આગબોટના કપ્તાન એકરની સલાહની અવગણના કરી 'વીજળી'ના કપ્તાન ઇબ્રાહીમ કાસમે, મુંબાઈ તરફ આગબોટ હંકારી જવાનું નક્કી કર્યું. ૧૧મી ડિસેમ્બરની રાત્રે માંગરોલ પાસેથી જતી તે જણાઈ. ત્યાર પછી 'વીજળી' કદી દેખાઈ નથી. કોઈ એની વીતક કહેવા બચ્યું ન હતું. એક પણ શબ, મુસાફરોનો કાંઈ પણ સામાન કે આગબોટનો ભંગાર મળ્યો નથી. કેપ્ટન એકરે ૧૫મી ડિસેમ્બરે મુંબાઈમાં ખબર આપી કે 'વીજળી' પોરબંદર અને મુંબાઈ વચ્ચે ક્યાંક ડૂબી ગયાનો ઘણો સંભવ છે. મુંબઈમાં નિમાયેલા તપાસપંચે જાહેર કર્યું કે તોફાની દરિયો અને કપ્તાન ઇબ્રાહીમ કાસમના તોફાન સમયે પાળવાના નિયમોના અજ્ઞાન અને અવિચારી સાહસને કારણે 'વીજળી'નો અંત આવ્યો.

નીચેના લોકગીતમાં રહેલા વિગતના દોષ માર્ગદર્શનમાં બતાવ્યા છે. 'વીજળી'ની હોનારતનું કરુણ બ્યાન આપતા આ ગીતમાં—તેર તેર કેસરિયા વરરાજા, ડૂબવા સમયનો ગભરાટ, દેવદેવીઓની માનતા કરતા મુસાફરો, મુંબાઈ શહેરમાં નંખાયેલા માંડવામાં વાટ જોતી, આશાભરી, પીઠીભરી કન્યાઓ અને બાર બાર મહિના સુધી ડૂબી મરેલા ભાઈ માટે છાતીફાટ રુદન કરતી બહેનો—વગેરેનો ઉલ્લેખ કરી આ અજ્ઞાત કવિએ કાવ્યને વિશેષ કરુણ બનાવ્યું છે.]

હાજી કાસમ તારી વીજળી રે સમદરિયે વેરણ થઈ!
શેઠ કાસમ તારી વીજળી રે મધ-દરિયે વેરણ થઈ!
ભુજ અંજારની જાનું રે જૂતી જાય રે મુંબઈ શે'ર,
દેશ પરદેશી માનવી આવ્યાં, જાય છે મુંબઈ શે'ર.—કાસમ૦
દસ બજે તો ટિકટું લીધી જાય છે મુંબઈ શે'ર.
તેર તેર જાનું સામટી જૂતી બેઠા કેસરિયા વર.—કાસમ૦
ચૌદ વીશું માંય શેઠિયા બેઠા છોકરાંનો નૈ પાર,
અગિયાર બજે આગબોટ હાંકી જાય છે મુંબઈ શે'ર,—કાસમ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓતર દખણુના વાયરા વાયા, વાયરે ડોલ્યાં વા'ણ,
મોટા સાહેબની આગબોટું મળિયું: 'વીજને પાછી વાળ્ય'.
—કાસમ૦

જહાજ હું મારું પાછું વાળ્યે રોગ તડાકો થાય,
પાછી વાળું મારી ભોમકા લાજે! અલ્લા માથે એમાન,
—કાસમ૦

આગ ઓલાણી ને કોયલા ખૂટ્યા, વીજને પાછી વાળ્ય,
મધ દરિયામાં મામલા મધ્યે વીજળી વેરણ થાય.—કાસમ૦
ચહમાં માંડીને માલમી જોવે પાણીનો ના'વે પાર,
કાચને કુંપે કાગદ લખે મોકલે મુંબઈ શે'ર.—કાસમ૦
હિન્દુ, મુસલમિન માનતા માને: પાંચસે ભાગે રાજ,
પાંચ લેતાં તું પાંચસે લેજે, સારું જમાડું શે'ર.—કાસમ૦
ફટ ભૂંડી તું વીજળી! મારા તેરસો માણસ જાય,
વીજળી કે', મારો વાંક નૈ વીરા લખિયલ છઠ્ઠીના લેખ.
—કાસમ૦

તેરસો માણસ સામટાં બૂડ્યાં, બૂડ્યા કેસરિયા વર,
ચૂડીએ કોઠે દીવા જલે ને જુએ જાનું કેરી વાટ.—કાસમ૦
મુંબઈ શે'રમાં માંડવા નાખેલ, ખોબલે વેંચાય ખાંડ,
ઢાલ ત્રંબાળું ધ્રૂસકે વાગે, જુએ જાનુંની વાટ.—કાસમ૦
સોળસે કન્યા ડુંગરે ચઢી જુએ જાનુંની વાટ,
દેશે દેશેથી તાર વછૂટ્યા, વીજળી બૂડી જાય.—કાસમ૦
વાણિયા વાંચે ને ભાટિયા વાંચે, ઘરઘર રોગાં થાય,
પીઠી ભરી તો લાડકી રુએ, માંડવે ઊઠી આગ.—કાસમ૦
સગું રુએ એનું, સાગવી રુએ, બેની રુએ, બાર માસ,
મોટા સાહેબે તાગ જ લીધા, પાણીનો ના'વે પાર.
—કાસમ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

હાજી કાસમ – કપ્તાનનું સાચું નામ ઇબ્રાહીમ કાસમ હતું. મુંબઈમાં 'હાજી કાસમ' નામની એક વહાણવટું કરનાર મોટી પેઢી હતી, એ ઉપરથી આ દોષ આવ્યો લાગે છે. **સમદરિયે** – સમુદ્રમાં. લોકગીતોમાં અને જૂનાં લખાણોમાં 'સમદર' (સમુદ્ર) શબ્દ પ્રચલિત છે. **ભુજ–અંજાર** – કચ્છનાં બે મોટાં શહેર. મુસાફરો આ શહેરના મુખ્યત્વે હશે. ભુજ–અંજાર બંને દરિયાકાંઠે નથી. આગબોટ કચ્છ–માંડવીથી ઊપડી હતી. **જૂતી** – જોડી. જૂતવું = જોડવું (ગાડું, બળદ વગેરે). અસલના વખતમાં જાન મોટે ભાગે ગાડામાં જતી એ ઉપરથી 'જાન જૂતી' એ પ્રયોગ. **ચૌદ વીશું** – ૧૪ × ૨૦ = ૨૮૦. **ઓતર–દખણ** – ઉત્તર દક્ષિણ. પવનની ભયંકરતાનું સૂચન આ પ્રયોગ દ્વારા થાય છે. **મોટાસાહેબ . . .** – 'હિંદુ' નામની આગબોટનો કપ્તાન બેકર (જુઓ પ્રસ્તાવના). **રોગ તડાકો** – નાહક ફજેતી થાય (?) **ભોમકા** – ભૂમિ, માતૃભૂમિ. કાસમ એ પહેલો દેશી કપ્તાન હતો એ ખોટી માન્યતાને લીધે કવિએ આમ લખ્યું લાગે છે. **એમાન** – ઈમાન (ફા.), આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ. **ચહમાં** – ચશ્માં – ચશ્મા (ફા.). **માલમી** – (માલમ) વહાણમાંના માલનો હિસાબ રાખનાર **કુંપે** – કુલ્લી ઘાટનો કાચનો શીશો. પહેલાંના વખતમાં વહાણ જોખમમાં હોય ત્યારે કાચની શીશીમાં હકીકત લખી શીશી દરિયામાં નાખવામાં આવતી. વીજળીના સંબંધમાં આ હકીકત કલ્પિત છે, કારણ આવી કોઈ શીશી ક્યાંય મળી નથી. **પાંચમે . . . રાજ** – કમાઈમાંથી અમુક હિસ્સો ધર્મને નામે કાઢવામાં આવે છે એવી કોઈક બાધા લે છે. **છઠ્ઠીના લેખ** – વિધિના લેખ, નસીબ. બાળકના જન્મને છઠ્ઠે દિવસે વિધાતા (નસીબની દેવી) એનું ભવિષ્ય નક્કી કરે છે એવી માન્યતા છે. **ચૂડી** – (ચૂડા) ટોચ – શિખર. **કોઠા** – કિલ્લાના બુરજ. ઊંચે સ્થળે વહાણને માર્ગ દર્શાવવા અગ્નિ અથવા દીવા મૂકવામાં આવતા તેનો અહીં ઉલ્લેખ છે. **રોગાં** – રડારોળ. **સાગવી** – સગી (સગાંસાગવાં = સગાંસંબંધી, સગાંસાંઈ, સગાંવહાલાં). **મોટાસાહેબ** – પોરબંદરના એડમિનિસ્ટ્રેટર લીલી જે 'વીજળી'ની શોધે નીકળ્યા હતા. **તાગ** – માપ, છેડો, પાર, અંત.

૧. આ ગીતનો પ્રસંગ ટૂંકમાં વર્ણવો.

૨. પ્રસ્તાવનામાં આપેલી વિગતને આધારે આ ગીતમાં આવતા વિગતના દોષ દર્શાવો.

૩. કઈ વિગતો આપવાને કારણે આ કરુણ પ્રસંગ વિશેષ કરુણ બને છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. નીચેના શબ્દો સમજાવો — રોગ તડાકો; ચૌદ વીશું; ભોમકા લાજે; અલ્લા માથે એમાન; પાંચમે ભાગે રાજ; છઠ્ઠીના લેખ; સગુંસાગવું.
૫. 'ભાંગેલા વહાણની આત્મકથા' – આ વિષય પર આશરે વીસ લીટી લખો.
૬. તમે જોયેલી કે જાણેલી કોઈ 'હોનારત'નો ટૂંક વૃત્તાંત લખો.

નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા

[ઈ. સ. ૧૮૫૯–૧૯૩૭]



[ગુજરાતી કવિતાને નવીન બળ આપનાર, અને સાહિત્યક્ષેત્રના બીજા પ્રદેશોમાં કાવ્યસરિતાને વાળનાર, કવિ વિવેચક શ્રી નરસિંહરાવનો જન્મ ૧૮૫૯માં અમદાવાદમાં થયો હતો. જ્ઞાતિએ તે વડનગરા નાગર હતા. સુપ્રસિદ્ધ સુધારક અને 'પ્રાર્થનામાળા'ના કર્તા સ્વ. ભોળાનાથ સારાભાઈ એમના પિતા થાય. થોડાક સમય માટે રા. નરસિંહરાવ કવિ દલપતરામના શિષ્ય હતા. આમ બાળપણથી જ સાહિત્ય સંસ્કાર એમના જીવન સાથે વણાઈ ગયા હતા.

૧૮૮૦માં બી. એ ની પરીક્ષામાં સંસ્કૃતમાં સૌથી વધારે ગુણ મેળવી એમણે 'ભાઉ દાજી પ્રાઈઝ' મેળવ્યું હતું. ૧૮૮૩માં એ 'સ્ટેચ્યુટરી સિવિલ સર્વિસ'માં જોડાયા અને ૧૯૧૨માં નિવૃત્ત થયા. નોકરી દરમિયાન ઘણો સમય દક્ષિણમાં ગાળેલો. જ્યાં એમને સૃષ્ટિસૌંદર્ય નીરખવાનો લાભ મળ્યો. એમાંનાં ઘણાં દશ્યો એમની કવિતામાં ચિરંજીવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયાં છે. ૧૯૨૧થી એલ્ફિન્સ્ટન કૉલેજમાં તેમણે ગુજરાતીના અધ્યાપક તરીકે શરૂ કરેલું કામ લગભગ અવસાન સમય સુધી કર્યું હતું.

૧૮૮૭નું વર્ષ ગુજરાતના સાહિત્યજીવનમાં અપૂર્વ છે. એ વર્ષમાં ગુજરાતને બે યુગવિધાયક પુસ્તકો મળ્યાં : 'કુસુમમાળા' અને 'સરસ્વતીચંદ્ર ભાગ ૧ લો'. 'કુસુમમાળા'નાં કાવ્યોમાં સૃષ્ટિસૌંદર્યના નવા ચમકારા ગુજરાતે પહેલી વાર જોયા. ભક્તિના સંકુચિત ક્ષેત્રમાં ગૂંગળાઈ ગયેલી કવિતાને નર્મદ-દલપતે બહાર કાઢી. તેમનું સમાજસુધારણાનું ક્ષેત્ર પણ સ્વૈરવિહારિણી કવિતાને સંકુચિત જ લાગ્યું. ત્યાંથી કવિતાદેવીને મુક્ત કરી રા. નરસિંહરાવે એને સૌંદર્યસૃષ્ટિમાં રમતી કરી મૂકી. કવિતા કોમળ છે અને માત્ર ઉપદેશના ભારથી એને દાબી દેવી એ એના કોમળ અવયવોને હાનિકર્તા છે — એ કાવ્યમીમાંસાનું સત્ય સ્પષ્ટ રીતે પ્રથમ નરસિંહરાવને જ સમજાયું. 'હૃદયવીણા' અને 'નૂપુરઝંકાર' ઉપરાંત એમણે પોતાના યુવાન પુત્રના મૃત્યુ બાદ 'સ્મરણસંહિતા' નામક સુંદર, હૃદયદ્રાવક, કરુણપ્રશસ્તિ (મૃત્યુકાવ્ય-elegy) પ્રસિદ્ધ કરી હતી.

રા. નરસિંહરાવની સાહિત્યપ્રવૃત્તિ અનેકદેશીય હતી. અગ્રણી કવિ હોવા ઉપરાંત એ એક સમર્થ ગદ્ય લેખક અને વિવેચક હતા. એમની ભાષા સંસ્કૃતમય હતી પણ કૃત્રિમ ન હતી. જે કહેવાનું હોય તે સર્વ ટૂંકમાં, સ્પષ્ટ અને અસરકારક રીતે તે કહેતા. એમનું વિવેચન રસિક, સત્યશીલ અને નિર્ભય છે. કઠોર, કટુ અને ક્રૂર સત્ય કહેતાં તે ચૂકતા નહિ. વ્યાકરણ અને વ્યુત્પત્તિશાસ્ત્રમાં એમનાં જ્ઞાન અને સેવા અપૂર્વ ગણાય છે. એમના ગદ્યગ્રંથોમાં 'સ્મરણમુકુર' અને 'મનોમુકુર' મુખ્ય છે.]

(૧)

મધ્યરાત્રિએ કોયલ

(વિષમહરિગીત)

શાંત આ રજની મહીં, મધુરો કહીં રવ આ ટુહૂ ?
ઝીણો પડ્યો શ્રવણે અહીં, શું હું સ્વપ્નમાં સુખ આ લહું?
મંદ વાઈ સમીર આ દિશ જો વહે રવ એ ફરી,
નહીં સ્વપ્ન એ તો ગાન પેલી ગાય કોયલ માધુરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ્યરાત્રિ સમે તને અલિ કોકિલા! શું આ ગમ્યું?
હાં, મેહુલો વરસી રહ્યો તેણેથી તુજ મનડું ભમ્યું.
દુઃખ નવ સ્વપ્ને દીઠું ને સુખ મહીં તું રેલતી,
આ રમ્ય રાત્રિ મહીં અધિક આનંદ ગાને–ખેલતી.
નીતરી ધોળી વાદળી રહી વ્યોમમાં પથરાઈ આ,
ને ચાંદની ઝીણી ફીકી વરસી રહી શી સહુ દિશા!
ગાન મીઠું અમી સમું, તેણે ભર્યું તુજ કંઠમાં
આ શાંતિ અધિક વધારતું, તે જાય ઊભરી રંગમાં.
નગર બધું આ શાંત સૂતું, ચાંદની પણ અહીં સૂતી
ને વાદળીઓ ચપળ તે પણ આ સમે નવ જાગતી.
અનિલ ધીરે ભરે પગલાં, પળે શાંતિ રખે સહુ–
ત્યાં ઊછળતી આનંદ રેલે, કોકિલા બોલે ટુહૂ!
સૃષ્ટિ સઘળી શાંત રાખી, મુજને જ જગાડતો,
ટહુકો મીઠો તુજ પવન લહરી સંગ જે બહુ લાડતો.
ગાન તુજ સીંચે હૃદયમાં મોહની કંઈ અવનવી,
ભૂલી ભાન, તજી મુજ રમ્ય શય્યા, હઈડું દોડે તવ ભણી.
દોડી ખેલે મધુર તુજ ટહુકાની સંગે રંગમાં,
આનંદસિંધુતરંગમાં, નાચંતું એ ઉછરંગમાં;
હા! વિરમી પણ ગયો, ટહુકો હૃદય લલચાવે બહુ,—
ફરી એક વેળા, એક વેળા, બોલ્ય મીઠી! ટુહૂ ટુહૂ!

(૨)

માનવબુદ્બુદ

(રોળાવૃત્ત)

જનસમુદાય વિશાળ સિંધુ તેમાં બુદ્બુદ હું,
શો કરતો ફફડાટ! મદે ભર્યું શું વળી કૂદવું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરંગરાજ અનંત, નાવ મોટાં જે ગળતા,
તે પણ ક્ષણમાં પડે, ત્યાં મુજ તે શી ગણના ?
ક્ષણ પર હું ઉપન્યો, ડૂબીશ બીજી ક્ષણ જાતાં,
પણ તે અરસા માંહીં, રંગ વિધવિધ મુજ થાતા;
કો વેળા આ વ્યોમ વરણ ભૂરો મુજ કાયે,
કો વેળા આ ગંભીર રંગ ઘન તણો છવાયે.
ને વળી કદી સહુ રંગ ભળે ઇંદ્રધનુષકેરા,
પીળા, ભૂરા, લાલ, બધા આછા ને ઘેરા;
તે સહુનું પ્રતિબિંબ પડે મુજ પર કો સમયે,
તે ધરી લહુ આનંદ, અકથ ત્યાં મુજ હૃદયે.
ને કદી ઉજ્જવળ અંગ, કનક શું ધારી હરખું,
જ્યારે રવિનું બિંબ ઉપર લટકતું નીરખું;
કદી ચંદ્ર નિજ શાંત નજર કરી મુને નિહાળે.
ત્યારે તો મુજ કાંતિ રૂપેરી રંગે મ્હાલે.

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) કવિઓ કોકિલા (માદા)ને ગાતી કલ્પે છે, પણ ખરું જોતાં કોયલ (નર) જ ગાય છે. ૨૨ **આનંદસિંધુતરંગ** – આનંદરૂપી સમુદ્રના મોજાં.

(૨) **માનવબુદ્‌બુદ** – માનવરૂપી પરપોટો. ૧૩ **કનક શું** – સોના જેવું ૧૪ **બિંબ** – ગોળો, વર્તુલ, પ્રતિબિંબ.

૧. નરસિંહરાવના જીવનની રૂપરેખા તમારા શબ્દોમાં દોરો.
૨. નરસિંહરાવની કૃતિઓમાં કઈ કઈ ખૂબીઓ જોવામાં આવે છે?
૩. 'મધ્યરાત્રિએ કોયલ'માં કવિએ જે પ્રકૃતિવર્ણન કર્યું છે તેનું આલેખન તમારા શબ્દોમાં કરો.
૪. જનસમુદાય તે જાણે એક વિશાળ સાગર, અને મનુષ્ય તે જાણે એક બુદ્‌બુદ – એનું રહસ્ય કવિ કેવી રીતે સમજાવે છે?
૫. નીચેની પંક્તિઓ સમજાવો ને તેમાં રહેલી ખૂબી દર્શાવો:
અ. દુઃખ નવ સ્વપ્ને દીઠું ને સુખ મહીં તું રેલતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ. ભૂલી ભાન, તજી મુજ રમ્ય શય્યા, હઈડું દોડે તવ ભણી.
ઇ. તરંગરાજ અનંત . . . ત્યાં મુજ તે શી ગણના ?
૬. આ કાવ્યોમાં નરસિંહરાવનો પ્રકૃતિપ્રેમ ક્યાં ક્યાં જણાય છે ?

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

[ઈ. સ. ૧૮૫૮–૧૯૦૭]

[આ મહાન વિચારક અને સામાજિક જીવનના સમર્થ વિવેચકનો જન્મ નડિયાદની નાગર જ્ઞાતિમાં થયો હતો. તે જન્મથી જ રોગી હતા અને મરણ પર્યંત એવી દશા ભોગવેલી. ૧૮૮૩માં એલએલ. બી. ની પરીક્ષા પસાર કરી એમણે મુંબઈમાં વકીલાત શરૂ કરી. ૧૮૯૮માં એ ધંધામાંથી નિવૃત્ત થઈ એમણે સાહિત્ય અને સમાજસેવામાં મન પરોવ્યું.

"ગોવર્ધનરામે ગુજરાતને વિચારવંતું કર્યું." એમના વિચારની અસર સમાજજીવન ઉપર ઘણાં વર્ષો સુધી રહેશે. એમણે જૂના અને નવા વિચારોની સુદૃઢ સંધિ કરાવી કંઈ કંઈ ઉચ્ચ આશયો ખડા કર્યા છે. 'સરસ્વતીચંદ્ર'માં નવલકથાનો અંશ જોઈએ તેથી ઓછો છે: પહેલો ભાગ નવલકથા છે, બીજો કુટુંબકથા છે, ત્રીજો રાજ્યકથા છે, ચોથો જ્ઞાનકથા છે. 'સરસ્વતીચંદ્ર' એ લેખકના વિચારનું મહાન પ્રદર્શન છે. કાળક્રમે ગોવર્ધનરામનું નામ અને એમના લેખ કદાપિ ભુલાય, પણ જે વેગભર્યો ઉત્સાહ એમણે નવી પ્રજામાં પ્રેર્યો છે તેની અસર ચિરકાળ રહેશે. એમની મહત્તાનું માપ આ પુરાણ–ગ્રંથ વાંચીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ કાઢી શકાય. સાહિત્યસ્રષ્ટા, વિવેચક અને સુધારક તરીકેની પોતાની સર્વદેશીય શક્તિઓનો નિષ્કર્ષ એમણે આ એક જ પુસ્તકમાં આપ્યો છે.

ગોવર્ધનરામ મુખ્યત્વે કવિ ન હતા. પરંતુ એમનાં કેટલાંક કાવ્યો ઉચ્ચ પંક્તિનાં છે, અને તે 'સરસ્વતીચંદ્ર'માં વેરાયેલાં પડ્યાં છે. 'સ્નેહમુદ્રા' નામે એમનો એક કાવ્યગ્રંથ છે. એમની કવિતામાં લાગણીનું જોર ઓછું છે; પરંતુ વિચારગહનતા વિશેષ છે. (વધુ માટે જુઓ ગદ્યવિભાગ)]

નરહરિલાલ ત્ર્યંબકલાલ

[ઈ. સ. ૧૮૮૪–૧૯૨૧]

['સાહિત્યરત્ન'ના મૂળ સંયોજક તરીકે જાણીતા થયેલા સ્વ. નરહરિલાલનો જન્મ ભરૂચની વણિક જ્ઞાતિમાં થયેલો. અનેક આર્થિક મુશ્કેલીઓ વેઠી એમણે એમ. એ., એલએલ. બી. સુધી અભ્યાસ કર્યો. પોતાના ટૂંક જીવનમાં શિક્ષક, વકીલ, પબ્લિક પ્રૉસિક્યુટર ને મૅજિસ્ટ્રેટ એવાં વિવિધ ક્ષેત્રોમાં એમણે કામ કર્યું હતું, અને ફાજલ સમયમાં થોડી સાહિત્યપ્રવૃત્તિ કરી હતી.

એમનાં કેટલાંક કાવ્યો અને લેખો 'વસંત', 'સુંદરીસુબોધ', 'સમાલોચક' વગેરેમાં છપાયાં હતાં. 'સ્ત્રીની એક ભૂલ' નામે પ્રસિદ્ધ થયેલી નવલકથા પૂરી થાય તે પહેલાં ૩૬ વર્ષની યુવાન વયે એમનું મૃત્યુ થયું.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પ્રેમયોગી

(રાગ ઓખાહરણનો)

“જોગીરાજ ! ઊભા રહો જરી, મને વાટ બતાવોને ખરી;
પડી વનમાં આ રાત અંધારી, ભમું એકલો ઘરને વિસારી.
નથી પગલાં ઊપડતાં મારાં, થાકે આવે છે આંખે અંધારાં;
પંથ પૂરો થતો નથી આજ, વાધું હું ત્યાં વાધે વનવાટ.
દીવા જેવું ઝ્હણું દેખાય, જવા ત્યાં મુજ મન લલચાય;
ત્યાં તો રહેતા હશે કોક સંત, મારા દુઃખનો આણશે અંત.
જોગીરાજ એ વાટ બતાવો, દયા એટલી મુજ પર લાવો;”
જોગીરાજ બોલ્યા – “બેટા, રખે જાતો, એણી પાસ રખે લલચાતો,
એ તો ભૂતનો ભડકો જાણ, બોલાવે ને કરે પછી હાણ;
ભૂખ્યા તરસ્યાને આદર આપે, લૂખુંસૂકું મળે તે જમાડે.
એવી આ છે ગુફા મુજ રંક, બેટા તેમાં તું આવ નિઃશંક;
ફળ ને વણખેડેલું ધાન, શય્યા કાજ કૂળાં ઘાસપાન.
રૂડાં ઝરણાંનું નિર્મળ પાણી, સુખ શાંતિ ને આનંદવાણી;
એવું અક્ષયપાત્ર છે અહીં, હરિ પ્રત્યક્ષ થાય છે સહી.
બેટા એવા આશ્રમમાં તું આવ્યો, ગયો સમજ ચિંતાતણો વારો;
દુઃખ સંસારમાં નથી સાચાં, મન માનવનાં છેક કાચાં.
મળે કોળિયો ઉદર ભરાય, તસુ પૃથ્વી સારે સૂવા કામ;
પળ વાર કરવો છે સમાસ, તોયે મન ન ઠરે કરી હાશ!
પ્રભુએ તો સરજેલું છે સુખ! મન મનનું ખોળી લે છે દુઃખ;
નિશાકુસુમ સરે શાંત શાંત, તેમ જોગી બોલ્યા શબ્દ દાંત.
આગળ પાછળ ચાલ્યા બેય, ઝાંપો ઉઘાડી પેઠા છેય;
રાત વાધી, વંઠેલા ખેલે, અન્ય સૌ પડ્યાં નિદ્રામાં મેળે,
તેવે સમે જાગે જોગીરાજ, ધીમે તાપે કરે સ્વયંપાક;
તપે અંગારા એકાંત શાંત, રંગ આપતો મંદ પ્રકાશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમે ધીમે બળે છે કાષ્ઠ, ધીમો ધીમો બોલે એનો તાપ;
બોલે તારી ભરાઈ ભીંત માંહ્ય, દોડે અહીં તહીં ખેલે માર્જાર.
દ્વાર વાગે વાંસળી સમો વાય, પ્હોર રાતના ચાલ્યા જાય;
જોગી આ સઉ શાંતિ ઝીલે છે, શાંત વાતો કરતા ખીલે છે.
ધીમું ધીમું બોલે ને હસાવે, થાકેલાંનો થાક નસાડે;
કથાગોષ્ટિ કંઈ કંઈ કહાડે, બોધ આપે ને શાંતિ પમાડે.
અન્ન મધુરું જમે ને જમાડે, એ પર અતિથિને રુચિ કરાવે;
પંથી ખાધું ન ખાધું કરે છે, પંથી સુણ્યું ન સુણ્યું કરે છે.
ઊંડા વિચારમાં પડી જાય, ગાલે ઊતરે છે આંસુની ધાર;
એની દેખી દશા એવી જોગી, દયા આણી થયા દુઃખભોગી.
અન્ન પડતું મૂકી પાસે આવ્યા, ફરી ફરી વળી પૂછવા લાગ્યા –
"બોલ બેટા, તને શું થાય? તારે હૈયે શાને પડ્યો ઘાય?
ઘરનો વૈભવ ત્યજી અહીં આવ્યો, ઓછું આવ્યું કે કોઈએ કહાડ્યો?
દગો દીધો કો મિત્રે શું ભાઈ? મળી કઠણ હૃદયની શું નારી?
બેટા, વાત વિચાર તું સાચી; માયા સંસારીની બધી કાચી;
કહાવે લક્ષ્મી તો ચંચળ નારી, નાસી જાય દઈ હાથ તાળી.
સુખ એનું કરે ચમકાર, જોતાજોતામાં થાય અંધાર;
સુખ એનું તો મૃગજળ જેવું, થતાં સમીપ પડે ખોટું એવું.
મિત્રતામાંયે મળે ન કાંઈ, એ તો સ્વાર્થની છે જ સગાઈ;
એને નામે ભૂરકાય તે ભોળા, એને વિશ્વાસે રહે તે તો રૂહોળા.
લક્ષ્મી ને કીર્તિ જ્યાં જ્યાં જાય, છાયા જેવા મિત્રો પૂઠે થાય;
જે એ છાયાને ઝાલવા જાય, ઘસે હાથ ને ખત્તા ખાય.
સ્ત્રીની પ્રીતિ તો એથીયે ખોટી, મોહજાળ નાખે જોતી જોતી;
બેટા, શાને વેઠવી એની શૂળો? એની પ્રીતમાં મૂકની પૂળો!"
જોગી બોલતો ઉશ્કેરાય, પંથી સાંભળતો શરમાય;
નીચું જુએ ને ડસડસી રુએ, ગાલે નારંગીનો રંગ ચૂએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્હાલે નાજુક વાદળી ચાલે, રંગ ઊજળા પળેપળ ફાલે;
સુંદરતા લલિત ચમકાર, અંગે ઊઠતા તેવા જણાય.
જોગી જુએ છે, આભો બને છે, પંથી નવો નવો વેષ ધરે છે;
આંખો ચંચળ થઈ ચળકે છે, ઓઠ કૂંપળો પડે ઊઘડે છે.
પંથી સુંદરી રૂપ થઈ જાય, જોગી ભડકે ઊંચોનીચો થાય!
હાથ જોડી રોતી બોલી બાળા : " ક્ષમા કરજો મને જોગીરાજા!
જગપાવન ને નિર્વિકાર, શાંત દાંત વસો યોગીરાજ;
એવા દિવ્ય આશ્રમની માંહ્ય, પગ મૂકયા પાપિણીએ આજ.
તમ દર્શનનો અધિકાર, નથી જેને, એવી હું છું નાર;
ક્ષમા કરજો યોગીરાજ, કહી દઉં મારાં વીતકની વાત.
સુણી અબળા તણા અપરાધ, કૃપા કરજો અહો કૃપાનાથ!
* "તાપી તટે સૂર્યપૂર સ્થાન, વસે તાત મારા ધનવાન.
"લાડઘેલી હું એકની એક, દ્રવ્યયોગ મને અઢળેક;
"મળ્યા વાત સુધારાને ટોળે, મને વર્ષ થયાં પૂરાં સોળે.
"આવે માગાં જાણે ફાટયું વ્હાણ, ખરાં ખોટાં કરે પ્રેમગાન;
"કરે વાતો ખ્યાતો સઉ વડેરી, નશો હેમનો ધુન્ય અનેરી.
"એક સ્નેહી અમારો ચતુર, ન્યાળે નેહે મને રહી દૂર;
"રૂપે ગુણે વિદ્યાએ સંપન્ન, માન્યો યુવક એ મારે મન.
"સાદો શાણો નહિ અહંતાન, નહિ સત્તા સુવર્ણનું ધ્યાન;
"સરસિજ સમાન વિશુદ્ધિ, જળઝાકળ શી શુદ્ધ બુદ્ધિ.
"સરસિજ ખીલે કરમાય, પળવારમાં બિંદુ સુકાય;

---

*સદ્ગત સાક્ષરશિરોમણિ ગોવર્ધનરામભાઈએ ગોલ્ડસ્મિથની આ પ્રેમકથાનું ભાષાતર અત્રેથી અધૂરું મૂકી પોતાની વાર્તાના પ્રવાહને અનુસરતું નવીન કાવ્ય રચ્યું છે. એ સુંદર નાનકડા કાવ્યનું ભાષાંતર પૂરું કરવાના ઉદ્દેશથી સદ્ગતની શૈલીનું યથાશક્તિ અનુકરણ કરી બાકીના ભાગનું ભાષાંતર આ 'સાહિત્યરત્ન'ને અર્થે જ કર્યું છે, તે સંવત ૧૯૬૩ના જ્યેષ્ઠ માસના 'વસંત'ના અંકમાં છપાવ્યું હતું.

(ન૦ ચં૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એણે સુંદરતા એક સાધી, તેની ચંચળતા મને લાધી.
"એણે ભૂરકી બાળા ભોળી, મારે હૈયે જાગી પ્રેમહોળી;
"પણ ચંચળ મારો સ્વભાવ, લાગ્યા પ્રેમી પંખીને કંઈ ઘાવ.
"પ્રીતિ દાખવું બીજે, એ ખીજે, પ્રેમી સીઝે મારું મન રીઝે;
"મારા ઢંગ જોઈ મૂકી આસ, વન સેવ્યું તજી ગ્રામ ધામ.
"પામ્યો પ્રેમી મારો હરિશણું, માણું માણું હવે હુંયે મણું;
"માર્યો અભાગણીએ મેં કાંત, વને રવડીને શોધું દેહાંત.
"મારે કાજે ગયા સ્વર્ગ પ્રાણ, એને કાજે તજું હુંયે પ્રાણ."
જોગીરાજ વદ્યા: "શાંત! શાંત!" ભુજયંત્રે ભીડી બાળ કલાન્ત. ૮૦
મુગ્ધા આકુળવ્યાકુળ જોય, જોગી ગાઢ આલિંગે ને રોય;
"મારી મીઠી મેધાવિની ચપળા, પ્રીતિમૂર્તિ પવિત્ર હે પ્રમદા!
"ન્યાળી લે આ ચતુરનું ગાત્ર, પામ્યો પ્રેમ અને પ્રેમપાત્ર.
"મારું રંકનું તું વ્હાલી, રત્ન, પ્રીતે પાળીશ હું કરી જત્ન.
"કરી ચિંતા ચિંતા દેશ પાર, રહેશું, આનંદે નાર ભરથાર;
"શુદ્ધ નિર્મળ સ્નેહમાં વ્હેશું, લ્હાવ સંસારના સર્વ લેશું.
"તારે દુઃખે મને દુઃખયોગ, હરિ રાખે અખંડ સંયોગ!" ૮૭

ટિપ્પણ અને પ્રશ્નો

આ કાવ્ય એક અંગ્રેજી કાવ્યનો અનુવાદ છે, અને એ અનુવાદ બે જણે કરેલો છે; છતાં તે મૌલિક કાવ્ય જેવું રસવાહી લાગે છે. કર્તાઓનું ઢાળ અને અનુપ્રાસ ઉપરનું પ્રભુત્વ એવું છે કે એનું દ્વિકર્તૃત્વ એમાં લોપાઈ ગયું છે.

૯ **હાણ**–નુકસાન. ૨૦ **નિશાકુસુમ**–નિશાનું કુસુમ, તારા. **દાન્ત**–મૃદુ, ધીમા. ૨૨ **વંઠેલા**–નિરંકુશ (મનુષ્યો તેમ જ પશુઓ). ૨૬ **તોરી**–કંસારીના જેવું જીવડું. ૨૭ **દ્વાર વાગે...વાય**–પવન બારણામાં અથડાવાથી વાંસળી જેવો અવાજ થાય છે. **વાય**–વાયુ. ૪૪ **રહોળા**–અક્કલ વગરના. ૫૨ **લલિત**–મનોહર (graceful). ૫૭ **દાન્ત**–સંયમી. ૬૬ **ધુન્ય**–ધૂત. ૬૯ **અહંતાન**–અભિમાન, અહંભાવ. ૭૦ **સરસિજ**–સરસિ (સરોવરમાં)–જ (જન્મેલું) (સં.)–કમળ. **ભૂરકી**–ભમાવી, ભરમાવી. ૮૦ **કલાન્ત**–થાકી ગયેલી. ૮૨ **મેધાવિની**–બુદ્ધિશાળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. ગોવર્ધનરામના જીવન અને સાહિત્યસેવા ઉપર નોંધ લખો.
૨. આ કાવ્યનો પ્રસંગ તમારા શબ્દોમાં ગદ્યમાં આલેખો.
૩. જોગીએ અતિથિને શો ઉપદેશ આપ્યો? એ વિચારો સાથે તમે સંમત થાઓ છો?
૪. નીચેની પંક્તિઓ પૂર્વાપર સંબંધ દર્શાવી સમજાવો—
(ક) ભૂખ્યાં તરસ્યાંને આદર આપે, લૂખુંસૂકું મળે તે જમાડે.
(ખ) દુઃખ સંસારમાં નથી સાચાં, મન માન · છેક કાચાં
(ગ) તમ દર્શનનો અધિકાર, નથી જેને, એવી હું છું નાર.
૫. આ કાવ્યમાંથી મને ન આવડતા હોય એવા શબ્દોની યાદી કરો અને એના અર્થ શબ્દકોશમાંથી શોધી કાઢો.
૬. આ કાવ્યમાંથી તમને ગમતી સરખામણી બતાવો અને વિગતવાર સમજાવો.

મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)

[ઈ. સ. ૧૮૬૭–૧૯૨૩]

['કાન્ત' ઉપનામથી જાણીતા થયેલા આ કવિનો જન્મ લાઠી પાસે ચાવંડમાં પ્રશ્નોરા નાગરજ્ઞાતિમાં થયો હતો. ૧૮૮૮માં ઍલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી.એ.ની પરીક્ષા પસાર કરી વડોદરાના કલાભવનમાં સાહિત્ય અને શિક્ષણના અધ્યાપક તરીકે એ નિમાયા હતા. આઠેક વર્ષ પછી ભાવનગરમાં નોકરી લીધી અને બાકીનું જીવન ત્યાં જ ગુજાર્યું. એમનાં પ્રથમ પત્ની નર્મદા–'ન્હાની'નું મૃત્યુ ભરજુવાનીમાં થયું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને સંબોધી એમણે કેટલાંક સુંદર કાવ્યો રચ્યાં છે. કવિનો ખ્રિસ્તી ધર્મ પ્રત્યે પક્ષપાત હતો અને સને ૧૯૦૦માં જાહેર રીતે એમણે એ ધર્મનો અંગીકાર કર્યો. આથી હિંદુ સમાજ અને એમનાં સગાંસ્નેહીઓને થયેલો આઘાત એ ન સહી શક્યા અને ફરી આર્ય થયા. પરંતુ જીવન પર્યંત એ હૃદયથી એક સાચા ખ્રિસ્તી જ હતા. એમનાં લખાણોમાં ખ્રિસ્તી ધર્મની માન્યતાઓની અસર સ્પષ્ટ છે. આ ઉપરાંત એમણે બીજા ધર્મોનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો. ધાર્મિક ભાવના એ એમનાં કાવ્યોનું વ્યાપક અને વિધાયક તત્ત્વ છે.

એમનો કાવ્યસંગ્રહ એમના મૃત્યુ પછી 'પૂર્વાલાપ'ને નામે પ્રગટ થયો છે. 'વસંતવિજય' નામક કાવ્ય લખી કાન્તે ખંડકાવ્યમાં ભાવ પ્રમાણે છંદ ફેરવવાની પ્રથા દાખલ કરી. એમનાં કાવ્યો સંખ્યામાં ઓછાં છે; પણ એ ઉપરથી પણ એમની કોમળ ભાષા, સુંદર કલ્પના અને હૃદયના ગૂઢ ભાવ આલેખવાની અનુપમ શક્તિનો ખ્યાલ આપણને આવ્યાં વગર ન જ રહે. એમના છંદોનું નૈસર્ગિકપણું અને ભાષાપ્રભુત્વ પણ આપણને મુગ્ધ કરે છે. યથાર્થ રીતે કવિ નથુરામ સુંદરજીએ કાન્તની શાંત વાણીને 'સુગુણવતી, સુરૂપા, સુરીતિવાન, શાણી' કહી છે.

કવિતા ઉપરાંત 'રોમન સ્વરાજ' અને 'ગુરુ ગોવિંદસિંહ' જેવાં સુંદર નાટકોના એ લેખક છે. એમના સંવાદો અને 'કાન્તમાળા'માં પ્રગટ થયેલા પત્રો પણ ગુજરાતી સાહિત્યમાં જુદી જ ભાત પાડે છે.]

(૧)

અનન્ત વાત્સલ્ય

આપ જ આવા તો જોયા,
　　　　પિતા પ્રભુ! આપ જ આવા તો જોયા.
મેં તો માનેલું કે ખોયા,
　　　　પિતા પ્રભુ! આપ જ આવા તો જોયા.
દુર્બળ; દીન, નિરાશ વસેલો, દૂરથી દેખી શું રોયા?
　　　　પિતા પ્રભુ! આપ જ આવા તો જોયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંકનિમગ્ન હતા ચરણો તે, પોતે દયાથી શું ધોયા ?
પિતા પ્રભુ! આપ જ આવા તો જોયા.
સ્વચ્છ કરી જખમો શું જૂના, લેપ લગાડીને લોહ્યા ?
પિતા પ્રભુ! આપ જ આવા તો જોયા.
મેં તો માનેલું કે ખોયા,
પિતા પ્રભુ! આપ જ આવા તો જોયા.

(૨)

મહેમાનોને

મહેમાનો ઓ વ્હાલાં! પુનઃ પધારજો!
તમ ચરણે અમ સદન સદૈવ સુહાય જો! મહેમાનો!
કરજો માફ હજારો પામર પાપ જે—
દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો. મહેમાનો!
ઉન્નત ગિરિશૃંગોનાં વસનારાં તમે,
ઊતર્યાં રંકઘરે શો પુણ્યપ્રભાવ જો. મહેમાનો!
શ્રૂશુષા સારી ના અમને આવડી,
લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવ જો. મહેમાનો!

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) ૫ **પંકનિમગ્ન**– કાદવમાં ચોંટેલા.

(૨) ૨ **સદન**– ઘર. ૩–૪ આ વિચારોમાં કવિના ખ્રિસ્તી સંસ્કારોની અસર છે. ૭ **શુશ્રૂષા**– સેવા. કવિશ્રી નાનાલાલ કવિ કાન્તને ત્યાં મહેમાન થયેલા, તેમને ઉદ્દેશી આ કાવ્ય લખાયું હતું.

૧. કાન્ત કવિના જીવનનો ટૂંક પરિચય આપો.
૨. પ્રભુનું ‘અનંત વાત્સલ્ય’ દર્શાવવા કવિ શું કહે છે એ સમજાવો.
૩. ‘મહેમાનોને’ એ કાવ્ય કવિએ કયા મહેમાનને સંબોધીને લખ્યું? આ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો. એમાં કવિએ કયો લોકાચાર રજૂ કર્યો છે?
૪. નીચેની પંક્તિઓમાં રહેલી ભાવના સમજાવો:
(ક) મેં તો માનેલું. . . આવા તો જોયા.
(ખ) કરજો માફ . . . પ્રભુ પાસે પણ થાય જો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ (કલાપી)

[ઈ. સ. ૧૮૭૪–૧૯૦૦]

[આ રાજવી કવિનો જન્મ લાઠીમાં થયો હતો. ૧૮ વર્ષની ઉંમર સુધી રાજકોટની રાજકુમાર કૉલેજમાં એમણે અભ્યાસ કર્યો. ૧૮૯૫માં ગાદીએ આવ્યા અને ઊગતી જુવાનીમાં જ અકાળે કાળના ભોગ થઈ પડ્યા.

કલાપીની કવિતા સંપૂર્ણપણે સમજવા માટે એમના હૃદય જીવનનું જ્ઞાન આવશ્યક છે, એમને પોતાની રાણીની દાસી પ્રત્યે પ્રેમ ઉદ્દ્ભવ્યો હતો, અને ઘણા આત્મમંથન પછી તેની સાથે તેમણે પ્રેમલગ્ન કર્યું. આ હૃદયમંથન કવિતા દ્વારા વહ્યું એટલે જ એમની કવિતામાં કલાના અંશોની ઊણપ રહી ગઈ છે. કેટલીક જગાએ લાગણીના અતિરેકથી કાવ્યતત્ત્વમાં ઊણપ આવી જાય છે. એમના છંદોના માપમાં ઘણી વાર ભૂલ દેખાય છે, પણ મસ્ત અને વિહ્વલ હૃદયના ઉદ્દ્ગાર સર્વદા છંદોનાં ચોકઠાંને અનુરૂપ ન હોય એ સ્વાભાવિક છે. કલામય કવિતા હૃદયસંતોષ નહિ, પણ હૃદયશાંતિ માગે. કલાપીને – કવિતાને આવશ્યક – એ શાંતિકાળ ન મળ્યો એ જ ગુજરાતનું દુર્ભાગ્ય. "રાજ્યદ્વારોના ખૂની ભપકા" તેમને પ્રિય ન હતા. પ્રેમ એ જ સર્વ માનવપ્રવૃત્તિનું મૂળ અને ધ્યેય છે એમ એ માનતા. એમણે કવિતા ઉપરાંત પ્રેમ અને સ્વાર્પણની ઉચ્ચ ભાવના પણ ગુજરાતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી છે. કુદરત, પ્રેમ, સ્વાર્પણ, પ્રભુ, એ એમની કવિતાના મુખ્ય વિષયો હતા. મણિલાલ નભુભાઈ પાસેથી પ્રેરણા લઈ કલાપીએ ગુજરાતી ભાષાને સુંદર અને હૃદયસ્પર્શી ગઝલોથી સમૃદ્ધ કરી. એમની શૈલી પ્રવાહવાળી અને આડંબર વિનાની છે; ભાષા સરલ અને મધુર છે.

જોકે કલાપીનું નામ તો કવિ તરીકે જ અમર થયું છે, પરંતુ તે સારા ગદ્યલેખક પણ હતા. એમના સંવાદો, પત્રો અને 'કાશ્મીરના પ્રવાસવર્ણને' ગુજરાતી સાહિત્યમાં ઊંચું સ્થાન મેળવ્યું છે.]

(૧)

શિકારીને

(અનુષ્ટુપ)

રહેવા દે! રહેવા દે! આ સંહાર યુવાન તું:
ઘટે ના ક્રૂરતા આવી, વિશ્વ આશ્રમ સંતનું.
પંખીડાં ફૂલડાં રૂડાં, લતા આ ઝરણાં તરુ;
ઘટે ન ક્રૂર દૃષ્ટિ ત્યાં, વિશ્વસૌંદર્ય કુમળું.
તીરથી મારવા પક્ષી, વ્યર્થ આ ક્રૂરતા મથે;
તીરથી પક્ષી તો, ના ના, કિંતુ સ્થૂળ મળી શકે.
પક્ષીને પામવાને તો, છાનો તું સુણ ગીતને;
પક્ષી તેના પ્રભુ સાથે, હૈયામાં મળશે તને.
સૌંદર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે;
સૌંદર્યો પામતા પ્હેલાં, સૌંદર્ય બનવું પડે.

સૌંદર્યે ખેલવું એ તો, પ્રભુનો ઉપયોગ છે;
પોષવું પૂજવું એને, એ એનો ઉપભોગ છે.
રહેવા દે! રહેવા દે! આ સંહાર યુવાન તું;
બધે છે આર્દ્રતા છાઈ, તેમાં કૈં ભળવું ભલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

મને જોઈને ઊડી જતાં પક્ષીઓને

(મંદાક્રાન્તા)

રે પંખીડાં ! સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો.
શાને આવા મુજથી ડરીને, ખેલ છોડી ઊડો છો ?
પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું;
ના ના કો દી તમ શરીરને કાંઈ હાનિ કરું હું.
ના પાડી છે તમ તરફ કૈં ફેંકવા માળીને મેં,
ખુલ્લું મારું ઉપવન સદા, પંખીડાં સર્વને છે;
રે રે તોયે, કુદરતી મળી, ટેવ બ્હીવા જનોથી,
છો બ્હીતાં તો, મુજથી પણ સૌ, ક્ષેમ તેમાં જ માની–
જો ઊડો તો, જરૂર ડર છે, ક્રૂર કો હસ્તનો હો !
પ્હાણો ફેંકે તમ તરફ રે ! ખેલ એ તો જનોના !
દુઃખી છું કે કુદરત તણા, સામ્યનું ઐક્ય ત્યાગી,
રે રે સત્તા તમ પર જનો, ભોગવે ક્રૂર આવી.

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) ૬ **સ્થૂળ** – (પક્ષીનો) જડ દેહ. ૧૪ **આર્દ્રતા** – કોમળતા, ભીનાશ.
(૨) ૮ **ક્ષેમ** – સહીસલામતી. ૧૦ **પ્હાણો** – પથ્થર. ૧૧ **સામ્ય** – સમાનતા.

૧. નીચેની પંક્તિઓ પૂર્વાપર સંબંધ આપી સમજાવો —
   (ક) સૌંદર્યો વેડફી . . . બનવું પડે.
   (ખ) દુઃખી છું કે . . . ભોગવે ક્રૂર આવી.
૨. કલાપીનાં કાવ્યોના મુખ્ય વિષય કયા હતા ?
૩. સૌંદર્ય વિષે કલાપીના વિચારો કેવા હતા ? એના પર ટૂંકી નોંધ લખો.
૪. કુદરતનું સામ્ય એટલે શું ? એ સામ્યનું ઐક્ય તજનારા કેવા પ્રકારના દોષ કરે છે ?
૫. " ખુલ્લું મારું ઉપવન સદા, પંખીડાં સર્વને છે " એ પંક્તિ શું દર્શાવે છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દામોદર ખુશાલદાસ બોટાદકર

[ઈ. સ. ૧૮૭૦–૧૯૨૪]

[' રાસતરંગિણી ', ' નિર્ઝરણી ', ' શૈવલિની ' અને ' કલ્લોલિની ' રૂપી કાવ્યસરિતાનાં મીઠાં જળ જીવન પર્યંત શાંત રીતે વહેવડાવનાર, અને જેના રસાસ્વાદને ગુજરાતે કવિના જીવનના છેલ્લા દસકામાં જ માણ્યો તે નિઃસ્પૃહી કવિ બોટાદકરનો જન્મ કાઠિયાવાડવાડના બોટાદ ગામની વણિક જ્ઞાતિમાં થયો હતો.



આખું જીવન એમણે ગુજરાતી શાળાના શિક્ષક તરીકે ગરીબાઈ અને નમ્રતામાં ગાળ્યું હતું. કવિતા છેક નાનપણથી રચતા અને છૂટક છૂટક સામયિકોમાં પણ મોકલતા; પણ જીવનકાળ દરમિયાન એમની યોગ્ય કદર ગુજરાતે કરી ન હતી. પોતાના જીવનકાળમાં અજ્ઞાત રહેનાર અને પાછળથી સારા સાહિત્યકાર તરીકે કીર્તિ પ્રાપ્ત કરનાર સાહિત્યકારોના દાખલા ઓછા નથી.

કવિ અંગ્રેજી ભણ્યા ન હતા. એમનાં કાવ્યોના વિષયો મુખ્યત્વે ગૃહજીવનમાં ઊતર્યાં છે, છતાં તેમાં ક્ષુદ્રતા જોવામાં આવતી નથી. એમનાં કાવ્યોમાં હિંદુ સંસારમાંની ઉત્કૃષ્ટ ભાવનાની ફોરમ વ્યાપી રહી છે. સ્ત્રીજીવનના અનેક પ્રસંગો એમણે સાદી તથા ભાવનામય રીતે આલેખ્યા છે. બોટાદકર ગૃહજીવનના કવિ છે, અને જેમ રા. નાનાલાલે સંસારમંથન કરી નવનીત નિતાર્યું, તેમ બોટાદકરે સાદા ગૃહજીવનને મથી એમાંથી નવનીત ઉતારી ગુજરાતી સાહિત્ય–રસિકોને અર્પણ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની આદર્શ ગુજરાતણની ભાવના મનોહર છે અને ગુજરાતી સ્ત્રીત્વને સજીવન કરવામાં અને ઘડવામાં એમના રાસનો ફાળો મોટો છે. એમના રાસ લોકપ્રિય છે: જોકે ભાવ સાદા છે છતાં ભાવના ઉચ્ચ છે, તેમ જ ભાષા સંસ્કારી અને મધુર છે.

(૧)

પ્રેમ અને સત્કાર

(ગઝલ)

લખ્યું તેં પત્રમાં પ્યારા, "નથી સત્કાર મેં કીધો;
ખબર વિવેકની મુજને, નથી તો તું ક્ષમા કરજે."
અહો ! સત્સ્નેહને અંગે, સુહૃદ ! એ બોલવું છાજે ?
ચહે જો પ્રેમ આદરને, નહિ એ પ્રેમ પ્રેમીનો.
અખંડિત પ્રેમને, બંધુ ! જરૂર શું હોય આદરની ?
"પધારો, આવજો, બેસો" વૃથા એ વાદ શા સારુ ?
હૃદયસત્કાર જ્યાં થાતો, ઉભય ઉરમાં વિના માગ્યો;
નયન સત્કાર નવ ઇચ્છે, વદન સત્કાર શાને તો ?
વિનય રસના તણો એવો, બતાવે પ્રેમમાં ખામી,
પ્રપંચી કાજ રહેવા દો, ન ઇચ્છે પ્રેમનાં પાત્રો.
હશે દિલ પ્રેમનાં ભરિયાં, રહે જુદાં છતે સંગે;
વિનય સત્કારને એમાં, નથી અવકાશ મળવાનો.
પધારો એમ કહેવાથી, પધારે તે પધાર્યા ના;
નિમંત્રણ પ્રેમીને શેનાં ? આનાદર પ્રેમીને શાનો ?
મળ્યાં છે ચિત્ત વિણ યત્ને, શરીર તો જોડવાં છે ક્યાં ?
કરે કર આપવો શાને ? મને મન જ્યાં મળેલાં છે.
સુહૃદનું આગમન થાતાં, ઊઠે સત્કાર કરવાને;
અરે એ તો જનો જૂઠા, ખરેખર બાહ્ય પ્રેમી તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલે એ થીંગડાં દેવાં, હજો અતિ ઇષ્ટ શિષ્ટોને;
સ્પૃહા સત્પ્રેમના ભોગી જનો તે તેની કયમ રાખે ?
વિનયની પૂરણી માગે, અધૂરી તેટલી પ્રીતિ;
પ્રતીતિ પ્રેમની કરવા, નથી અધિકાર આદરને.

(૨)

જનની

(મહીડાંનાં દાણ અમે નહિ દઈએ રે લોલ—એ ઢાળ)

મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,
    એથી મીઠી તે મોરી માત રે,
જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ. ટેક
પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,
    જગથી જુદેરી એની જાત રે.—જનનીની૦
અમીની ભરેલ એની આંખડી રે લોલ,
    વ્હાલનાં ભરેલ એનાં વેણ રે.—જનનીની૦
હાથો ગૂંથેલ એના હીરના રે લોલ,
    હૈયું હેમંતકેરી હેલ રે.—જનનીની૦
દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,
    કાળજામાં કૈંક ભર્યા કોડ રે.—જનનીની૦
ચિત્તડું ચઢેલ એનું ચાકડે રે લોલ,
    પળનાં બાંધેલ એના પ્રાણ રે.—જનનીની૦
મૂગી આશિષ ઉર મલપતી રે લોલ,
    લેતાં ખૂટે ન એની લ્હાણ રે.—જનનીની૦
ધરણી માતાયે હશે ધ્રૂજતી રે લોલ,
    અચલા અચૂક એક માય રે.—જનનીની૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે.—જનનીની૦
વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે.—જનનીની૦
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે.—
જનનીની જોડ સખી! નહિ જડે રે લોલ.

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) ૯ **રસના**–જીભ. **૧૯** શિષ્ટ ગણાતા લોકો માટે ભલે આવાં પ્રેમ અને સત્કારનાં વચનરૂપી થીંગડાં દેવાં અતિ ઇષ્ટ ગણાતાં હોય. **૨૨ પ્રતીતિ**–ખાતરી.

(૨) ૯ **હેમંતકેરી હેલ**–હેમંત ઋતુ (માગશર અને પોષમાં અનુભવાતો ઉલ્લાસ.) [અર્થ અસ્ફુટ છે.] **૧૦ દોહ્યલાં**–મેળવવાં મુશ્કેલ.

માતાના વાત્સલ્યની અનંત મિષ્ટતા અને અગાધતાનાં દર્શન કરાવતું આ કાવ્ય ગુર્જરસાહિત્યમાં અદ્વિતીય છે. શબ્દાનુપ્રાસથી કાવ્યની ગેયતા અને માધુર્યમાં અજબ વધારો થાય છે.

૧. બોટાદકરની કૃતિઓથી ગુજરાતના સાહિત્યક્ષેત્રમાં કઈ રીતે અવનવી ભાત પડી છે? કાવ્યના કયા કયા પ્રકારને એમણે વિશેષ વિકસાવ્યો?
૨. પ્રેમ અને સત્કારનાં ખરાં લક્ષણો કયાં અને ખોટા દંભ કયા? એ સંબંધી કવિ શું કહે છે? તમને એમાં યથાર્થતા લાગે છે?
૩. 'જનની'નું શબ્દચિત્ર દોરવામાં કવિ ખરેખર સફળ થયા છે—એ દર્શાવો.
૪. 'જનની' વિષય ઉપર આશરે ૨૦ લીટીનો નિબંધ લખો.
૫. 'જનની' માટે કવિએ જે સરખામણીઓ આપી છે તેમાંથી તમને સૌથી વિશેષ કઈ ગમી? શા માટે?
૬. નીચેની પંક્તિઓ વિસ્તારપૂર્વક સમજાવો—
(ક) વિનયની પૂરણી . . . અધૂરી તેટલી પ્રીતિ.
(ખ) ગંગાનાં નીર . . . પ્રેમનો પ્રવાહ રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનાલાલ કવિ

[ઈ. સ. ૧૮૭૬ – ૧૯૪૬]



[‘જયા જયંત’, ‘ઇન્દુકુમાર’, ‘નાના નાના રાસ’, ‘ઉષા’ જેવાં સુપ્રસિદ્ધ પુસ્તકોના કર્તા અને ગુજરાતના વિરલ કવિ નાનાલાલ સ્વ. કવિ દલપતરામના પુત્ર હતા. સ્વ. કવિ મુંબઈ વિદ્યાપીઠના એમ. એ. હતા અને ઇતિહાસ એ એમનો પ્રિય વિષય હતો. એમના જીવનનો ઘણો કાળ કેળવણી ખાતાની નોકરીમાં એમણે સૌરાષ્ટ્રમાં ગાળ્યો હતો. કાઠિયાવાડનાં લોકસાહિત્ય અને લોકજીવનના ઉચ્ચ, સંસ્કારી અને કોમળ ભાવો એમના રાસમાં પ્રતિબિંબિત થયા છે. સાધારણ રીતે રાસમાં માત્ર શબ્દમાધુર્ય ઉપર જ લક્ષ અપાય છે; પણ નાનાલાલે શબ્દમાધુર્ય, ભાવમયતા ને સુંદર, ભાવનાભર્યા વિચારોનો સફળ યોગ સાધી ગુજરાતી રાસસાહિત્યને ઘણું સમૃદ્ધ કર્યું છે.

૧૯૨૧માં સરકારી નોકરી છોડી ત્યારથી અમદાવાદમાં રહી, સતત સાહિત્યસેવા એમણે મરણ પર્યંત કરી. કવિના ગ્રંથોની સંખ્યા ૭૦ કરતાં વધુ છે. એમની કૃતિઓમાંથી દિવ્ય જીવનની ભાવના નીતરે છે. એમનાં કાવ્યો, નાટકો, ભાષણો અને લેખો આદર્શ માનવજીવનનું ભાગવત છે. કાવ્યક્ષેત્રમાં તે નવીનોમાં નવીન તરીકે લેખાયા છે. છંદનાં બંધન તોડી કાવ્ય લખવાનું પ્રથમ સાહસ એમણે કર્યું. એમની અપદ્યાગદ્ય ડોલનશૈલી એક વખત ઘણી લોકપ્રિય હતી. એમનાં નાટકો આ શૈલીમાં લખાયાં છે. નાટ્યક્ષેત્રમાં પણ સ્વ. નાનાલાલે જુદી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાત પાડી છે. એમનાં ભાષણો ને લેખો મનનીય અને વિચારપ્રેરક છે. વાર્તા તરીકે એમની 'ઉષા' નવી ભાત પાડે છે. કવિના રાસ અને ઊર્મિકાવ્યો ગુજરાતમાં ઘણા લાંબા કાળ સુધી જીવશે એ માટે શંકા ન જ હોઈ શકે.

નીચેનાં કાવ્યોમાં કવિના હૃદયના કોમળ સુંદર ભાવો સરસ રીતે વ્યક્ત થયા છે. કવિના હૃદયનો વિનમ્ર ભક્તિભાવ 'અહાલેક' કાવ્યમાં સચોટ રીતે વ્યક્ત થયો છે.]

(૧)

ફૂલડાં-કટોરી

ચન્દ્રીએ અમૃત મોકલ્યાં રે બે'ન !
    ફૂલડાં-કટોરી ગૂંથી લાવ,
        જગમાલણી રે બે'ન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું રે બે'ન !
અંજલિમાં ચાર ચાર ચારણી રે બે'ન !
    અંજલિએ છૂંદણાંના ડાઘ,
        જગમાલણી રે બે'ન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું રે બે'ન !
ઝીલું નહિ તો ઝરી જતું રે બે'ન !
    ઝીલું તો ઝરે દશ ધાર,
        જગમાલણી રે બે'ન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું રે બે'ન !
ફૂલડાંમાં દેવની હથેલીઓ રે બે'ન !
    દેવની કટોરી ગૂંથી લાવ,
        જગમાલણી રે બે'ન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું રે બે'ન !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

અહાલેક

(ગઝલ)

પ્રભો ! તુજ દ્વારમાં ઊભી જગાવ્યો મેં અહાલેક;
જગતના ચોકની વચ્ચે જગાવ્યો મેં અહાલેક.—પ્રભો !૦
નથી લીધી પ્રભો ! દીક્ષા, નથી અંગે ધરી કફની,
નમી તુજ પાવ હું તેવો જગાવ્યો મેં અહાલેક.—પ્રભો !૦
કમંડલ માહરું ખાલી, ભર્યું તુજ અક્ષય પાત્ર;
દીઠી ભંડારમાં ભિક્ષા, જગાવ્યો મેં અહાલેક.—પ્રભો !૦
ઘટા ઘેરી પડી નભની, ન મુજ નયનો ભેદે;
શ્રવણ તે ભેદશે તારાં ! જગાવ્યો મેં અહાલેક.—પ્રભો !૦
વિરાજે છે તું દિલ–દરિયાવ, અયિ વીરવર યજમાન!
અણુશો તો અસીકણ દે, જગાવ્યો મેં અહાલેક.–પ્રભો !૦
ઘડાવી પાવડી મેં રાજ! પ્રવૃત્તિ કેરી;
ચડી તે પર જીવન ધપતાં જગાવ્યો મેં અહાલેક.—પ્રભો !૦
નહિ કાંઈ મળે તોયે મળ્યું દર્શનસૌભાગ્ય;
મળી–સગળી મીટે મીટને જગાવ્યો મેં અહાલેક.—પ્રભો !૦
ઊંડી ઝોળી રહી અધૂરી, ન તલ પણ ભીંજાયું;
જડ્યો પણ સોડમાં સાથી, જગાવ્યો મેં અહાલેક.—પ્રભો !૦
જગતના ચોકની વચ્ચે જગાવ્યો મેં અહાલેક !
પ્રભો ! તુજ દ્વારમાં ઊભી જગાવ્યો મેં અહાલેક !

ટિપ્પણ

(૧) **ચન્દ્રી**–ચન્દ્ર (પદ્યમાં વપરાતો શબ્દ). **ફૂલડાં–કટોરી**–ફૂલની કટોરી; ફૂલ રૂપી કટોરી. **ચાર આરણી**–પાંચ આંગળીઓ વચ્ચેની જગા. ૧૩ ફૂલડાંમાં દેવની હથેલીઓ—અંજલિઓ જેવા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) **અહાલેક**—(સં. अलक्ष–અલખ) ભિક્ષા માગતી વખતનો પોકાર, લાગણીભર્યો પોકાર, ટહેલ. **દીક્ષા**–વ્રત, નિયમ, સંન્યાસ. **અક્ષય**–જે કદી ખાલી થતું નથી. ૮ મારો પોકાર તારે કાને પડશે ખરો? **દિલ-દરિયાવ**–વિશાળ દિલ (હૃદય) વાળો. **વીરતા**–વીરોમાં શ્રેષ્ઠ, મહાન. **યજમાન**–દાતા, આશ્રય આપનાર. **અમીકણ**–અમૃતની રજ, દયાનો છાંટો. ૧૩–બીજું કાંઈ ન મળે તોયે તારા દર્શનનો લાભ મળ્યો. **મીટ**–નજર, દૃષ્ટિ.

અરદેશર ફરામજી ખબરદાર

[ગુર્જર ગિરાની એકનિષ્ઠાથી સેવા કરી રહેલા આ પારસી કવિનો જન્મ ૧૮૮૧માં દમ્મણમાં થયો હતો. નાની ઉંમરમાં પિતા ગુજરી ગયેલા હોવાથી યુનિવર્સિટીની ઉચ્ચ કેળવણીનો લાભ એમને ન મળ્યો; પણ કવિતા અને સાહિત્યનો શોખ હોવાથી પોતે ઘણું વાંચ્યું. ઈ. સ. ૧૯૦૮થી વ્યાપારાર્થે મદ્રાસ જઈ વસ્યા, પણ નાદુરસ્ત તબિયત વગેરેને કારણે તેઓ મદ્રાસ છોડી મુંબઈ આવી વસ્યા.

ખબરદાર છેક નાનપણથી કવિતા રચતા અને મિત્રો તરફથી કવિપદ પામેલા. 'કાવ્યરસિકા' નામે તેમનો પ્રથમ કાવ્યગ્રંથ ૧૯૦૧માં પ્રગટ થયો હતો. ત્યાર પછીના 'વિલાસિકા' નામના સંગ્રહે ગુજરાતી સાક્ષરવર્ગનું તેમના તરફ ધ્યાન ખેંચ્યું. તેની સમાલોચના શ્રી નરસિંહરાવે વિસ્તારથી કરી હતી. ત્યાર પછી તેમનો વિશાળ કાવ્યપ્રવાહ સતત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહ્યો છે. ૧૯૩૨માં 'દર્શનિકા' નામે ૩,૦૦૦ પંક્તિના કાવ્યગ્રંથમાં તે પરાકાષ્ઠાએ પહોંચ્યો. આ ઉપરાંત 'પ્રકાશિકા', 'સંદેશિકા', 'કલિકા', 'ભજનિકા' અને 'રાસચંદ્રિકા' એ એમના પ્રસિદ્ધ ગ્રંથો છે. એમણે અંગ્રેજીમાં પણ થોડાં સારાં કાવ્યો લખ્યાં છે.

રા. ખબરદાર શુદ્ધ અને સંસ્કૃતમય ભાષા લખે છે. એમણે હિંદના અને ગુજરાતના જીવનમાં થતા ફેરફાર ઝીલ્યા છે અને પોતાનાં કાવ્યોમાં ઉતાર્યા છે. કાવ્યક્ષેત્રમાં એમણે અનેક જાતના સફળ પ્રયોગો કર્યા છે. સ્વદેશાભિમાન, પ્રકૃતિપૂજા અને આધ્યાત્મક અનુભવો એ એમનાં કાવ્યોના મુખ્ય વિષયો છે.]

હલદીઘાટનું યુદ્ધ

[મેવાડના રાણા પ્રતાપ અને મોગલ શાહેનશાહ અકબરના મહાન સૈન્ય વચ્ચે હલદીઘાટના રણમાં થયેલા ઘોર યુદ્ધનું અહીં વર્ણન છે. આ યુદ્ધસંગીતની રચના અંગ્રેજી 'બેલડ' જેવી રાખી છે.]

(દિવ્ય)

"વીરા! ચાલો ઝટ રણમાં, કાઢો તાતી તલવાર!
હર હર હર નાદે ઘૂમતા, કરીએ અરિનો સંહાર!
રણધીરા હે રજપૂતો, મુજ અંગ તણા શણગાર;
રે ચાલો હલદીઘાટે, શૂરા બાવીસ હજાર!
"વીરા, શું શૌર્ય ગયું છે? શું રજપૂત થશે ગુલામ?
મેવાડ પરાધીન બનશે? શું જશે સિસોદિય નામ?
નહિ, નહિ, નહિ, રણમાં ચાલો! ઝળકાવો તમ હથિયાર!
રે ઘૂમો રાણા સાથે, શૂરા બાવીસ હજાર!
"વીરા! તમ આજે રણમાં, વ્હેશે અસ્ખલિત પ્રવાહ;
રજપૂત ગૌરવ હજી પણ છે, તે જોશે અકબરશાહ!
રે આજ પ્રતાપ પ્રતાપે, ઘૂમી રહેશે રણ મોઝાર;
ને સાથે ઝૂઝશે તેના શૂરા બાવીસ હજાર!"

[સા. રત્ન ભા. ૧-૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્જન કરી એમ પ્રતાપે, ઝુકાવ્યું રણે શરીર;
હોંકાર કરી ત્યાં ઊછળ્યા, રાઠોડ, સિસોદિય વીર,
ચંદાવત, સંગાવત ને ઝાલા, ચોહાણ, પ્રમાર;
રિપુને હણવાને કૂદ્યા, શૂરા બાવીસ હજાર.
મોગલ યુવરાજ સલીમ ને અંબરપતિ મહાવીર માન;
લઈ સૈન્ય અસંખ્ય જ ઊભા કંઈ સિંધુતરંગ સમાન!
પણ મૃગ ટોળામાં કૂદે વનરાજ કરી હોંકાર;
ત્યાં કૂદ્યા તેમ પ્રતાપી, શૂરા બાવીસ હજાર!

ધડ ધડ ધડ થાય ધડાકા, ખૂબ તોપ તણા ચોપાસ;
કડ કડ કડ તૂટી પડતું, નીચે આવે આકાશ!
તેને ન જરા ગણકારી, ધરી અંતર શૌર્ય અપાર;
ત્યાં મૃત્યુમુખે હોમાતા, શૂરા બાવીસ હજાર!
આજે નથી પાછું ફરવું, સમરાંગણ છે અવસાન;
રિપુને હણવું કે મરવું, છે એ જ અમારી લ્હાણ!
એવું કહી સહુ ઝુકાવી, મોગલને મારે માર;
રે રેલ સમા ત્યાં રેલે, શૂરા બાવીસ હજાર!
રણવીર પ્રતાપ બધે ત્યાં કરતો ઘૂમી નાદ પ્રચંડ;
ખરું આજ પ્રકાશિત કીધું, રણમાં નિજ શૌર્ય અખંડ!

ભેદી અરિહાર ધસ્યો તે, ખુદ સલીમ હતો જે ઠાર;
હર હર હર કરતા ગરજ્યા શૂરા બાવીસ હજાર!
આકાશ-ધરા ત્યાં કંપ્યાં, ડોલ્યાં ચૌદે બ્રહ્માંડ!
રણક્ષેત્રે આરંભાયો, શો ભીષણ હત્યાકાંડ!
ઢગના ઢગ વીરો પડતા, નહિ શબનો કાંઈ સુમાર;
લડતા અગણિત મોગલ ને શૂરા બાવીસ હજાર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્યા રક્ષક ને મહાવત, રાણાએ રાખી રંગ;
ને સલીમ તણા ગજ પર ત્યાં નિજ અશ્વે મારી છલંગ.
પણ ગજ નિજ પતિને લઈને ત્યાંથી નાઠો તે વાર;
રાણા સહ પાછળ દોડ્યા, શૂરા બાવીસ હજાર!

"અલ્લા હો અકબર" કરતા, ત્યાં કૂદ્યા મોગલ સર્વ;
નથી ભીરુ બન્યા હજી કાંઈ, નહિ રણમાં ખોશે ગર્વ.
ત્યાં ફરી વળ્યા ચોપાસે, કીધો પ્રભુનો ઉદ્ધાર;
ને ઘેર્યા રાણા સાથે, શૂરા બાવીસ હજાર!
પણ વીર્ય અપૂર્વ જ કાંઈ, છે પ્રતાપ કેરું આજ!
એકલડો સોની વચ્ચે, તે ઘૂમી રહ્યો સિંહરાજ.
અર્જુન શો આજે તેનો યશ પામ્યો છે વિસ્તાર!
હા ધન્ય પ્રતાપ! અને તુજ શૂરા બાવીસ હજાર!
એ યુદ્ધ થકી ત્રણ વેળા, રજપૂત યોદ્ધા દઈ પ્રાણ;
ઉગારી લાવ્યા બળથી નિજ રાણાને નિર્વાણ.

પણ જોઈ વીરો નિજ પડતા, ફરી ભેદી ધસ્યો અરિહાર!
નહિ જાણ્યું હવે નથી સઘળા શૂરા બાવીસ હજાર!
અતિ રોષ થકી બની ગાંડા, ઘેર્યો રાણાને ત્યાંય;
ઝબ ઝબ ઝબ ચપળા જેવી ચમકી અસિઓ રણ માંહ્ય.
જાણે ન પ્રતાપ હવે કંઈ મોગલથી બચે લગાર;
નથી રહ્યા હવે સહુ તેના શૂરા બાવીસ હજાર!
એ સ્થિતિ રાણાની જોઈ, ઝાલાપતિ લઈ નિજ વીર;
મૂકી છત્ર પ્રતાપનું માથે રણમાં દોડ્યો રણધીર.
દિલ્હીશ્વર કેરું ઊલટ્યું ત્યાં સૈન્ય અસંખ્ય જ ત્યાર;
રે ટપ ટપ ધરણી ઢળતા, શૂરા બાવીસ હજાર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રિપુને હણતા પહોંચ્યા વીર રજપૂત રાણા પાસ !
છોડાવી મૃત્યુમુખમાંથી, લાવ્યા રજપૂતની આશ !
પણ ઝાલાવીર પડ્યો ત્યાં નિજ ધર્મ બજાવી સાર;
ને રત્ન સહસ્ર ગુમાવ્યાં, શૂરા બાવીસ હજાર !
ધડ ધડ ધડ થાય ધડાકા ખૂબ તોપ તણા ચોપાસ;
કડ કડ કડ તૂટી પડતું નીચે આવે આકાશ !
એ સૈન્ય અસંખ્ય વિષેથી નીકળ્યા રજપૂત પછી બહાર;
નહિ ફર્યા અરે કંઈ સઘળા, શૂરા બાવીસ હજાર !
રાણાએ તે દિન અંતે છોડ્યું રણ હલદીઘાટ;
પણ જગતે જોયો તેની શૂરી અસિનો ચળકાટ.

નથી ભારતજન કદી ભૂલ્યા એ યુદ્ધ તણા ભણકાર;
સહુ સ્મરે પ્રતાપ અને તે શૂરા બાવીસ હજાર !
હા ધન્ય વીર રજપૂતો, છે ધન્ય જ તમ તલવાર;
શું કીર્તિ તમારી જગમાં કદી કરમાશે પળ વાર !
ઘર ઘર અહીં હરનિશ ગાશે, તમ શૌર્યગીતો નરનાર;
રે ધન્ય પ્રતાપ અને એ, શૂરા બાવીસ હજાર !

ટિપ્પણ અને પ્રશ્નો

૨૫ **સમરાંગણ**–સમર–યુદ્ધનું આંગણું, રણભૂમિ. ૩૪ **ભીષણ**–ભયંકર. **હત્યાકાંડ**–હત્યાનું પ્રકરણ; મનુષ્યોનો સંહાર. ૫૦ **નિર્વાણ**–છેલ્લી વાર. ૫૪ **ચપળા**–વીજળી.

૧. આ કાવ્યમાંથી તમે જે નવા શબ્દો શીખ્યા હો તેની નોંધ કરો. એ શબ્દોના અર્થ શોધી કાઢો.

૨. હલદીઘાટના યુદ્ધપ્રસંગનું વર્ણન કરો.

૩. આ કાવ્યમાંથી કઈ કઈ પંક્તિઓ તમને ખૂબ ગમે છે અને તે શાથી?

૪. પ્રતાપ ખાતર કોણે આત્મભોગ આપ્યો? એમ કરવાનું કારણ શું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામનારાયણ વિશ્વનાથ પાઠક ('શેષ')

['પ્રસ્થાન'ના વિદ્વાન આદ્ય તંત્રી અને 'શેષ' તેમ જ 'સ્વૈરવિહારી'ના ઉપનામથી પ્રસિદ્ધ થયેલા રા. પાઠકનો જન્મ સૌરાષ્ટ્રના ગાણેલ ગામમાં પ્રશ્નોરા જ્ઞાતિમાં ઈ. સ. ૧૮૮૭માં થયો હતો. ૧૯૦૮માં તર્કશાસ્ત્ર (લૉજિક) અને ફિલસૂફી સાથે બી. એ.ની પરીક્ષા તેમણે પ્રથમ વર્ગમાં પસાર કરી. વિલ્સન કૉલેજમાં સંસ્કૃતના ફેલો તરીકે એમણે એક વર્ષ કામ કર્યું. એલએલ. બી. ની પદવી મેળવ્યા પછી અમદાવાદ અને સાદરામાં એમણે વકાલત કરી. સાત–આઠ વર્ષ પછી અમદાવાદ ગુજરાતી કેળવણી મંડળમાં સ્વયંસેવક તરીકે જોડાઈ ન્યૂ ઇંગ્લિશ સ્કૂલના પ્રિન્સિપાલ તરીકે નિમાયા. અસહકારની ચળવળ શરૂ થતાં ત્યાંથી છૂટા થઈ ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. અમદાવાદની એસ. એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં અને મુંબઈમાં ભારતીય વિદ્યાભવનમાં અધ્યાપક તરીકે એમણે કાર્ય કર્યું હતું. હમણાં શ્રી પાઠક અમદાવાદની ગુજરાત વિદ્યાસભામાં જોડાઈ ત્યાંના સંશોધન વિભાગના વિદ્યાર્થીઓને દોરવણી આપી રહ્યા છે.

રા. પાઠકની પ્રવૃત્તિ અનેકવિધ છે. વિવેચક અને પત્રકાર ઉપરાંત એ કવિ અને સુંદર ટૂંકી વાર્તાના લેખક છે. 'કાવ્યસમુચ્ચય' નામે અર્વાચીન ગુજરાતી કવિતાનો સંગ્રહ કરી અને કવિ કાન્તના 'પૂર્વાલાપ'નાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપોદ્‌ઘાત અને ટિપ્પણ લખી એમણે ગુજરાતી વિદ્યાર્થી-આલમની સારી સેવા કરી છે. 'સ્વૈરવિહાર' નામે એમના હાસ્યપ્રધાન લેખોનો સંગ્રહ પ્રકટ થયો છે. એમનો હાસ્યરસ શાંત, ગંભીર અને માર્મિક છે. 'દ્વિરેફની વાતો' (ભાગ ૧-૨-૩) દ્વારા ટૂંકી-વાર્તાકાર તરીકે તેમણે ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું છે. 'શેષ'ના ઉપનામથી લખાયેલાં એમનાં કાવ્યો 'શેષનાં કાવ્યો'ના નામથી બહાર પડયાં છે. અને 'સાહિત્યવિમર્શ', 'કાવ્યની શક્તિ' અને 'આલોચના' એમના વિવેચન-ગ્રંથો છે.

'વૈશાખનો બપોર' એ કાવ્યમાં સરલ અને સાદી રીતે કવિએ સમાજના વાચાળ અને શુષ્ક સહાનુભૂતિ દર્શાવનારા લોકો ઉપર કટાક્ષ કરતાં આપણા દેશના શ્રમજીવી ગરીઓનાં જીવનની કરુણતાનું ચિત્ર ચીતર્યું છે, અને સાથે સાથે તેમનાં ઉદારતા અને ખાનદાની પણ દર્શાવ્યાં છે.]

વૈશાખનો બપોર

(મિશ્રોપજાતિ)

વૈશાખનો ધોમ ધખ્યો જતો'તો
દહાડો હતો એ કશી કૈં રજાનો;
બપોરની ઊંઘ પૂરી કરીને
પડયાં હતાં આળસમાં હજી જનો;
જંપ્યાં હતાં બાળક ખેલતાં એ,
ટહુકવું કોકિલ વીસર્યો'તો;
સંતાઈ ઝાડે વિહગો રહ્યાં'તાં-
ત્યારે મહોલ્લા મહીં એક શહેરના,
શબ્દો પડયા કાનઃ 'સજાવવાં છે
ચાકુ, સજૈયા, છરી કાતરો કે?'
ખભે લઈને પથરો સરાણનો,
જતો હતો ફાટલ પ્હેરી જોડા;
માથે વીંટી ફીંડલું લાલ મોટું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે। મારવાડી સરખો ધીમે ધીમે :
ને તેહની પાછળ છેક ટૂંકાં
ધીમાં ભરંતો ડગલાં જતો'તો–
મેલી તૂટી આંગડી એક પ્હેરી
માથે ઉઘાડે પગ એ ઉઘાડે
–આઠેકનો બાળક એક દૂબળો.
'બચ્ચા લખા! ચાલ જરાક જોયેં

એકાદ કૈં જો સજવા મળે ના,
અપાવું તો તુર્ત તને ચણા હું.'
ને એ ચણા–આશથી બાળ બોલ્યો :
'સજાવવાં કાતર, ચપ્પુ કોઈને!'
એ બાળના સ્નિગ્ધ શિખાઉ કાલા
અવાજથી મેડીની બારીઓએ
ડોકાઈને જોયું કંઈ જનોએ.
પરંતુ જાપાની અને વિલાયતી
અસ્ત્રા, છરી, કાતર રાખનારા
દેશી સરાણે શી રીતે સજાવે?

ત્યાં કોકને કૌતુક કંઈ થયું ને
પૂછ્યું : 'અલ્યા, તું કહીંનો, કહે તો!'
'બાપુ! રહું હું દૂર મારવાડે.'
દયા બીજાને થઈને કહે : 'જુઓ
આવે જનો દૂર કહીં કહીંથી!
જુઓ જુઓ દેશ ગરીબ કેવો!'
અને કહે કોઈ વળી ભણેલો
'આ આપણા કારીગરો બધાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે નવી શીખવી રીત જોઈએ;
ચાલે નહિ આવી સરાણુ હાવાં!'

ને ટાપશી પૂરી તહીં બીજાએ :
'નવી સરાણે જણ એક જોઈએ,
પોષાય ત્યાં આ જણ બે શી રીતે?'
'બાપુ, સજાવો કંઈ.' 'ભાઈ, ના, ના,
સજાવવાનું નથી કૈં અમારે.'
અને ફરી આગળ એહ ચાલ્યો,
'સજાવવાં ચપ્પુ, છરી!' કહેતો;
ને તેહની પાછળ બાળ, તેના
જળે પડેલા પડઘા સમું મૃદુ
બોલ્યો : 'છરી, ચપ્પુ સજાવવાં છે?'

જોયું જનોએ ફરી ડોકું કાઢી,
કિંતુ સજાવા નવ આપ્યું કોઈએ.
થાકી વધો એ પછી મારવાડી :
'બચ્ચા લખા! ધોમ બપોર ટહેલ્યા
છતાં મળી ના પઈની મજૂરી!'
ને ફેરવી આંખ, દઈ નિસાસો
બોલ્યો : 'અરે ભાઈ ભૂખ્યા છીએ દો,
આધાર કૈં થાય જરાક પાણીનો!'
કો બારીથી ત્યાં ખસતો વધો કે :
'અરે! બધો દેશ ભર્યો ગરીબનો

કોને દિયેં ને દઈએ ન કોને?'
કોઈ કહે : 'એ ખરી ફર્જ રાજ્યની!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને કો કહે: ‘પ્રશ્ન બધાય કેરો
સ્વરાજ્ય છે એક ખરો ઉપાય!’
ત્યાં એકને કૈંક દયા જ આવતાં,
પત્ની કને જૈ કહ્યું: ‘કાંઈ ટાઢું
પડેલું આ બે જણને જરા દો!’
‘જોવા સિનેમા જવું આજ છે ને!
ખાશું શું જો આ દઈ દૌં અત્યારે,
ભૂલી ગયા છેક જ આવતાં દયા?’
દયા તણા એહ પ્રમાણપત્રથી
બીજું કશું સૂઝયું ન આપવાનું!
ને ત્યાં સિનેમાસહગામી મિત્ર કહે:
‘દયાબયા છે સહુ દંભ; મિથ્યા
આચાર બૂર્ઝ્વા જન માત્ર કલ્પિત!’
વાતો બધી કૈં સુણી કે સુણી ના;
પરંતુ એ તો સમજ્યો જરૂર;
‘મજૂરી કે અન્નની આશ ખોટી!’
છતાં વધુ મંદ થતા અવાજે
એ ચાલિયા આગળ બોલતા કે:
‘સજાવવાં કાતર, ચપ્પુ કોઈને!’
મહોલ્લો તજી શહેર બહાર નીકળ્યા,
છાંયે હતી મંડળી એક બેઠી ત્યાં,
મજૂર પરચૂરણ ને ભિખારીની.
ઉઘાડતાં ગાંઠ અને પડીકાં,
હાંલ્લાં, જરા કૈં બટકાવવાને;
બોલાવિયા આ પરદેશી બેઉને:
‘અરે જરા ખાઈ પછીથી જાજો!’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસ્યા, કરી વાત, વહેંચી ખાધું,
ને કૂતરાને બટકુંક નીર્યું;
દયા હતી ના, નહિ કોઈ શાસ્ત્રઃ
હતી તહીં કેવળ માણસાઈ!

ટિપ્પણ અને પ્રશ્નો

૧૦ સજ્યા – અસ્ત્રા. **૨૫ સ્નિગ્ધ** – સ્નેહાળ. **૭૫ બુર્ઝવા** – મહેનત કર્યા વગર સંઘરેલી મૂડીથી પેટ ભરનાર જનો માટે અંગ્રેજીમાં આ શબ્દ વપરાય છે. **૯૦ નીર્યું** – ધર્યું, નાખ્યું. **૯૨ માણસાઈ** – માણસને માણસ તરીકે જોનાર દૃષ્ટિ: મનુષ્યત્વ.

૧. શ્રી રામનારાયણ ક્યાં ક્યાં ઉપનામોથી ઓળખાય છે?
૨. આ કાવ્ય લખવામાં લેખકનો આશય શો છે તે સમજાવો.
૩. નીચેની પંક્તિઓનું રહસ્ય સમજાવો. બંને પ્રસંગોની સરખામણી કરો.
અ. "ખાશું શું જો આ દઈ દૌં અત્યારે." આ. "દયા હતી ના, નહિ કોઈ શાસ્ત્ર,
"દયાબયા છે સહુ દંભ; મિથ્યા." હતી તહીં કેવળ માણસાઈ!"
૪. આ કાવ્યના પ્રસંગ દ્વારા લેખકે આપણા સમાજ પર જે કટાક્ષ કર્યો છે તે સમજાવો.

—(૦)—

જુગતરામ દવે

['દૂબળાંના કવિ' તરીકે પ્રસિદ્ધ થયેલા આ કવિ વઢવાણ પાસેના લખતર ગામના વતની છે. પિતાને મુંબઈમાં નોકરી હતી એટલે બાળક જુગતરામ મુંબઈમાં રહેતા. બારેક વર્ષની ઉંમરે પિતાનો દેહાંત થતાં અસલ વતનમાં જઈ રહ્યા અને અનેક મુશ્કેલીઓ વચ્ચે મૅટ્રિક સુધી અભ્યાસ કર્યો. આગળ ભણવાના સાધનને અભાવે સ્ટાન્ડર્ડ ઑઈલ કંપનીમાં નોકરી સ્વીકારી. ત્યાંથી વડોદરે નોકરી લીધી, જ્યાં એમને કાકા કાલેલકરનો પરિચય થયો અને 'નવજીવન' અને વિદ્યાપીઠમાં ભળી ગયા. આ અરસામાં બદરીકેદારની જાત્રાએ ગયેલાં એમનાં માતાનું તીર્થક્ષેત્રમાં જ અવસાન થયું. માતાની પડખે અંતસમયે ન હોવાથી આત્મગ્લાનિ થઈ. માતાની પુણ્યસ્મૃતિને અંજલિ આપવાની લાગણીમાંથી 'કૌશિકાખ્યાન' જન્મ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરાંત જુગતરામે બીજાં કાવ્યો, નાટકો, બાળવાર્તાઓ અને છૂટક નિબંધો પણ લખ્યા છે. ગ્રામ પુનર્ઘટના અને કેળવણીના ક્ષેત્રમાં શ્રી જુગતરામભાઈની સેવા ઘણી જાણીતી છે. હાલમાં ગાંધીજીના આદેશને અનુસરી સુરત જિલ્લામાં ' વેડછી આશ્રમ ' નું સુકાન એ સંભાળી રહ્યા છે.]

ધર્મવ્યાધ

(ઓવી છંદ)

એક હાટે બેઠો ધર્મવ્યાધ તે તો
ઊભો ઊભો છેટો વિલોકે કૌશિક.
તિલક છે ભાલ, કંઠે તુળસી–માળ,
કરે તો કરાળ લોહિયાળી છરી!
ખચોખચ જોરે હાથે માંસ તોડે,
સાથે સાથે મોઢે રટે રામ નામ.
ગાય છે ભજન ભક્ત મુક્ત મને,
છરીનાં છેદને તાલ પૂરી પૂરી.
એવે કોઈ રંક, નગ્ન ને અપંગ
આવ્યો ત્યાં નિઃશંક ભીખ માગવાને.
દેખી દીન જન દ્રવ્યાં છે લોચન,
તોષ્યું તેનું મન માંસલ પેશીએ.
કર મધ્યે છરી; નેત્રે દયા ભરી,
અહો! શી અનેરી હરિ! તારી લીલા!

ટિપ્પણ અને પ્રશ્નો

ધર્મવ્યાધ – ધર્મિષ્ઠ કસાઈ (અહીં ' શિકારી ' અર્થ નથી.) ૩ **ભાલ** – કપાળ. ૪ **કરે** – કરમાં, હાથમાં. **કરાળ** – ભયંકર. ૧૨ **પેશી** – કટકો.

૧. આ કાવ્યનો પ્રસંગ ટૂંકમાં વર્ણવો.
૨. " અહો! શી અનેરી હરિ! તારી લીલા!" એ પંક્તિનું રહસ્ય સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રવદન ચિમનલાલ મહેતા



['ઈલાકાવ્યો 'ના કર્તા તરીકે જાણીતા થયેલા, રા. ચંદ્રવદનનો જન્મ સુરતમાં ૧૯૦૧માં થયો હતો. સુરત હાઈસ્કૂલમાં માધ્યમિક અભ્યાસ પૂરો કરી એલ્ફિન્સ્ટન કૉલેજ-માંથી ૧૯૨૪માં બી. એ.-ની પરીક્ષા પસાર કરી. હાલમાં 'ઑલ ઇન્ડિયા રેડિયો 'ના મુંબઈ સ્ટેશને એ ઊંચી પદવી પર છે. એમનામાં નાટકીય સ્ફુરણા અતિ પ્રબળ છે, અને સાહિત્યકાર ઉપરાંત એક કુશળ નટ તરીકે પણ રા. ચંદ્રવદન જાણીતા છે.

'યમલ ' નામે ભાઈબહેનનો નિર્દોષ સ્નેહ પ્રગટ કરતો કાવ્યસંગ્રહ એમણે પ્રસિદ્ધ કર્યો હતો. રસિક શૈલીથી એમણે વૃદ્ધ વિદ્વાનોની પણ પ્રશંસા પ્રાપ્ત કરી હતી. આ સંગ્રહમાંનાં બધાં કાવ્યોમાં વિચાર અને ભાવની સળંગતા અતિ કલામય રીતે સચવાઈ છે. આ સંગ્રહ પ્રકટ કરી, રા. ચંદ્રવદને ગુજરાતી સૉનેટ સાહિત્યના પ્રવાહને અતિશય વેગ આપ્યો. આ ઉપરાંત ભાઈબહેનના શુદ્ધ સાત્ત્વિક, નિર્દોષ પ્રેમને મૂર્તિમાન કરતાં કાવ્યો એમણે 'ઈલાકાવ્યો ' નામે બહાર પાડ્યાં છે. પણ કવિ કરતાંય નાટ્યપ્રદેશમાં રા. ચંદ્રવદનનો ફાળો ઘણો મહત્ત્વનો છે. 'આગગાડી ', 'સંતાકૂકડી ', 'નાગાબાવા ', 'અખો ', 'નર્મદ ', 'ધરા ગુર્જરી '–એ રા. ચંદ્રવદનનાં અતિ જાણીતાં નાટકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. રા. ચંદ્રવદનની પ્રવૃત્તિ અનેકદેશીય છે. સાહિત્યમાં પણ ટૂંકી વાર્તા, નાટક, નિબંધ અને વિવેચન એમણે લખ્યાં છે. મુખ્યત્વે તેઓ એક નાટ્યકાર, નટ અને કવિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે.]

દેવબાલ

(ઇંદ્રવજ્રા)

ઈલા ! કદી હોત હું દેવબાલ !
તારા ભરી આપત એક થાળ;
એના વડે કૂકડીદાવ સાથે,
બંને રમ્યાં હોત અહો નિરાંતે.
ચાંદો ફરંતો નભથી હું લાવી,
બેનાં રમ્યાં હોત દડો બનાવી;
ને એ દડે હું વીજરેખ બાંધું,
એને ઉછાળી જગવ્યોમ સાંધું.
ને સાતરંગી ધનુવસ્ત્ર ચારુ,
લાવી સજાવું તુજ અંગ ન્યારું;
ને શુભ્ર કીર્તિ થઈ દિવ્ય પંથે,
ઓહો ઊડયાં હોત જ દિગદિગંતે.

ટિપ્પણ અને પ્રશ્નો

૯ **ધનુવસ્ત્ર**–મેઘધનુષરૂપી વસ્ત્ર. ૧૦ **સજાવું**–શોભાવું. ૧૨ **દિગંત**–દિશાનો છેડો.

૧. આ કાવ્યમાં ભાઈબહેનનો નિર્દોષ સ્નેહ કવિએ કેવા પ્રકારે વર્ણવ્યો છે?
૨. ઈલાને એનો ભાઈ આ કાવ્યમાં શું કહે છે?
૩. ભાઈની મહેચ્છા કેવા પ્રકારની છે? કોને માટે છે?
૪. તમે કદાપિ દેવબાલ હો તો તમારી નાની બહેન માટે શું કરો?

—(०)—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝીણાભાઈ દેસાઈ ('સ્નેહરશ્મિ')

['સ્નેહરશ્મિ' નામે સુંદર રાસ અને કાવ્યોના લેખક તરીકે પ્રસિદ્ધ થયેલા રા. ઝીણાભાઈ રતનજી દેસાઈનો જન્મ ચીખલીમાં ૧૯૦૩માં થયો હતો. ઇતિહાસ અને રાજનીતિશાસ્ત્રના વિષયો સાથે એમણે ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતકની પદવી મેળવી. ગૂજરાત વિદ્યાપીઠમાં એમણે થોડો વખત ઇતિહાસના અધ્યાપક તરીકે કામ કર્યું. ૧૯૩૦માં સત્યાગ્રહની લડત શરૂ થતાં એ એમાં જોડાયા. જેલનિવાસ દરમિયાન એમણે ઘણાં કાવ્યો અને વાર્તાઓ લખ્યાં. 'તૂટેલા તાર', 'ગાતા આસોપાલવ' અને 'સ્વર્ગ અને પૃથ્વી' નામે એમના ત્રણ વાર્તાસંગ્રહો પ્રગટ થયા છે. 'અર્ઘ્ય' અને 'પનઘટ' નામે એમના કાવ્યસંગ્રહો પ્રસિદ્ધ થયા છે. હાલમાં શ્રી ઝીણાભાઈ અમદાવાદની એક અગ્રગણ્ય શાળા — શેઠ ચિ. ન. વિદ્યાલય — ના આચાર્ય તરીકે કામ કરે છે.

૧૯૪૭ના ઑગસ્ટમાં આપણે સ્વરાજ્ય મેળવ્યું અને ભારત સરકારે આપણા રાષ્ટ્રધ્વજનું સ્વરૂપ નક્કી કર્યું. તે પ્રસંગે નવા રાષ્ટ્રધ્વજને સંબોધી કવિએ આ કાવ્ય રચ્યું હતું. રાષ્ટ્રધ્વજ પ્રત્યેની ભક્તિભાવના ને ગૌરવ આ કાવ્યમાં સરસ રીતે વ્યક્ત થયાં છે.]

રાષ્ટ્રધ્વજને

ફરક ફરક તું મુક્ત હવામાં
　　ઝંડા, ઊડ તું ઊંચે વ્યોમ;
અમ મસ્તક પર રહે ફરકતો
　　જ્યાં લગી નભમાં સૂરજ–સોમ !
[વૃંદ] ઝંડા મુક્ત વિહર જગ–વ્યોમ,
　　સાથી હો તવ સૂરજ–સોમ !
રહે લહેરાતો હિમગિરિ પર તું,
　　ઊડ તું સાગર–તટે વિરાટ,
કૃષ્ણ–રેવા–તટે ઊડ તું,
　　ઊડ તું, જાહ્નવી-યમુના–ઘાટ ! ઝંડા૦ ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિરંગી છે તવ છાયા શીળી,
    ધર્મચક્ર તવ ઉરે ઉદાર;
અશોક–ગાંધી–સ્વપ્ન ફળે સૌ
    સુણાય જ્યાં તવ ઉર–ધબકાર! ઝંડા૦
શહીદનાં શોણિતથી પોષ્યાં
    વજ્ર સમાં તવ અણનમ અંગ,
કુદૃષ્ટિ કયમ કો વીંધે તુજને
    મહાબાહુ તું અગ્નિ–તરંગ! ઝંડા૦
જગન્નભે હો ધ્રુવ–તારક તું,
    તું હો નૂતન જગનો પ્રાણ,
ઘોર નિશામાં વિશ્વજનોને,
    બનજે તું શિવ–મુક્તિ–ભાણ! ઝંડા૦

ટિપ્પણ અને પ્રશ્નો

૧ મુક્ત–સ્વતંત્ર. **૪ સૂરજસોમ**–સૂરજ અને સોમ (ચંદ્ર) **૫ જગ-વ્યોમ**–જગતના વ્યોમમાં–આકાશમાં; પૃથ્વી પર અને આકાશમાં. **૧૩** અશોક અને ગાંધીજીના સિદ્ધાંતો— અહિંસા સત્ય ને ન્યાયના સરખા હતા. આ ધ્વજ પર અશોકનું ધર્મચક્ર અંકિત થયેલું છે ને એને મૂળ સ્વરૂપે ગાંધીજીએ આપ્યું છે–આ બે મહાત્માઓની આશાઓ આ ધ્વજ દ્વારા ફળતી દેખાય છે. **૧૫ શહીદ**–દેશ, ધર્મ કે સિદ્ધાંત ખાતર જીવનનું બલિદાન આપનાર. અરબી શબ્દ છે. શહાદત–શહીદ થવું તે. **૧૮ મહાબાહુ**–મહા બાહુવાળો–બળવાન. **૧૯** આ જગના નભમાં તું ધ્રુવના તારા જેવો અચળ થા. **૨૧–૨૨** હિંસા, અસત્ય અને અન્યાયના અંધકારમાં તું આ જગતના લોકો માટે કલ્યાણ અને સ્વતંત્રતાનો પ્રકાશ આપનાર સૂર્ય (ભાણ) બન!

૧. ‘આપણો રાષ્ટ્રધ્વજ’ એ વિષય પર એક નિબંધ લખો. રાષ્ટ્રધ્વજનો ઇતિહાસ, એની યોજના અને તે પાછળ રહેલી ભાવના વિષે હકીકત એકઠી કરજો.
૨. પોતાના રાષ્ટ્રધ્વજના ગૌરવ ખાતર શહીદ થયા હોય એવા કોઈ વીર દેશભક્તની કથા ટૂંકમાં કહો.
૩. આ કાવ્યમાં કવિએ રાષ્ટ્રધ્વજ પ્રત્યે કઈ જાતની ભક્તિ–ભાવના દર્શાવી છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. કાવ્યને છેડે કવિએ કઈ જાતની આશા દર્શાવી છે?
૫. બીજા દેશોના રાષ્ટ્રધ્વજો વિષે થોડી માહિતી અને બની શકે તો તેનાં ચિત્રો એકઠાં કરો.

—(૦)—

સુંદરજી ગોકળદાસ બેટાઈ

[શ્રી બેટાઈનો જન્મ દ્વારકા પાસે બેટમાં ૧૯૦૪માં થયો હતો. જ્ઞાતિએ તે ગૂગળી બ્રાહ્મણ છે. માધ્યમિક શિક્ષણ દ્વારકામાં લઈ તેઓ વધુ અભ્યાસ માટે મુંબઈ આવ્યા. એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કરતાં તેઓ સ્વ. નરસિંહરાવના નિકટ સંસર્ગમાં આવ્યા અને તેથી એમની કાવ્યપ્રવૃત્તિને વેગ અને બળ મળ્યાં. ૧૯૩૨માં એમણે એલએલ. બી અને ૧૯૩૬માં એમ. એ.ની પદવી મેળવી. થોડો વખત એમણે પત્રકાર તરીકે પણ કામ કરેલું. હાલમાં મુંબઈની શ્રી નાથીબાઈ દા૦ ઠા૦ મહિલા કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કાર્ય કરે છે.

એમનાં ખંડકાવ્યોનો સંગ્રહ 'જ્યોતિરેખા' સ્વ. નરસિંહરાવના પરિચયલેખ સાથે પ્રગટ થયો છે. એમનાં ઊર્મિકાવ્યોનો સંગ્રહ 'ઇન્દ્રધનુ'ને નામે પ્રગટ થયો છે.

શ્રી બેટાઈનું વલણ વાસ્તવવાદ તરફ નહિ પણ આદર્શવાદ તરફ છે. એમની શૈલી ઘણે ભાગે સંસ્કૃતપ્રૌઢ છે. ટૂંકાં ઊર્મિકાવ્યોના આ યુગમાં સુંદર ખંડકાવ્યો લખી એમણે ગુજરાતી કવિતાસાહિત્યને સમૃદ્ધ કર્યું છે. એમનાં ટૂંકાં કાવ્યો પણ સુંદર અને ભાવમય છે. 'બાની ચીમટી'માં નવી કવિતાનું તત્ત્વ, વિષયની પસંદગી અને આલેખન એ બન્ને દેખાઈ આવે છે.]

બાની ચીમટી

(ખંડ શિખરિણી)

હતો તું તોફાની,
અરે, જિદ્દી માની,
કદિ કદિ મને ખૂબ પજવી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મેંયે રીસે ઘણી ઘણી તને ચૂંટીય ખણી;
સુંવાળા એ ગોરા તુજ વદનની રોશની હણી.

અરે, તું શું જાણે?
હતો તું એ ટાણે
કની ઠમકતો બાલ ભૂલણો,

ઘડી પ્હેલાંનું સૌ તુજ રમતમાં વીસરી જતો,
ફરી મારો ખોળો ભરી હૃદય મારું ભરી જતો.

"મીઠી માડી મારી,
ભરી દૂધે ઝારી
મુજ મુખ ધરીને ઊલટથી

ન શું પાયાં મોઘાં અમૃતઅધિકાં દૂધ દિલનાં?
ન શું છાનાં હેતે નયન ઉર ઉદ્દીપિત કર્યાં?
ન શું નિચોવીને મુજ જીવનમાં જીવન ભર્યાં?
તું તો મારી બા એટલું બસ મને નિત્ય સ્મરવા.

નવ હું સ્મરતો લાત પ્રહરી
અવ વીસરી જા, બા, તું ચીમટી."

ટિપ્પણ અને પ્રશ્નો

૨. **માની**–અભિમાની, માન માગે તેવો. ૫ **રોશની**–તેજ. ૮ **ભૂલણો**–ભુલકણો. ૧૫ **ઉદ્દીપિત**–પ્રકાશિત.

૧. 'બાની ચીમટી' એ કાવ્યમાં કઈ લાગણી દર્શાવવામાં આવી છે?

૨. માતા પોતાના બાળક સંબંધી શો ખ્યાલ રજૂ કરે છે તે તમારા શબ્દોમાં જણાવો.

૩. 'મીઠી માડી મારી' એ ભાવના કાવ્યમાં ક્યાં અને કેવી રીતે આલેખવામાં આવી છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુભાઈ પટેલ–('પ્ર')

(ઈ. સ. ૧૯૦૬–૧૯૪૨)



['પ્ર'ની સંજ્ઞાથી ગુજરાતમાં પીડિતોના કવિ તરીકે જાણીતા થયેલા સ્વ. પ્રભુભાઈ ભીખાભાઈ પટેલ જલાલપોર તાલુકાના પારડીના વતની હતા. ગૂજરાત વિદ્યાપીઠમાં બે વર્ષ અભ્યાસ કરી એ શાંતિનિકેતન ગયા અને ત્યાં સાત વર્ષ રહી એમણે જૈન શાસ્ત્ર અને ટિબેટની પ્રાચીન સંસ્કૃતિનો ઊંડો અભ્યાસ કર્યો. સ્વ. પ્રભુભાઈને અંગ્રેજી, જર્મન, ફ્રેંચ, સંસ્કૃત, પાલિ, ચીની, ટિબેટિયન, ઉર્દૂ જેવી ભાષાઓનો પણ સારો પરિચય હતો. ૧૯૩૦માં સત્યાગ્રહનું રાષ્ટ્રીય આંદોલન શરૂ થતાં તે તેમાં જોડાયા અને બે વર્ષ જેલનિવાસી બન્યા. જેલમાંથી બહાર આવી તે માંદગીને બિછાને પડ્યા અને મૃત્યુ સુધી તે અપંગ રહ્યા. સ્વ. 'પ્ર' મુખ્યત્વે તો એક નવી દૃષ્ટિવાળા કવિ તરીકે જાણીતા છે; પણ તે ઉપરાંત તેમણે નવલકથા, વાર્તાઓ અને નાટકો પણ લખ્યાં છે. અશક્ય વસ્તુને મેળવવા મિથ્યા પ્રયત્ન કરતા માનવીની ભવ્ય આશા અને ઘેરી નિરાશા કવિએ નીચેના ગીતમાં સરસ અને સચોટ રીતે વ્યક્ત કર્યાં છે.]

હૈયાફૂટી

હું તો સાગર ઉલેચવા ગઈ'તી સાહેલડી,
સાગર ગાગરમાં માયા નહિ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાગર ગાગરથી મોટા સાહેલડી,
હૈયાફૂટીએ મેં જાણ્યું નહિ.
હું તો આકાશે ઊડવા ગઈ'તી સાહેલડી,
પંખીની પાંખ મને ફૂટી નહિ;
માનવીને પાંખો ના ફૂટે સાહેલડી,
હૈયાફૂટીએ મેં જાણ્યું નહિ.
હું તો મોતીની દીપલીએ ગઈ'તી સાહેલડી,
મોતીની ચાર મને ભાવી નહિ;
મોતી ચરે રાજહંસો સાહેલડી,
હૈયાફૂટીએ મેં જાણ્યું નહિ.
હું તો ઝાકળને ઝીલવા ગઈ'તી સાહેલડી,
ઝીલ્યાં ઘણાં, એક આખું નહિ;
ઝાકળ ઝાંઝવાંનાં જેવાં સાહેલડી,
હૈયાફૂટીએ મેં જાણ્યું નહિ.
હું તો મેઘધનુ ઝાલવા ગઈ'તી સાહેલડી,
એની કમાન હાથ આવી નહિ;
મેઘધનુ તેજની માયા સાહેલડી,
હૈયાફૂટીએ મેં જાણ્યું નહિ.
હું તો તીર્થોમાં તીરથ ગઈ'તી સાહેલડી,
તીર્થોમાં દેવ કોઈ જોયા નહિ;
ઈશ્વર વસ્યા છે મારા ઉરમાં સાહેલડી,
હૈયાફૂટીએ મેં જાણ્યું નહિ.

—'દીવડિયા'માંથી

ટિપ્પણ અને પ્રશ્નો

હૈયાફૂટી–અવિચારી; કમનસીબ. **દીપલી**–દ્વીપ ટાપુ પરથી, નાનો બેટ. **ચાર**–ચારો, ખોરાક. **ઝાંઝવાં**–મૃગજળ. ૧૯ મેઘધનુષ એ તેજનો આભાસ માત્ર છે–સાચી વસ્તુ નથી, એટલે એને તેજની માયા કહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨ આપણાં તીર્થોના વાતાવરણ ને વસ્તુસ્થિતિ પર અહીં કટાક્ષ છે. ૨૩–૨૪ પોતાની પાસે હોય છે એ વસ્તુને શોધવા માણસ દૂર દૂર ઘણા પ્રયત્નો કરે છે અને છેવટે થાકી, હારી નિરાશ થાય છે.

૧. માનવ કેવી કેવી વસ્તુઓને પામવા પ્રયત્ન કરે છે? એમાં એને સફળતા મળે છે ખરી?

૨. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો:

અ. કવિ મેઘધનુને 'તેજની માયા' શા માટે કહે છે?

આ. તીર્થોમાં દેવ કેમ દેખાયા નહિ?

ઇ. ઝાકળને ઝાંઝવાં સાથે કેમ સરખાવ્યાં છે?

૩. આ કાવ્યનો મધ્યવર્તી વિચાર ટૂંકમાં લખો.

ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર ('સુંદરમ્')

[નવા કવિઓમાં આદરપાત્ર બનેલા અને વિશિષ્ટ પદ પામેલા આ કવિનો જન્મ ભરૂચ જિલ્લામાં આવેલા મિયાંમાતર ગામમાં ૧૯૦૮માં થયો હતો. પ્રાથમિક શિક્ષણ પોતાના ગામની લોકલબોર્ડની સ્કૂલમાં અને માધ્યમિક શિક્ષણ આમોદ અને ભરૂચની રાષ્ટ્રીય શાળાઓમાં લીધું હતું. શ્રી સુંદરમ્ ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક છે. એમણે 'ભાષા-વિશારદ'ની પદવી પ્રાપ્ત કરી છે. હાલમાં તે અરવિંદાશ્રમ, પાંડિચેરીમાં રહી 'દક્ષિણા' નામના ત્રિમાસિકનું સંપાદન કરે છે.

એમની ભાષા સરળ અને અસરકારક છે, એમના કટાક્ષો અને સમાજની કુરૂઢિઓ ઉપર કરેલા માર્મિક પ્રહારો આપણને પ્રાચીન ભક્તકવિઓના ચાબખાની યાદ આપે છે. 'કોયાભગતની કડવી વાણી', 'કાવ્યમંગલા' અને 'વસુધા' એ એમના કાવ્યગ્રંથો છે. કાવ્યપ્રવૃત્તિ માટે એમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત થયો હતો. શ્રી સુંદરમે કાવ્યો ઉપરાંત ટૂંકી વાર્તાના લેખક અને વિવેચક તરીકે પણ નામના મેળવી છે. 'અર્વાચીન કવિતા' નામનો એમનો દળદાર ગ્રંથ કોઈ પણ વિવેચક ગૌરવ લઈ શકે એવો સમૃદ્ધ છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણો

(ઢાળ—મનહર છંદની ઢબનો)

નાગરો થઈને ભલે નોકરીઓ કીધી,
પંડયા પુરોહિત થઈ રસોઈઓ કીધી;
હવનના કુંડે ભલે માટી પૂરી દીધી,
બામણ થઈને ભલે હોટલે ચા પીધી.

તોયે અમે તડ બહાર દીકરી ન દીધી,
ઢેડા અને ભંગિયાની છાંટ નહિ લીધી,
ચિનાઈના કાચમાં તો નહિ ચા જ પીધી,
બામણની આબરૂ ના ભૂંસાવા જ દીધી.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલે અમે જપધ્યાન,
પુણ્ય અને તપ, દાન,
ધરમની સાનભાન,
ભલે ભૂલ્યા બ્રહ્મજ્ઞાન,
ગોરપદું, રસોઇયા; પરબિયા, માગણિયા,
પૂજારી ને વખારિયા, પટાવાળા, કાછિયા,
છાણાં થાપ્યાં,
વેચ્યાં છાપાં,
બ્રહ્માજીનું ટીલું તોય કપાળે જ રાખ્યું,
જનોઈના તાંતણે બ્રહ્માંડ બચાવ્યું.
અમે બધા બ્રાહ્મણોએ ધરમને ધાર્યા,
પૃથ્વીના ભાર ભલે પાપીએ વધાર્યા,
અમે જાપ જપી જપી જજમાન તાર્યા,
દખણાઓ લેઈ લેઈ પુણ્યને વધાર્યાં,
લડી લડી મારામારી,
અભડાતો વટલાતો;
અમે બધા બ્રાહ્મણોએ ધરમ ઉદ્ધાર્યો.

ટિપ્પણ અને પ્રશ્નો

૧૩ પરબિયા–પરબ ઉપર પાણી પાનારા. **૧૪ વખારિયા**–વખાર સાચવનાર.

૧. ગુજરાતે કવિ સુંદરમ્‌ની કદર શી રીતે કરી છે?
૨. આ કાવ્યમાં કવિએ શો કટાક્ષ કર્યો છે? કોના પર આ કટાક્ષ છે?
૩. બ્રાહ્મણનું ઉત્તમ પદ કેટલે દરજ્જે અધોગતિને પામ્યું છે એનો ચિતાર તમારા શબ્દોમાં રજૂ કરો.
૪. 'વાણિયા'નું આવું એક શબ્દચિત્ર આલેખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમાશંકર જેઠાલાલ જોષી

['વિશ્વશાંતિ'નામના નાના કાવ્યગ્રંથથી પ્રથમ જાણીતા થયેલા આ તરુણ કવિનો જન્મ ઈડર સંસ્થાનમાં આવેલા બામણાગામમાં ૧૯૧૧માં થયો હતો. નાનપણથી જ પરિચિત એવા રમણીય ડુંગરાળ પ્રદેશ અને ગરીબ, પછાત જનસમાજના સંપર્કે તેમને પ્રેરણા આપી. માધ્યમિક શિક્ષણ ઈડરની શાળામાં લઈ ૧૯૨૮માં તેમણે મૅટ્રિકની પરીક્ષા આખા ઇલાકામાં ત્રીજે નંબરે આવી પસાર કરી. પછી તેઓ ગુજરાત કૉલેજમાં દાખલ થયા. સત્યાગ્રહની લડત દરમિયાન તેઓ બે વાર જેલમાં જઈ આવ્યા. જેલનિવાસ દરમ્યાન એમણે સારાં પુસ્તકોનું ઠીક અધ્યયન કર્યું હતું. આચાર્યશ્રી કાલેલકરના પ્રત્યક્ષ અને નિકટ સમાગમમાં આવવાનો અનન્ય લાભ પણ એમને મળ્યો હતો. તેમણે ૧૯૩૬માં બી. એ.ની ને ૧૯૩૮માં એમ. એ.ની પરીક્ષાઓ પસાર કરી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં સંશોધનવિભાગના નિયામક તરીકે કામ કર્યા બાદ હાલમાં અમદાવાદથી 'સંસ્કૃતિ' માસિકનું સંચાલન કરે છે. એમનો 'અખો : એક અધ્યયન' નામે અભ્યાસપૂર્ણ ગ્રંથ પણ પ્રગટ થયો છે.

વર્તમાન યુગના અને યુગપુરુષ ગાંધીજીના જીવન અને કાર્યનો સંદેશ અને અર્થ એમણે ઝીલ્યા છે અને 'વિશ્વશાંતિ' દ્વારા ગુજરાતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પ્યાં છે. કાવ્યો ઉપરાંત એમણે એકાંકી નાટકો પણ લખ્યાં છે, જે 'સાપના ભારા'ને નામે પ્રસિદ્ધ થયાં છે. 'ગંગોત્રી', 'નિશીથ', 'આતિથ્ય' અને 'પ્રાચીના' નામે એમના કાવ્યસંગ્રહ પ્રગટ થયા છે. આ ઉપરાંત ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં પણ એમણે 'શ્રાવણી મેળો' અને 'ત્રણ અર્ધું બે' પ્રસિદ્ધ કરી સારી નામના પ્રાપ્ત કરી છે. આજના સાહિત્યકારોમાં રા. ઉમાશંકર પોતાની વિભાવના (Conception) અને આલેખન બન્નેની અપૂર્વતાને લીધે વિશિષ્ટ સ્થાન ભોગવે છે.

'ધોબી' કાવ્યમાં ભાવના અને વાસ્તવિકતાનો ભેદ કવિએ ઘણી જ સચોટ રીતે દર્શાવ્યો છે; અને કવિએ ધોબીના જીવન પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી શ્રમજીવીઓના જીવનમાં ભાવના કેમ નથી ઊતરી શકતી એનું પરોક્ષ રીતે દર્શન કરાવ્યું છે.]

ધોબી

(મિશ્રોપજાતિ)

ટહેલતાં સાબરને કિનારે
વિજ્ઞાનશાસ્ત્રી, કવિ, બે જઈ ચઢચા
ધોબી કને, જે કપડાં પછાડતાં
મહાજનો કોણ ન એ લહી શકચો.
કહે કવિ, 'આ કપડાં ધુએ છે
ત્યાંથી ઊડંતા જલબિંદુશીકરે,
હૈયું કૂદે ઇન્દ્રધનુષ્ય ન્યાળી,
જન્મ્યો હતે જો શત વર્ષ પૂર્વ
તો પામતે હું પદ વર્ડ્ઝવર્થનું.'
વિજ્ઞાની કહે, 'ન્યૂટનની પહેલાં
પાકચો ન ધોબી પણ કોઈ એવો
જે વાત સાદી સમજી શકચો આ :
કે તેજ પાણીકણ આરપાર
જતાં જુદું થાય જ સાત રંગમાં!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વદે કવિ, 'ધોબી જનોય આ ને?'
રામા! કહીને પછી બૂમ પાડી
પૂછ્યું, 'અલ્યા! કામઠું જે તણાય
છાંટા ઊડે તે મહીં રંગ સાતનું
તે તું ઉમંગે નીરખે કદી કે?'
ધોબી બિચારો થઈ મૂઢ, ફાંફાં
મારે, નિહાળી જન આ મહાનને
વાતે વળેલા નિજ ક્ષુદ્ર સંગમાં.
વિજ્ઞાની બોલે, 'તુજ પીઠ સૂર્યની
બાજુ ધરી, ધો કપડાં, અને જો
છાંટા મહીં અદ્ભુત સાત રંગને.'
'માબાપ! એવા કરું જો હું ચાળા,
ઘરે બિચારાં મરી જાય છોકરાં!'
કહે કવિ, 'સુંદરતા પિછાનવા
ઘડીક તો રંગલીલા નિહાળી લે?'
'એ જોઉં તો આ ઢગ ધોઉં ક્યારે?'
મંડ્યો પછી એ કપડાં પછાડવા
ઘાલી ઊંધું, ને બચવા જ છાંટથી
વિજ્ઞાનશાસ્ત્રી ખસી મર્મમાં હસ્યા,
'જો! બાપડો ન્યૂટન વ્યર્થ જીવ્યો,
થૈ શોધ, કે ના, સરખું જ આને!'
હસે કવિ, 'ના ઉર આનું નાચે,
જીવ્યું અરે ફોગટ વર્ડ્ઝવર્થનું!'

ટિપ્પણ અને પ્રશ્નો

૧ **સાબર**–સાબરમતી નદી. ૪ **મહાજનો**–મહાપુરુષો. ૬ **જલબિંદુ-શીકરે**–પાણીનાં ટીપાંની છાંટથી. ૧૭ **કામઠું**–ધનુષ્ય. ૨૨ **ક્ષુદ્ર**–હલકો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. 'ધોબી' કાવ્યનો પ્રસંગ ટૂંકમાં વર્ણવો.
૨. કવિ અને વૈજ્ઞાનિકનાં દૃષ્ટિબિંદુ સમજાવો અને તે સાથે ધોબીનું દૃષ્ટિબિંદુ સરખાવો.
૩. ન્યૂટન અને વર્ડ્ઝવર્થ વિષે માહિતી એકઠી કરો.
૪. પંક્તિ ૨૬–૨૭ વિસ્તારપૂર્વક સમજાવો અને તેનું રહસ્ય દર્શાવો.

પ્રહ્લાદ પારેખ

[શ્રી પ્રહ્‌લાદ જેઠાલાલ પારેખનો જન્મ ૧૯૧૧માં ભાવનગરમાં થયો હતો. 'દક્ષિણામૂર્તિ' અને ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષણ લઈ તે ગુરુદેવ ટાગોરના શાંતિનિકેતનમ દાખલ થયા અને ત્યાં તેમણે ચાર વર્ષ અભ્યાસ કર્યો. હાલમાં તે મુંબઈની મોડર્ન સ્કૂલમાં ગુજરાતી અને ઇતિહાસના શિક્ષક છે. 'બારી બહાર' અને 'સરવાણી' એ બે કાવ્યસંગ્રહો ઉપરાંત 'ગુલાબ અને શીવલી' નામનું એક પુસ્તક એમણે લખ્યું છે. વર્ષાને લગતાં એમનાં ગીતો ઘણાં જાણીતાં ને લોકપ્રિય છે.

'છેલ્લી પૂજા' એ ખંડકાવ્ય કવિવર રવીન્દ્રનાથના એક પ્રસિદ્ધ કથાકાવ્યને આધારે યોજાયું છે; પણ આ કૃતિ એનો અનુવાદ કે રૂપાંતર માત્ર નથી. કાવ્યનો પ્રસંગ અને રહસ્ય કવિવર ટાગોરમાંથી ઉછીનાં લેવાયાં છે, છતાં કાવ્યનાં પ્રકાર અને રીતિ કવિનાં પોતીકાં છે. એટલે આ કાવ્યને રવીન્દ્રનાથની કૃતિનું અનુસર્જન કહીએ તો તે યોગ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાય. આદર્શ કે સિદ્ધાંત ખાતર સત્તાના બળની અવજ્ઞા કરી, પોતાના જીવનનું બલિદાન આપનાર એક ભક્તની કથા આ કાવ્યમાં છે.]

છેલ્લી પૂજા

(અનુષ્ટુપ)

અજાતશત્રુના પુરે રાજઆજ્ઞા ફરી વળી,
"બુદ્ધનો સ્તુપ કો પૂજે મોતની તો સજા ઠરી."

(ઉપજાતિ)

સંધ્યાતણા આર્ત વિલાપ કેરી,
છાયા ઢળે છે જગ શોક-ઘેરી.
વિલાપ કેરા પડઘા સમા આ
ડંકા પડે મંદિર-આરતીના.
ત્યારે ધરીને કર આરતીની
સામગ્રી કો સુંદરી આવતી'તી;
તેણે સુણી શું નવ રાજઆજ્ઞા?
સુણી છતાં વા કરતી અવજ્ઞા?

(મંદાક્રાન્તા)

ધીમાં જેવાં મૃદુલ પગલાં આભ ચંદા ધરે છે,
રે એના એ મધુર અધરે સ્મિત જેવું વહે છે;
ઓષ્ઠે તેવું અવિરત વહે સ્મિત, ને પાય તેવા
દેતી, આવે સ્તુપની કરવા શ્રીમતી આજ સેવા.

(ઉપજાતિ)

નાચી રહી છે નવશિખ આરતી,
નાચંત તેની શતરશ્મિ આંખડી;
કરે ધરેલી ફૂલમાળ કેરી
નાચી રહી સર્વપ્રફુલ્લ પાંખડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(મંદાક્રાન્તા)

ભક્તિભારે નયણ નમણાં સ્તૂપ પાસે ઢળે છે,
પ્રેમાશ્રુ જે સતત વહતાં સ્તૂપ તેથી ધુએ છે;
છાની જાણે હૃદયતણી કો સાથ ગોષ્ઠિ કરે છે,
ઓષ્ઠો તેના મધુર ફરકે મંદ તેવું લવે છે.

(ઉપજાતિ)

છેલ્લી હતી એ નવશિખ આરતી,
ને સ્તૂપકંઠે ફૂલમાળ છેલ્લી,
વાતો હતી અંતિમ સર્વ આજની,
ને આખરી એ પળ જિંદગીતણી.

(અનુષ્ટુપ)

બુદ્ધના સ્તૂપની પૂજા કરંતી જોઈ સુંદરી,
પુરના રક્ષકો કેરી પ્રકોપે આંખ પ્રજ્વળી.

(ઉપજાતિ)

"તેણે સુણી શું નવ રાજઆજ્ઞા ?
સુણી છતાં વા કરતી અવજ્ઞા ?"
કરે ધરી એ નિજ ખડ્ગ આવતો,
આજ્ઞા–અવજ્ઞા નીરખી જળી જતો.
કંપી રહે છે નવશિખ આરતી
ને ધ્રૂજતી સૌ ફૂલમાળ પાંખડી,
નભે બધા તારક થરથરે છે:
નિસર્ગ જાણે ડૂસકું ભરે છે.

(અનુષ્ટુપ)

"ઉલ્લંઘી રાજઆજ્ઞાને કોણ તું સ્તૂપ પૂજતી ?"
જગાડી સુંદરી પૂછ્યું, કોપે વાણીય ધ્રૂજતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બુદ્ધના પાયની દાસી"–સુણતાં અસિ ઊછળે,
નમેલા સુંદરીકેશ આવીને એ પડે ગળે.

(ઉપજાતિ)

શી આરતી વા ફૂલમાળ ત્યાં હવે,
જ્યાં પ્રાણકેરી થઈ પુષ્પમાળ;
ને કાયકેરી થઈ ભવ્ય આરતી,
શિખા સહસ્ર થઈ રક્તધારની!

—'બારી બહાર'માંથી

ટિપ્પણ અને પ્રશ્નો

અજાતશત્રુ– મૌર્યવંશનો એક રાજા, બિંબિસારનો પુત્ર. પહેલાં તે બૌદ્ધ ધર્મનો પ્રખર વિરોધી હતો, પણ પાછળથી તેણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો. જેને કોઈ દુશ્મન નથી તે. મહાભારતમાં આ સંજ્ઞા ધિષ્ઠિર માટે વપરાઈ છે. **સ્તૂપ**–બુદ્ધના અવશેષ પર ઘુમ્મટ જેવું બાંધકામ. બૌદ્ધધર્મીઓ એની પૂજા કરે છે. **આર્ત**–દુઃખી, પીડિત. **નવશિખ**–નવ શિખા (જ્યોત)વાળી. **આજ્ઞા-અવજ્ઞા**–આજ્ઞાની અવજ્ઞા (અવગણના). **૩૩-૩૪**માં તારક અને નિસર્ગમાં જીવનું આરોપણ થયું છે. આવા સજીવારોપણનાં દૃષ્ટાંત આ કાવ્યમાંથી બીજાં પણ મળી રહેશે. **૩૭** શ્રીમતીનો ઉત્તર બહુ ટૂંકો અને સાદો છતાં દૃઢ અને સ્પષ્ટ છે. **૪૦-૪૨** પૂજાનાં સાધનસામગ્રી ગૌણ છે. સાચી પૂજા દેહના સમર્પણથી થાય છે.

૧. આ કાવ્યનો પ્રસંગ આશરે વીસ લીટીમાં લખો.
૨. આ કાવ્યમાંથી તમને જે પંક્તિઓ વિશેષ ગમતી હોય તે બતાવો અને તે ગમવાનાં કારણો દર્શાવો.
૩. આરતી અને ફૂલમાળને બદલે શેનો અર્ઘ્ય શ્રીમતીએ આપ્યો?
૪. બુદ્ધ અને બૌદ્ધ ધર્મ વિષે થોડી માહિતી એકઠી કરો.
૫. આત્મબલિદાનનો આવો કોઈ બીજો પ્રસંગ તમે જાણતા હો તો તે કહો.

———

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રત્નકણિકા

૧

કુલદીપક થવું કઠિન, દેશદીપક દુર્લભ;
જગદીપક જગદીશના, અંશી કોક અલભ્ય.

૨

જનની જણ તો ભક્તજન, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, રખે ગુમાવે નૂર.

૩

ક્ષણભંગુર આ દેહની, જનને મમત અપાર;
પયપરપોટા પેઠ પણ, પળમાં નાશ થનાર.

૪

હલકા જન હલકા રહે, લીએ પલમાં લાજ;
ઉતરાવે છે પાઘડી, માંકણ ભરી સભા જ.

૫

નામ રહંતાં ઠક્કરો, નાણાં નવ રહંત;
કીર્તિ કેરાં કોટડાં, પાડ્યાં નવ પડંત.

૬

જે મારગ કેસરી ગયો, રજ લાગી તરણાં ય;
એ ખડ ઊભાં સૂકશે, નહિ ચાખે હરણાં ય.

૭

કંથા તું કુંજર ચઢ્યો, હેમ કટોરા હથ્થ;
માગ્યાં મુક્તાફળ મળે, (પણ) ભીખને માથે ભઠ્ઠ.

પ્રાચીન

૮

દયા ધર્મકા મૂળ છે, પાપ મૂળ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ, જ્યાં સુધી ઘટમાં પ્રાણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

તુલસી આ સંસારમાં, ભાત ભાતના લોક;
સહુથી હળીમળી ચાલીએ, નદીનાવ સંયોગ.

હિંદી ઉપરથી–તુલસીદાસ

૧૦

તરણા ઓથે ડુંગર રહે, એવો ઉખાણો સરવે કહે;
તરણું તે જીવનો અહંકાર, તે પાછળ રહ્યો કિરતાર.

૧૧

કડવે રોગ કાયાનો જાય, અખા મીઠાણે બમણો થાય;
રોગીને તો કડવું ઘટે, લીમડો પીધે રોગ માંહીથી મટે.

અખો

૧૨

ઉજ્જડ ખેડાં ફરી વસે, નિર્ધનિયાં ધની હોય;
ગયાં ન જોબન સાંપડે, મૂઆ ન જીવે કોય.

૧૩

સિંહમૂછ, ભોરિંગમણિ, કરપીધન, સતી નાર;
(તે) જીવતાં પરકર નવ ચઢે, ત્યમ ક્ષત્રી તલવાર.

૧૪

સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વ્હાણ;
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

૧૫

ડગલે ડગલે ડુંગરા, વિકટ પ્રેમનો પંથ;
કૃપા કરે શ્રીરામ તો સંત પામતા અંત.

સામળભટ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

નથી મૃત્તિકામાં પ્રભુ, નથી પિત્તળમાં પેઠો;
કનકની મૂર્તિ કરે, નથી ઈશ્વર મહીં બેઠો.
નથી ઘોરોમાં પીર, નથી જૈનોને દેરે;
અસલ જુએ નહિ કોય, સઉ નકલો હેરે.

નરભેરામ

૧૭

કઠણ વચન તે કેમ વીસરે, લોઢા સમ હોય તે નીસરે;
ખડગતણો તો સહીએ ઘાય, પણ એ બોલ સહ્યા નવ જાય.

કાલીદાસ

૧૮

દુષ્ટ કર્મ કરનારની, ટકે નહિ મોટાઈ;
દુષ્ટ કર્મ કરવા થકી અનેક દુખડાં ભાઈ.

૧૯

સુખ સ્વતંત્રતાનું મોઘું, મળે શિર સાટે;
રક્તબલિદાન દેવું, કાર્યસિદ્ધિ માટે.

નર્મદાશંકર

૨૦

પૈસાનો વળી પદવીનો, વિશેષ શો વિશ્વાસ ?
રાવણકેરી રિદ્ધિ પણ, પળમાં પામી નાશ.

૨૧

અરે ન કીધાં ફૂલ કેમ આંબે ? કર્યા વળી કંટક શા ગુલાબે ?
સુલોચનાને શિર અંધ સ્વામી, અરે વિધાતા તુજ કૃત્ય ખામી.

૨૨

કોયલ નવ દે કોઈને, હરે ન કોનું કાગ;
મીઠાં વચનથી સર્વનો, લે કોયલ અનુરાગ.

દલપતરામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

રત્નાકર જેવો પિતા, લક્ષ્મી જેવી બ્હેન,
ભિક્ષાટન પણ શંખને, જુઓ ભાગ્યની રહેણ.
જે થવાનું હોય છે, તેવી બુદ્ધિ થાય;
સહાય પણ તેવી મળે, તેવો પણ વ્યવસાય.

૨૪

જાણે અફાળે શિર અશ્મ સાથે, ડૂબે મહાસાગર મધ્ય હાથે;
આંખો છતાં મૂરખ અંધ થાય, તેને કહો શી કરવી સહાય?

દોલતરામ

૨૫

તારાના તેજમાં ચંદ છૂપે નહિ સૂર્ય છૂપે નહિ વાદળ છાયો;
રણે ચઢ્યો રજપૂત છૂપે નહિ, દાતા છૂપે નહિ જાચક આવ્યો.

૨૬

સાપ, કેફ અને જળની રેલ
એ સાથે નવ કરીએ ખેલ.

ભવાઈસંગ્રહ

૨૭

રજનું કરે ગજ, એકનું કરે અબજ;
અજબ કવિની કલ્પના, કદી ન રે' કબજ.

ધીરજકાક

૨૮

કાંઈ લાખો નિરાશામાં, અમર આશા છુપાઈ છે.

મણિલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ;
તારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોચ્છ્વાસ.

૩૦

કાંઈ નથી સુખ સાધન ધનમાં,
સાપ બહુ વસતા ચંદનમાં;
ખરું રૂપ સ્ત્રીનું નથી ખાલડામાં,
ઝવેરી જુએ રૂપ નહિ દાબડામાં

ડાહ્યાભાઈ ધોળશાજી

૩૧

છે માનવી જીવનની ઘટમાળ એવી,
દુઃખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી.

નરસિંહરાવ

૩૨

છે વૈધવ્યે વધુ વિમળતા, બેન! સૌભાગ્યથી કૈં;
છે ભક્તિમાં વધુ વિમળતા, બેન શૃંગારથી કૈં.

કલાપી

૩૩

હસનારાંની સાથે હસવાનું ઘટે,
રડનારાંની સાથે રડવું તેમ જો;
એકબીજાનાં આંસુડાંઓ લૂછતાં,
ઊંચે ચઢશે સ્ત્રી-પુરુષો સૌ એમ જો.

કાન્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪

પ્રભુની પત્રાળી જમી રહી અતૃપ્તિ ન ધરવી,
મહાયાત્રા માંડી નજર વળી પાછી ન કરવી.

બ. ક. ઠાકોર

૩૫

વીજલડી હો ઊભાં જો રહો તો,
ઉરની પૂછું એક વાતલડી રે;
દિનને દિનનાથે અજવાળાં આપિયાં,
અંધારી કેમ કીધી રાતલડી?

૩૬

દેહલગ્નની વિધવાને, પુનર્લગ્ન સમી મુક્તિ નથી;
સ્નેહલગ્નની વિધવાને, પુનર્લગ્ન સમું પાપ નથી.

નાનાલાલ

૩૭

આશા ન હોય કશી તો જીવવું નકામું,
સામા નિશાન વણનું સહુ તાકવાનું.

રમણભાઈ

૩૮

સતત સુખના લ્હાવા લેવા, કસાવું ઘડી ન કાં?
અવનતિ સહી લેવા શાણી, ન ઉન્નતિ માટ કાં?

લલિત

૩૯

અર્પ્યું પ્રભુએ બળ રક્ષવાને,
મૃદુ કૃતિઓ ન વિદારવાને.

નલિન ભટ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦

તુજ જીવન જેવું છે અમારું, મનુજ જીવન એ નહી !
ઉલ્લાસ પહેલાં, પછી નિરાશા, આંસુડાં, નિઃશ્વાસ વા.
ક્ષાર જાણી ક્ષારમાં ચાલ્યા જવું બોલ્યા વિના,
ના આંસુડાં ખેરાય વા પાછા ફરીય જવાય ના.

સ્વ. શરચ્ચંદ્ર મહેતા

ટિપ્પણ

(૭) **ભઠ્ઠુ**–ફિટકાર. (૧૨) **ખેડાં**–ગામ. (૧૩) **કરપી**–કંજૂસ, કૃપણ. (૧૬) **ઘોર**–કબર. **હેરે**–જુએ. (૨૧) **સુલોચના**–સુંદર લોચન (આંખ)વાળી સ્ત્રી. (૨૩) **રત્નાકર**–રત્નનો ભંડાર, સાગર. **રહેણુ**–રહેવાની પદ્ધતિ. (૨૪) **અશ્મ**–પથ્થર. (૩૦) **ખાલડામાં**–ચામડીમાં. (૩૯) **વિદારવાને**–નાશ કરવાને. (૪૦) ૩–જાણવા છતાં, કોઈ પણ જાતની ફરિયાદ વિના દુઃખ વહોરી લેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગદ્યવિભાગ

નર્મદાશંકર

[ઈ. સ. ૧૮૩૩–૧૮૮૬]

(લેખકના જીવનપરિચય માટે જુઓ પદ્ય વિભાગ પૃષ્ઠ ૪૨)

[નર્મદાશંકર મુખ્યત્વે કવિના નામથી અત્યારે જાણીતા છે, પરંતુ સાહિત્યજગતમાં તો તે ગુજરાતી ગદ્યના [પતા તરીકે અમર કીર્તિ પામ્યા છે. નર્મદાશંકર પહેલાં ગુજરાતમાં ગદ્યસાહિત્ય ન હતું. વ્યવહાર માટે ગદ્ય લખાતું ખરું, પણ તેને આપણે સાહિત્યનું અંગ ન ગણી શકીએ. રૂઢ, રમતિયાળ અને સરળ છતાં સુંદર ગદ્ય લખવાનો પ્રથમ પ્રયાસ નર્મદાશંકરે જ કર્યો. ૧૮૬૪માં 'ડાંડિયો' નામનું પાક્ષિક પત્ર કાઢી એમણે આખા ગુજરાતને સચેતન કર્યું. ૧૮૬૫માં 'નર્મગદ્ય' બહાર પડ્યું. સુધારાના ઊછળતા વિચારો શાંત પડ્યા પછી 'ધર્મવિચાર' પ્રગટ કરી પોતાની ભૂલ સુધારી લેવાની જાહેર હિંમત નર્મદાશંકરે બતાવી. ૧૮૬૮માં 'નર્મકોષ' પ્રસિદ્ધ કરી ભવિષ્યના લેખકોનું અને વાચકોનું કાર્ય સરળ કરી ગુજરાતી ભાષાને સ્થાયી સ્વરૂપ આપવાનો પ્રથમ પ્રયાસ નર્મદે કર્યો.

નર્મદાશંકરનાં ગદ્ય અને પદ્ય લખાણ મુખ્યત્વે સુધારાના પ્રચારકાર્ય માટે હતાં. આથી એમનાં લખાણોમાં સમાજસુધારાની ધગશ ચેતન ફેલાવે છે. કાળબળે નર્મદની સર્વ સાહિત્યપ્રવૃત્તિઓ ભુલાય, પણ રૂઢ ગદ્ય લખવાની શરૂઆત કરી ગુજરાતી સાહિત્યની જે અનન્ય સેવા એમણે કરી છે તે માટે ગુજરાત હંમેશ તેમનું ઋણી રહેશે.]

(૧)

સ્વદેશાભિમાન વિષે

અરે ઓ ભાટચારણો ! તમારી કળા ક્યાં ગુમાવી નાખી છે ? રાજાઓને અયોગ્ય રીતે શા વાસ્તે યશના તાડ ઉપર ચડાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દો છો ? નેકીદારો ! તમે રાજાઓના દુર્વિકારો એ નેકી જાણી પોકારો છો ? નીતિમાન લોકોના પ્રતિનિધિ થઈ, રાજાઓને ચેતવો કે રાજા ! અમે તમારા નેકીદાર કહેવાયા ને તમારી નેકી તો કંઈ જ નથી, માટે બદી છોડી દો ને અમને તમારી નેકીને જ પોકારવા દો. નહિ તો થોડે દહાડે તમારે કંગાલ થવું પડશે. કવિઓ અને કારભારીઓ, તમારા ગજવાને ન જુઓ; દેશનો ખજાનો જાય છે એમ વિચારો; રાજાઓની સુસ્તી, તેઓની નામર્દાઈ, તેઓની અવિદ્વત્તા એ ઉપર નિંદાયુક્ત કવિતા રચો, જેથી તેઓ દુભાઈને ચાનક રાખી, કુળનામ બોળ્યાં છે તેને તારે. રાજાઓ જ પોતાનાં દ્રવ્યથી શ્રમ લઈ દીર્ઘ-દૃષ્ટિ દોડાવશે ત્યારે જ હિંદનું નામ ઊંચે આવશે. મહેનત કરતાં મરવાથી કેમ બીઓ છો ? ઓ રજપૂતો ! शूरस्य मरणं तृणम् । કમર બાંધી દેશાટન કરો અને ત્યાંથી નવી યુક્તિઓ લાવી તમારા રાજ્યને સુધારો. તમને મુસલમાનોએ, પીંઢારાએ, બળવાન લોકોએ હેરાન હેરાન કર્યા છે. ઓ હિંદુઓ, તમે કોઈ દિવસ મંડળીમાં મળી એકમત થવાનો વિચાર નથી કીધો ! તમે સુધારાવધારાનાં કામમાં આગળ નથી પડચા. તમે દેશને, રોજગારને, કારખાનાંઓને પ્રખ્યાત કરવાને સ્વપ્નમાં પણ ધાર્યું નથી. તમે અટકે કેમ અટકી રહ્યા છો ? દેશમાં ભાજી-રોટલા મળે તો તે સારું, પણ પરદેશમાં લાખ મળે તો તે ખોટા એમ બોલી સંતોષે કાં રહો છો ? પણ તમારો દેશ એ તો તમારું ગામ ને તમારું કુટુંબ. રે, એ છોડવાની હિંમત ધરી પરદેશ જઈ સન્માર્ગે વિદ્યા, ધન, યશ મેળવી આવી, પછી દેશમાં ઊતરતી વયે ચેનમાં દિવસ ગુજારો. થવાનું તે થશે, દેશમાં ખાઈપીને મોજ કરીએ છીએ એમ કાયરના બોલ બોલીને જ દુશ્મનોને લગાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હઠાવ્યા વિના પાછાં પગલાં તમે કર્યાં છે! તમારો માણસ રૂપે શો હક્ક છે? એકબીજા સાથે, સ્ત્રીબાળક સાથે, સગાંનાતીલાં સાથે ચાલવાની શી નીતિ છે? તમારા ઉપર હાલની સરકારનો શો હક્ક છે ને શી રહેમ છે? દેશનું ભલું તે શું? ને સ્વદેશ-પ્રીતિ તે શું? એ વાતોમાં તમે કેવળ વિચારશૂન્ય છો. પગાર આપી જાથુ લશ્કર રાખવાનો સંપ્રદાય રાજાઓમાં નહોતો. શિરબંદી ઘોડા સરદારોને સોંપેલા હતા. તે સરદારો પોતાના હાથમાં લશ્કર એટલે નિમકહરામી કરવાને ઢીલ નહોતા રાખતા. તમારા રાજાઓને હું પૂછું છું, રૈયતભાઈઓ! શા હક્કથી તેઓએ સો સો રાણીઓ કરી? અને એમ થવાથી જ દેશ પાયમાલ થશે એ પણ અંધાધૂંધીમાં તમને માલૂમ ન પડયું?

સર્વ મહાજનો! વિદ્યાજ્ઞાનમાં સારા માહિત થાઓ. છોકરા અને છોકરીઓને નિશાળે મૂકી ભણાવો. તેઓને સદા જ્ઞાનનું જ ખાજું આપો. મંડળી અને કંપનીએ વેપાર કરો. તમારી રહેવાની સ્થિતિમાં ફેરફાર કરો. રસ્તા ચોખ્ખા કરાવો. વ્યસનોથી દૂર રહો. ખેડૂતો હાલ ઘણા અજ્ઞાન છે. તેઓએ વિદ્યા શીખી ભૂમિ સંબંધી રસાયનશાસ્ત્ર જાણી, ખેતીના કામમાં સુધારો કરવો જોઈએ. યાંત્રિક બળ હસ્તબળ કરતાં ઘણું જ વધારે છે. અસલ થોડા જ લોકો પુસ્તકો વાંચતા અને હમણાં ગરીબ પૈસાદાર સર્વે થોડી કિંમતે ચોપડીઓ ખરીદ કરી વાંચે છે; છાપાયંત્ર ઠામઠામ દાખલ કરો. જોતા જાઓ વિદ્યાનાં ફળો વિલાયતમાં કેવાં થાય છે તે! અહીં નામાંઠામાં ને તોલ-બારદાન અને ચીન વિલાયતની હૂંડીઓના હિસાબ જાણ્યા અને રૂ. ૧૫૦)નું વર્ષાણ લાવતા થયા કે પાર પડ્યા એમ આપણે સમજીએ છીએ. પૂરું ગુજરાતી પણ જાણતા નથી. યુરોપ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમેરિકામાં આપણી દેવભાષા જે સંસ્કૃત તેમાં વેદભાષ્યો તથા કાવ્યો વગેરે ગ્રંથો, ઉલ્લાસ આણી અવલોકન કરવાને તથા શબ્દશાસ્ત્રમાં શોધ કરવાને ત્યાંના મોટા મોટા પંડિતો અહોનિશ શ્રમ લે છે. સંસ્કૃત શીખવાને મોટી મોટી પાઠશાળાઓ છે, પણ હિંદુસ્તાનમાં જ્યાં સંસ્કૃત ભાષાએ મોટા જય મેળવ્યા છે, ત્યાં હાલ એક પણ દિવ્ય પાઠશાળા દેખાડશો ? આપણી સર્વ વિદ્યા તો મૂળ સંસ્કૃતમાં, તેને પ્રાકૃતમાં કરવાને હજી શૂર પુરુષો ક્યાં બહાર પડ્યા છે?

(૨)

મહાપુરુષો

જે પુરુષ કમાતો ને ઘર ચલાવતો હોય તે પોતાના ઘરમાં મોટો કહેવાય છે. જેઓ નાતમાં વધારે વરા કરે છે, જેઓ વધારે અનુભવી અને સમજતા હોય તે શેઠ–પટેલ–પંચ કહેવાય છે. જેઓ દેશના લોકનું પરદેશી શત્રુઓથી રક્ષણ કરે છે ને તેઓના સુખની વ્યવસ્થા રાખે છે તેઓ રાજા, મંત્રી, સરદાર એ નામ મેળવે છે. જેઓ પણ મોટા ધર્મ, સદ્ગુણ એ વિષયમાં વિશેષ છે તેઓ પણ મોટા કહેવાય છે. અર્થાત્ જેઓ પોતાના ગુણકર્મથી વિશેષ આગળપડતા હોય છે તે મોટા પુરુષો છે.

દરેક દેશમાં જુદે જુદે કાળે જુદા જુદા પ્રકારના જુદા જુદા મોટા પુરુષો ઉત્પન્ન થાય છે. એ મોટા પુરુષોમાં કોઈ એવો અથવા એવા હોય છે. તે પોતાના પાછલા કાળના મોટાઓમાં શ્રેષ્ઠ ગણાય છે. તે વેળાએ તેના જેવો અથવા વિશેષ શ્રેષ્ઠ ફરી બીજો ક્વચિત જ જણાય છે. જે વિરલાએ અથાક ઉદ્યોગ અને અખૂટ શક્તિથી મોટાં મોટાં વિઘ્ન—સંકટની સામે ઉપરાઉપરી યુદ્ધો કરી સતેજ મોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જય મેળવ્યા હોય છે—જે અસાધારણ વિજયી હોય છે —તે મહાપુરુષ કહેવાય છે. એમાંના જેઓએ પોતાના જયથી ઘણા ઘણા દેશના લોકોને જાણીતા કર્યા હોય છે, તેઓ જગતપ્રસિદ્ધ મહાપુરુષ ગણાય છે.

મહાપુરુષના ચારિત્રથી શા લાભ છે તે જોઈએ. મહાપુરુષ જે કાળમાં થયા હોય તે કાળનો ઇતિહાસ જાણવામાં આવે છે–તે કાળમાં લોકનાં તન, મન, ધનબળની સમૃદ્ધિ કેવી હતી ને તેઓના સંબંધમાં આવેલાની કેવી હતી તે જાણ્યામાં આવે છે. દેશી લોકો એક વિચારના, ને એક સંપના હતા, કે જુદા વિચારના; ને જો જુદા વિચારના, તો કઈ તજવીજે તે મહાપુરુષે સર્વને એકસરખા વશ કર્યા, તેની અને બીજી ઘણી ઘણી તે કાળની વાતોથી આપણે જાણીતા થઈએ છીએ.

બીજા પ્રકારનો લાભ એ છે કે તે પુરુષ આપણને દૃષ્ટાંતરૂપ ને શિક્ષણીય થાય છે. કેટલાક જણ પોતાના અસાધારણ કર્મથી મહાપુરુષ કહેવાય છે. તેઓનાં કેટલાંક કર્મ (પ્રગટ ને અપ્રગટ) નિંદ્ય હોય છે; તો તેઓના સદ્ગુણ લેવા ને દુર્ગુણ ન લેવા એ જ બોધ તે ચરિત્ર–દર્પણમાંથી સહજ જણાઈ આવે છે. કેટલાકે દીનહીન સ્થિતિમાં ઉત્પન્ન થયા છતાં પણ ઉદ્યમ, સદ્ગુણ ને બુદ્ધિથી નામ મેળવ્યાં છે. કેટલાકે સ્વાર્થસુખનો ત્યાગ કરી પરાર્થ ને પરમાર્થ કરી નામ મેળવ્યાં છે, કેટલાકે શ્રમ ને ત્રાસ વેઠતાં પોતાનો આગ્રહ ન મૂકતાં દેશાભિમાન દેખાડ્યાં છે, ને નવા વિચાર જગતમાં પ્રગટ કર્યા છે. કેટલાકે ઘણી વાર ન ફાવ્યાથી કંટાળો આવ્યા છતાં પણ ઉમંગ આણી ખંતીલા રહી વિદ્યાકળામાં ને અજાણ્યા દેશોમાં જય કર્યા છે. પ્રથમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવી સ્થિતિમાં હતા, કયા ઉદ્યમથી ને કઈ તજવીજે તે પાર પડ્યા ને મોટા પુરુષ કહેવાયા, તે જાણવું થોડું લાભકારી નથી. જે દેશમાં ઘણા મહાપુરુષ, તે દેશની કીર્તિ વિશેષ ને લોકની સ્થિતિ પણ વિશેષ રૂડી હોય છે. હીણી દશામાં આવેલા દેશને ઉત્કર્ષ ઇચ્છવો તો લોકમાં મહાપુરુષની સંખ્યા વધવી જોઈએ. દેશવિદેશમાં મહાપુરુષોનાં ચરિત્ર ઉપરથી શિક્ષા ગ્રહણ કરી મોટાં કર્મો કર્યાથી કેટલાક જણ આગળ પડે છે ને અનુકૂળ પ્રસંગ સાધી મહાપુરુષોમાં પોતાની ગણના કરાવે છે.

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **નેકીદાર**–વખાણ–જાહેરાત કરનાર. **અવિદ્વત્તા**–અજ્ઞાન (અ–નહિ; વિદ્વત્તા–પંડિતાઈ) **નિંદાયુક્ત**–નિંદાથી ભરેલી. **શૂરસ્ય મરણં તૃણમ્**–બહાદુર માણસને મરણ તણખલા તુલ્ય લાગે છે (સરખાવો–" રણ તો ધીરાનું ધીરાનું "). **અટકે કેમ અટકી રહ્યા છો ?**–અટક—નડતર, મુશ્કેલી, સીમા.

સરખાવો—" અટકે અટકી રહી જ્ઞાન સંપન્ન ન વધાર્યાં;
દેશાટનથી લાભ થતા ઝાઝા અટકાવ્યા."
" સાહસે જાઓ પરદેશ બીક નવ રાખો."

(૨) **રહેમ**–(ફા.) દયા. **શિરબંદી**–કિલ્લા અને શહેરોના રક્ષણ માટે રાખેલા. **ખાજું**–ખાવાનું. **વર્ષાણુ**–(વર્ષાસન ઉપરથી) વાર્ષિક આવક કે કમાણી. **વિરલા**–(સં. विरल ઉપરથી) કોઈક. **પ્રાકૃત**–સંસ્કૃતમાંથી ઉત્પન્ન થયેલી ભાષા.

(૨) **સમૃદ્ધિ**–આબાદી, સંપત્તિ. **શિક્ષણીય**–શિક્ષણ આપવા યોગ્ય. **ઉત્કર્ષ**–ઉન્નતિ, આબાદી. **શિક્ષા**–બોધ.

૧. 'સ્વદેશાભિમાન' વિષે લખતાં નર્મદાશંકર પોતાના દેશભાઈઓને શો ઉપદેશ આપે છે ?
૨. ભાટચારણોને કવિ શા માટે અને શો ઠપકો દે છે ?
૩. વિદ્યાભ્યાસની તરફેણમાં લેખક શું કહે છે ?
૪. કવિ નર્મદાશંકર 'મહાપુરુષ'નાં કયાં કયાં લક્ષણો ગણાવે છે ?
૫. મહાપુરુષનાં ચરિત્ર વાંચવાથી વાંચનારને શા ફાયદા થાય છે ?
૬. તમે મહાપુરુષ કોને ગણો ? એવા કોઈ મહાપુરુષના જીવન વિષે વિસેક લીટી લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દલપતરામ

[ઈ. સ. ૧૮૨૦–૧૮૯૮]

(લેખકના જીવનપરિચય માટે જુઓ પદ્યવિભાગ પૃષ્ઠ ૪૫)

[દલપતરામ મુખ્યત્વે તો કવિ તરીકે જાણીતા છે; પણ સમાજ-સુધારણાની ધગશથી પ્રેરાઈ એમણે ઘણા લેખો લખ્યા છે. આ જ હેતુથી પ્રેરાઈ એમણે ૧૮૬૯માં 'મિથ્યાભિમાન' નાટક રચ્યું અને તે સમયમાં તે ઘણું લોકપ્રિય નીવડ્યું. આ નાટક માટે કવિને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી ઇનામ પણ મળ્યું હતું.

આ નાટક લખાયું તે અરસામાં જ આપણે ત્યાં નાટ્યસાહિત્યની શરૂઆત થઈ હતી. તે પહેલાં આપણે ત્યાં 'ભવાઈ' હતી પણ તેમાં રહેલું બીભત્સ તત્ત્વ સંસ્કારી જનસમાજને રુચતું ન હતું. અર્વાચીન નાટકના વિકાસ સાથે એને ઝાઝો સંબંધ નથી. રંગભૂમિની સ્થાપના માટે ગુજરાત ઘણે અંશે મરાઠી નાટક કંપનીઓનું આભારી છે. ગુજરાતમાં આ દિશામાં કેટલાક પારસી ગૃહસ્થોના પ્રથમ પ્રયત્નો સ્તુત્ય હતા. રણછોડભાઈ તથા ડાહ્યાભાઈ ધોળશાજીએ પણ આપણાં નાટ્યસાહિત્ય અને રંગભૂમિને વિકસાવવા અથાગ મહેનત કરી છે. પ્રથમ ગુજરાતી નાટક ('લક્ષ્મી નાટક' ઈ. સ. ૧૮૫૧) કવિ દલપતરામે રચ્યું, પણ નાટ્યસાહિત્ય-સર્જનનું ખરું માન તો રણછોડભાઈને જ ઘટે છે. 'મિથ્યાભિમાન' નાટકમાં — અર્વાચીન દૃષ્ટિએ — નાટકનું તત્ત્વ જોઈએ તેટલું નથી. પણ આપણા નાટ્યસાહિત્યના વિકાસના ઇતિહાસની દૃષ્ટિએ આ નાટક મહત્ત્વનું છે. લેખકની સમાજસુધારણાની ભાવના એમાં વ્યક્ત થાય છે અને તે સાથે તે સમયના સમાજનું આપણને કંઈક દર્શન પણ થાય છે.

'સૂંઠને ગાંગડે ગાંધી' થઈ બેસનાર મિથ્યાભિમાની પ્રત્યેક સમાજમાં પ્રત્યેક કાળે હોય છે. વિદ્યા, ધન કે ગુણનું મિથ્યાભિમાન હાનિકારક છે અને છેવટે એવા મિથ્યાભિમાનીની ફજેતી જ થાય છે — એ દર્શાવવાનો લેખકનો હેતુ છે. "સુપાત્ર માણસ જેમ જેમ ગુણ મેળવતો જાય તેમ તેમ નમ્રતા વધારે રાખતો જાય, અને હલકાં માણસો જ છકી જાય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મિથ્યાભિમાન' એ એક નિર્દોષ પ્રહસન (Farce) છે. શ્રોતાઓને હાસ્ય દ્વારા ઉપદેશ આપવાનો લેખકનો હેતુ છે. જીવરામભટ્ટ જેવા—પોતાના દોષ છુપાવવા જતાં—કેવી રીતે હાસ્યપાત્ર બને છે અને હાથે કરી મુશ્કેલી વહોરી લે છે, એ દર્શાવી લેખકે પોતાનો હેતુ આ પ્રહસનમાં સાધ્યો છે.]

'મિથ્યાભિમાન નાટક'માંથી

રંગલો—જીવરામભટ્ટ આવ્યા. જોજો ભાઈ, જીવરામભટ્ટ આવ્યા; લાકડી કર લાવ્યા, જોજો ભાઈ જીવરાભટ્ટ આવ્યા. તાથેઈ, તાતાથેઈ, તતથેઈ....

[રંગલો નાચે છે. જીવરામભટ્ટ આવે છે.]

રંગલો — કેમ છે, જીવરામભટ્ટ?

જીવ — (ડોક વાંકી કરીને) કોણ એ!

રંગલો— જાઓ મારા સાહેબ, નથી ઓળખતા કે શું?

જીવ — કાંઈ ઓળખાણ પડી નહિ.

રંગલો — આપણે બે નજદીકના સગા છીએ, તોપણ તમે ઓળખતા નથી, એ તે કેવી વાત છે?

જીવ—આ અમારા સસરાના ગામની સીમમાં તે અમારું નજદીકનું સગું કોણ છે? શું તું અમારો મશિયાઈ ભાઈ, મોળાઈ ભાઈ, પિત્રાઈ ભાઈ, નાનાભાઈ કે ગામભાઈ છે?

રંગલો—અરે! એ તો બધા દૂરના સગા કહેવાય. આપણે બે તો અડીને સગા છીએ.

જીવ — અડીને?

રંગલો — હા, અડીને. એક તસુનું પણ છેટું નહિ.

જીવ— અડીને સગા તે કેવા?

રંગલો — આપણે બંને 'સગા' મિજાજભાઈ છીએ. હવે ઓળખ્યો કે નહિ?

જીવ— મિજાજભાઈ કોને કહેવાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગલો — જેમના મિજાજ મળતા આવે તે મિજાજભાઈ કહેવાય. કદાપિ સગા માના જણ્યા ભાઈઓ હોય, પણ તેમના મિજાજ મળતા ન આવે, તો લડીને કપાઈ મરે છે. પણ જો પરનાતવાળા સાથે કે પરદેશી સાથે મિજાજ મળતો આવે તો જીવજાન દોસ્તી બંધાય છે. માટે જગતમાં મિજાજભાઈની સગાઈ જેવી બીજી એકે સગાઈ નથી. કહ્યું છે કે —

(શાર્દૂલવિક્રીડિત)

જોગી જોગીની પાસ વાસ વસશે, ભોગી જ ભોગી કને,
બંધાણી જનને જરૂર જગમાં, બંધાણી સાથે બને;
પાપી પાપી વિષે જ પ્રીત કરશે, ધર્મિષ્ઠ ધર્મી વિષે,
મિથ્યા સર્વ સગાઈ ભાઈ, ભવમાં, સ્વાભાવી સાચી દીસે.

જીવ — હા, એ તો ખરી વાત છે.

રંગલો — પણ જીવરામભટ્ટ, તમારે જવાનું ક્યાં છે?

જીવ — અહાહાહા! આજ તો સાસરે જઈને સાસુના હાથની રસોઈ જમવી છે. આડોશીપડોશીઓની બાઈડીઓ કહેશે જીવરામભટ્ટ આવ્યા! જીવરામભટ્ટ આવ્યા! (કૂદીને હાથનાં લટકાં કરે છે.) વાહ! સાસરિયાનું સુખ!

(શાર્દૂલવિક્રીડિત)

સૌ આપે સનમાન, દાન વળી જ્યાં, મિષ્ટાન્ન મેવા મળે,
સાસુ સ્નેહ સહિત શબ્દ ઊચરે, ત્યાં તાપ ત્રૈણે ટળે;
સાળાની વહુ, સાળીઓ હળીમળી હેતે કરે હાસ્ય રે,
સ્વર્ગાવાસ સમાન સર્વ સુખ તો સંસારમાં સાસરે.

રંગલો — તમારી સાસુ હોંશીલી હશે.

જીવ — અરે સાસુયે હોંશીલી જોઈએ; અને આપણામાં પણ કાંઈ રૂપ, રંગ અને ગુણ જોઈએ; તો જ સાસરામાં વહાલા લાગીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગલો — રૂપ ને રંગ તો તમારામાં પરજાપતિના હાથીના જેવાં છે. વારુ, આગળ ચાલો. મારે પણ તે ગામ તરફ જ આવવું છે.

જીવ — (આગળ ચાલતાં થોડાંક પગલાં ભરી-મનમાં) અરે રામ! આ બે જુદા રસ્તા ફાટચા તેમાં મનસાપુરીનો રસ્તો કયો હશે? હવે જો કોઈને પૂછીએ તો અજ્ઞાની ઠરીએ.

રંગલો — ભટ્ટ કેમ ઊભા રહ્યા?

જીવ — આ બે રસ્તા ફાટચા. એક આમ જાય છે. અને બીજો આમ જાય છે. તેમાં મનસાપુરીનો રસ્તો કયો હશે? અમારે કયે રસ્તે જવાનું તે તું જાણતો હોય તો કહે જોઈએ!

રંગલો — તમે રસ્તો ભૂલી ગયાથી પૂછો છો કે મારી પરીક્ષા લેવા પૂછો છો?

જીવ — અમે તો કાંઈ રસ્તો ભૂલી ગયા નથી; પણ તું જાણે છે કે હું જ ડાહ્યો છું. ત્યારે તું રસ્તો જાણતો હોય તો કહે જોઈએ.

રંગલો — તમે નથી ભૂલ્યા, ત્યારે તમારે પૂછવાની શી ગરજ છે? જાઓને એ જ રસ્તો.

(ઇન્દ્રવજ્રા)

બીછે ન પોતે પણ પૂછવાથી,
લાજે દિલે શિષ્યપણે થવાથી;
પૂછે ગુરુ થૈ મનમર્મ લેવા,
મિથ્યાભિમાની નર દંભી એવા.

જીવ — એમાં તું શું કહેતો હતો? આ જ રસ્તો છે તો. અમે ક્યાં અજાણ્યા છીએ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગલો — ઠીક છે; જાઓ. (પડદા ઓથે સંતાઈ જાય છે.)

જીવ — (આગળ ચાલતાં) અરે! આ તો ખેતરાઉ રસ્તો જણાય છે. ચાલ જીવ, પાછા ફરીએ. (પાછો ફરે છે.) અરે, આ તો જાળાં અને કોતરો આવ્યાં. પેલો રસ્તો પણ હાથથી ગયો, (ત્રણ ચાર વાર આઘો જઈને) અરે, આ ઠેકાણેથી મિજાજભાઈ અને આપણે જુદા પડ્યા હતા. તે આ જમણે રસ્તે ગયો, અને આપણને તે લુચ્ચાએ ડાબે રસ્તે ચડાવ્યા. આપણે તેને શિષ્યભાવે પૂછ્યું નહિ, તેથી તેણે અવળો રસ્તો બતાવ્યો. વારુ, આપણે એટલા હેરાન થયા એ જ કે કાંઈ બીજું? પણ વળી બંદા કોઈના શિષ્ય થાય કે? (થોડે આગળ ચાલીને વિચાર કરે છે.) અરે પ્રભુ! હવે શું કરીશું? મેં તો જાણ્યું હતું કે દહાડો છતાં સસરાને ઘેર જઈને બેસીશું. પણ ઠગે અવળો રસ્તો બતાવ્યો; તેથી વગડામાં ગોથાં ખાધાં. છેવટે રસ્તો તો જડ્યો, પણ હવે દહાડો આથસવા આવ્યો. અને ગામ તો હજુ દોઢ ગાઉ રહ્યું છે. પેલો મિજાજભાઈ પણ જતો રહ્યો. આજ પૂરી ફજેતી થવાની. હવે કોઈ દહાડો એકલો સાસરે આવું નહિ. કોઈ સાથે હોય તો તેનો હાથ ઝાલીને ચાલ્યા જઈએ તે કોઈ જાણે નહિ. આજ સુધી આપણે એવી હોશિયારીથી આપણું કામ ચલાવ્યું છે કે હજી સુધી જગતમાં કોઈને ખબર પડી નથી કે જીવરામભટ્ટ રાતે દેખતા નથી, પણ આજ ફજેતી થાય એવું જણાય છે.

[બીજલ રાયકો પડદામાંથી નીકળીને ચાલ્યો આવે છે. એણે કાળો કામળો ઓઢ્યો છે, માથે ફાળિયું બાંધ્યું છે ને ખભે ડાંગ છે. ભેંસોના ટોળાને બોલાવતો હોય તેમ લાંબો હાથ કરીને બૂમો પાડે છે — 'આહે ! ! ! ઉ ઉ ઉ ! ! !' બીજી બાજુથી પાડી લઈને પાંચો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
રાયકો આવે છે ને બૂમ પાડે છે. —'એ ! ! ! બીજલ, બીજલ, બીજલ હે ! ! ! ઉ ઉ ઉ ! ! !']

બીજલ — (પાંચાને જોઈને અલ્યા શું કેસ? પાંચા શું કેસ? હાલ્ય, ઉતાવળો હાલ્ય.

પાંચો — (પાસે જઈને) અલ્યા, તારી ભેંહો ક્યાં સે?

બીજલ — એ ઉફરાંટે મારગે થઈને ગામની ભાગોળે પૂગી હશે. તારી ભેંહો ક્યાં સે?

પાંચો — મારી ભેંહો મહાણિયા માધેવ કને પૂગી હશે. અલ્યા! ઓલ્યો ભરામણ આવે સે, તેને ઓળછ્યો કે?

બીજલ — ના રે, હું તો એને ઓળખતો નહિ.

પાંચો — આપણા ગામમાં ઓલ્યો રઘનાથભટ્ટ રેસે ને તેનો ઇ જમાઈ સે. હવે ઓળછ્યો કે નહિ?

બીજલ — હા, હા. ઓલ્યો રતાંધળો જીવરામભટ્ટ કે?

પાંચો — હાં, એ જ જો! ભલો ઓળછ્યો અલ્યા, ભલો ઓળછ્યો!

બીજલ — તે બસારો રાતે તો આંખે સુદ્દલ ભાળી હકતો નથી. તારે શી રીતે એના હહરાના ઘરે જઈ હકશે?

પાંચો — હાલ્ય, આપણે એનું બાવડું ઝાલીને એના હહરાને ઘરે પુગાડીએ. ભલા, ભરામણનો દીચરો સે. આપણુને ધરમ થાહે.

બીજલ — રઘનાથભટ્ટે દીચરીનો ભવ બગાડ્યો સે. રૂપરૂપના અવતાર જેવી સે, તીને રતાંધળો વર જોયો.

પાંચો — રઘનાથભટ્ટ શું કરે? વધાત્રાના લેખ જ એવા હશે.

[પડદા પાછળથી રંગલો નીકળે છે.]

રંગલો — ખરેખર, વિધાતાનો જ વાંક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
(ઉપેન્દ્રવજ્રા)

અરે ન કીધાં ફૂલ કેમ આંબે?
કર્યાં વળી કંટક શા ગુલાબે?
સુલોચનાને શિર અંધ સ્વામી,
ખરે વિધાતા તુજ કૃત્ય ખામી.

પાંચો — જીવરામભટ્ટ, પજે લાગું, પજે લાગું.

જીવ — કોણ એ?

પાંચો — અરે જીવરામભટ્ટ, મને ન ઓળછયો? એ તો હું પાંચો રાયકો.

જીવ — આવો રાયકા, આસરવાદ, આક્ષરવાદ

બીજલ — જીવરામભટ્ટ, અતારે અહૂરી વેળાના તમે ચ્યાંથી આવ્યા?

જીવ — એ કોણ? બીજું કોણ છે?

બીજલ — એ તો હું બીજલ.

જીવ — લો ઠીક થયું, ઠીક થયું. અસૂરી વેળાના કોઈ લૂગડાંબૂગડાં લઈ જાય માટે અમે ફિકર કરતા હતા. અમને રસ્તામાં એક ઠગે ભૂલા પાડચા તેથી અસૂર થઈ ગયું.

બીજલ — તમે રાતે દેછતા નથી? રતાંધળા છો કે?

પાંચો — બોલ મા. બોલ મા. એને રીહ સડશે. તને બોલતાં આવડતું નથી. કહ્યું સે કે —

(દોહરો)

અંધાને અંધો કહે, વરવું લાગે વેણ;
ધીરે ધીરે પૂછીએ, શાથી ખોયાં નેણ?

જીવ — (ગુસ્સે થઈને) કોને, મને રતાંધળો કહ્યો? તું રતાંધળો! તારો બાપ રતાંધળો! તેનો બાપ અને તેનો બાપ રતાંધળા હશે. [પથરો શોધે છે ને મારવા જાય છે.]

[સા. રત્ન ભા. ૧-૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચો — (જીવરામનો હાથ ઝાલતાં) હં! હં! અરે જીવરામભટ્ટ, એ તો નાદાન માણસ છે. તમેયે શું. . .

જીવ — અલ્યા, તું અમને કોણ કહેનારો? અમારું ઘર શું જેવું તેવું છે? અમારા ગામમાં બીજા બ્રાહ્મણો તો પછીથી રખડતા આવીને રહેલા. અને અમારું ઘર તો અસલનું છે. અમે હજાર રૂપિયા ખરચીને દીકરીઓ સારે સારે ઘેર પરણાવીએ છીએ. અગનોતરા કાળમાં અમારો બાપ મરી ગયો, ત્યારે એક રૂપિયાનું સવાશેર ઘી મળતું હતું તોપણ અમે કરજે રૂપિયા કાઢીને ત્રણ દહાડા સુધી બ્રહ્મણોને લાડવા જમાડ્યા હતા. તારા બાપ પછવાડે તેં શું કર્યું હતું? બોલ! બતાવ!

પાંચો — જીવરામભટ્ટ, એમ રીહ સડાવીએ નહિ. મરેને કેતો, એના કેવાથી શું થવાનું સે!

જીવ — અલ્યા! અમારો બાપ વર્ષોવર્ષ શ્રાદ્ધ કરતા હતા, તે દહાડે સો સો બ્રાહ્મણોની પંગત થતી હતી. અમે જેવા તેવા નથી.

બીજલ — 'મારે મોગલ અને ફુલાય પીંજારા,'— તેમ તમારો બાપ પૈસાદાર હતો, તેથી તમે આટલી બધી ફૂલ શેની મારો સો?

રંગલો — (સ્વગત)

(દોહરો)

લટકે ઊંધે મસ્તકે, વડ-ડાળે વાગોળ;
મન જાણે મેં પગ વડે, રાખ્યો ખાલી ખગોળ.

જીવ — અરે, અમે પણ એના એ છૈએ. બારસેં બારસેં રૂપિયા ખરચીને ઊંચા કુળમાં દીકરીઓ પરણાવીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજલ — (પાંચાને) આ ખરી વાત હોશે? એની પાંહે દહ વીહ હજાર રૂપિયાની મૂડી હશે?

પાંચો — એના બોલવા પરથી જણાય સે કે કાંઈ નથી. જેની પાહે ધન કે વદ્યા હોય તે આમ ફુલાય નહિ.

રંગલો — (સ્વગત)

(દોહરો)

જે પાસે જન પૂર્ણતા, તે ન કદી ફુલાય,
પૂરો ઘટ છલકાય નહિ, અધૂરો ઘટ છલકાય.

બીજલ — ખરેખરો ફૂલણજી સે.

રંગલો — રતાંધળો !! રતાંધળો !! (એમ કહેતાં નાસી જાય છે.)

જીવ — ઊભો રહે બદમાશ (મારવાનો અભિનય કરે છે.)

બીજલ — તમે ખિજાઓ સો હું કરવા? હું તો કેતો નથી; પણ બીજા લોકો કેતાતા કે જીવરામભટ્ટ રાતે દેછતા નથી.

જીવ — કોણ કહેતું હતું?

બીજલ — અમારા ગામનો એક ભરામણ કેતોતો.

જીવ — કહેનારનો બાપ રતાંધળો હશે. અમે તો રાતે લખવા બેસીએ તો ત્રણસેં શ્લોક લખી નાખીએ છીએ. જો બીજા કોઈએ અમારે મોઢે કહ્યું હોય તો ત્રાગું કરીએ અને માથું ફોડીને તેને લોહી છાંટીએ. પણ તમને શું કરીએ?

પાંચો — રીહ સડાવીએ નૈ. હોય, હાહરીમાં જઈએ તો કોઈ મહકરી કરે, ટોળ કરે તો મોટું પેટ રાછીએ.

બીજલ — હાહરાની સેરીનું કૂતરું કરડવા આવે તોય હડે કહીએ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવ — તમે અમારા સાસરાના ગોવાળ છો માટે જ અમે સાંખી રહીએ છીએ. નહિ તો અમે લગારે સાંખી રહીએ એવા નથી.

પાંચો — હાલો, ઉતાવળા હાલો. અમારી ભેંહો જાતી રેહે. હવે તો રાત પડવા આવી.

જીવ — રાયકા, લાવો જોઈએ તમારો હાથ જોઉં.

પાંચો — મારા હાથમાં હું જોહો ?

બીજલ — મારગ હું જતો નથી ને ફાંફાં મારતોહાલેસે, માટે તારો હાથ ઝાલીને હાલવું હોશે.

જીવ— તમને એવો વહેમ હોય તો અમારે તમારા હાથની કાંઈ ગરજ નથી. અમે તો એનું નસીબ કેવું સે તે જોવા સારું હાથ દેખાડવાનું કહીએ છીએ.

પાંચો — જુઓ જીવરામભટ્ટ, મારું નસીબ ચેવું સે વારુ ?

જીવ — આ અનામિકા, એટલે ત્રીજી આંગળીના ઉપલા વેઢા કરતાં છેલ્લી આંગળી વધારે લાંબી છે. માટે તમે તમારા બાપ કરતાં વધારે સકરમી છો.

બીજલ — ખરેખરું કીધું અલ્યા ! તારા બાપની વખતમાં આટલી ઘરાકી તમારે ચાણે હતી ?

પાંચો — આ ગામની પછવાડે ઘરાં સે, તેના દીવા દેખાણા.

જીવ — હા, ખરા. કેવા સારા દીવા શોભે છે ? જુઓ.

બીજલ — જીવરામભટ્ટ, એ બે દીવા તમે દેખો સો કે ?

જીવ — હા. એક આ રહ્યો ને એક આ રહ્યો., (બીજી તરફ બતાવે છે.)

પાંચો — એણી મેર દીવા ચ્યાં સે ? દીવા તો આમ દેખાય સે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવ—હા, હા. હું પણ એ જ તરફ કહું છું તો. અને પેલો ઝીણો દીવો વેગળો દેખાય છે; તે સુધ્ધાં ત્રણ દીવા અમે દેખીએ છીએ.

પાંચો—(બરાબર જોતાં) બે દીવા તો હું દેખું સું; પણ તીજો દીવો તો આટલામાં ક્યાંય દેખાતો નથી.

જીવ—આ તરફ જુઓને. એ રહ્યો ત્રીજો દીવો.

રંગલો—(આવીને–હળવેથી) એના બાપનું કપાળ. ચાલતાં તો અડવાડિયાં ખાય છે, એટલે હાથ ઝાલીને ચાલે છે; ને પાછો ખાલી ઢોંગ કરે છે.

બીજલ—હાલ પાંસા, આપણે ઝટ ઘરે જઈએ. એ તો અથડાતો અથડાતો આવહે.

પાંચો—(જીવરામને) હવે અમે તો ઉતાવળા ઝટ ઘરે જાહું.

જીવ—અમારા સસરાની ભેંસ ટઈ? અમને દેખાડો તો ખરા. જોઈએ તમે ચરાવીને કેવી તાજી કરી છે?

પાંચો—ભેંહ તો આગળ જઈ. પણ આ તમારા હહરાની પાડી સે તે જુઓ.

જીવ—ક્યાં છે? ક્યાં છે? (ફાંફાં મારે છે.)

પાંચો—(પાડી પાસે લઈ જઈ) એ આ રહી. જુઓ, સે માતેલી?

જીવ—વાહવાહ! અલ્યા પાડી તો સારી છે હો!

[પાડીનું પૂછડું પકડીને ચાલે છે. પગ આડાઅવળા પડે છે.]

પાંચો—તમારા હાહરાને ઘરે તમને પુગાડીએ?

જીવ—ના રે, મને પહોંચાડવાની કાંઈ જરૂર નથી. હવે તમારે ઉતાવળા જવું હોય તો જાવ. ગામ ઢૂંકડું આવ્યું છે માટે હવે કોઈ લુગડાંબૂગડાં લઈ જાય એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીક નથી. (સ્વગત) અને હવે તમારી અમારે લગારે ગરજ નથી.

પાંચો—(બીજલને) મારગને અડખે પડખે ઊંડો ખાડો સે, તેમાં જવાની પાડીને ટેવ સે, માટે તેમાં પડસે તો બચારા ભરામણને વાગસે.

બીજલ—ભોગ એના, એમાં આપણે સું કરીએ? (બંને જાય છે.)

રંગલો—

(ઉપજાતિ)

મિથ્યાભિમાની શિર દુઃખ આવે,
કદાપિ લોકો કરુણા ન લાવે;
જો સર્પને કાંઈ બિલાડી બાઝે,
દેખી ઘણા લોક દિલે ન દાઝે.

જીવ—હવે ઠીક થયું. આ પાડીનું પૂંછડું પકડીને ચાલ્યા જઈશું. એટલે ઠેઠ સસરાને ઘેર જઈને ઊભા રહીશું; અને વળી કહીશું કે આ તમારી પાડી વગડામાં જતી રહેતી હતી તે અમે હાંકી લાવ્યા. નહિ તો તેને કોઈ લઈ જાત કે વાઘ મારી નાખત.

રંગલો—(તેની ચાલ જોઈને) આંધળો તો આંધળો, પણ વળી લૂલોય દેખાય છે.

[પાડી ખાડામાં ઊતરતાં જીવરામભટ્ટ પડે છે ને વાગે છે.]

જીવ—અરરર, હાડકાં ભાંગી ગયાં! હાય! હાય! આજ કોઈ નઠારાનું મોં જોયેલું, તેથી હેરાન થયા. પેલા મિજાજભાઈને શિષ્યભાવે રસ્તો પૂછ્યો નહિ, તેથી જરા રાત પડી ગઈ અને આટલી પીડા ભોગવવી પડી. અરે! ગોવાળ સાથે ગયા હોત તોપણ ઠીક હતું. હશે, હવે પાઘડી તો સવારે શોધી કાઢીશું. જે થયું તે ઠીક જ થયું.
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાતની રાત અહીં સૂઈ રહીશું. દહાડો ઊગશે એટલે તો આપણે સાત પાદશાના પાદશાહ છીએ.

[ખાડામાં જ હાથને ટેકે સૂઈ જાય છે.

રંગલો —

મેલ મિથ્યા અભિમાન, મનવા મેલ મિથ્યા અભિમાન;
મન મિથ્યા અભિમાન ધરે તે નર કહીએ નાદાન—મનવા૦

[રંગલો ગાતો ગાતો જાય છે. પડદો પડે છે.]

[અંક પહેલો — પ્રવેશ બીજો]

ટિપ્પણ અને પ્રશ્નો

તા થેઈ...–નાચવાના તાલના બોલ. **મોળાઈ ભાઈ**–મામાનો દીકરો. **અંધાણો**–વ્યસની. **સ્વાભાવી**–સ્વભાવની. **તાપ ત્રૈણે**–ત્રણ તાપ; ત્રિવિધ તાપ–તાપત્રય; આધિ, વ્યાધિ અને ઉપાધિના સંતાપ. **પરજાપતિના હાથી**–પ્રજાપતિ (કુંભાર)નો હાથી, ગધેડો; કટાક્ષમાં આ પ્રયોગ વપરાયો છે. **શિષ્ય ભાવે**–શિષ્યના જેવી–જ્ઞાન મેળવવાની વૃત્તિથી. **રાયકો**–રબારી. **ઉફરાંટે**–ઉપરાંટે; આડે, બીજે, સામેના. **રતાંધળો**–દિવસે જોઈ શકે પણ રાત્રે ન જોઈ શકે એવો આંધળો. **વધાત્રા**–(ગ્રામપ્રયોગ) વિધાતા નસીબની દેવી. **વરવું**–ખોટું. **અગનોતરો**–સંવત ૧૮૯૯નો દુકાળ. સામાજિક રિવાજો પાછળ તે વખતના લોકો કેવું ખોટું ખર્ચ કરતા અને કુળની આબરૂ માટે કેવા ખોટા ખ્યાલ રાખતા તેનો આ ફકરામાં ઉલ્લેખ કરાયો છે. **'મારે સોગલ...પીંજારા'**–(કહેવત) સરખાવો–'શકટનો ભાર જ્યમ શ્વાન તાણે;' **પીંજારા**–મુસલમાનોમાં હલકી ગણાતી–રૂ પીંજનારની–કોમ. **ત્રાગું**–બીજાને ઠેકાણે લાવવા પોતાના ઉપર કરેલી જબરદસ્તી, હઠ, જીદ. **અનામિકા**–ટચલી આંગળીની પાસેની આંગળી. **મનવા**–મનુષ્ય મન. (મન ઉપરથી)

૧. રંગલા અને જીવરામના મેળાપનો પ્રસંગ ટૂંકમાં લખો.
૨. જીવરામ અને ગોવાળોના મેળાપનો પ્રસંગ ટૂંકમાં વર્ણવો.
૩. નીચેના પ્રશ્નોના ટૂંકા અને મુદ્દાસર ઉત્તર આપો.

(ક) જીવરામે રંગલાને રસ્તા વિશે શું પૂછ્યું? એમાં એનો શો હેતુ હતો?
(ખ) રાયકાઓએ જીવરામને શા માટે મદદ ન કરી?
(ગ) આ પ્રસંગનું શીર્ષક 'મિથ્યાભિમાન' શા માટે રાખ્યું હશે? તમે બીજું કોઈ યોગ્ય મથાળું સૂચવી શકશો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઘ) જીવરામનો અંધાપો કઈ જાતનો હતો? એને લીધે એને શું સહન કરવું પડ્યું? એણે શું કર્યું હોત તો એની મુશ્કેલીઓ દૂર થાત?

૪. પ્રશ્ન ૩ના આધારે જીવરામના પાત્ર ઉપર આશરે ૧૫ લીટી લખો.

૫. આ પ્રવેશ ભજવવા માટે તમે કઈ જાતની પૂર્વ તૈયારી કરો?

૬. નીચેની કહેવતો વિસ્તારપૂર્વક સમજાવો—

(ક) 'મારે મોગલ ને કુલાય પીંજારા.'

(ખ) 'પૂરો ઘટ છલકાય નહિ, અધૂરો ઘટ છલકાય.'

૭. આ પ્રસંગમાં કયા સામાજિક રિવાજો પર લેખકે કટાક્ષ કર્યો છે? દલપતરામના સમયના રિવાજો વિષે તમે આમાંથી શું જાણી શકયા?

મનઃસુખરામ ત્રિપાઠી

[ઈ. સ. ૧૮૪૦ – ૧૯૦૭]

[ગુજરાતી ભાષાને સંસ્કૃતમય અને ગૌરવભરી બનાવવા સતત પ્રયત્ન કરનાર અને ભાષાને શુદ્ધ અને પ્રૌઢ બનાવવાનો આગ્રહ જીવન પર્યંત રાખનાર સાક્ષરશ્રી મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીનો જન્મ નડિયાદની નાગર જ્ઞાતિમાં થયો હતો. ગુજરાતી અભ્યાસ પૂરો કરી એમણે રણછોડભાઈ ઉદયરામ પાસે અંગ્રેજી અભ્યાસ શરૂ કર્યો. આંખની બીમારીને લીધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૉલેજનો અભ્યાસ અધૂરો મૂકી પોતાના કાકા માધવરાવ (ગોવર્ધનરામના પિતા)ની પેઢીમાં જોડાઈ ગયા. દીવાન ગોકળજી ઝાલા સાથે પરિચયમાં આવતાં એમણે મુંબઈમાં રહી કેટલાંક દેશી રાજ્યોનું કામકાજ કરવા માંડ્યું.

મન:સુખરામનું લખાણ ઉપદેશ અને જ્ઞાનથી ભરેલું છે. પ્રૌઢ વિષયોને માટે ગુજરાતી ભાષા સાનુકૂળ ન લાગતાં એમણે સંસ્કૃત પ્રયોગોનો ખૂબ છૂટથી ઉપયોગ કરવા માંડ્યો. એમના મંડળના લેખકો પર આ શૈલીની ઠીક ઠીક અસર થયેલી. ગોવર્ધનરામ જેવા વિદ્વાન ને સમર્થ ગદ્યલેખક પણ એ અસર નીચે આવેલા — એ હકીકત એક કાળે એ શૈલી કેટલી પ્રચલિત થઈ હતી તેનો ખ્યાલ આપી શકશે. સ્વ. રમણભાઈ નીલકંઠે 'ભદ્રંભદ્ર'નું અનન્ય પાત્ર સર્જી, મન:સુખરામની અતિ સંસ્કૃતમય શૈલીના આગળ પડતા શબ્દાડંબરનો કટાક્ષમય ઉપહાસ કરી, તેને ગુજરાતમાંથી દેશવટો દીધો.]

અસ્ત અને ઉદય

અસ્ત અને ઉદય એ બે આવશ્યક દ્વન્દ્વ (જોડું) છે. આ બ્રહ્માંડની રચનામાં અનેક દ્વન્દ્વ દૃષ્ટિએ પડે છે. રાત્રિ-દિવસનું જોડું, નરનારીનું જોડું, બે પગનું જોડું, બે આંખનું જોડું, પક્ષીમાં બે પાંખનું જોડું, તેમ અસ્ત અને ઉદય અથવા દુઃખ અને સુખનું પણ જોડું છે. કોઈ પણ જોડ ખંડિત થાય તો તે અપંગ ગણાય છે. પક્ષી એક પાંખથી ઊડી શકતું નથી. અસ્તઉદય અથવા દુઃખસુખ જેવાં સહજ છે તેવાં જ સર્વગત અને ઉપયોગનાં છે. અસ્તઉદય સર્વ સ્થળે વ્યાપેલ છે, એટલે કોઈ રૂપવાન પદાર્થમાં અસ્તઉદય નથી એમ નથી. અસ્તઉદયની ઘટમાળ એ ઈશ્વરની લીલાના મહિમામાંનો એક મુખ્ય પ્રબોધક મહિમા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેકસપિયર નામે અંગ્રેજ મહાકવિ કહે છે કે —

(છપ્પો)

શું નથી થાતો ઓટ, ભરતી સાગરમાં આવી?
શું ના'વે અંધારું, દિવસ યદિ જાય સધાવી?
શું નથી જોતાં સર્વ કદાચિત્ દૃષ્ટિબલથી –
વ્યોમ જ કેરી આંખ, રવિ ઝાંખો વાદળથી?
આ સૃષ્ટિ ઉપરનું સહુ, વળી આકાશ તલે તણું,
કદી કશું દીઠું છે સ્થિર નિત? કહો વિચારી મનમાં ઘણું!

યથાર્થ છે. આપણા બ્રહ્માંડનું કેન્દ્ર સૂર્ય, તેનો ઉદય અને અસ્ત આપણે અહર્નિશ જોઈએ છીએ. આપણી પૃથ્વીનો ઉપગ્રહ ચંદ્ર તેની પણ વૃદ્ધિ અને ક્ષય દેખાય છે.

આપણી પૃથ્વી પણ નિરંતર ભમ્યાં કરે છે. પૃથ્વી ઉપરના ખંડોનો પણ અસ્તોદય થયો છે. એશિયા ખંડ પૂર્વે શ્રેષ્ઠ ગણાતો. એશિયા ખંડે પૂર્વે રાજ્યો સ્થાપ્યાં હતાં, એશિયા ખંડના પંડિતોએ પ્રથમ સર્વ શાસ્ત્રોનાં બીજ ઉત્પન્ન કર્યાં; એશિયા ખંડના અમર પુત્ર વાલ્મીકિ, વ્યાસ, પાણિનિ, ગૌતમ, શંકર, કાલિદાસ આદિ, કૉનફ્યુશિયસ, હોમર, ફિરદુશી, શેખસાદી, આદિ મહાજનો જગત–જાણીતા છે. અખિલ જગતના સુખનું મૂળ જે ધર્મ, તે પણ એશિયા ખંડના પુત્રોએ જ આ જગતને આપ્યો છે. વેદધર્મના પ્રવર્તાવનારા, બૌદ્ધ ધર્મનો સ્થાપનાર બુદ્ધ, પારસી ધર્મનો સ્થાપનાર ઝોરોઆસ્ટર;, ક્રિશ્ચિયન ધર્મનો સ્થાપનાર ક્રાઈસ્ટ, મુસલમાન ધર્મનો સ્થાપનાર મહંમદ, અર્થાત્ આ જગતના મુખ્ય ધર્મસ્થાપકો સર્વે એશિયા ખંડના દેવાંશી પુત્ર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સમયે એ રીતે એશિયા ખંડનો ઉદય પણ હતો અને આજ પ્રમાણમાં અસ્ત પણ છે. જે સમયે એશિયા ખંડ પ્રકાશતો, તે સમયે યુરોપ અને અમેરિકામાં અંધકાર હતો. તેની આજ કેટલાક વિષયમાં કેવી વ્યુત્ક્રમ સ્થિતિ! આજ યુરોપના, અને તેમાંથી પણ તે ખંડના ઉપગ્રહ જેવા નાના દૂરના બેટના પુરુષો એશિયા ખંડમાં જ પૂર્વે ઉત્પન્ન થયેલા જ્ઞાનબળના સહકુટુંબ સાધનથી તે જ એશિયા ખંડના હૃદયનો મણિ જે ભરતખંડ, તેના ઉપર રાજ્ય ચલાવે! અહા! આ કેવું અદ્ભુત અવસ્થાન્તર? આજ યુરોપ અને અમેરિકા ખંડો પ્રવૃત્તિમાર્ગમાં એશિયા ખંડથી કેટલા ચડતા છે? કાલચક્રમાં એશિયા હવે ધૂળમાં રગદોળાઈ ઉપરનો ભાર વેઠી દુઃખ સહે છે. અને યુરોપ પોતાનો ભાર એશિયા ખંડ ઉપર મૂકી તેના ઉપર આકાશમાં રમી રહ્યું છે; દેશની તેમ નગરની પણ એ જ રીતે ચડતી પડતી થાય છે. આપણા આર્યાવર્તમાં જ જોઈએ. અયોધ્યા અને હસ્તિનાપુર જેવાં નગર ક્ષય પામતાં ગયાં અને કલકત્તા —જેનું તે વેળા નામ પણ નહિ, તે આજ સર્વોપરી. વળી વલ્લભી અને અણહિલપુર, જ્યાં એક સમયે લક્ષ્મી, સરસ્વતીના જલને મસ્તક ઉપર લઈ ઘેર ઘેર ફરી, લોકોની તૃષા મટાડી સુખી સંતોષી કરતી તેનાં નામ પણ થોડા જ જાણતા હશે; અને આ મુંબાપુરી તે જગતપ્રસિદ્ધ એક સુંદરપુરી થઈ પડી છે. મુંબઈનાં કહેવાતાં ઝૂંપડાં જેવી આજ અણહિલપુરમાં નાની હવેલી નહિ હોય, અને મુંબઈમાં પોતામાં જ જુઓ. જ્યાં ધૂળ ઊડતી હતી ત્યાં 'એલ્ફિન્સ્ટન સર્કલ' અને જ્યાં પથ્થરનો બહા બળવાન કોટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો ત્યાં આજ કાંકરા ઊડે છે! અને 'બેક બે' આગળ જ્યાં જલ હતું ત્યાં આજે સ્થલ, અને વળી તે ઉપર લોહમાર્ગ અને અગ્નિરથ.

(દુહો)

ઉગ્ર કાળ વિકરાલની (બે) પાંખ ઉદય ને અસ્ત;
નિશ્ચય તેની છાયમાં, આવે વસ્તુ સમસ્ત.

પદાર્થમાત્રનો એ રીતે નિરંતર, અપવાદ રહિત, અસ્તોદય છે, તો મનુષ્ય પ્રાણીનો હોય એમાં નવાઈ શી?

ટિપ્પણ અને પ્રશ્નો

દ્વન્દ્વ – બેનું જોડું, યુગલ; એકબીજાથી જુદા પણ સામાન્ય રીતે સાથે હોય, એકબીજા સાથે સંબંધ ધરાવતા હોય તે. **બ્રહ્માંડ** – (ब्रह्म + अंड) – વિશ્વ. **સર્વગત** – સર્વત્ર રહેલું – વ્યાપેલું. **પ્રબોધક** – જ્ઞાન આપનાર, જાગ્રત કરનાર. **નિત** – (नित्य) હમેશાં, સદાકાળ માટે. **અહર્નિશ** – દિનરાત; હમેશાં. **પાણિનિ** – સુપ્રસિદ્ધ સંસ્કૃત વ્યાકરણકાર. **શંકર** – શંકરાચાર્ય. **કાનફ્યુશિયસ** – ચીનનો પ્રાચીન વિદ્વાન ધર્મસ્થાપક. **હોમર** – પ્રાચીન ગ્રીસનો મહાકવિ, 'ઇલિયડ' અને 'ઓડેસી'નો કર્તા. **ફિરદુશી** – ઈરાનનો પ્રાચીન કવિ, 'શાહનામા'નો લેખક. **શેખસાદી** – ઈરાનનો એક મધ્યકાલીન કવિ. **વ્યુત્ક્રમ** – ઊલટો ક્રમ, ઊંધી દશા, અવ્યવસ્થા. **અવસ્થાન્તર** – અવસ્થાનો ભેદ, સ્થિતિફેર – પલટો.

૧. 'અસ્ત અને ઉદય'નું દ્વન્દ્વ શા માટે કહ્યું છે? એવાં બીજાં થોડાં દ્વન્દ્વો ગણાવો.
૨. એશિયા ખંડની ચડતી – પડતી વિષે લેખક શું કહે છે?
૩. આ પાઠમાં જે સુપ્રસિદ્ધ વ્યક્તિઓનો ઉલ્લેખ થયો છે તેમાંથી ગમે તે એકના જીવન અને કાર્ય વિષે દસેક લીટી લખો.
૪. 'ચડે તે પડવા માટે, પડે તે ચડવા સહી' — આ પંક્તિ દૃષ્ટાંતો આપી વિસ્તારપૂર્વક સમજાવો.
૫. 'ચડે તે પડે', 'ચડતી તેની પડતી', 'ઊગ્યું તે આથમે', 'ખીલ્યું તે કરમાય' — એમાંના કોઈ વિષય પર આશરે ૨૫ લીટીનો નિબંધ લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણપતરામ રાજારામ ભટ્ટ

[ઈ. સ. ૧૮૪૮–૧૯૨૦]



[ગણપતરામનો જન્મ દસક્રોઈ તાલુકાના ઝણું ગામમાં થયો હતો. સુરતની ટ્રેનિંગ કૉલેજમાં અભ્યાસ કરી એમણે શિક્ષક તરીકે ૧૮૬૬-માં ભરૂચ જિલ્લામાં કેળવણી ખાતામાં નોકરી સ્વીકારી. થોડા સમય માટે તે નવલરામ અને નંદશંકર તુલજાશંકરના શિષ્ય હતા. એમને પહેલેથી જ લખવાનો શોખ હતો અને યુવાવસ્થામાં નિબંધ અને કવિતા માટે ઘણાં ઈનામો મેળવ્યાં હતાં. કવિ હોવા ઉપરાંત ગણપતરામ ગદ્યલેખક પણ હતા અને પ્રસંગોપાત્ત સારું ગદ્ય લખી શકતા.

'વીરમતીનાટક' માફક 'પ્રતાપનાટક' પણ ઐતિહાસિક છે, એટલે કે તેમાંનાં મુખ્ય પાત્રો અને પ્રસંગો કલ્પિત ન હોતાં, ખરાં છે; જોકે લેખકે ઘણી વાર એને કલ્પનાનો ઓપ આપી એની સુંદરતા અને કલામયતામાં ઠીકઠીક વધારો કર્યો છે. આ બે નાટકો પહેલાંનાં નાટકો મોટે ભાગે ધાર્મિક કે સામાજિક વિષયો પર રચાતાં. ઐતિહાસિક મહાપુરુષોના જીવનપ્રસંગો કે પૌરાણિક દેવો કે અતિમનુષ્યના જીવનપ્રસંગ પ્રેરણાત્મક છે અને નાટક દ્વારા વ્યક્ત થયેલું મહાપુરુષચરિત્ર જનસમુદાયને વિશેષ બોધ આપી શકે, એ 'વીરમતીનાટક' દ્વારા પ્રતિપાદન કરેલા નવલરામના વિધાનને સ્વ. ગણપતરામે 'પ્રતાપનાટક' રચી સમર્થન આપ્યું.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧)

માનસિંહની રાજ્યભક્તિ

[હાલ્દીઘાટના યુદ્ધમાંનો એક પ્રસંગ]

માનસિંહ — શૂરા ઝાલાઓ ! જેમ ચંદ્રમા વાદળમાં પેસી ગયો હોય ને નજરે ન આવે, તેમ મોગલદળમાં મહારથી જેવો આપણો મહારાણો પ્રતાપસિંહ ક્યારનો ઘૂસી ગયો છે. તે ખોળ્યો જડતો નથી; માટે તમારા ભાલા ચળકાવો, ને એ ભાલાઓથી મોગલદળનું વાદળ ચીરી આપણો પ્રતાપી પ્રતાપ શું કરે છે તે જુઓ ! આ વખત તમારું પરાક્રમ દાખવવામાં પાછી પાની કરશો મા ! તમારા રાજાને, રાણાને જમણે હાથે બેસવાનો હક તમારા ભાલાને જોરે આજ અપાવો ! આપણે રાણાના સહાયક છીએ, એ વાત કલિયુગમાં ન ભુલાય, એવી નિમકહલાલી જણાવી, ગયેલી બાજી પાછી લાવો ! આજે આપણે હાથે એવું પરાક્રમ થાય, કે જેથી રાણાજીના તેમ જ આપણા પૂર્વજ હરખાય, ને આપણી છાપ રાણાજીના કુળમાં 'યાવચ્ચંદ્ર-દિવાકરૌ' ન ભુસાય, ત્યારે આપણે મદદે આવ્યા પ્રમાણ ! રે, આ જીવતર શા કામનું છે ? દાભને સાથરે સૂઈ દેહ તજે તે ક્ષત્રી નહિ, પણ ખતરી જાણવો ! રજપૂતે તો રણસંગ્રામમાં નામના કરી બાણની પથારીએ પોઢી આ ક્ષણભંગુર દેહ — દુઃખનું ગેહ — તજી દેવો, ને અચળ કીર્તિનો વારસો પોતાની પાછળ રહેલાં સંતાનને દેવો; એ જ જન્મ્યાનો લહાવો લેવાનો છે.

એક ઝાલો યોદ્ધો — ઓ બાપજી ! રાણાજીએ તો મોગલ દળમાં રોળ વર્તાવ્યો છે. લાંબી દાઢીવાળાઓનાં રઝળતાં તુંબડાં મારા ઘોડાની હડફટે ચઢતાં મેં જોયાં છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સલુંબરાજજી રાજી થતા રાણાજીનાં વખાણ પોતાના જોદ્ધાઓને સંભળાવતા જતા મેં જોયા છે. રામસિંહજી પણ તલવાર તાણી તૂટયા છે. સિસોદિયાઓએ બાણની અષાડ માસ જેવી હેલી કીધી છે, ને રાણાજી મોગલોને ભાજીમૂળા પેઠે લેખતા, સલીમશાહના હાથી ભણી ઊઠી પડયા છે! માટે આપણે આ વેળા વિસામો લેવાનો નથી. થોડા વખતમાં આપણે પરાક્રમ ઝાઝેરું કીધું છે. પણ આ સમો પગ વાળવાનો નથી.

માનસિંહ — સાચી વાત છે, મારા વહાલા વીરા! હવે આપણે એવી કારમી કિકિયારી કરી ઓચિંતો એવો હલ્લો કરો, કે આકાશમાંથી વીજળી પડી પર્વત ફાડી નાખે છે તેમ, મોગલદળનાં કાળજાં ફાટી જાય, અને એ દુષ્ટ વાદળાં વેરાતાં આપણે આપણા પ્રતાપી રાણાને ભેટીએ. (બીજા યોદ્ધાઓ સામું જોઈ) આપણા ઘોડાઓને અને આપણને થાક લાગતો નથી. રણમાં પડતા રજપૂતો આ કાયાનો ધર્મ ભૂલે છે. તેઓ પોતાના દેહને વાયુના ગોળાવત્ ગણે છે; માટે રે, વાયુવેગે સંચરી મેદાનમાં મળેલાં મોગલોનાં વાદળાં વિખેરી નાખો!

ઝાલા યોદ્ધા — હર, હર, હર, મહાદેવ!!!

[હાથીને હોદ્દે બેઠેલા સલીમ ને ઘોડે બેઠેલો પ્રતાપ પ્રવેશ કરે છે.]

પ્રતાપ — (પોતાનો ઘોડો સલીમના હાથી ઉપર તલપાવી ભાલાથી મહાવતને હેઠો પાડતાં) ઓ કાયર શાહના સુત સલીમ! હાથી ઉપર ગોઠવેલી વજ્રની પેટીમાં શું પેઠો છે? બહાર નીકળી પ્રતાપના ભાલાના ફળનો સ્વાદ કેવો છે, તે જરા ચાખી જો! (એમ કહી તેના હોદ્દામાં ભાલો મારે છે, પણ તે લોહજડિત હોવાથી તેનો હાથ ભોંઠો પડે છે; એટલે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલ્યા તરકડા! તું લડવા આવેલો જણાતો નથી; બેગમની પેઠે જુદ્ધમાં શું થાય છે તે જોવા, માત્ર જનાનખાનામાં રહ્યો ઝાંખવા આવ્યો જણાય છે.

[મહાવત પડ્યો એટલે હાથી નિરંકુશ થતાં પાછો નાસે છે. પ્રતાપ બાણ, ગોળી ને તરવારના સાત જખમ થયે છતે વકારયેલા વાઘની પેઠે તેની પાછળ પડે છે, એ સ્થળે દારુણ યુદ્ધ મચે છે. તે વેળા પ્રતાપને બચાવવા દેલવાડાનો ઝાલો રાજા માનસિંહ પોતાના જોદ્ધાઓ સાથે આગળ ધસે છે.]

માનસિંહ — ઓ સૂર્યવંશી રાણા! ઇંદ્રાસન લેવા ઉતાવળો થા મા. હજુ મેવાડને તારા વડે મહિમાવાન થવા દે; ઇંદ્રાસનનો તારો હક વિધાતાએ પોતાની પોથીમાં નોંધ્યો છે, તે કોઈથી મિથ્યા થવાનો નથી. માટે ઓ મહારાણા! આ તારી આસપાસ ઊલટેલાં તીડનાં ટોળાં ઓછાં થવા તારું છત્ર અળગું કરી, જરા ઠરીને, આ તારું લૂણપાણી ખાનારનું પાણી જો! (પ્રતાપ તેનો પોકાર નહિ સાંભળતાં પ્રાણઘાતક સાહસ કરે છે; એવે વખતે પોતાના યોદ્ધાઓ સામું જોઈ) શૂરા ઝાલાઓ! શું જુઓ છો? રાણાજી ઉપરનું છત્ર તાણી લઈ આમ લાવો! એ મરણિયા થયેલા શૂરાને વિમાનમાં પગ મૂકતો થોભાવો! એના વડે મેવાડ માનવંતું થવાનું છે. આપણે એનાં સાહિત્ય છીએ. એ જતે આપણે સર્વ નકામાં થઈ પડીશું. મેવાડનો સૂરજ ઈશ્વરે ઉગાડ્યો છે; માટે એ છે ત્યાં સુધી દિવસ જાણજો. પછી અંધારાં ઉલેચવાનાં થશે; માટે આ વખતની કરેલી મરદાની કામની છે; વિલંબ ન કરો; રાણાને અળગા કરો, ને તેમનું છત્ર આમ ધરો!

[પ્રતાપનું છત્ર ઝૂંટવી તેને અળગો કરી, ઝાલો પોતાના યોદ્ધાઓ સાથે છત્ર ધરાવતો રણમાં ધસે છે; તેને રાણો જાણી મોગલ યોદ્ધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
તેના ઉપર મધમાખોની પેઠે ફરી વળે છે. પૂર્ણ પરાક્રમ કરી ઝાલો સ્વર્ગે સંચરે છે, તેમ જ રામસિંહ પણ રોળ વર્તાવી તેનો સોબતી થાય છે. હલદીઘાટના રક્ષણાર્થે મળેલા બાવીસ હજાર બખ્તરિયામાંથી માત્ર આઠ હજાર જીવતા પાછા ફરે છે, ને એ પ્રમાણે લડાઈનો અંત આવે છે.)

(૨)

પ્રતાપનો ટેક

[પ્રતાપ શરણે આવવાને ખુશી છે, એવી ખોટી ખબર અકબરને મળી છે; એવી અફવા પ્રતાપસિંહને કાને પડતાં એ ટેકી વીરને ઊપજતા વિચાર.]

પ્રતાપ — (પરિક્રમણ કરતાં) ઓ કર્તાર ! સૂર્યવંશી સિસોદિયાની આ વેળા લાવવી તને ઘટતી નથી; રે સસલાએ સિંહને, કાગડાએ ગરુડને ગાંજ્યો સાંભળ્યો નથી, તેમ જ સિસોદિયાના પાટવીને તેના કોઈ પણ શત્રુએ નમાવ્યો સાંભળ્યો નથી; પણ તે કલંકની ઘડી, હે હરિ ! તેં આ ભાગ્યહીન પ્રતાપને માટે આણી તેના કુળનું પાણી ખોવાનો બનાવ બનાવ્યો. હાય ! હાય ! મારે હવે આ જગતમાં જીવવું જોઈતું નથી, રે ! જીવવું તે શું માત્ર અપજશ જોવાને ? નાક કપાતા પહેલાં ધડથી માથું જુદું થવા દેવું હજાર ગણું સારું છે. સાડાત્રણ મણની કાયામાંથી ચણાપૂર નાક ગયું તો પછી શું રહ્યું ? રે હાય ! તેમ થયું; પરિયાનું પાણી ગયું ! હવે જે રહ્યું તે મારા ખપનું નથી. યવનના સામો જઈ નીચો વળી સલામ કરવાને પ્રતાપ કબૂલ થયો, આ કલંક શું જે તે છે ? અરે પ્રભુ ! જો તારે આ દી લાવવો હતો, તો આ પેઢીનાં પુણ્ય પરવારેલા રાજકુટુંબને સવેળા સંકેલી લેવું જોઈતું હતું. રાણીઓ ને રાજપુત્રો એ સર્વને એક ચિતામાં સુવાડવાનો જોગ એક ઘડીએ લાવ્યો હોત, તો એ સંકટ હું સહી શકત; પણ આવા કાળા કલંકના કુહાડા હું સહી શકતો નથી. હર ! હર ! હર !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઊભા થઈ આકાશ સામું જોઈ) ઓ જગતના સંહાર કરનાર મહારુદ્ર! આ વેળા તારો રૌદ્ર રસ રેડી આ પૃથ્વીનો પ્રલય કર! ને આ બગડેલી બાજીનાં સોગટાં હલાવી લે! ઓ મેઘરાજા! તમારો મહાપ્રલયનો મહિમા જણાવી આ અવનિ ઉપર જામેલો પાપનો કાંપ ધોઈ નાખો! (સૂર્ય સામું જોઈ) ઓ સૂર્યદેવ! તું તારી સોળે કળાથી તપી વિશ્વમાં વિસ્તાર પામેલા અનીતિના વેલા બાળી ભસ્મ કરી નાખ! (માથું ધુણાવી) રે! સો ગંગાજળ-સ્નાને ન ભૂંસાય એવો કલંકનો કાળો ડાઘ બેઠો. એથી વધુ દુઃખ બીજું કયું આવવાનું હતું? રે, જે જગામાં રહી લાજને માટે ન ખમાય એવાં સંકટ સહન કરતે પણ આબરૂનું આળ આવ્યું, તો એવી ભૂમિમાં રહ્યે આગળ ઉપર ભો નહિ આવે તે સમજાતું નથી. હજાર ભય આવી ચૂક્યા, પણ તેથી આ પ્રતાપ ભીરુ બન્યો નથી; પણ આ ભોએ તો કાળજું એવું બહેકાવ્યું છે, કે હવે દેશ છોડી પરદેશ જવું એમાં જ શોભા છે. સગાં અને સામંતોને ખબર કહાવવી, કે પૂર્વજોની પૃથ્વીમાં પાપીઓના પગ ફરવાથી તે દોષિત થઈ છે, માટે એમાં નિર્દોષ રહી શકવાના નથી; કાંઈ પણ ચાંદું આવ્યા વિના રહેવાનું નથી; માટે જેને ઊજળા રહેવું હોય, તેમણે સવેળા ઉચાળા ભરી હાલવું!

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **યાવચ્ચંદ્રદિવાકરૌ** – જ્યાં સુધી ચંદ્ર અને દિવાકર (સૂર્ય) છે ત્યાં સુધી, સદાકાળ માટે. **ખતરી** – વણકરની એક જાત. **ગેહ** – ઘર. **આ સમો પગ વાળવાનો નથી** – આ સમય જંપીને બેસવાનો નથી. **ફળ** – ભાલાની આગળનો અણીદાર લોખંડનો ભાગ, પાનું. **હોદ્દામાં** – અંબાડીમાં. **સાહિત્ય** – સાધન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) **પરિયા**–પેઢી. **પાણી**–તેજ. **રૌદ્ર**–ભયંકર. **કાંપ**–કાદવ. વૈક (સં.) શબ્દનો વ્યત્યય.

૧. (अ) 'માથું આપે તે મિત્ર' એનો અર્થ સમજાવો. (ब) પ્રતાપ ખાતર કોણે માથું આપ્યું? શા માટે? (क) માનસિંહ પ્રતાપ સંબંધી કેવાં વચનો ઉચ્ચારે છે?

૨. મહારથી, નિમકહલાલી, યાવચ્ચંદ્રદિવાકરૌ, વિધાતા, લૂણપાણી, અફવા, ચણાપૂર—આ શબ્દો વાક્યોમાં વાપરી તેના અર્થ સમજાવો.

૩. નીચેનાં વાક્યો પૂર્વાપર સંબંધ દર્શાવી સમજાવો—

क. 'દાભને સાથરે સૂઈ દેહ તજે તે ક્ષત્રી નહિ, પણ ખતરી જાણવો!'

ख. 'આ સમો પગ વાળવાનો નથી.'

ग. 'ઓ સૂર્યવંશી રાણા! ઇંદ્રાસન લેવા ઉતાવળો થા મા.'

घ. 'તારું લૂણપાણી ખાનારનું પાણી જો.'

ङ. 'સસલું સિંહને, કે કાગડો ગરુડને ગાંજે એ સાંભળ્યું નથી.'

૪. પ્રતાપ પોતાના દિલની વેદના વ્યક્ત કરવા જુદી જુદી દેવી શક્તિઓને શું કહે છે?

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

(જીવનપરિચય માટે જુઓ પૃષ્ઠ ૬૧)

['સરસ્વતીચંદ્ર' એ ગુજરાતી સાહિત્યમાં અનન્ય ગ્રંથ છે. ગોવર્ધનરામે આલેખેલાં પાત્રો એક વખત તરુણ ગુજરાતીઓ અને ગુજરાતણોના આદર્શ રૂપે ગણાતાં. એમનું પાત્રાલેખન વાસ્તવિક અને વિવિધતાભર્યું છે.

એમની સુંદર, પ્રૌઢ છતાં સાદી અને આલંકારિક ભાષાએ ગુજરાતી ગદ્યસાહિત્યને નવું બળ આપ્યું, અને એનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારાંખોટાં અનેક અનુકરણો અત્યાર સુધી થયાં પણ ખરાં. 'સરસ્વતીચંદ્ર' હજુ પણ ગુજરાતના ગૃહજીવનનું પુરાણ લેખાય છે. ગુજરાતી પ્રજા અને ગુજરાતી આચારવિચાર ચીતરી ભાવિ પ્રજાનું કલ્પિત અને આદર્શ ચિત્ર દોરવું એ 'સરસ્વતીચંદ્ર' લખવામાં ગોવર્ધનરામનો ઉદ્દેશ હતો.

પોતાની પુત્રીના અવસાન પછી લખાયેલી 'લીલાવતી જીવનકલા', 'દયારામનો અક્ષરદેહ', અને 'સાક્ષરજીવન' એ એમના બીજા ગદ્યગ્રંથો છે.]

અર્થદાસને મણિમુદ્રાની ભેટ

(મુંબઈના ધનાઢ્ય વેપારી લક્ષ્મીનંદનના પુત્ર સરસ્વતીચંદ્રનો વિવાહ રત્નનગરીના પ્રધાન વિદ્યાચતુરની પુત્રી કુસુદસુંદરી સાથે થયો હતો. વિવાહિત જોડા વચ્ચે ચાલતો પત્રવ્યવહાર સરસ્વતીચંદ્રની ઓરમાન મા ગુમાનથી ન સહેવાયો અને પતિને ભંભેર્યા. પિતાએ કઠણ વચન કહ્યાં. યુવાન સરસ્વતીચંદ્રને લાગ્યું કે પિતાને હવે મારા ઉપર પ્રેમ નથી અને એને પરણી કુમુદ સુખી નહિ થાય. એ વિચારથી પિતાના વૈભવને છોડી જવા નિશ્ચય કર્યો. તેના મિત્ર ચંદ્રકાંતે તેને ઘણો સમજાવ્યો પણ આખરે તે ચાલી ગયો. કુમુદનો ફરીથી વિવાહ થયો ને લગ્ન પણ થયું. સરસ્વતીચંદ્ર, સુવર્ણપુરના અમાત્ય ને કુમુદસુંદરીના શ્વસુર બુદ્ધિધનનો આશરો લઈ રહ્યો હતો. ચંદ્રકાંતને તે ખબર મળવાથી તેને શોધવા ત્યાં જવાનો વિચાર કરી સરસ્વતીચંદ્રે ધારણ કરેલા નવીનચંદ્રના નવીન નામે તેને પત્ર લખ્યો. તે પત્ર પહોંચતાં જ તે ત્યાંથી ચાલી નીકળ્યો, ને રસ્તામાં એને બહારવટિયાઓએ લૂંટ્યો. પોતાની સાથે ગાડીમાં એક વાણિયો ને તેની સ્ત્રી હતાં; તે સ્ત્રીને બહારવટિયાઓ લઈ ગયા, પણ તેનો બચાવ કરવા જતાં સરસ્વતીચંદ્ર ઘવાયો, ને લોહી ઘણું વહેવાથી મૂર્છાવશ થયો. બહાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
વટિયાઓ ગયા પછી વણિક અર્થદાસ પાણી લઈ આવ્યો, ને સરસ્વતીચંદ્રના મોં પર પાણી છાંટી તેને જગાડ્યો.)

વાણિયો ધીમે રહી સરસ્વતીચંદ્રને ઉઠાડવા લાગ્યો અને ઉઠાડી બેઠો કર્યો.

"તમને આ બહારવટિયા ઓળખે છે કે શું? પેલો સંન્યાસી જેવો તમને તમારું નામ દઈ બોલાવતો હતો." આમ કહેતો કહેતો અર્થદાસ સરસ્વતીચંદ્રના ઘા તપાસવા લાગ્યો અને જ્યાંથી લોહી વહેતું બંધ થયું હતું, ત્યાં આગળથી રૂ જેવું કાંઈ હાથમાં લઈ, આંખો ચળકાવી સુરસંગે ચંદરભાઈ કહ્યું હતું તે સંભારી વધારે અપભ્રંશ કરી બોલ્યો:

"ચાંદાભાઈ, જુઓ તો ખરા, આ ઠાકોરજીની માયા! તમારો ઘા રૂઝી ગયો સમજવો! લ્યો આ."

રુઝાતા ઘાની કલ્પનાથી જ બળવાન થઈ ગયેલા મનવાળો બની પોતાનું ત્રીજું અપભ્રંશ પામેલું નામ સાંભળી ચમકી સરસ્વતીચંદ્ર ટટાર થયો. "એ શું છે ભાઈ?"

વાણિયો બોલ્યો: "આનું નામ ઘા-બાજરિયું. તમે આ ઘાસમાં પડ્યા હતા તે ઘાસ ભેગું ઊગેલું તમારા લોહીથી ઘામાં એ વળગી ગયું, અને લોહી બંધ થઈ ગયું."

"તે એમાં કાંઈ ગુણ છે?"

"હા, એથી ઘા રૂઝે છે. આ તમારો ઘા રુઝાયો હવે તમારે સમજવો. તમે જ જુઓને—હવે કાંઈ દરદ છે?"

"ના, છે તો નહિ." સરસ્વતીચંદ્ર પળ વાર નીચું જોઈ રહ્યો, વિચારમાં પડ્યો, અને ગળગળો થઈ, છાતી પર હાથ મૂકી, ભીની આંખ વડે આકાશ ભણી જોઈ, મનમાં બોલ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(તોટક)

"પ્રભુ આમ જ આપદ તું હરતો–
અમ મૂર્ખપણું ઉર ના ધરતો;
વનમાં વણ-ભાન પડી હું રહ્યો–
તૃણદ્વાર વિષે, પ્રભુ ત્યાં તું ઊભો!!"

આ સ્તવન જાતે જ થઈ ગયું, અને નવા ઉત્કંપમાં, અચિંત્યા રોમાંચમાં, દુઃખી આંખમાં, દીન હૃદયમાં, અને ઉશ્કેરાયેલા મસ્તકમાં ઈશ્વર પ્રત્યક્ષ થતો લાગ્યો.

આ પ્રથમ ઈશ્વરદર્શન કરાવનાર વિપત્તિનો અર્થ એના મનમાં આજ સાકાર થયો; કારણ પુસ્તકોમાં, સમાજોમાં અને મંદિરોમાં પ્રાર્થનાઓ તેને કેવળ શુષ્ક અને નિરર્થક લાગી હતી. આર્દ્ર હૃદય અને લોચનથી તે વાણિયાના સામું ઉપકૃત દૃષ્ટિથી જોઈ રહ્યો. તૃણનું ભાન કરાવનાર તે વાણિયો હતો એ સાંભર્યું, અને આ ઈશ્વરોપદેશ કરનાર મારો ગુરુ આ વાણિયો છે, એ નિશ્ચય સર્વાંગે આ દત્તાત્રેય જેવાને ચિત્તવશ થયો. વાણિયા ભણી જોઈ તે બોલ્યો, "તમારું નામ શું?" तालीमपि न दद्यात् એ સંપ્રદાયના વણિકને આ પ્રશ્ન વસમો પડ્યો. 'પેલો સંન્યાસી આનું નામ જાણતો હતો–મારો વહાલો આયે બહારવટિયો હશે ત્યારે? નામબામ આપે એવો કાંઈ અર્થદાસ કાચો નથી.' એ વિચાર મનમાં કરી વાણિયો હસી પડ્યો અને ઉત્તર ઉડાવી સામો પ્રશ્ન પૂછવા લાગ્યો, "હે! હે! હા ચાંદાભાઈ, વારુ, ત્યારે તમે આ લોકમાં ક્યાંથી આવી પડ્યા? તમે શો ધંધો કરો છો? તમારું ગામ કયું? ને ક્યાં જવાનું છે? –હવે તો તમને જરૂર કરાર વળશે. જરા વાર તો લાગશેસ્તો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું ક્યાંથી આવું છું તે તમે જાણો છો, અને આ લોકમાં શાથી આવી પડ્યો, તે તમે જાતે નજરે જોયું છે."

"પણ તમે ધંધો શો કરો છો?"

"ધંધો? ખાવું, પીવું ને ફરવું."

"એમ કે?" વધારે વહેમમાં પડેલો અર્થદાસ હૃદયમાં ધ્રૂજતો વળી પૂછવા લાગ્યો: "ને જાઓ છો ક્યાં?"

"ભાગ્ય લઈ જાય ત્યાં. તમે લઈ જાઓ તો તમારે ત્યાં આવું. ભૂખ મને ને તમને સરખી લાગી હશે."

અર્થદાસ મનમાં બોલ્યો, "જો બહારવટિયો ખરો! મારે ઘેર આવવું છે, ત્યારે પેલીને બચાવવા શું કરવા લડ્યો ને ઘવાયો? કોણ જાણે બહારવટિયાઓનો ભેદુ થઈ એમ કર્યું કેમ ન હોય?" સ્વાર્થ જળના માછલાએ પરમાર્થબુદ્ધિની કલ્પના ન કરાઈ.

સરસ્વતીચંદ્રે ફરી પૂછ્યું, "ભાઈ, તમારે ઘેર મને લઈ જશો? હું તમને કામ લાગીશ. આ દેશનો હું ભોમિયો નથી, ને તમે સઉ રસ્તાના ભોમિયા હશો."

"મારે ઘેર તે તને મરવાને લઈ જાય! – અર્થદાસ પણ ખરો, કે તને ચપટીમાં લે!" એટલું મનમાં બોલી મોટેથી બોલ્યો, "હા, શા વાસ્તે નહિ? પણ જો, એટલી શરત કે મારી ઘરવાળી પાછી લાવી આપવી."

"ભાઈ, તે તો શી રીતે કરું? પણ તમારે ઘેર ચાલો, એટલે હું તપાસ કરવા લાગીશ."

"જો લુચ્ચો!" અર્થદાસ આટલું મનમાં કહી વળી મોટેથી બોલ્યો: "વારુ ભાઈ, ચાંદાભાઈ! આપણે અહીંયાં ક્યાં સુધી પડી રહીશું? ચાલો, ગામ ભણી જઈએ!" – મનમાં બોલ્યો, "પોલીસમાં પહોંચાડું. પછી એ તો રત્નનગરીની પોલીસ છે, ને વાણિયા સાથે કામ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે જણ ઊઠ્યા, અને મનહરપુરી ભણી ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં અર્થદાસે ખેલ માંડ્યો. અચિંતો રસ્તા વચ્ચે બેઠો, અને રોવા લાગ્યો.

"ઓ મારી મા રે! તારું શું થશે? ઓ!"

સરસ્વતીચંદ્ર ચમકી આભો બની આસનાવાસના કરતો બોલ્યો: "શું છે? તમારી માને શું થયું?"

"અરે મારી બાયડીને પેલા લઈ ગયા – બિચારી રવડી મરશે. ઓ મારી મા રે – બાયડી રે!"

"ધીરજ ધરો, ભાઈ; ગામમાં ચાલો, અને રસ્તો કરીશું."

"પણ એની પાસે દાગીના છે. – એ તો મારું સર્વસ્વ! હવે હું ખાઈશ શું? મારા ઘરમાં તો ઝેર ખાવા જેટલી ફૂટી બદામ નથી! ઘરવાળાને ભાડું ક્યાંથી આપીશ? મારાં હાંલ્લાં અને લાકડાં બે વેચાશે! ને હું મોદીને શું આપીશ, ને બાયડી ખોળવા સરકારમાં શું આપીશ? – ઓ ચાંદાભાઈ, હું તો અહીંયાં જ મરીશ."

ઘણું સમજાવ્યો, પણ અર્થદાસ ઊઠ્યો નહિ. આખરે આંખો ફાડી, રોઈ બોલ્યો, "હું તો હવે ફાંસો ખાઈ મરવાનો. દૈવે મને બ્રાહ્મણ પણ ન ઘડ્યો કે લોટ માંગી પેટ ભરું. મારા પેટમાં ગૂંચળાં વળે છે – ઉઠાતુંયે નથી, બોલાતુંયે નથી; ઓ ચાંદાભાઈ! અબબબ." જીભ અટકી હોય, એમ અર્થદાસ લાંબો થઈ સૂઈ ગયો. આંખો ચગાવવા લાગ્યો, ને મોંમાંથી ફીણના પરપોટા કાઢવા લાગ્યો.

સરસ્વતીચંદ્રને અત્યંત દયા આવી, ને વિચારવશ થઈ ગળગળો થઈ ગયો. "ઓ ઈશ્વર, હું બિચારાને દુઃખથી છોડાવવા શું કરું? આના દુઃખમાં મારી ભૂખ તો મરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઈ. આને સ્ત્રીનું દુઃખ નથી, પણ પૈસાનું દુઃખ છે. એનું દુઃખ ભાગવા જેટલો પૈસો તો મારી પાસે હતો, તે મેં છોડ્યો. દ્રવ્યનો આવા પ્રસંગે ઉપયોગ હશે, તેનું મને ભાન ન રહ્યું. આને ઈશ્વરે વિદ્યા આપી નથી, ગર્ભશ્રીમંત પણ નથી! મારી ગર્ભશ્રીમત્તા પર ધૂળ વળી! આનું ઔષધ દ્રવ્ય. તે હું ક્યાંથી આપું? દ્રવ્ય છોડ્યું ન હોત તો આ પ્રસંગ ન આવત.” વળી અર્થદાસ સામું જોઈને શાંત પડી વિચાર્યું, “દ્રવ્ય છોડ્યું ન હોત તો અર્થદાસનાં દુઃખ જેવાં દુઃખ લોકને થતાં હશે, એ હું કેમ જાણત?”

શાંતિએ સ્મરણ સ્ફુરવા દીધું. અને પોતાનાં જનોઈએ બાંધેલી મણિમુદ્રા સાંભરી આવી. સાંભરી આવતાં મુખ પર આનંદ અને ઉત્સાહ દીપવા લાગ્યાં; “હા! આના ઉદ્ધારનો માર્ગ સૂઝ્યો.” મણિમુદ્રા છોડી હાથમાં લઈ તે પર જોઈ રહ્યો. “મણિમુદ્રા! કુમુદસુંદરીની લલિત આંગળીએ વસવા, તેના ચિત્તને આનંદ આપવા મેં તને આટલા મોહથી ઘડાવી હતી! તે સર્વ હવે વ્યર્થ થયું. આ દીન વણિકના આનંદનું સાધન તું હવે થા! આ ક્ષિતિજરેખા ઉપર સૂર્યમંડળ શોભે છે, તેમ તું કુમુદની આંગળી પર દીપત! સૂર્ય હમણાં ક્ષિતિજથી ભ્રષ્ટ થશે! હું અને તું કુમુદથી ભ્રષ્ટ થયાં! તું હજુ ગરીબનું ઘર ઉઘાડશે, એ તારું ભાગ્ય! પણ ક્યાં કુમુદ અને ક્યાં આ વણિક? પણ હું તો તારે યોગ્ય નથી જ! દુષ્ટને છોડી ગરીબનું ઘર ઉઘાડ! મણિમુદ્રા! લક્ષ્મીના છેલ્લા અવશેષ! પ્રિય કુમુદની સ્મારક, એકલી એક મારી જોડે રહેલી છેલ્લી બહેન! મારા પિતાના વિભવના છેલ્લા પ્રસાદ! પ્રિય કુમુદના આજ ચિરાઈ જતા અંતઃકરણમાં રસળતો મારો દુષ્ટ હાથ તારે યોગ્ય નથી! મારું જનોઈ ભ્રષ્ટ છે–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારું શરીર દુરાત્માનું ઘર છે! મણિમુદ્રા! લક્ષ્મીના અવશેષ! મારા પિતાના વિભવના છેલ્લા પ્રસાદ! પ્રિયતમ કુમુદની પ્રિયતમ બહેન! મારા સ્નેહની સ્મશાનવિભૂતિ! મારાં આંસુથી કલંકિત કર્યા સિવાય તને તજું છું! જા! ગરીબનું ઘર દીપાવ.” સરસ્વતીચંદ્ર અર્થદાસની પાસે બેઠો – તેની આંગળીએ મુદ્રા પહેરાવી અને ભૂખથી, દુઃખથી, દયાથી, વિરહથી નબળો પડેલો વિકલ, ગદ્ગદ બનતો તરુણ ઢળી પડ્યો.

સરસ્વતીચંદ્રને બહારવટિયો કલ્પતો, ઘડીકમાં તેને રત્નનગરીની પોલીસને વશ કરવા યુક્તિ શોધતો, ઘડીકમાં તેની પાસેથી છૂટો થવા ઇચ્છતો અને આખરે છેલ્લી ઇચ્છાને વશ થતો અર્થદાસ નિર્ધનતા અને દુઃખનો ઢોંગ લઈ પડ્યો હતો – તે એવું ધારીને કે તેને નિર્માલ્ય ગણી બહારવટિયો પોતાની મેળે પોતાને રસ્તે પડે. તેમ કરતાં આ તો નવું નાટક નીકળ્યું. ચગાવેલી દેખાતી આંખો વડે તે મુદ્રા જોઈ, મણિમુદ્રાની પરીક્ષા કરી, નજર આગળનો દેખાવ સમજ્યો નહિ, અને મુદ્રા આંગળીમાં બેઠી અને સરસ્વતીચંદ્ર ઢળી પડ્યો કે એકદમ વીજળીની ત્વરાથી ઊભો થઈ, ચોર ચિત્તવાળો પોતાને સમયસૂચક ગણતો, પાછું જોયા વગર અને વિચાર કરવા ઊભો રહ્યા વગર મુઠ્ઠી વાળી નાઠો.

—સરસ્વતીચંદ્ર – ભાગ બીજો

ટિપ્પણ અને પ્રશ્નો

મસ્તક – માથું. અહીં મગજ (Brain) – એ અર્થમાં ગોવર્ધનરામે એ શબ્દ વાપર્યો છે. ખરી રીતે મસ્તિષ્ક જોઈએ. **દત્તાત્રેય** – અત્રિ ઋષિના પુત્ર. જડ, ચેતન સર્વ વસ્તુમાંથી એ બોધ ગ્રહણ કરતા, અને એ સર્વ વસ્તુ અને પ્રાણીઓને ગુરુ કરી માનતા. આથી સરસ્વતીચંદ્રને દત્તાત્રેય સાથે સરખાવ્યો છે. **तालिमपि न दद्यात्** – તાળી પણ ન દેવી (કદાચ હાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પકડી લે એમ માની તાળી પણ ન દેવી. અહીં વાણિયાની વધારે પડતી અગમચેતી સૂચવે છે.) **ભેદુ** – મળતિયો, સાથી. **માછલાએ** – માછલાથી (ચરોતરમાં આ પ્રયોગ સામાન્ય છે.) **ગર્ભશ્રીમંત** – ખાનદાન, કુળવાન. અહીં જન્મથી શ્રીમંત (ધનિક એ અર્થમાં વપરાયો છે.) **મણિમુદ્રા** – મણિ જડેલી વીંટી. **ક્ષિતિજરેખા** – દૃષ્ટિમર્યાદા; પૃથ્વી અને આકાશ જ્યાં મળી જતાં લાગે છે તે. **સ્મશાનવિભૂતિ** – છેલ્લો શેષ.

૧. 'સરસ્વતીચંદ્ર' એ ગુજરાતી સાહિત્યમાં અનન્ય ગ્રંથ શા માટે ગણાય છે?
૨. સરસ્વતીચંદ્ર લખવામાં ગોવર્ધનરામનો શો ઉદ્દેશ હતો? મણિમુદ્રાની ભેટના પ્રસંગમાં એ હેતુ છે ખરો?
૩. સરસ્વતીચંદ્રે પિતાનો વિભવ છોડી ગૃહત્યાગ શા માટે કર્યો?
૪. સરસ્વતીચંદ્ર સંબંધી અર્થદાસ કેવા વિચાર ધરાવતો હતો? તેનું શું કારણ?
૫. સરસ્વતીચંદ્રના ઈશ્વરસ્તવનનો સાર તમારા શબ્દોમાં લખો.
૬. અર્થદાસના દ્રવ્યલોભને લેખકે કેવી રીતે વર્ણવ્યો છે તે સમજાવો.
૭. સરસ્વતીચંદ્ર અથવા અર્થદાસના પાત્ર ઉપર ટૂંકી નોંધ લખો.

[?] શ્રીદામાની સફળ યુક્તિ

[શ્રીદામાની સફળ યુક્તિ એ પ્રવેશ 'રોષદર્શિકા સત્યભામાખ્યાન' નામના નાટકમાંથી લેવામાં આવ્યો છે. આ નાટક પ્રેમાનંદે લખેલું છે એમ કેટલાક માને છે. બીજે પક્ષે સાક્ષર શ્રી નરસિંહરાવે ભાષા વગેરેના પુરાવા આપી એમ પ્રતિપાદન કર્યું છે કે આ નાટકો આધુનિક છે. અને ઈ. સ. ૧૯૦૦ની આસપાસ કોઈકે લખી પ્રેમાનંદને નામે ચઢાવી દીધાં છે. સાક્ષરવર્ગનો મોટો ભાગ આ મત સ્વીકારે છે.

ગુજરાતના ગદ્યસાહિત્ય અને નાટ્યસાહિત્યનો ઇતિહાસ તપાસતાં નરસિંહરાવનું મંતવ્ય સાચું લાગે છે. પ્રેમાનંદે જો નાટક લખ્યાં હોય તો ત્યાર પછી લગભગ ૨૦૦ વર્ષના ગાળામાં એનું એક પણ અનુકરણ ન થાય, એ ક્ષેત્ર તદ્દન અણખેડાયેલું રહે એ સંભવિત નથી. ગદ્ય અને નાટકની શરૂઆત ઈ. સ. ૧૮૫૦ પછી જ થઈ. નાટકની ભાષા તપાસતાં જ લાગશે કે આ શૈલી નર્મદની શૈલી કરતાં પણ વિશેષ અર્વાચીન છે. સમય આવ્યે પ્રેમાનંદ વિષેની ઘણી રૂઢ માન્યતાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદલાઈ જાય એ અતિ સંભવિત છે. આ પ્રશ્નના ઉકેલ માટે ઘણા પ્રયત્નો થયા છે અને થાય છે, પણ વિશેષ પ્રયત્નો થવાની ઘણી જરૂર છે.

આ નાટકનો લેખક ગમે તે હોય, પણ આ નાટકો ઊંચી કક્ષાનાં છે એ તો નિર્વિવાદ છે, અને ગુજરાતી અલ્પ નાટ્યસાહિત્યમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરે છે.]

(દ્વારકાના જાદવ સત્રાજિતને કૃષ્ણ સાથે અણબનાવ હતો. સત્રાજિતની સુંદર પુત્રી સત્યભામાનાં દર્શનમાત્રથી કૃષ્ણનો તેના ઉપર પ્રેમ બંધાય છે. કૃષ્ણ અને સત્યભામાના મેળાપની સત્રાજિતને ખબર પડતાં તે તેને એક ઓરડામાં કેદ કરે છે. તેની ભાળ કાઢવા કૃષ્ણ પોતાના બાળસ્નેહી ચતુર ગોપ શ્રીદામાને મોકલે છે. શ્રીદામા જઈને સત્યભામાની સખી નાગરિકાને મળે છે.)

નાગરિકા — (સખેદ) શિવ! શિવ! હવે મારાથી કંઈ પણ થઈ શકશે નહિ. એ બિચારી સારિકા કોઈ પાંજરામાં પુરાઈ રહી છે, તે નથી થતાં દર્શન, કે નથી સુણાતો શબ્દ. શ્રીદામા! હું શું કરું? જે મારાથી નથી જ બને એવું, તેને માટે મારે કેમ કરવું તે તું જ કહે.

શ્રીદામા — પણ તે પીંજરાનું બારણું કેણી ગમ છે તે તું જાણે છે કે નહિ? જો જાણતી હોય, તો તું અને હું બે જણ જઈ બારણું ઉઘાડી નાખીએ.

નાગરિકા — સખા! બારણું તો એ જ કે મારી સખીની માની કોટે કૂંચી છે, તે જો હાથ આવે તો હું સત્યભામાને મળી સર્વ સમાચાર, જેમ કોઈ ન જાણે તેમ લઈ આવું; પણ એ તો ભોરિંગના માથાના મણિ જેવું છે.

શ્રીદામા — ત્યારે તું જા, અને ગમે તેમ કરી લઈ આવ. પટરાણીની સખી તે કંઈ કષ્ટ વેઠ્યા વગર થવાય?

નાગરિકા — મારાથી તે આવેય નહિ, અને હું લેવા જાઉંયે નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીદામા—વારુ હું જો તને આણી આપું તો ?

નાગરિકા—એડશી મારવી જવા દે; જો તું તે લાવી આપે તો સત્યભામાના મનની સહુ વાત પલકમાં ગમે તેમ કરી આણી આપ્યા વગર રહું નહિ.

શ્રીદામા—ત્યારે ચાલ તારે ત્યાં ! (કાનમાં) જો હું આમ કરું તો કેમ ?

નાગરિકા—ભાઈ ! તું જાણે અને તારું કામ જાણે ! તું જો મને કૂંચી આણી આપીશ, તો હું મારે શિરસાટે પણ કહેલું છે તેટલું કરીશ.

શ્રીદામા—(કંઈક વિચાર કરી) વારુ ત્યારે ચાલ, હવે ઉતાવળી. જે મારાથી થાય છે તે કરવાને હું પાછી પાની કરું તેવો નથી. (એમ કહી બંને ઉતાવળાં ચાલ્યાં જાય છે.)

(પછી બે-ત્રણ પુરુકુમાર પ્રવેશ કરે છે.)

ચંદ્રક—અલ્યા ચાતુરક ! મેં તો આમ આમ (હાથ હલાવીને) કરતેક જે એક લગાવી દીધી કે'ની, કે એ બામણાનું પાઘડું ડફ લઈને હેઠું પડ્યું, એટલે ધડધડ હડી કાઢી મારવા ધાયો.

ચાતુરક—ભાઈ ! હું તો તેં ઉડાવેલી ગિલ્લી લેવા આઘે સુધી ગયો'તો, તેથી મને પહેલાં શું થયું તેની ખબર નથી. અબે ! તે તું મને કહી બતાવ જોઈએ.

ચંદ્રક—(આમ તેમ જોતો) અલ્યા ! એમાં તે શું કહેવું'તું ? મેં વકટ મારી, અને તું ગિલ્લી લેવા ગયો, તે વેળાએ એ બામણ મને પૂછવા લાગ્યો, કે તેં વિદર્ભવાળી વૈદરભીનું ઘર લહ્યું છે ! બંદાએ ના કહી, ત્યારે એણે મને ગાળ ભાંડી, એટલે મેં આમ આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(હાથ હલાવી) કરી લગાવી, કે એનું પાઘડું પડી ગયું તે તો દોસ તેં પણ દીઠું! પછે આપણે નાસી આવ્યા, તે તો તને ખબર જ છે. (એવામાં કોઈ આવતું હોય, એવો પડઘો સંભળાય છે.)

ચાતુરક—(પડઘા સાંભળી) અલ્યા! નાસ રે બાપ!! જો પેલો બામણો મારવા આવ્યો. (એટલે બંને જણ નાસવા મંડે છે, અને સત્યવ્રત પ્રવેશ કરે છે.)

સત્યવ્રત—ચંદ્રક! ચંદ્રક! અલ્યા કેમ નાસો છો?

ચાતુરક—(તેને જોઈ) ભાઈ ચંદ્રક, નાસીશ મા; એ તો આપણો દોસ્ત સત્યવ્રત છે.

સત્યવ્રત—તમે એવું તે શું કર્યું કે બીધેલા જેવા જણાઓ છો?

ચંદ્રક—(સત્યવ્રતના કાનમાં) ભાઈ, આમનું આમ થયું.

સત્યવ્રત—હવેથી એવું કરતા મા હો; એવા બામણા તો બાળીને ભસ્મ કરી દે.

ચંદ્રક—અબે! પણ અમે એનું પહેલાં ઓછું નામ દીધું'તું? અમને શું કરવા પૂછવા આવ્યો? અમે એના બાપના ચાકર છીએ, કે એને બતાવવા જઈએ? (એવે માથામાં મોટું ટીપણું ઘાલી હાથમાં લાકડી ઝાલી જોશીબુવા પ્રવેશ કરે છે.)

જોશીબુવા—(લાકડી ઠોકી) ઊભા રહો તમારી માના છોકરા મારું! [એમ કહી મારવા દોડે છે, અને ત્રણે છોકરાઓ નાસી જાય છે. પછી જોશીબુવા નિઃશ્વાસ નાખી] ઓ પ્રભુ! આટલું આટલું અથડાયા તોય વિદર્ભદેશવાળી મળી નહિ; હવે હું તે શું કરું ને ક્યાં વાસો વસું? (બ્રાહ્મણની આ સ્થિતિ જોઈ શત્રુજિત નામનો એક યાદવ તેને પોતાની કને બોલાવે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શત્રુજિત — (મહારાજ કને આવ્યા જોઈ) ભગવંત! આ પુરને તમે પાવન કર્યું છે, તેથી તેનાં ધન્યભાગ છે. વારુ, આપને ક્યાં જવાની ઇચ્છા છે, અને કોને શોધો છો?

જોશીબુવા — વત્સ! આ તે લોક કહે છે તે ઠઠ્ઠાપાટણ છે કે શું? હર હર! હું અહીં ક્યાંથી આવી ચડ્યો?

શત્રુજિત — ભગવંત! તમારે ક્યાં જવું છે?

જોશીબુવા — વત્સ! અમારા દેશની રુક્મિણી અહીં પરણી છે, તેની કને જવું છે.

'ઊભા રહો, તમારી માના છોકરા મારું!' [પૃષ્ઠ ૧૫૮]

શત્રુજિત — અહો ભગવંત! એ તો અમારાં સ્વામિની થાય. શું કરું ઋષિરાજ! જો મારાથી ચલાતું હોત, તો હું તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવશ્ય ત્યાં સુધી પહોંચાડી આવત; પણ નિરુપાય. સાધુ! તમે આ ગલીમાંથી આમ વળશો, કે વિચત સાથે વાતો કરતો મહેલ જણાશે; એ જ પ્રાસાદમાં અમારાં સ્વામિની બિરાજતાં હશે.

જોશીબુવા — ભદ્રં ભવતુ! (એમ કહી ચાલવા માંડે છે. અને થોડે જઈ ઘરને ઓટલે ચઢી પૂછે છે, કે રુકિમણીનું ઘર ક્યાં?)

ચારુમતી — (ઘર બહાર આવી પગે લાગી) ભગવંત, હું સમજી નહિ કે તમે શું કહ્યું!

જોશીબુવા — અહો સૌભાગ્યવતી! અમારા વિદર્ભદેશની રુકિમણી અહીં, પરણી છે, તેના પરિણયનું મુહૂર્ત આપનાર અમે જ છીએ. અમારે કંઈ ગરજ પડી, માટે મળવા આવ્યા છીએ. જો તને તેના ઘરની ભાળ હોય તો બતાવી દે; તારું કલ્યાણ થશે.

ચારુમતી — ભગવંત! એ તો આ પુરનાં રાણી છે. એો એમનું ઘર દેખાય; પણ મહારાજ, મારો હાથ જોતા જાઓ તો મારે ઘેર આવી ગંગાસ્નાન કરાવી ગયા જેવું થાય.

જોશીબુવા — ઠીકસ્તો; જોશી, દોશી, ને વટેસાણું–એ ત્રણે ફોકટિયાં છે જ! પણ તેં અમારા પર ઘર બતાવવાનો ઉપકાર કર્યો, તો અમારાથી તારું જે હિત થાય તે અમારે કરવું જોઈએ. [પછી તેના પગથી તે માથા સુધી જોઈ] બાઈ! તમારે એક પુત્રી છે. [ફરીથી ધ્યાન કરી] પૈસેટકે પૂર છો. [વળી હાથની રેખા જોઈ] તમારે તમારા સ્વામી સાથે બિયાબારું છે. [પુનઃ નાસિકા ગ્રહણ કરી] હવડાં તારું મન ઉદ્વેગમાં છે, અને કોઈ ઇષ્ટ વસ્તુનું દર્શન થતું નથી. હે સૌભાગ્યવતી! અમે કહી તે બધી વાત સાચી છે. અને એ જૂઠી છે એમ તું કહે તો અમે ઊઠી ચાલ્યા જઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુમતી—દૈવજ્ઞ! સર્વ સાચેસાચું છે; પણ ભગવંત કહો જોઈએ મારી સુતાને (નિશ્વાસ નાખી) મનગમતો સ્વામી મળશે કે નહિ? મહારાજ, એનું નામ સત્યભામા; જોજો હો; ખરેખરું કે'જો, હું તમને ખુશી કરીશ.

જોશીબુવા—તમારી તે સુતાને બોલાવો, એટલે તેનો સર્વ જોગ નક્કી કરી તમને સમજાવું; જોયા વગર કંઈ જણાય નહિ.

ચારુમતી—(નિઃશ્વાસ નાખી) ભગવંત! તે હવડાં અહીં છે નહિ. ઋષિરાજ! તમારા જેવાને તો સર્વ જણાય, માટે તેને સાસરું સારું મળશે? શી રીતે? એ બધું જો કહેવાય તો જોયા વગર જ કહો.

જોશીબુવા—(વિચાર કરી) વારુ; ત્યારે ઠીક, સાંભળજો હો! (રાશિઓનાં નામ દઈ અને આંગળીના વેઢા ગણી) અરે બાઈ! તમારી પુત્રી તો કોઈ મહાધુરંધર રાજપુરુષની પટરાણી થાય એમ લાગે છે. જુઓ, શાસ્ત્રમાં પણ કહ્યું છે કે જેના ગ્રહ આવા હોય, તેને આવું અવશ્ય મળે.

જો ચોથા ભુવને કહી શનિ રહ્યો, તો ભાગ્ય મોટું ભળ્યું,
પ્રાસાદો વસવા મળે મણિ સમા, સોનું ન જાયે ગણ્યું;
ગ્રામો કૈંક મળે, ટળે દુઃખ સહુ, રાણી બને રાજની,
એવા યોગવતી સુતા તુજતણી, છે બાઈ એ કાજની!

સાતમે સ્થાનકે શુક્ર જો આવિયો,
ભાગ્ય તેનું ફળ્યું, દૈવને ભાવિયો;
સ્વામી એવો મળે સંશયે શેં રહું?
કન્યકા તારી તો, એ ગ્રહે છે કહું.

ચારુમતી—દૈવજ્ઞ! એ તમારું કહેવું જૂઠું પડે એવું જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોશીબુવા—સૂર્ય ચળે, પૃથ્વી ચળે, મેરુ ચળે, નભ ચળે, પણ અમારું વચન કદાપિ ચળે નહિ. માત્ર કંઈ દોષ હોય, તો તે અમારા કહેવા પ્રમાણે નિવારવો જોઈએ.

ચારુમતી—ત્યારે ભગવંત! કયો દોષ હશે કે મારી સુતા હવડાં મહાકષ્ટને વેઠે છે, અને તેનું ઇચ્છેલું ઊડી જઈ અણઇચ્છેલું મળવાની તૈયારીઓ થઈ ચૂકી છે.

જોશીબુવા—અહો સૌભાગ્યવતી! તારા ખોટા ગ્રહ તેને નડે છે, (કોટ સામી નજર કરી) તેમ તારી ગ્રહો પ્રત્યેની કૃતિ પણ એવી અવળી છે કે ન થતું હોય તે વિઘ્ન થાય.

ચારુમતી—ગણક! ત્યારે મારા વસા ગણી જોઈ કહો કે મને કયા ગ્રહ નડે છે? અને તે નડતર હું કેમ કરું તો અટકે!

જોશીબુવા—(ધ્યાન ધરી) જો સાંભળ; તારે આટલા ગ્રહ વાંકા છે:

જો ચોથી સૂર્યરાશિ, જનતણી ગણી, વક્ર એ તો રહી છે,
માઠું તેથી બને છે, તન મન તુજને, કષ્ટ ચિંતા કહી છે;
અંગોઅંગે અતિશે, અગનિ સળગતી, શાંતિ સ્વપ્ને ન લાધે,
તારા એવા બધા છે, ગ્રહ નવ નરતા, કાંતિ તારી ન વાધે.

અપિચ—છે શનિશ્ચર બારે જો, દુઃખ દે તુજને અતિ;
મોટી પનોતિ અર્પે એ, જેની ગહન છે ગતિ.

ચારુમતી—ભગવંત! એ દોષનિવારણ થાય એવો કાંઈ ઉપાય હશે?

જોશીબુવા—ઉપાય ન હોય એમ સમજવું જ નહિ.

ચારુમતી—ત્યારે ભૂદેવ! બતાવો જોઈએ; જો અઘરામાં અઘરું હશે, તોપણ તે હું મારી લાડઘેલી કુંવરી માટે કરીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોશીબુવા — બાઈ! તારે જે જન્મરાશિથી સૂર્યની ચોથી દશા બેઠેલી છે તે તો તારા ઘરમાં અહોરાત્ર સૂર્યનું પૂજન થાય છે એટલે બહુ બાધકારક નથી; પરંતુ જે બારમો શનિશ્ચર તારો થાય છે અને તેની સાથે સાડાસાતી પનોતી બેઠી છે, તેનો તો પરિહાર કર્યા વગર છૂટકો નથી.

ચારુમતી — મહારાજ, જેવું કરવું પડશે તે કરીશ. તમે કહેતાં ખંચાશો નહિ.

જોશીબુવા — અમે શા સારુ ખંચાઈએ? અમારે નથી લેવું કે નથી દેવું. જો બાઈ, સાંભળ; એક તો તારે લોઢાને અડકવું નહિ; બીજું જે તારા ઘરમાં જૂનાં માણસ હોય તેને જોયા વગર ખાવું નહિ; ખખડાટ-ભભડાટ થાય તે જોવા જવું નહિ; શનિશ્ચરના જપ કરાવવા; કાળાં વસ્ત્ર દાનમાં આપવાં; તથા સારો બ્રાહ્મણ જોઈ તેને નિત્ય સવા શેર અડદ આપ્યા કરવા; એટલું યથાર્થપણે કરીશ એટલે તારી જે લોઢાને પાયે પનોતી બેઠેલી છે તે બદલાઈને રૂપાને પાયે થશે.

ચારુમતી — (સહર્ષ) અહો દ્વિજવર્ય! એમાં તે શું? એટલું તો હું હાલતાં-ચાલતાં કરું તેવી છું. હવડાંથી જ તમે કહ્યું તેમ વગર ભૂલે કરવા માંડું છું.

જોશીબુવા — અરે! બાઈ, ગ્રહ તો મોટા મોટાને ભુલાવે તેવો છે. જો, (કોટ ભણી આગળી કરી) તારે હૈડે ચડીને જ લોઢાની પનોતી બેઠી છે, અને તું તો ભૂલ ન કરવાનું કહે છે!

ચારુમતી — હા, હા, મહારાજ! ખરી વાત (એમ કહી કોટેથી કૂંચી કાઢી ગોખલામાં મૂકે છે અને પછી દેવજ્ઞને પાંચ મહોરો આપવા જાય છે.) લો, દ્વિજદેવ! આ દક્ષિણા; ફૂલ નહિ ને ફૂલની પાંખડી. (એમ કહીને પગે લાગે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોશીબુવા — હે સૌભાગ્યવતી! અમારે અજાચક વ્રત છે; અમે કોઈનું દાન લેતા નથી. વારુ, અમારા કહેવા પ્રમાણે કરશો અને તે વડે તમારું કામ થશે, એ જ દક્ષિણા સમજીએ છીએ. બેસો, હવે અમે જઈશું.

ચારુમતી — (પગે લાગી) મહારાજ, ત્યારે તમે તો ખરેખરો પરમાર્થ કર્યો હો; ઋષિદેવ, પધારજો. આ પેલું [આંગળી કરી બતાવે છે.] ઊંચું ઘર દેખાય છે, ત્યાં જ રુકિમણીદેવી તમને મળશે.

જોશીબુવા — શુભં ભવતુ! (એમ કહી આશીર્વાદ દઈ ચાલ્યા જાય છે. ચારુમતી પણ પોતાના ઘરમાં પેસે છે.)

[શોચનીય સ્વરૂપે નાગરિકા પ્રવેશ કરે છે.]

નાગરિકા — અરે! શ્રીદામાને તે શું થયું! મૂઓ પકડાઈ ગયો કે કેમ? જો એમ કંઈ હશે, તો હું રઝળી જ મરવાની છું. જેમ ધોબીનો કૂતરો નહિ ઘરનો કે ઘાટનો, તેવી મારી દશા થવાની છે. (એવે કોઈ આવ્યાનો ખખડાટ સાંભળી કાન દે છે.)

શ્રીદામા — (સસ્મિત) કેમ નાગરિકા! કંઈ તારે દશા બશા જોવડાવવી છે! અમે દાટેલાં ધન પણ કહી શકીએ એવા છીએ.

નાગરિકા — હવે કહ્યું કહ્યું! જો જોશી થયા છો તો કહો જોઈએ: મારી સખીને જે મેડી પર પૂરી દાદરે તાળું વાસ્યું છે, તેની કૂંચી હવડાં ક્યાં છે?

શ્રીદામા — (સહર્ષ) દક્ષિણ દિશાના મોટા તાકા કનેના નાના ગોખલામાં છે. જા જઈ જો, અને કદાપિ ના જડે તો આવી ફટ કહેજે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગરિકા — " શાશી ને ફટાક, ના જડે તો ફટ્ કહેજે;" એમાં કંઈ આપવું લેવું છે ?

શ્રીદામા — (નાગરિકાને ગળે હાથ મૂકી) જા, જા, ખચીત. (પછી કાનમાં વીતી વાત કહે છે.) તું જઈ આવી મને સમાચાર કહીશ, ત્યારે મારાથી દેવ કને જવાશે.

નાગરિકા — જો એમ તું કૂંચીનું નક્કી જ કરી આવ્યો છું, તો હું એક પલકમાં ખબર લઈ આવી જાણજે. જોકે મને મારી સખીના બાપ મનાવી તેડી જવા આવ્યા'તા પણ હું તારે કાજે ગઈ નહિ, અને પછે જવાનો વાયદો કર્યો છે. જો જોશે તો મળીશું, અને જો નહિ જુએ તો તારું ધાર્યું કામ કરી પાછાં વળીશું; પણ તું આ તારો વેશ કાઢી નાખી બેસજે, હો. (એમ કહી તે ચાલી જાય છે, અને શ્રીદામો પણ પોશાક બદલવાને રવાના થાય છે.)

— રોષદર્શિકા સત્યભામાખ્યાન

ટિપ્પણ અને પ્રશ્નો

સારિકા – પોપટી. **એડરી** – બડાઈ. **હડી** – દોટ. **વકટ** – ગિલ્લીદંડાનો એક દાવ (વખત). **ઠઠ્ઠાપાટણ** – મશ્કરાઓનું નગર. **વિયત** – આકાશ. **બિચાબારું** – અણબનાવ. **ભુવન** – ગ્રહનું સ્થાન. **યોગવતી** – (ગ્રહના) યોગવાળી. **ગણક** – ગણતરી કરનાર, જોશી. (ગણિતકાર). **વસા** (વસુ સં. સૂર્ય)–ગ્રહ. **નરતા** – ખરાબ, નઠારા. **પરિહાર** – ઉપાય.

૧. 'સત્યભામાખ્યાન' નાટકના લેખક સંબંધી શું માનવામાં આવે છે ?

૨. શ્રીદામા સત્યભામાની ભાળ કાઢવા માટે શી શી યુક્તિઓ અજમાવે છે ?
 (क) તે નાગરિકાને કેવાં કેવાં પ્રલોભન દેખાડે છે ?
 (ख) તે જોશીબુવા થઈને ચારુમતી પાસેથી કેવી રીતે કામ કાઢી લે છે ?

૩. નીચેનાં વાક્યો સ્પષ્ટ રીતે સમજાવો:
 (क) 'એ બિચારી સારિકા કોઈ પાંજરામાં પુરાઈ રહી છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ख) 'જોશી, દોશી અને વટેમાર્ગુ એ ત્રણે ફોકટિયાં.'
(ग) 'ધોબીનો કૂતરો નહિ ઘરનો કે ઘાટનો.'

૪. ચારુમતીને જોશીબુવાએ કેવી રીતે ગ્રહદશા સમજાવી ? ગ્રહદશાનું નિવારણ તેણે કેવી રીતે સમજાવ્યું ? એમાં ખરો આશય શો હતો ?

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

[આધુનિક ગુજરાતી સાહિત્યમંડળમાંના જૂના છતાં નિત્યનવીન, અનેક રીતે યુવાન એવા આ સાક્ષરનો જન્મ ભરૂચની બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં ઈ. સ. ૧૮૬૯ માં થયો હતો. એમના પિતાની અટક 'સેહેની' હતી, તે 'સેહેની' ઉપનામથી પોતાનાં કાવ્યો અને લેખો શરૂઆતમાં તે પ્રસિદ્ધ કરતા હતા. ૧૮૮૯માં બી. એ. ની પરીક્ષામાં અંગ્રેજીમાં પહેલા આવી એમણે 'એલિસ સ્કૉલરશિપ' મેળવી હતી. ત્યાર પછીનું તેમનું જીવન અભ્યાસ અને કેળવણી ખાતાની પ્રવૃત્તિમાં વ્યતીત થયું છે. કરાંચી, વડોદરા, પૂના વગેરે સ્થળોએ એમણે પ્રોફેસર તરીકે કામ કર્યું, અને ૧૯૨૪માં નિવૃત્ત થયા ત્યારથી તે વડોદરામાં રહેતા હતા. હાલમાં તેમણે પોતાનો વસવાટ મુંબઈમાં રાખ્યો છે.

પ્રો. ઠાકોરની સાહિત્યપ્રવૃત્તિ અનેકદેશીય છે. કાવ્યક્ષેત્રમાં એમણે ગેયતા દૂર કરી અંગ્રેજી કવિતાને ધોરણે અગેય કવિતા રચવાનો જીવનભર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગ્રહ સેવ્યો છે. અત્યારના ઘણાખરા કવિઓ ઉપર એમની અસર ઊંડી છે. આમ તેઓ એક રીતે ઊછરતી કવિતાના વિધાયક છે. એ એમની સફળતા માટે પૂરતું છે. એમની કવિતા અર્થઘન છે, અને લોકપ્રિય નથી છતાં સાહિત્યરસિકોને શ્રમભોગ્ય છે.

એમના ગદ્ય વિષે પણ એવું જ છે; પણ લોકપ્રિયતા એ સાહિત્યકારની સફળતાનું સૂચિપત્ર સર્વદા નથી. એમણે વાર્તાઓ ઉપરાંત નાટકો પણ રચ્યાં છે, અને એક સફળ ભાષાંતરકાર તરીકે પણ તેઓ સાહિત્યપ્રેમીઓમાં જાણીતા છે. આ ઉપરાંત તેઓ એક સારા અને નિર્ભય વિવેચક છે. વૃદ્ધ હોવા છતાં તેઓ પોતાના મત માટે અતિ આગ્રહ રાખતા નથી. એમનાં વાચન અને દૃષ્ટિ વિશાળ છે; અને નવીનોના પ્રેરક અને શિક્ષક તરીકે ગુજરાત એમને ભૂલી નહિ શકે. એમના વિચારો ઊગતા સાહિત્યકારોમાં વધારે ને વધારે માન્ય થતા જાય છે. એમનું આખું જીવન અનેક દિશામાં નવીન પ્રયોગો કરવામાં જ વ્યતીત થયું છે અને હજુ પ્રયોગની દિશામાં એમના પ્રયાસ ચાલુ જ છે.

એમની વાર્તાઓ બોધપ્રદ અને રસમય છે; 'ભણકાર' (કાવ્યો), 'ઊગતી જુવાની' (નાટક), 'અભિજ્ઞાન શાકુન્તલ' (ભાષાંતર), 'આપણી કવિતાસમૃદ્ધિ' અને 'લિરિક' (વિવેચન) એ એમના પ્રગટ થયેલા ગ્રંથોમાંના મુખ્ય છે.]

પૅરિસના ત્રણ છોકરા

વરસાદ રહી ગયો; પણ રાત વહેલી અને અંધારી ઘોર જામી. સીન નદીના પુલ ઉપર ફાનસ હતાં, પણ ઉપર ચાલતું માણસ ફાનસ નજીક આવે ત્યારે જ દેખાતું. એ પુલ ઉપર એક નિર્ધન અપંગ ડોસો ધીમે ધીમે ચાલતો હતો. તેની બગલમાં એક જેવી તેવી વાયોલિન (Violin) હતી, અને પૂરાં વસ્ત્ર પહેરેલાં ન હોવાથી ટાઢમાં તે ધ્રૂજતો હતો. પુલ વટાવી તે મોટાં સુંદર મકાનોવાળી એક શેરીમાં આવ્યો. ઊંચે બારીઓમાંથી ચક અને ફરફરિયાં ભેદીને રોશનીનાં કિરણો અને મોજશોખમાં પડેલાં માણસોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદી સ્વર અને ગાનના સૂર આવતા હતા. એ બારીઓ તરફ થોડી વાર જોઈ રહી, ડોસાએ પોતાનું દીન વદન નીચું નમાવ્યું. અને એક ખૂણાના અંધકારમાં જઈ પાકી બાંધેલી ગટર આગળ ઊભો રહ્યો અને વાયોલિન વગાડવા લાગ્યો. પૈસાની તેને જરૂર હતી અને ગાનવાદન સિવાય કમાણી કરવાનું બીજું સાધન તેની પાસે હતું નહિ. જુવાનીમાં તે એક નટચમૂમાં હતો અને ગાઈ બજાવી સારું જાણતો, પણ હાલ તેની વાયોલિન સારી ન હતી. ટાઢ બહુ વાતી હતી, અને વળી તેનું હૃદય છેક નિર્બલ અને ઉદાસ થઈ ગયું હતું, એટલે ગાયનમાં તેનું ધ્યાન રહ્યું નહિ. વાયોલિન ધીમી અને બેતાલ બોલવા લાગી, અને તેની આંખમાંથી રહી રહીને એકેક મોટું ટીપું ટપકવા માંડ્યું.

આસપાસ બારીઓ ઉઘાડી હતી; પણ ગમ્મતમાં પડેલાનાં અથવા તો ઘેર કે કોઈ સહેલગાહે પહોંચી જવાની ઉતાવળવાળાંના બેપરવા કાનમાં દુઃખીનો અવાજ ક્યાંથી પેસે ! આપણા અપંગ, ઉપવાસી અને આફતના ભાર તળે દબાઈ ગયેલા ડોસાનું ગાનવાદન પણ ઘડી વારમાં ઊભરાતાં આંસુ અને ઉપરાઉપર આવતા નિસાસાને લીધે બંધ પડ્યું, અને કોઈ અણધાર્યો હાથ એની મદદે ન લંબાત, તો આવી રાતના ઠારમાં એ બિચારો ગટર આગળ જ શિંગડું થઈ જાત.

એવામાં એક પાસથી ત્રણ ખૂબસૂરત નવજુવાન છોકરાઓ દોડતા, એકબીજા સાથે મસ્તીતોફાન કરતા, અને હસતા હસતા આવ્યા. એમાંના વચલાની અડફટમાં ડોસો આવી ગયો, અને તેની ફાટેલી ટોપી એક તરફ ઊડી પડી, વાયોલિન ગટર પર પડી ગઈ, અને તે પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિચારો ખૂણાની દીવાલમાં અફળાયો. છોકરો પણ પડતો પડતો રહ્યો અને અંધારામાં તેને કંઈ સૂઝ્યું નહિ એટલે તે ગાળ દેવા જતો હતો, ત્યાં તેણે એ બુઢ્ઢાનું લંબાતું ડૂસકું સાંભળ્યું. તે પાછો વળી ખૂણામાં આવ્યો અને ડોસાને ઉઠાડ્યો, અને એનું જોઈને એના બે ભાઈબંધ પણ પાસે આવ્યા. બીજા છોકરાએ ટોપી આણી આપી અને માફી માગી, અને ત્રીજો વાયોલિન ઊંચકી લઈને આવ્યો અને તે પાછી આપતાં ખબર પૂછવા લાગ્યો કે કંઈ બીજી ઈજા તો નથી થઈ. ડોસો એકથી બીજા તરફ જોવા લાગ્યો અને ચિત્તભ્રમ થયેલા જેવો દેખાયો; પણ આ ત્રણેની માયાળુ રીતભાતના જવાબમાં થોડી વારે એના મોં થકી “મારી છોકરી – મારી વાયોલિન – છોકરી, અરે દેવ!” એવા એવા ભાંગ્યાતૂટ્યા શબ્દ નિસાસા સાથે નીકળવા લાગ્યા. છોકરાઓને ખરેખર દયા આવી અને તેમણે એનાં ફાટ્યાંતૂટ્યાં કપડાં — અફળાઈ પડ્યો ત્યારે ખરડાયાં પણ હતાં તે — સાફ કરતાં કરતાં મીઠાશથી પૂછી પૂછીને એની બધી હકીકત જાણી લીધી. એની એકની એક છોકરી વિયેના (Viena) માં ક્ષયને આજારે મરવા પડી હતી અને તેની પાસે જવાને રસ્તાખર્ચ માટે પણ ડોસા કને એક પાઈ સરખી ન હતી. દીકરીની હાયમાં ડોસાએ ત્રણ લાંઘણ કરી હતી, અને આજે છેક લાચાર બની જે મળે તે પૈસા કમાવાને માટે ગાઈ-વગાડીને ભીખ માગવાનો નીચ ઉદ્યમ કરવા પણ તે તૈયાર થયો, ત્યાં તો પાછલા પહોરથી પવન ફૂંકાવા લાગ્યો અને ઠંડો થઈ ગયો. વાદળાં ચઢી આવીને ઝાપટાં પડવા લાગ્યાં અને અત્યારે વાયોલિન પણ પાકી ગટરમાં કુટાઈ નકામા જેવી થઈ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હકીકત સાંભળીને અને બુઢ્ઢાના તનમનની સ્થિતિ અને વેદના જોઈને ત્રણે વિચારમાં પડચા. ત્યાં જરા વારમાં સૌથી મોટાએ આર્દ્ર અવાજે પણ તેજોમય આંખે ત્રીજા છોકરાને કહ્યું, "લાલ, લાવ તો તારી વાયોલિન." એણે તાર મેળવ્યા. એટલામાં બન્ને એનો મનસૂબો સમજી ગયા. લાલે પોતાના હાથમાં ડોસાની ટોપી લીધી અને વચલા છોકરાએ પોતાનો કંઠ વાયોલિન સાથે મેળવ્યો અને ગાનવાદન શરૂ થયું. ત્રણે સંગીતના સારા અભ્યાસી હતા અને ઉસ્તાદી મેળવવા માટે પૅરિસ આવેલા હતા. નાની ઉંમરના છતાં પણ તેમની સંગીત અને નાટકશાળાઓની દુનિયામાં ખ્યાતિ થવા લાગી હતી. આજ રાતે મનોવૃત્તિને અનુસરીને એમનું ગાયન ખૂબ ખીલ્યું. ડોસાને જુવાનીમાં ગાયનનું સારું તાન હતું. આ છોકરાઓ આમ શું કરવા કરે છે તે તો એ ન સમજ્યો, પણ એમના મનોહર ગાનવાદનથી એનું દુઃખ ધીમે ધીમે પાછું હઠયું અને ચિત્ત ગાયનમાં જ પરોવાતું ગયું. ગઈ સાંજે જ પૅરિસમાં એક સુંદર સંગીતનાટક ભજવાયું હતું, તે પહેલે પ્રયોગે જ અત્યંત લોકપ્રિય થઈ ગયું હતું આ નાટકનાં જ ગાયનો આ છોકરાઓએ એક પછી એક ઉપાડયાં; અને લાંબી શેરીની ઊંચી ભીંતો વચ્ચે ઝઝૂમતાં વાદળાંની છત તળે, નવજુવાન કંઠ અને ગગનટોચ ભેદતાં પણ મૃદુતાને ન છાંડતી તંત્રીનાં સુંદર આંદોલનો વિષે કુદરતે પણ વિશેષ સુંદરતા પૂરી.

પૅરિસના શોખીન શહેરમાં અને આવે વખતે આવા અસાધારણ ગાયનને લીધે દસેક મિનિટમાં જ ગાડીઓ રસ્તામાં થોભવા લાગી. બારીઓમાંથી સ્ત્રીપુરુષોનાં ડોકાં દેખાવા લાગ્યાં. જુવાનોએ ત્રીજું ચોથું ગાયન માંડ્યું ત્યાં તો વાએ વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલાવી અને આખી શેરી કામકાજ પડચાં મૂકીને આમને સાંભળવામાં પડી; ગાડીઓમાંથી ને બારીઓએથી તાલ અપાવા માંડયા : તાળીઓ પડવા લાગી અને શોખીનો તરફથી પોતપોતાનાં પ્રિય ગાયનો સંભળાવવા માટે સૂચનાઓ પણ થવા લાગી. અર્ધો કલાક થયો, પોણો કલાક થયો, કલાક થવા આવ્યો. ડોસાની ફાટેલી ટોપી સોના અને રૂપાનાણાથી છલકાઈ ગઈ; બીજા અર્ધા કલાકમાં એ જુવાનોની ત્રણ ટોપીઓ પણ ભરાઈ ગઈ.

મોટા છોકરાએ વાયોલિન બંધ કરી. ત્રણે બુઢ્ઢા પાસે આવ્યા અને ટોપીઓમાંનું નાણું એનાં ગજવાંઓમાં મૂઠેમૂઠે ભરવા લાગ્યા. એના મંદ મગજમાં તો હજુ એમના છેલ્લા ગાયનના સૂર રમતા હતા. તે આ શું થાય છે તે જોતાં ચમકયો. એમના હાથ ઝાલવા ગયો, પણ બે ઘરડા હાથે કરીને છ હોંસીલા અને નવજુવાન હાથ શી રીતે ખાળી શકે ! છોકરાઓએ ચાર ટોપી સપાટામાં ખાલી કરી અને પછી મૂંગે મોંએ પીઠ ફેરવીને જવા માંડયું. એઓને ખરે જ જતા રહેતા જોઈ ડોસાએ છેલ્લાની બાંય ઝાલી લીધી અને સવાલ પૂછયો, “ભાઈ, તમારું નામ ?”

જરાક ખંચકાઈ ગંભીરતાથી તેણે જવાબ દીધો : ‘શ્રદ્ધા’.

ડોસાએ બીજા તરફ જોયું, “ભાઈ, તમારું ?” ‘આશા.’

અને ડોસો ત્રીજા સામું જુએ છે ત્યાં તે બોલ્યો, ‘કરુણા.’ ડોસો બિચારો ઘૂંટણે પડી કરગરવા લાગ્યો : “મારી છોકરીનો જાન આપનાર ! નામ તો તમારાં કહેતા જાઓ : હું અને તે કોનો આભાર માનીએ ?”

મોટા છોકરાના મુખ ઉપર સ્મિત ફરકયું. આછાં છતાં વાદળવાળા આકાશ તરફ તેનો જમણો હાથ સહેજ ઊંચો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો, અને તે પ્રસન્ન કંઠે બોલ્યો : “ આભાર પરવરદેગારનો ! ”

ત્રણે જુવાનો ઊભરાતા આનંદ સાથે વેગથી દોડી ગયા.

“ કેવા ખૂબસૂરત છોકરા ! ” “ શું સુંદર ગાયન ! ” “ પેલી ચીજો તો નાટકશાળા કરતાં પણ અચ્છી ગાઈ ! ” વગેરે વચનો બોલતાં બોલતાં શોખીન નરનારીઓ વીખરાયાં, ગાડીઓ ચાલી ગઈ, અને બારીબારણાં બંધ થયાં. શેરી પાછી હતી તેવી બની રહી. થોડી વારે વાદળમાંથી નીકળતા ચંદ્રને અજવાળે ડોસો સીન નદીનો પુલ ઓળંગી ગયો.

— દર્શનિયું

ટિપ્પણ અને પ્રશ્નો

ચક–બારણે કે બારીએ લટકાવવામાં આવતો કાચની ભૂંગળીઓ કે મણકાનો પડદો. **નટચમૂ**–નાટકમંડળી. **બેતાલ**–તાલ ભંગ થાય તે રીતે. ‘बे’ ફારસી ઉપસર્ગ છે. (દા. ત. બેવખત–બેઅક્કલ). **સહેલગાહે**–સહેલ કરવાને સ્થળે. **શિંગડું થઈ જાત**–ઠંડીમાં અકડાઈ જાત. **સંગીતનાટક**–(opera) પશ્ચિમના પ્રદેશોમાં પ્રચલિત એવું એક પ્રકારનું સંગીતપ્રધાન નાટક. **તંત્રી**–વાયોલિન. **આંદોલનો**–સૂરથી ઉત્પન્ન થતાં મોજાં. **પરવરદેગાર**–(ફા.) સર્વનું પાલન કરનાર ઈશ્વર.

૧. શ્રી બ. ક. ઠાકોરના જીવનની ટૂંકી રૂપરેખા આપો.
૨. ડોસાની વેદનાનો ચિતાર તમારા શબ્દોમાં રજૂ કરો.
૩. આ વાતનો ટૂંક સાર આપો અને એનું રહસ્ય સમજાવો.
૪. ‘ શ્રદ્ધા ’, ‘ આશા ’, ‘ કરુણા ’ એ નામો શેનું સૂચન કરે છે ?
૫. આગળપાછળનો સંબંધ દર્શાવી નીચેનાં વાક્યો સમજાવો—
   (क) ‘ દીકરીની હાયમાં ડોસાએ ત્રણ લાંઘણ કરી હતી.’
   (ख) ‘ હું અને તે કોનો આભાર માનીએ ?’
   (ग) ‘ લાલ, લાવ તો તારી વાયોલિન.’
   (घ) ‘ આભાર પરવરદેગારનો.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી



[દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનો જન્મ ઈ. સ. ૧૮૬૮માં ભરૂચના એક સંસ્કારી અને શિક્ષિત કુટુંબમાં થયો હતો. ભાવનગરની શામળદાસ કૉલેજમાં અભ્યાસ કરી એમણે બી. એ. ની પદવી મેળવી. મુંબઈમાં અભ્યાસ આગળ વધારી એમ. એ., એલએલ. બી. થયા. વર્ષો સુધી મુંબઈની સ્મોલ કૉઝીઝ કોર્ટમાં અને હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે કામ કરી એ નિવૃત્ત થયા. એમની અનેકવિધ પ્રવૃત્તિ જીવનભર એકધારી ચાલુ રહી છે. આખા વિષેનો નીચેનો ખંડ 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો' નામના પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે. એમાં લેખકે આપણા સાહિત્યનો ઈતિહાસ આલેખ્યો છે, તે સાથે પ્રાચીન કવિઓનાં જીવન અને કૃતિઓનો પણ અચ્છો પરિચય કરાવ્યો છે. એક સારા વિવેચક, સાહિત્યના ઈતિહાસકાર અને ફારસી ભાષા-સાહિત્યના ઊંડા અભ્યાસી તરીકે આ વયોવૃદ્ધ સાક્ષર ગુજરાતમાં સારી રીતે જાણીતા છે.

'જ્ઞાનીને કવિમાં ન ગણીશ' એમ અખાએ પોતાને માટે કહ્યું છે. કવિ કહેવડાવવાનો અખાને મોહ ન હતો. તે જાતનો સોની હતો અને અમદાવાદનો રહીશ હતો. એના જીવન વિષે વધુ માહિતી આ પુસ્તકમાં એના કાવ્ય સાથે આપવામાં આવી છે.]

અખો

સત્તરમી સદીના કવિઓમાં અખો ભગત અગ્રગણ્ય કવિ છે. ગુજરાતી સાહિત્યમાં તે જ્ઞાની કવિ તરીકે પ્રખ્યાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કે મુખ્ય છે. તેનો જન્મ ઈ. સ. ૧૬૧૫માં થયો હતો. જાતે સોની હતો અને અમદાવાદનો રહીશ હતો. કેટલાક તે જેતપુરનો રહીશ હતો ને અમદાવાદમાં આવીને રહ્યો હતો એમ માને છે. બહેનના અકાળ અવસાનને અંગે નાનપણથી જ જગત પર તેને કંટાળો આવ્યો હતો અને સંસારના ભોગ તેણે તજ્યા હતા. તેના મન પર વૈરાગ્યની પ્રબળ છાપ પડી હતી. વધારામાં એના જીવનમાં એક પછી એક એવા બનાવો બન્યા કે જેથી સંસાર તરફ તેને પૂર્ણ અભાવ થયો.

એક બાઈ જેને અખો બહેન કરતાં પણ અધિક ગણતો હતો, તેણે એક વખત એને કંઠી કરવા માટે સોનું આપ્યું. સોનું ત્રણસો રૂપિયાની કિંમતનું હતું. પોતાની બહેન પરના હેતને લીધે એણે ગાંઠના સો રૂપિયા ઉમેરી કંઠી ચારસો રૂપિયાની કિંમતની બનાવી. બાઈ આથી ઘણી રાજી થઈ. આ બાબતમાં એક ઓળખીતા સાથે વાત નીકળતાં બાઈને તેણે કહ્યું:

"મારા તો માન્યામાં આ વાત આવતી નથી. સોની પોતાના સ્વભાવથી વિરુદ્ધ જઈ ગાંઠનું ઉમેરે એ વાત જ અસંભવિત છે. સોની તો સગી બહેનને પણ ન છોડે."

આથી બાઈને ખરેખર અવિશ્વાસ આવ્યો ને કંઠીનો કસ કઢાવવા ભંગાવી. પરીક્ષા કરતાં તેમાં ખરેખર મૂળ કરતાં સો રૂપિયાની કિંમતનું સોનું વધારે જણાયું. બાઈ કંઠી સરખી કરાવવા ફરી અખા પાસે ગઈ. અખાએ ખૂબ આગ્રહ કરી કંઠી ભંગાવવાનું કારણ પૂછ્યું. બાઈએ બધી હકીકત જણાવી. અખાને આથી એમ જ લાગ્યું કે સંસારમાં સારા માણસ માટે સ્થાન જ નથી; એમાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
દુનિયાને પોતાના જેવી જ માનતા પાખંડીઓ અને ઠગોનો જ વાસ છે.

અખો અમદાવાદની પાદશાહી ટંકશાળનો ઉપરી હતો. એ વખતે જ્ઞાતિબંધુઓએ અખા સાથેના કંઈક મતભેદને અંગે તે સિક્કાઓમાં ચાંદી સાથે બીજી હલકી ધાતુનું મિશ્રણ કરે છે એવો આરોપ મૂક્યો. સૂબાએ તેને કેદમાં નાખ્યો, પણ તપાસને અંતે તે નિર્દોષ છે એમ સાબિત થયું, અને અખો બંધનમુક્ત થયો; પણ આ પ્રસંગથી તેને એટલો આઘાત થયો ને જગતના વ્યવહારો તરફ કંટાળો આવ્યો કે સંસારની બધી જ ખટપટ છોડી દેવાનો તેણે નિશ્ચય કર્યો. તેણે પોતાનાં સર્વ ઓજારો કૂવામાં ફેંકી દીધાં અને માલ-મિલકત વેચી નાખી. પછી તે સન્માર્ગે ચડાવે તેવા ગુરુની શોધમાં નીકળી પડ્યો.

અમદાવાદમાં તપાસ કરી, પ્રયાગમાં રખડ્યો પણ તેની શોધ નિરર્થક નીવડી. જયપુર ગયો. ત્યાં વૈષ્ણવ મંદિરના મહારાજ ગુરુ ગોકુળનાથ પ્રત્યે તેનું ધ્યાન ખેંચાયું અને ઉપદેશની આશાએ તેમનાં ચરણ સેવ્યાં. તેની શ્રીમંતાઈને અંગે ત્યાં તેને મિષ્ટ પ્રસાદો આરોગવા મળ્યા, પણ તેથી તેની ધર્મજિજ્ઞાસા તૃપ્ત થઈ નહિ. ત્યાંથી તે ગોકુળ ને મથુરા ગયો, ત્યાં પણ તેને એવા જ અનુભવો થયા. કાશી જઈ તેણે અનેક સાધુ-સંન્યાસીઓની સેવા કરી, પણ કંચન ને કામિનીથી કોઈને મુક્ત જોયા નહિ.

એક વખત કાશીમાં મણિકર્ણિકાના પવિત્ર ઘાટ પર એક નાની ઝૂંપડીમાં એક સંન્યાસીને વેદાંતનાં સૂત્રો એક શિષ્યને સમજાવતાં તેણે સાંભળ્યા. કનિષ્ઠ ગુરુ પાસે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સો જેટલા શિષ્યો હોય જ, એવા શિષ્યવર્ગથી ઊભરાઈ જતા આ ધામમાં આ ગુરુને માત્ર એક જ શિષ્યને ઉપદેશ આપતા જોઈ તેને આશ્ચર્ય થયું. તેણે ઝૂંપડીની પછીતે ઊભા રહી એક વર્ષ સુધી આ ગુરુનાં સંભાષણો સાંભળ્યાં. આ ઉપદેશથી તેમ જ ગુરુની અન્ય સાંસારિક વસ્તુઓ પ્રત્યેની અનાસક્તિને અંગે તેનો આત્મા સંતોષાયો અને તેણે આ ગુરુ પાસે જ શિષ્ય તરીકે દીક્ષા લેવાનો વિચાર કર્યો.

જ્યાં પ્રવચન ચાલતું હોય ત્યાં સામાન્ય રીતે વચ્ચે વચ્ચે હુંકારો દેવાનો ચાલ હોય છે. આથી ઉપદેશકનો ઉત્સાહ વધે છે અને શ્રોતાઓ જાગ્રત રહી તેના પ્રવચનનું શ્રવણ કરે એનો તેને સંપૂર્ણ ખ્યાલ રહે છે. શ્રોતાઓની સંખ્યા બહુ હોય ત્યાં તો કોઈ જાગ્રત ન રહે તો ચાલે, પરંતુ જ્યાં શ્રોતા માત્ર એક જ હોય ત્યાં તો તેણે જાગ્રત રહેવું જ જોઈએ. આ ગુરુનો આ એકનો એક શિષ્ય આ બાબતમાં ખૂબ કાળજી રાખી સાવધાન રહેતો, પણ એક દિવસ તેને ઝોકું આવી ગયું. યોગ્ય સમયે હુંકારો નહિ આપે તો ગુરુના ઉત્સાહમાં ભંગ થશે એમ લાગતાં અખાએ દીવાલ પાછળથી જ હુંકારો ભણ્યો. ગુરુને આશ્ચર્ય થયું. તપાસ કરતાં ભીંત પાછળ અખાને જોયો. આમ કરવાનું કારણ પૂછતાં તેણે પોતાનો સર્વ વૃત્તાંત જણાવ્યો અને શિષ્ય તરીકે દીક્ષા માગી. ગુરુએ બાર માસ સુધીના તેણે શ્રવણ કરેલા ઉપદેશની પરીક્ષા લીધી. ગુરુને એથી તેના પર વિશ્વાસ બેઠો અને દીક્ષા આપી. પછી અખો ગુરુ પાસે ત્રણ વર્ષ સુધી રહ્યો, અને જ્ઞાન તેમ જ ભક્તિના ગ્રંથોનો અભ્યાસ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમદાવાદ પાછા ફરતાં તે જયપુરના વૈષ્ણવ મંદિરમાં ગુરુ ગોકુળનાથને મળવા ગયો. પરંતુ ત્યાં દ્વારપાળે તેને દ્વાર પર જ અટકાવ્યો. અખો પહેલી વાર આ દ્વારપાળના પરિચયમાં આવ્યો હતો, છતાં જ્યારે અખાએ દ્વારપાળને પોતાનું નામ આપ્યું ત્યારે તેણે કહ્યું: "અખો તો મોટો શેઠિયો હતો, શેઠિયો! તારા જેવો ભિખારી નહોતો."

છતાં અખાએ અંદર જવા આગ્રહ કર્યો. આથી થોડો ગડબડાટ થયો. એ સાંભળી ગોકુળનાથ મહારાજ બારીએ આવ્યા. અખાને તેમણે ઓળખ્યો, પણ ઓળખાણ વિષે નન્નો વાસ્યો. અખાને આથી ભાન થયું કે મહારાજને ભિખારી અખાનું કામ નહોતું.

અખો અમદાવાદ તેમ જ અન્ય સ્થળોએ અનેક સાધુ સંન્યાસીઓની સંગત, સહવાસ ને સંબંધમાં આવ્યો હતો. એમાંના થોડા ખરેખરા સજ્જનો ને સાધુઓ હતા. પણ મોટો ભાગ તો પાખંડીઓનો હતો. અખાએ તેનાં કાવ્યોમાં ક્યાંક ક્યાંક આવા સજ્જનોની પ્રશંસા કરી છે, પરંતુ મોટે ભાગે તો પાખંડી, વેષધારી સાધુઓ વૈરાગીઓનાં પાખંડ ને અનીતિનું દર્શન કરાવી ઉઘાડા પાડવા કમર કસી છે. તેણે હિંમતથી આ દંભની પોકળતા દેખાડી ખરા જ્ઞાનનો ઉપદેશ કર્યો છે.

અખાના રચેલા ગ્રંથો મોટે ભાગે તત્ત્વજ્ઞાન, વેદાંત ને શાસ્ત્રને લગતા છે, અને તેથી માત્ર અધિકારીઓ સિવાય સામાન્ય લોકોમાં તે બિલકુલ પ્રચાર પામ્યા નથી. અખાનાં જ્ઞાન ને ઉપદેશનાં પદો ને છપ્પાઓ ખૂબ જ લોકપ્રિય થયાં છે ને સારો પ્રચાર પામ્યાં છે. લોકો અનેક પ્રસંગોએ છપ્પાઓનો, તેમાંના દાખલાઓનો ને ઉપમાઓનો છૂટથી

गुरुकुल कांगड़ी पुस्तकालय

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ કરે છે અને ઉપદેશ કે આશ્વાસન આપતી વેળા ઉચ્ચારે છે. અખાને સંસારના વ્યવહારો એક માયાજાળ સમાન જ લાગે છે અને જગતને તે મિથ્યા કહે છે. પરબ્રહ્મને જ જગત માત્રનું એક પરમ સત્ય કહી તેને આશ્રયે જવા તે ઉદ્‌બોધે છે.

અખો બહુ કેળવણી પામેલો ન હોવાથી તેની ભાષા બહુ સંસ્કારી કે ઘડાયેલી નથી, પણ ખડબચડી છે. કટાક્ષ, કટુ ટીકા વગેરેમાં એની ભાષા ને શૈલી ખૂબ ઉપકારક નીવડી છે. વળી જનસમૂહને સાચા જ્ઞાનનો ઉપદેશ આપવાનો તેમ જ સંસારના પાખંડી વ્યવહારમાંથી બચાવવાનો તેનો આશય હોવાથી તે લૌકિક કહેવતો, દાખલાઓ ને પ્રસંગો તેનાં પદો ને છપ્પાઓમાં ગૂંથે છે. નીડરતા ને સત્યવક્તૃત્વ એના ખાસ ગુણો છે.

અખો જ્ઞાની કવિ કહેવાય છે. તેની પહેલાંના કવિઓની માફક રાધાકૃષ્ણની લીલાનાં કે લાગણીપ્રધાન ભક્તિનાં પદો તેણે લખ્યાં નથી. તેણે તો તત્ત્વજ્ઞાન અને ઉપદેશનાં બુદ્ધિપ્રધાન ને વિચારપ્રધાન પદો લખ્યાં છે અને ગુજરાતી સાહિત્યમાં નવો ચીલો પાડ્યો છે.

ટિપ્પણ અને પ્રશ્નો

અગ્રગણ્ય–મુખ્ય. **અભાવ**–અણગમો. **કસ કઢાવવા**–તપાસી જોવા, પરીક્ષા કરાવવા. **ધર્મજિજ્ઞાસા**–ધર્મ વિષે જાણવાની ઇચ્છા. **કંચન અને કામિની**–પૈસો અને સ્ત્રી. **વેદાંત**–વેદનો અંત–જે શાસ્ત્રમાં આત્માનું જ્ઞાન આપવામાં આવે છે તે ઉપનિષદો વગેરે. **સૂત્રો**–મહાન અને ગંભીર અર્થથી ભરેલાં ટૂંકાં વાક્યો. **વેદાંતસૂત્રો**–વ્યાસજીનાં લખેલાં મનાય છે. **નન્નો વાસ્યો**–ના કહી દીધી. **તત્ત્વજ્ઞાન**–જગતમાં સાચી વસ્તુ શી છે તેનું જ્ઞાન–પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન. **અધિકારી**–જેમનામાં સમજવા જેટલી શક્તિ હોય તે. **છપ્પા**–છ લીટીની કડી. **ઉપમા**–જેમાં એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુની બીજી વસ્તુ સાથે સરખામણી કરવામાં આવી હોય તે. દા. ત. તે સુદામા જેવો ગરીબ છે. **કટુ**-કડવી. **ઉપકારક**-ઉપયોગી.

૧. અખાને શા માટે સંસાર ઉપર વૈરાગ્ય આવ્યો ?
૨. અખાએ ગુરુને શોધવા શા પ્રયત્ન કર્યા ?
૩. નીચેના શબ્દો વાપરી વાક્ય બનાવો—જ્ઞાની, પાખંડી, આશય, પ્રવચન, શ્રોતા, પદો.
૪. અખો જ્ઞાની કવિ શા માટે કહેવાય છે ?
૫. અખાના ખાસ ગુણો કયા હતા તે કહો.
૬. અખા જેવા બીજા કવિઓનાં નામ આપો. એકના જીવન વિષે થોડી માહિતી એકઠી કરો.

મોહનદાસ કરમચંદ ગાંધી

(ઈ. સ. ૧૮૬૯–૧૯૪૮)



[આ વિશ્વવિરલ મહાપુરુષનો જન્મ પોરબંદરમાં થયો હતો. આઠ પેઢીઓથી એમના વડીલો પોરબંદરનો કારભાર કરતા, એટલે એમણે રાજકારણ–સંસ્કાર ગળથૂથીમાં જ પીધા હતા. બારમે વર્ષે એમનું લગ્ન કસ્તૂરબા સાથે થયું. કસ્તૂરબા ઝાઝું ભણેલાં ન હતાં, પણ ગાંધીજીના આજીવન સહવાસથી જ એમણે સર્વ શિક્ષણ મેળવ્યું હતું, અને અપૂર્વ સ્વાર્થત્યાગ કરી બતાવી ભારતવર્ષ માટે સ્ત્રીત્વનો આદર્શ બની રહ્યાં હતાં. ૧૮૮૭માં મૅટ્રિકની પરીક્ષા પસાર કરી બૅરિસ્ટર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવા ગાંધીજી ૧૮૮૮માં વિલાયત ગયા. ત્યાં એમને અવનવા અનુભવ થયા અને અનેક કપરા પ્રસંગોમાંથી પસાર થઈ તેઓ હિંદ પાછા ફર્યા. વકીલાતના ધંધામાં મુંબઈમાં નહિ ફાવવાથી દક્ષિણ આફ્રિકા જઈ ત્યાં પ્રૅક્ટિસ શરૂ કરી. ત્યાં ગોરા લોકો સામે એમણે હિંદીઓના હક માટે સત્યાગ્રહી, અહિંસક યુદ્ધ શરૂ કર્યું; અનેક પ્રકારનાં અપમાન અને દુઃખ સહ્યાં; આફ્રિકાના વિવિધ અનુભવોએ એમનાં સિદ્ધાંતો અને જીવન ઘડયાં. એમની સાહિત્યપ્રવૃત્તિની શરૂઆત પણ ત્યાં જ થઈ. ત્યાંથી હિંદ આવી સ્વતંત્રતા માટે એવી જ લડત એમણે મોટા પાયા ઉપર શરૂ કરી. અને જીવન પર્યંત માનવજાતની સાચી મુક્તિનાં વિરોધક તત્ત્વો — અજ્ઞાન, અન્યાય, અસત્ય અને હિંસા — સામે એમણે પોતાની અજોડ લડત ચાલુ રાખી.

સત્ય અને અહિંસા એમની યુદ્ધનીતિના સ્તંભ હતા. પ્રેમ એ એમનું શસ્ત્ર, સહનશીલતા કવચ, અને ક્ષમાશીલતા એમની ઢાલ હતાં. જગતની યુદ્ધનીતિના ઇતિહાસમાં આ એક અપૂર્વ પ્રયોગ છે. હિંદના જીવનમાં ઉતારેલી સ્વતંત્રતા અને સ્વદેશાભિમાનની ભાવના ને અહિંસક લડત દ્વારા એમણે મેળવેલું સ્વરાજ્ય એ એમના જીવનપ્રયત્નની સફળતા માટે પૂરતાં છે.

દેશસેવક, મહાત્મા અને મુત્સદ્દી હોવા ઉપરાંત ગાંધીજી એક અનન્ય સમાજસુધારક હતા. પતિત સ્ત્રીઓ અને અંત્યજોના ઉદ્ધાર માટે એમણે સતત ભગીરથ પ્રયત્ન કર્યા છે. જ્ઞાતિનાં બંધનો, ખોટા ખર્ચાળ રિવાજો, બાળલગ્ન, વિધવાવિવાહ–પ્રતિબંધ એ સર્વ સામે એમણે સખત વિરોધ જાહેર કર્યો છે એટલું જ નહિ, પણ એ સામાજિક દોષોના નિવારણ અર્થે શકય તેટલા પ્રયત્નો એમણે કર્યા છે કર્તવ્ય-નિષ્ઠા, સત્યશીલતા અને આચારવિચારની એકતાને લીધે સારાયે જગતમાં એ મહાત્મા તરીકે પૂજ્ય છે.

પોતે સાક્ષર તરીકે ઓળખાવા તરફ અરુચિ દર્શાવતા, પણ ગુજરાતી ગદ્યસાહિત્યના વિકાસમાં એમનો ફાળો અનન્ય છે. એમના નિબંધો પ્રાસંગિક હોવા છતાં જ્ઞાન અને અંગત અનુભવોથી ભરેલા છે. સામાન્ય જનસમુદાયનો ઉદ્ધાર એ એમનાં સર્વ લખાણનું ધ્યેય છે. આથી જ ગાંધીજી સાદી અને સરળ સર્વજનગમ્ય શૈલીનો આગ્રહ હંમેશાં રાખતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમનાં 'નવજીવન' અને 'હરિજનબંધુ' એ ગુજરાતી ભાષા અને સમાજના ઘડતરનું એક સીમાચિહ્ન છે. વિચાર, ભાવ અને ભાષાની સરળતા એ એમની શૈલીની વિશિષ્ટતા છે. એમની શૈલી સીધી અને સાદી છતાં સચોટ છે. એ જે કહે છે તે એમના હૃદય અને જીવનના અનુભવોમાંથી ઊતરી આવેલું છે, એટલે એમનાં લખાણોમાં સહૃદયતા અને ચેતન હોય છે. એમની 'આત્મકથા' અને બીજા છૂટક લેખો દરેક વિદ્યાર્થીએ ભાષા અને વિચાર બન્ને દૃષ્ટિએ વાંચી જવા જોઈએ.

ગં. સ્વ. વાસંતીદેવી

કેટલાંક વર્ષ પૂર્વે મેં સ્વર્ગવાસી રમાબાઈ રાનડેના દર્શનનું વર્ણન આપ્યું હતું. તેમને મેં આદર્શ વિધવા તરીકે આલેખ્યાં હતાં.

આ વેળા મારે નસીબે એક મહાન વીરની વિધવાના વૈધવ્યના આરંભનું ચિત્ર આપવાનું રહ્યું છે.

વાસંતીદેવી સાથેનો મારો પરિચય સને ૧૮૮૯ની સાલથી છે. ગાઢ પરિચય ૧૯૨૧માં થયો. તેમની સરળતા, તેમની ચાતુરી ને તેમના અતિથિસત્કાર વિષે તો બહુ સાંભળ્યું હતું. તેનો અનુભવ પણ ઠીક થયો હતો. જેમ દાર્જીલિંગમાં દેશબન્ધુની સાથેનો મારો સંબંધ વધ્યો તેમ વાસંતીદેવી સાથેનો પણ વધ્યો. તેમના વૈધવ્યમાં તો પરિચય બહુ જ વધી ગયો. દાર્જીલિંગથી શબ લઈને કલકત્તા આવ્યાં છે ત્યારથી હું તેમની જોડે જ રહ્યો છું એમ કહી શકાય. વૈધવ્ય પછીની મુલાકાત તેમના જમાઈને ઘેર થઈ. ઘણી બહેનોથી વીંટળાઈને તેઓ બેઠાં હતાં. પૂર્વાશ્રમમાં હું તેમની કોટડીમાં પેસું એટલે તેઓ જ સામાં આવે ને બોલાવે. વૈધવ્યમાં મને કોણ બોલાવે? પૂતળાંની જેમ સ્તબ્ધ થઈ બેઠેલી બધી બહેનોમાંથી મારે તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખી કાઢવાનાં હતાં. એક મિનિટ સુધી તો હું ખોળી જ રહ્યો. સેંથામાં સિંદૂર, કપાળે ચાંલ્લો, મોઢામાં પાન, હાથે બંગડીઓ અને સાડીએ કોર, હસમુખો ચહેરો—એમાંની એકે નિશાની હું ન જોઉં ને વાસંતીદેવીને કેમ ઓળખું? જ્યાં તેઓ હોવાં જ જોઈએ એવું માન્યું હતું, ત્યાં જઈને હું તો બેઠો ને નિહાળીને મુખમુદ્રા જોઈ. જોવું અસહ્ય થઈ પડયું. ચહેરો તો ઓળખ્યો. રુદન રોકવું મુશ્કેલ થઇ પડયું. છાતી પથ્થર કરી. આશ્વાસન આપવું તો દૂર જ રહ્યું.

એમના મુખ પરનું હંમેશનું હાસ્ય આજે કયાં હતું? મેં એમને સાંત્વન આપવા, રીઝવવા અનેક પ્રયત્ન કર્યા. ઘણી વારે હું સહેજ સફળ થયો.

દેવી જરા હસ્યાં.

મને હિંમત આવી ને હું બોલ્યો:

"તમારાથી રડાશે નહિ. તમે રહશો તો બધાં રહશે. મીના (મોટી દીકરી) ને માંડ છાની રાખી છે, બેબી (નાની દીકરી)ની હાલત તો તમે જાણો જ છો, સુજાતા (પુત્રવધૂ) પોકેપોક રોતી હતી તે ભાગ્યે શાંત થઈ છે. તમે દયા રાખજો. તમારી પાસેથી તો બહુ કામ લેવું છે."

વીરાંગનાએ દૃઢતાપૂર્વક જવાબ આપ્યો:

'હું રડવાની નથી, મને રડવું આવતું જ નથી; પછી શું?'

આનો મર્મ હું સમજ્યો. મેં સંતોષ વાળ્યો.

રડવું દુઃખનો ભાર હળવો કરે છે. આ વિધવા બહેનને તો ભાર હળવો નહોતો કરવો, ઊંચકવો હતો; તે કેમ રડે? મારાથી હવે કેમ કહેવાય: "ત્યારે ચાલો, આપણે ભાઈબહેન પેટ ભરી રડીએ ને દુઃખ ઠાલવીએ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુ વિધવા તો દુઃખની પ્રતિમા છે. તેણે સંસારના દુઃખનો બોજો વહોરી લીધો છે. તેણે દુઃખને સુખ કરી મૂક્યું છે, દુઃખને ધર્મ કરી મૂક્યો છે.

વાસંતીદેવીથી બધી જાતના ખોરાક ખવાતા, તથા તેના ૧૯૨૦ સુધીના કાળમાં તેમને ત્યાં છપ્પન ભોગ થતા ને સેંકડો માણસો જમતા. તેમને તંબોળ વિના એક ઘડી ન ચાલતું. પાનની દાબડી પાસે પડી જ હોય.

હવે શણગાર માત્રનો ત્યાગ, તંબોળનો ત્યાગ, પકવાનનો ત્યાગ, માંસમત્સ્યનો ત્યાગ, કેવળ ધણીનું ધ્યાન.

ઘણી બહેનોને તેમના શણગાર ઓછા કરવા હું વીનવું છું. ઘણીને વ્યસનો છોડવા કહું છું. કોઈક જ ત્યાગે. પણ વિધવા? જે પળે હિંદુ સ્ત્રી વિધવા થાય તે જ પળે તેનાં વ્યસન ને તેનો શણગાર સર્પની કાંચળીની જેમ સરી પડે છે. તેને ન જોઈએ કોઈનું ઉત્તેજન, ન જોઈએ કોઈની મદદ. રિવાજ! તું શું નથી કરી શકતો?

આ દુઃખ સહન કરવામાં ધર્મ છે કે અધર્મ? આવું બીજા ધર્મમાં તો નથી ભાળ્યું. હિંદુ ધર્મશાસ્ત્રીઓએ ભૂલ તો નહિ કરી હોય? વાસંતીદેવીને જોઈ હું ભૂલ નથી જોતો, પણ ધર્મની શુદ્ધ ભાવના ભાળું છું. વૈધવ્ય એ હિંદુ ધર્મનો શણગાર છે. ધર્મનું ભૂષણ વૈરાગ્ય છે, વૈભવ નહિ. ભલે દુનિયા બીજું કહેવું હોય તે કહે, પણ હિંદુ શાસ્ત્ર કયા વૈધવ્યને વખાણે છે ને વધાવે છે? પંદર વર્ષની મુગ્ધા જે વિવાહનો અર્થ નથી જાણતી તેના વૈધવ્યને નહિ. બાળવિધવાઓને સારુ વૈધવ્ય ધર્મ નથી, તે અધર્મ છે! વાસંતીદેવીને મદન જાતે આવીને લલચાવે તો તે ભસ્મ થઈ જાય. વાસંતીદેવીને શિવની જેમ ત્રીજી આંખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
છે. પણ પંદર વર્ષની બાળા વૈધવ્યને શું જાણે? તેને સારુ તો તે અત્યાચાર જ છે. બાળવિધવાઓની ભરતીમાં હિંદુ ધર્મની પડતી જોઉં છું. વાસંતીદેવી જેવાંના વૈધવ્યમાં શુદ્ધ ધર્મની ચડતી જોઉં છું. વૈધવ્ય સર્વ સ્થળે, સર્વ કાળે અનિવાર્ય સિદ્ધાંત નથી. જે સાચવે તે સ્ત્રીને સારુ ધર્મ છે.

રિવાજના કૂવામાં તરવું સારું છે. તેમાં ડૂબવું એ તો આત્મહત્યા છે.

જેમ સ્ત્રીને તેમ પુરુષને હોવું જોઈએ. રામે તે કરી બતાવ્યું. સતી સીતાનો ત્યાગ પણ તેમનાથી ન સંખાયો. પોતે જ કરેલા ત્યાગથી પોતે બળ્યા. જ્યારથી સીતા ગયાં ત્યારથી રામચંદ્રજીનું તેજ ઘટ્યું. સીતાના દેહનો ત્યાગ તેમણે કર્યો, પણ સીતાને પોતાના હૃદયની સ્વામિની બનાવી. તેમને ત્યારથી ન ખપ્યા શણગાર કે ન ખપ્યો બીજો વૈભવ. કર્તવ્ય સમજીને તટસ્થપણે રાજકારભાર ચલાવીને શાંત રહ્યા.

જે આજે વાસંતીદેવી સાંખી રહેલ છે, જેમાંથી તે પોતાનો વિલાસ ખેંચી શક્યાં છે, તે વસ્તુ પુરુષ વર્ગ ન કરે ત્યાં લગી હિંદુ ધર્મ અધૂરો: એકને ગોળ અને બીજાને થોર એવો ઊલટો ન્યાય ઈશ્વરી દરબારમાં હોય નહિ. પણ અત્યારે તો હિંદુઓમાં પુરુષે એ ઈશ્વરી કાયદાને ઉલટાવી પોતાને સારુ સ્મશાનભૂમિમાં જ બીજો વિવાહ યોજવાનો અધિકાર રાખ્યો છે!

વાસંતીદેવીએ હજુ સુધી કોઈના દેખતાં આંસુનું ટીપું સરખું નથી પાડ્યું. છતાં તેમના ચહેરામાં તેજ તો આવતું જ નથી. કેમ જાણે લાંબા મંદવાડમાંથી ઊઠ્યાં ન હોય એવો તેમનો ચહેરો લાગે છે. આ સ્થિતિ જોઈ મેં થોડો સમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર નીકળી હવા ખાવા વિનવણી કરી. મારી સાથે મોટરમાં તો બેઠાં, પણ બોલે શાનાં! ઘણી વાતો મેં કાઢી તે સાંભળી, પણ પોતે તેમાં ભાગ્યે જ ભાગ લીધો. હવા ખાધી તો ખરી, પણ પસ્તાયાં. આખી રાત નિદ્રા ન આવી. 'જે વસ્તુ મારા પતિને અતિશય પ્રિય હતી તે મેં અભાગણીએ આજે કરી? આ તે શોક?' આવા વિચારમાં રાત્રિ ગાળી. ભોંબલ (તેમનો દીકરો) મને આ ખબર આપી ગયો. મારો આ મૌનવાર છે. મેં કાગળ ઉપર લખી નાખ્યું: 'એ ગાંડપણ માતાજીમાંથી આપણે કાઢયે જ છૂટકો. આપણા પ્રિયતમને પ્રિય એવી ઘણી વસ્તુઓ આપણે તેના વિયોગ પછી કર્યે જ છૂટકો છે. માતાજી વિલાસને અર્થે મોટરમાં નહોતાં બેઠાં, પણ કેવળ આરોગ્યને ખાતર. તેમને સ્વચ્છ હવાની જરૂર હતી. આપણે તેમને બળ આપી તેમનું શરીર સાચવવું પડશે; પિતાજીના કાર્યને દીપાવવા ને વધારવા સારુ આપણને તેમના શરીરનો ખપ છે. આટલું માતાજીને કહેજો.'

'માતાજીએ આ વાત જ તમને કરવા ના પાડી હતી. મારાથી ન રહેવાયું એટલે હું કહેવાને આવ્યો છું. હાલ તરત તો તેમને મોટરમાં ન જવાનું કહો એ જ ઠીક લાગે છે.' ભોંબલ બોલ્યો.

બિચારો ભોંબલ! કોઈનો વાળ્યો ન વળે એ દીકરો આજ બકરી જેવો થઈને બેઠો છે. તેનું કલ્યાણ થાઓ!

પણ આ સાધ્વી વિધવાનું શું? વૈધવ્ય વહાલું લાગે છે, છતાં અસહ્ય લાગે છે. સુધન્વા ઊકળતા તેલમાં પડયો નાચે, ને મારા જેવા દૂર રહી જોનાર સુધન્વાનું દુઃખ કલ્પીને કાંપે. સતી સ્ત્રીઓ, તમારું દુઃખ તમે જ સંભાળજો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દુઃખ નથી પણ સુખ છે. તમારાં સ્મરણ કરી ઘણાં તર્યાં છે ને તરશે.

વાસંતીદેવીનો જય હો!

—ત્યાગમૂર્તિ અને બીજા લેખો

ટિપ્પણ અને પ્રશ્નો

વાસંતીદેવી–દેશબંધુ ચિત્તરંજન દાસ–ગઈ પેઢીના એક મોટા દેશનેતા અને ધારાશાસ્ત્રીનાં પત્ની. **રમાબાઈ રાનડે**–આ સદીની શરૂઆતના એક નીડર અને નિઃસ્વાર્થી સમાજસેવક ન્યાયમૂર્તિ રાનડેનાં પત્ની. **પૂર્વાશ્રમમાં**–પહેલાંના જીવનમાં, પતિની હયાતીમાં. **છાતી પથ્થર કરી**–હૃદય પથ્થર જેવું કઠણ કર્યું, હિંમત રાખી. **વીરાંગના**–વીર+અંગના (સ્ત્રી.). **છપ્પન ભોગ**–ઠાકોરજીને ધરાવવાની બધા પ્રકારની રસોઈ. **મદન**–કામદેવ. પુરુષોમાં સૌંદર્યમાં સૌથી ચડિયાતો. તપમાં ભંગ પડાવવા માટે શંકર એના પર ગુસ્સે થયા હતા અને પોતાનું ત્રીજું નયન ખોલી એને બાળી નાખ્યો હતો; એટલે કામદેવ અનંગ–જેને અંગ નથી–એ નામથી પણ ઓળખાય છે. **એકને... ચોર**–સ્ત્રીઓને પુરુષને હાથે કે સમાજને હાથે થતા અન્યાય પર આ કહેવત દ્વારા પ્રહાર થયો છે. **સુધન્વા**–પ્રહ્લાદ જેવો ઈશ્વરનો એક પરમ ભક્ત.

૧. ગાંધીજીને વિશ્વવિરલ મહાપુરુષ શા માટે કહેવામાં આવે છે?
૨. જગતની યુદ્ધનીતિના ઇતિહાસમાં ગાંધીજીનો પ્રયોગ કેવા પ્રકારનો હતો? એ પ્રયોગ અપૂર્વ શાથી ગણાય છે? એનું કાંઈ ફળ હિંદને મળ્યું ખરું?
૩. વાસંતીદેવીનું વર્ણન તમારા શબ્દોમાં આપો. એમના ત્યાગ પર નોંધ લખો.
૪. વૈધવ્યદશા સંબંધી ગાંધીજીના વિચાર સમજાવો.
૫. નીચેનાં વાક્યો સમજાવો:
   क. "રામે સીતાને પોતાના હૃદયની સ્વામિની બનાવી."
   ख. "હું રડવાની નથી. મને રડવું આવતું જ નથી."
   ग. "હિંદુ વિધવા દુઃખની પ્રતિમા છે."
   घ. "રિવાજના કૂવામાં ડૂબવું એ આત્મહત્યા છે."
   ङ. "સતીઓનાં સ્મરણ કરી ઘણાં તર્યાં છે ને તરશે."
૬. સુધન્વા કોણ હતો? ગાંધીજીએ ઉલ્લેખ કર્યો છે તે પ્રસંગ વર્ણવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતિસુખશંકર ત્રિવેદી

[સુપ્રસિદ્ધ સાક્ષર અને કેળવણીકાર સ્વ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીના પુત્ર રા. અતિસુખશંકરનો જન્મ સુરતમાં ૧૮૮૫-માં થયો હતો. જ્ઞાતિએ વડનગરા નાગર બ્રાહ્મણ છે. એમ. એ., એલ-એલ. બી. સુધી અભ્યાસ કરી લગભગ શરૂઆતથી જ વડોદરા કૉલેજમાં ન્યાય, તત્ત્વજ્ઞાન અને ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કર્યું. હાલમાં નવસારી કૉલેજના પ્રિન્સિપાલની પદવી પર છે.

પિતા તરફથી મળેલા સંસ્કારોને સાચવી રાખી, વિકસાવી, કેળવણીનાં જાહેર કાર્યોમાં એ બહુવિધ પ્રવૃત્તિ કરી રહ્યા છે. શિક્ષણમાં ઉપયોગી થઈ પડે એવા વિષયો ઉપર લખવામાં એમણે પોતાના ફાજલ સમયનો સદુપયોગ કર્યો છે. પિતાના સહકારથી ‘ ત્રિવેદી વાચનમાળા ’નાં સાત પુસ્તકો એમણે શાળાઓના ઉપયોગ માટે તૈયાર કર્યાં, પરંતુ સાહિત્યજગતમાં તો તેઓ ‘ નિવૃત્તિવિનોદ ’ અને ‘ સાહિત્યવિનોદ ’ નામના ગ્રંથોના કર્તા તરીકે જાણીતા થયા છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશા

આશા અમર છે. આશામાં માણસ જીવે છે. આશા એ જ જીવનની ચાવી છે.

આશા સર્વને હોય છે: આશા બાળકને હોય છે, આશા મોટાને હોય છે, આશા રાયને હોય છે, આશા રંકને હોય છે, આશા સ્ત્રીને હોય છે, આશા પુરુષને હોય છે.

મનની ધારેલી બધી વસ્તુઓ માણસ પાર પાડી શકતો નથી. નિષ્ફળ થતાં તે દિલગીર થાય છે. દિલગીરીની શરદીથી જ્યારે એ દબાઈ ગયો હોય છે ત્યારે આશાની ઉષ્ણતા એનો ટકાવ કરે. ભૂત બગડયું, ભવિષ્ય તારા હાથમાં છે. શા માટે એ સારું નહિ નીવડે? નીવડશે એવી શ્રદ્ધા એ આશા.

વળી પોતાનું ધાર્યું કરી શકનાર માણસ પણ આશાથી રહિત નથી હોતો: એને વધારે કરવાની આશા થાય છે. આશાના વાતાવરણમાં જ આપણે રાતદિવસ રહીએ છીએ.

આશા અસંતોષમાં શાંતિ આણે છે. આશા આપો ને સૌ કોઈ સંતુષ્ટ થશે.

આશામાં ઉદ્યોગ છે. આશામાં ઉત્સાહ છે. નિરાશામાં આલસ્ય છે. નિરાશામાં મંદી છે. આશાના ઉમળકા કોને અજાણ્યા છે? નિરાશા કોને નથી લથડાવતી?

આશાને આરોગ્ય સાથે ગાઢ સંબંધ છે. આશાને ઉંમર સાથે પણ સંબંધ છે. સારી તંદુરસ્તીવાળો માણસ જીવનને આશામય જોશે. નબળો, રોગિષ્ઠ, ચીમળાયેલો માણસ બળેલોજળેલો રહેશે. યુવાવસ્થામાં માણસ સૌથી વધારેમાં વધારે આશા રાખશે. તે અવસ્થા સારા વિચારો, સારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવનાઓ, સારા આદર્શોની છે. બન્યું તે વખતે હજુ થોડું છે, બનવાનું હજુ બહુ છે. બગડ્યું પણ તે વખતે થોડું હોય છે. અને બગડ્યું હોય તો તે સુધારવાના રસ્તા પણ ઘણા છે. યુવાવસ્થામાં કલ્પનાની સૃષ્ટિ ઘણી મોટી હોય છે. જેમ જેમ વર્ષો વધતાં જાય છે, તેમ તેમ બની ગયું વધારે હોય છે ને બનવાનું થોડું થતું જાય છે. વળી બગડ્યું સુધારવાના રસ્તા પણ અમુક હદ પછી બંધ થાય છે. આશાને ઉત્તેજિત કરવાની તે વખતે આવશ્યકતા છે.

આશા કલ્પનાના આધારે રહે છે. દરેક કલ્પના કંઈ આશા ન કહેવાય. હવાઈ કિલ્લા બાંધવા એનું નામ આશા નહિ. આશા ભૂતના પાયા પર જોઈએ.

આશાનું ક્ષેત્ર વિસ્તીર્ણ રાખનારને નિષ્ફળતા બહુ ઓછી મળે છે. એક જ વસ્તુની આશા રાખનારને તે નહિ મળતાં મરવા જેવું લાગે છે, તેનું આખું જીવન બગડી જાય છે, દુનિયા પર તેને તિરસ્કાર ઉત્પન્ન થાય છે. તે નિસ્તેજ બને છે. તે આળસુ બને છે. અંતે દુઃખી ને કેટલીક વાર અનીતિમાન બને છે. પણ આશા જેને જાતજાતની હોય છે, તેને જુદા જ પ્રકારનો અનુભવ મળે છે. તેને એક નહિ તો બીજી, બીજી નહિ તો ત્રીજી, ત્રીજી નહિ તો ચોથી આશા ફળીભૂત થાય છે. તેમ થયે તે સંતુષ્ટ થાય. વળી એ તો જાણે દુનિયાનો નિયમ જ છે કે જેને માટે માણસને અતિ પ્રબળ આશા હોય છે તે વસ્તુ ઘણુંખરું તેનાથી દૂર રહે છે. તે પ્રસંગે તે નહિ તો તેનાથી ઊતરતી પંક્તિની અન્ય આશા અચાનક રીતે પણ ફળીભૂત થશે. તે થયે સંતોષ મળે છે. માટે આશાનું ક્ષેત્ર જેમ મોટું તેમ સારું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશાને જીવનના આદર્શો સાથે ગાઢ સંબંધ છે. સાધારણ રીતે આશાવાદ સ્વીકારનાર માણસને આદર્શો સારા સૂઝશે. આશા નહિ તો આદર્શ શા માટે? આદર્શ વિનાના જીવનમાં મનુષ્યત્વ કરતાં પશુત્વ વધારે છે. ખાવું, પીવું ને મોજશોખ મારવાં એ તો પશુઓને પણ પ્રિય હોય છે. પણ આપણી શક્તિને વિષે ઉચ્ચ વિચાર ધરાવવા, કર્યું ને કરી શકીએ એ બેની વચ્ચેનો વિરોધ જોવો, એમાં જ મનુષ્ય-જીવનની મઝા છે. મનુષ્યત્વની ખિલવટનો આધાર એ ખિલવટ પર છે. જેણે એ વિરોધ સૌથી વધારે જોયો છે ને એ વિરોધ દૂર કરવાની જેને સૌથી વધારે ઇચ્છા હોય છે તે કંઈક કરી શકે છે.

આશાવાદી માણસ થવાનો પ્રયત્ન દરેકે કરવો એ ઇષ્ટ છે. છતાં તે કેટલેક અંશે કેળવી પણ શકાય છે. આનંદી સ્વભાવ આશાનું સૌથી વધારે પોષણ કરે છે. આનંદ આપનારી વસ્તુઓના સમાગમમાં હંમેશ રહેવા છતાં પણ કેટલાકને આનંદ નથી મળી શકતો; તોય કૃત્રિમ રીતે પણ આનંદ મેળવવો એવો જેનો દૃઢ નિશ્ચય હોય તેવો માણસ લાંબે સમયે આનંદી પણ બની શકે છે. આનંદી મિત્રો, આનંદ ઉત્પન્ન કરે એવાં પુસ્તકો, આનંદનું સાધારણ વાતાવરણ હંમેશ ઇષ્ટ છે. જેનામાં સૌથી વધારે આશા હોય એવાઓનો સમાગમ કંઈક પણ લાભ જ કરશે.

કોઈ પણ યુવકનું મૃત્યુ થવાથી તેનાં સગાંસ્નેહીઓને અત્યંત દિલગીરી થાય છે. થાય એ સ્વાભાવિક છે. તે દિલગીરી સ્નેહના નાશને લીધે ઉત્પન્ન થાય છે. સ્નેહનું એક પાત્ર જવાથી દિલગીરી થાય જ. પણ તે દિલગીરીનું ખરું કારણ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને તે દિલગીરી માત્ર સગાંસ્નેહીઓ નહિ પણ આખી દુનિયાને થવાનું કારણ જુદું જ છે. તે બહુ સબળ છે. કોઈ પણ યુવકનું મૃત્યુ એટલે આશાનું મૃત્યુ. કોઈ પણ યુવકનું મૃત્યુ એટલે આદર્શોનું મૃત્યુ. કોઈ પણ યુવકનું મૃત્યુ એટલે દુનિયાની પ્રગતિનું મૃત્યુ. આજે જે આશામાં છે તે કાલે બનાવમાં થશે. આજે જે થવાનું છે તે કાલે થયું હશે. આજે જે આદર્શ છે તે કાલે સિદ્ધ વસ્તુ થશે. કોણ કહેશે કે યુવકનું હૃદય આશાનું પવિત્ર મંદિર નથી ? એ મંદિરનો નાશ ! હા ! કેવો મોટો નાશ ! કેટલા બધા પૂજકો એથી દિલગીર થશે !

આશા આશાને પોષે છે ને નિરાશાને છેદે છે. નિરાશા હમેશાં નિરાશા ઉત્પન્ન કરે છે. માટે નજીવી બાબતોમાં પણ આશાવંત બનો અને નિરાશાથી હંમેશ દૂર રહો.

—નિવૃત્તિવિનોદ

પ્રશ્નો

૧. 'આશા' એ નિબંધમાંથી તમે ઇચ્છાનુસાર પાંચ વાક્યો પસંદ કરો. એનું રહસ્ય તમારા શબ્દોમાં સમજાવો.

૨. આશાનું વાતાવરણ એટલે શું ? એ કેવી રીતે રચી શકાય ?

૩. નીચેનાં વાક્યો તમારા શબ્દોમાં સમજાવો—

क. "કોઈ પણ યુવકનું મૃત્યુ એટલે આશાનું મૃત્યુ."

ख. "કોઈ પણ યુવકનું મૃત્યુ એટલે આદર્શોનું મૃત્યુ."

ग. "કોઈ પણ યુવકનું મૃત્યુ એટલે પ્રગતિનું મૃત્યુ."

૪. નીચેની પંક્તિઓ વિસ્તારપૂર્વક સમજાવો—

क. "આશા ન હોય કશી તો જીવવું નકામું."

ख. "કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કનૈયાલાલ મુનશી



[પોતાની પ્રતિભાશાળી કલમ વડે ગુજરાતીઓની લગભગ લુપ્ત થયેલી અસ્મિતાને સજીવન કરનાર, વિવિધ પ્રવૃત્તિઓથી એને વિકસાવવા મથનાર, 'ગુજરાતનો નાથ', 'પૃથ્વીવલ્લભ' અને 'વેરની વસૂલાત' જેવી સમર્થ નવલકથાઓના લેખક શ્રી મુનશી ભરૂચના ભાર્ગવ બ્રાહ્મણ છે. એમનો જન્મ ૧૮૮૭માં ભરૂચમાં થયો હતો. ભરૂચમાંથી મૅટ્રિકની પરીક્ષા પસાર કરી એ વડોદરા કૉલેજમાં દાખલ થયા. ૧૯૦૬માં બી. એ., ૧૯૧૦માં એલએલ. બી. અને ૧૯૧૩માં ઍડવોકેટની પરીક્ષા પસાર કરી મુબઈમાં એક પ્રખર ધારાશાસ્ત્રી તરીકે તે પ્રખ્યાત થયા.

શરૂઆતમાં કેટલાંક સામયિકોનું તંત્રીપદ એમણે કરેલું, પણ 'ગુજરાત' માસિકના તંત્રી તરીકે એમણે અપૂર્વ સફળતા પ્રાપ્ત કરી હતી. જૂની સામાજિક પ્રણાલિકા તોડી ઈ. સ. ૧૯૨૬માં એમણે શ્રી લીલાવતી સાથે લગ્ન કર્યું અને અનેક પ્રકારના ઊહાપોહ શાંતિથી સહી આજે મુનશી દંપતી અડગ રહી સાહિત્યસેવા અને દેશસેવા કરી રહ્યાં છે. ૧૯૩૦માં અસહકારની બીજી ચળવળ શરૂ થતાં બંને મહાત્માજીને પડખે જઈ ઊભાં. સમાજસેવા અને રાષ્ટ્રસેવાનાં સ્વપ્ન કૉલેજજીવનથી શ્રી મુનશીએ સેવેલાં. 'સ્વપ્નદ્રષ્ટા' નામે નવલકથામાં અને એમનાં કેટલાંક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ભાવનાશાળી, મહત્ત્વાકાંક્ષી પાત્રો દ્વારા મુનશીએ એ સ્વપ્નો વ્યક્ત કર્યાં છે. આજે પોતે એ સ્વપ્નો સિદ્ધ કરી રહ્યા છે.

એક સમર્થ નવલકથાકાર ઉપરાંત શ્રી મુનશી એક અજોડ નાટ્યકાર અને ટૂંકી વાર્તાના સિદ્ધહસ્ત લેખક છે. એમણે ગુજરાતી નવલકથાના લગભગ સ્થિર પ્રવાહને પ્રબળ વેગ આપ્યો, પ્રાણવાન અને વિવિધ પાત્રો ઉત્પન્ન કર્યાં, અને સીધી પણ સચોટ અને સુંદર રીતે વાર્તા કહેવાની કલા ગુજરાતને આપી. 'સરસ્વતીચંદ્ર' તરફ આદરથી જોઈ રહેલા ગુજરાતનું ચિત્ત એમની નવલકથાએ પોતાના તરફ આકર્ષ્યું અને યુવાન ગુજરાતને પોતાના સૌંદર્ય અને બળ વડે મુગ્ધ કર્યું. એમનાં પાત્રો અને વસ્તુમાં—નવલકથા તેમ જ નાટકોમાં—શક્તિ અને સૌંદર્યનો સફળ યોગ સધાયો છે. વસ્તુ અને પાત્રોની ભવ્યતા અને ગૂંથણી, અને આલેખનની સુંદરતા વાચક ઉપર એક પ્રકારની મોહની નાખે છે. એમની રમતિયાળ અને રસમય શૈલી પણ વાચકના મનને મુગ્ધ કરે છે. ઐતિહાસિક પ્રસંગો અને પાત્રોનું એમનું દર્શન અને ઐતિહાસિક કલ્પના તથા આલેખન આપણને આંજી નાખે છે. આમ શ્રી મુનશીએ માત્ર ગુજરાતના નહિ પણ હિંદના અજોડ નવલકથાકારનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગુજરાતી ગદ્યશૈલીના વિકાસમાં પણ એમનો ફાળો અમૂલ્ય છે. આમ આ સૌંદર્ય-રસિક સાહિત્યકાર અનેક રીતે ભાવિ ગુજરાત અને હિંદને લેખનકળાંના પાઠ આપી ઘડી રહ્યા છે.

નવલકથા, નાટક અને ટૂંકી વાર્તા ઉપરાંત એમના નિબંધો અને ભાષણો પણ મનનીય છે. વિવેચનસાહિત્ય પણ એમણે સર્જ્યું છે. 'Cujarat & its Literature' નામનો એમનો દળદાર વિદ્વત્તા-પૂર્ણ ગ્રંથ એની પ્રતીતિ કરાવે છે. આમ એમની અનેકવિધ પ્રવૃત્તિમાં એક નવું, આદર્શ, કલામય ગુજરાત ઉત્પન કરવાનાં સ્વપ્ન એ સેવે છે.]

શામળશાહનો વિવાહ

પ્રિય વાચક ! જરા ધીમેથી ઉપરનું નામ વાંચી સાક્ષરતાની સીડીએ ચઢી, મહાકાવ્યની આશા રાખતો હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિરત્ન નરસિંહના પુત્રનો ઇતિહાસ સાંભળવા તલસતો હોય, ભક્તિનો સ્વાદ ચાખી ઈશ્વરનું નામ સાંભળવા તને ઉલ્લાસ થતો હોય–તો મારો લેખ વાંચવો બંધ કરી દે. મારે સાક્ષરમાં ગણાવું નથી, કવિ થઈ રવિ ન પહોંચે તેવા અંધારામાં જવું નથી, ભક્ત થઈ, સ્વર્ગે જઈ તેત્રીસ કોટિ દેવતાઓને જોઈ, અહર્નિશ નમસ્કાર કરી ટાંટિયા તોડવા નથી. મારે તો એક સાદી વાત કહેવી છે. વાત ભલે સાદી હોય પણ શ્રેષ્ઠતામાં ઊતરે એમ નથી. શું નરસિંહ મહેતાના પુત્રે પુણ્ય કરેલાં અને મારા શામળશાહે ગુનેગારી? નહિ જ. આ તો પ્રજાસત્તાના દિવસો છે. ગરીબ ભિખારી ઉમરાવના સરખો છે. દારૂ પી લથડતા મજૂરોની વિચારશક્તિ પરથી ગ્લૅડસ્ટન જેવાની લાયકાત નક્કી થાય છે, તો શા સારુ મારા શામળશાહ નરસિંહ મહેતાના દીકરા સમાન નહિ?

ગયા માહ મહિનામાં હું મુંબઈથી અમદાવાદ જતો હતો. શું કામ, તે કહેવામાં સાર નથી. ગાડીમાં મારી સાથે એક મારો જૂનો મિત્ર હતો. ક્યાં સુધી તો અમે ટોળટપ્પાં માર્યાં, પાન ચાવ્યાં, જૂની-નવી સંભારી હસ્યા. મારો મિત્ર રૂની દલાલી કરતો હતો એટલે લેબાસમાં કંઈ ઊતરે એવો ન હતો. ધીમે ધીમે આગગાડી એક સ્ટેશન પાસે આવવા લાગી એટલે મારા મિત્રમાં જાદુઈ ફેરફાર થવા લાગ્યો. બગલાની પાંખ જેવું પહોળી કોરનું અમદાવાદી ધોતિયું, કડકડતો કસવાળો અંગરખો, કસબી કોરનો દુપટ્ટો અને લાલ કસુંબી પાઘડી ધીમે ધીમે નીકળ્યાં અને ગાંડાભાઈના શરીર પર ચઢવા માંડ્યાં.

"કેમ ગાંડાભાઈ! સાપ કાંચળી ઉતારે તેમ તમે પણ—"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા ભાઈ! ગામના શેઠ શામળશાહનાં લગ્ન છે. તેનો હું આડતિયો એટલે કંઈ છૂટકો છે? ચાલો તમે પણ."

"કોણ? હું!" અચંબાથી મેં પૂછ્યું. "હું તો તમારા શેઠને ઓળખતોય નથી. તેનું નામ તો આજે સાંભળ્યું."

"તેમાં કાંઈ નહિ. શેઠે તો બધાને કહ્યું છે કે મિત્રમંડળ સહિત આવજો. ચાલો તો ખરા, જરા મોજ આવશે. અમદાવાદમાં એટલું બધું શું કામ છે?"

"ના રે! કામ તો કંઈ નથી. પણ નકામા પારકે ઘેર—"

"અરે પારકું શું અને પોતાનું શું, ભલા માણસ! ક્યાં લાંબી વાત છે? આજે સાંજના ગોધાં લગ્ન છે, લગ્ન જોઈ સવારે જજો."

"ગોધાં લગ્ન" શું હશે તેના વિચારમાં હું હતો, એટલામાં સ્ટેશન આવ્યું અને ગાંડાભાઈને તેડવા માણસો આવ્યા.

"રણછોડભાઈ! ના, મારા સમ! અમારા શેઠને ખોટું લાગશે." ગાંડાભાઈએ કહ્યું. આખરે મેં પણ હા કહી અને વગર નોતરે શામળશાહનાં લગ્નનો લહાવો લેવા ઊતર્યો.

પોટલાં ઉતાર્યાં અને અમે સ્ટેશનની બહાર નીકળ્યા. "આ ગાલ્લી તમારે હારુ, હો કે" કહી તેડવા આવનાર માણસે એક નાનું ઉઘાડું ગાડું દેખાડ્યું. તેમાં ચાર જણ તો બેઠેલા હતા. અમે બે તેમ જ ગાડીવાળો કયે ખૂણે બેસીશું એ મને વિચાર થયો. આખરે અમે સાત જણ ગમે તેમ સિંચાયા. ગાડીવાળાએ હાથમાં પરોણી લઈ, બળદિયાનું પૂછડું આમળી "તારો પાળતો મરે"ની શુભાશિષોથી ગાડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હંકાર્યું. સંકડાઈને બેઠા એ તો ઠીક, પણ અવારનવાર રસ્તાની અવનવી ખૂબીઓ આવતાં અમે એક એકના ખોળામાં જઈ પડતા, અને નાક પર સરી પડતી પાઘડીઓ મહામુશ્કેલીએ સીધી કરતા.

આખરે મહેમાનોને ઊતરવાની વાડી આવી અને અમારી 'ગાલ્લી' ઊભી રહી. અમને ત્યાં ઉતારી ગાડીવાળો ચાલ્યો ગયો; અને અમને તેડવા આવનાર તો ક્યારનો અંતર્ધાન થઈ ગયો હતો. એટલે બબ્બે હાથમાં પોટલાં લઈ ચારે બાજુએ આવકાર દેનારની વાટ જોતા, કઈ દિશામાં જવું તેનું નિરાકરણ કરવાની શક્તિ વગર અમે ઊભા.

અવારનવાર વાડીમાંથી કોઈ અબોટિયું પહેરી તો કોઈ પાઘડી પહેરી, જતું આવતું; પણ કોઈ ઓળખીતું નીકળ્યું જ નહિ.

"ગાંડાભાઈ, આમ તપ ક્યાં સુધી કરવું છે? મારા તો હાથ રહી ગયા, ચાલો તો ખરા અંદર."

"હા ચાલો," કહી મને નોતરી આણી, માનભંગ થયેલા ગાંડાભાઈ અને હું વાડીમાં પેઠા. વાડીમાં પેસતાં નીચેના ખંડમાં એક હીંચકા પર, છ સાત ગૃહસ્થો હા-હા-હી-હી કરતા બેઠા હતા અને ગાયન ગાતા હતા. ચાર પાંચ જણ ભોંય પર પથારી પાથરી બપોરની નિદ્રાને માટે તૈયારી કરી રહ્યા હતા. ત્યાં અમે પોટલાં મૂક્યાં અને કોઈક નવરો ખૂણો ખોળવા માંડ્યો. બાજુની નાની ઓરડીમાં પાંચ જણનો સામાન પડ્યો હતો; ઉપર માળ પર વીસેક ગૃહસ્થો— કોઈ ગપ્પાં મારતા તો કોઈ ઝોકાં ખાતા—પડ્યા હતા. વાડીમાં જાણે કિલ્લાં ઊભરાતાં હોય તેમ લાગતું. એક માણસ સૂએ એટલી જગા પણ મળવી કઠણ લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે અમે પાછા નીચેની ઓરડીમાં આવ્યા. અમે આમ તેમ ફરતા, પણ કોઈને પૂછવાની પરવા ન હતી.

"ગાંડાભાઈ! અહીંયાં તો બધા જ મારા જેવા ભાકૂતી લાગે છે."

"હા ભાઈ!"

"ગાંડાભાઈ બિચારા શું બોલે?"

"ત્યારે એક કામ કરીએ. આ ઓરડીમાં જ ધામા નાખીએ. બધા જ ભાકૂતી છે એટલે કોઈ પૂછનાર નથી," કહી મેં એકની પથારી, બીજાની ટ્રંક, ત્રીજાની ઓચણી ઊંચકી એક ખૂણામાં નાખ્યાં અને જગા કરી. ચપોચપ બહાર બેઠેલા ગૃહસ્થો આવ્યા; અને અમારી હિંમત જોઈ અમને વધારે હકદાર ધારી, રસ્તો કરી આપ્યો. પછી મેં અને ગાંડાભાઈએ મસલત કરી, અને પેટની પરોણાગત માટે પણ આ જ કાયદો લગાડવો શરૂ કર્યો. એક જણને પકડ્યો, થોડે દૂર રસોઈની તજવીજ હતી ત્યાં તેને લઈ જવા કહ્યું, સામે કૂવા પર નાહ્યા અને જમવા બેઠા. પચીસ જમી ગયેલાની જગા પર, ઊંકડા ઊંકડા, સારો મઝાનો ટાઢો ભાત, શી વસ્તુ છે તે ન સમજાય એવી આછી પાણી જેવી દાળ, માથાના વાળ ઊભા થાય એવું તીખું શાક અને ગંધાતા ઘીથી લચપચતો લાડુ ખાઈ અમે પરવાર્યા. પછી ગાંડાભાઈ મને શેઠ પાસે લઈ ગયા.

શામળશાહ જાડા, વૃદ્ધ, કાળા અને ગોળમટોળ ગૃહસ્થ હતા. પરસેવો અને પીઠીના મિશ્રણથી જાણે વાર્નિશ દીધું હોય એવા લાગતા. ઘરેણાંના ગાંસડા ઠાલવી એમની ડોક, હાથ અને કાન શણગારવામાં આવ્યાં હતાં. તેમના મોં પર સુખ દેખાતું હતું, કારણ કે હાથમાં આરસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈને મૂછો તપાસતા હતા. હમણાં જ હજામ એમની મૂછોને કલપ લગાવી ગયો હતો.

"ઓહો ! કોણ ગાંડો !—આવની ભાઈ. તારી જ ખોટ હતી." "ના જી. એમ તે હોય. હું તો ખરોસ્તો. આ મારા મિત્ર રણછોડભાઈ."

"પધારો....પધારો ! સારા માણસો છે ક્યાં દુનિયામાં ? આ વખતે પ્રભુની મહેર છે. ગઈ વખત હું પરણ્યો—આ કીલાની માને-ત્યારે તો બાર જણ ન હતા, એ તો જીવ્યા કરતાં જોયું ભલું." જેમ દાક્તર મરી ગયેલા દર્દીની વાત કરે તેવી બેદરકારીથી જૂની સ્ત્રીને સંભારતા શેઠ બોલ્યા.

"ખરી વાત છે, શેઠ સાહેબ ! લગ્ન સાંજનાં છે ?"

"અરે, આ સમરથ જોષીને કહીને થાક્યો. દર વખત આમ ને આમ, વાર તે કેટલી ?"

સમરથ જોષી ઘરડા ઘુવડ જેવા દૂર બેઠા બેઠા દક્ષિણા ગણતા હતા. તેમણે ઊંચું જોયું: "શેઠ ! એ તે કંઈ મારા હાથમાં છે ? તે પણ, હવે ફરી વખત જોઈ લઈશ. આ વખતે ભૂલ થઈ તે થઈ."

"કેમ રે સમરથ ? આ પાંચમાં વહુ તો આણીએ છીએ, હજુ કેટલાં બાકી છે ?"

"હવે યજમાન રાજા એમ બોલીએ નહિ. લલાટે લખ્યા લેખ તે કંઈ મિથ્યા થાય ?" જરા હસતાં સમરથ જોષી બોલ્યા.

એટલામાં બહાર સુરતથી મંગાવેલું 'બેંડ' આવ્યું અને અમે કલાકને માટે રજા લીધી.

"ગાંડાભાઈ ! શેઠને કેટલાં થયાં ?"

"પચાસ કે ઉપર એક-બે. કંઈ વધુ નથી. એમના બાપ સાઠ વર્ષે ઘોડે ચડ્યા હતા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજુ શામળશાહે બાપની બરોબરી કરી ન હતી તો સવાઈ તો ક્યાંથી જ? પણ હાલથી સ્ત્રીને ન કરે નારાયણ, અને કંઈ થાય તો બાપદાદાની આબરૂના રક્ષણાર્થે સવાઈ કર્યા વિના આ શેઠ રહે એમ લાગતું ન હતું.

"વહુની શી ઉંમર છે?" મેં પૂછ્યું.

"હશે પાંચ-છ વર્ષની; અહીંયાંના દેસાઈની છોકરી છે. કુટુંબ ઘણું ખાનદાન ને આગળપડતું છે."

"એમ!" કહી હું ચૂપ રહ્યો. વાડીએ આવીને કપડાં બદલ્યાં. હું પણ જરા દોપટ્ટોબોપટ્ટો અડાવી શેઠના સાનમાં શણગારાયો, અને પાછા અમે હવેલીએ ગયા. ત્યાં વરઘોડાની ધામધૂમ ચાલી રહી હતી. કોઈ નાટક કંપનીની હરાજીમાં ખરીદેલા, કટાઈ ગયેલી જરીના પહેરવેશમાં શોભતા વાજાં-વાળાઓ ગમે તે બહાને વધારે કાન ફોડે એવો ઘોંઘાટ પેદા કરી પોતાની હોશિયારી દેખાડતા હતા; બીજી તરફ સ્વદેશી 'બેંડ' હતું, આઠ દસ તાસાંવાળા તાનમાં વગાડતા હતા. બે નાચનારા બે ત્રણ શરણાઈના તીણા અવાજે ફાવે તેમ તાલમાં નાચતા હતા. લોકોની ઠઠ તે તરફ વધારે જોઈ મને લાગ્યું કે આપણો સ્વદેશપ્રેમ હજુ ચુસ્ત છે—આપણું જ સંગીત આપણને ગમે છે. એટલામાં એક પાસે ઊભેલો ગૃહસ્થ બોલ્યો: "શાબાશ! શેઠે ઠીક કર્યું. ચાળીસ ગાઉથી નાચનારા બોલાવ્યા છે." શામળશાહ શેઠની હવેલી આગળ નાનાસરખા ચોગાનમાં આવી સૂરપૂર્ણ હવામાં—દરેક ઘર આગળથી નીકળતી બદબો સારતી 'ગંગા-જમનાઓ' આગળ પડોશીના ઓટલા પર અમે બેઠા. શેઠ કંઈ ક્રિયા કરતા હોય એમ લાગ્યું, કારણ કે બ્રાહ્મણોના થોડી થોડી વારે "હો-હા-હા"ના અવાજો આવતા હતા. ધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે શેઠ લગ્ન કરવા લાયક થઈ ચૂક્યા એવી ખાતરી થાય એટલા માટે પૈસા મળ્યા એટલે ક્રિયા પૂરી થઈ જણાઈ; થોડાઘણા પુરુષો હતા તે બહાર નીકળ્યા અને વરરાજાના ઘોડાને બોલાવ્યો.

ઘોડો મહામહેનતે ખોળી કાઢ્યો હોય એમ લાગતું હતું. સિકંદરના બ્યુસેફેલસને કે નેપોલિયનના જગજાહેર ઘોળા ઘોડાને લાયકાતમાં શરમાવે એવો આ ઘોડો હતો. ડૉન ક્વિક્ઝોટના રોઝીનાંતથી પણ એ ચઢતો લાગ્યો. તેને આંખ એક હતી, અને જીર્ણતાને લીધે લબડતા હોઠોમાંથી સતત લાળ ટપકતી હતી. તેની ખાંધે સાજ અને પગે ઘૂઘરીઓ હતી. 'આ પળે મરું કે બીજી પળે મરું' એવો ઇરાદો તેની કાઠી અને તેની ઊભા રહેવાની ઢબ પરથી દેખાઈ આવતો. થોડીઘણી માખીઓ પણ બિચારાને પજવતી, છતાં દૃઢતાથી, શાંતિથી, સ્થિરતાથી, શામળશાહ જેવાનો ભાર વહેવાના ગર્વમાં જાણે, એક પૂરી દેખીતી આંખ મીંચી, તે ઊભો. શેઠ આવ્યા. મોઢામાં પાનનો ડૂચો, આંખમાં કાજળના બિલાડા, ભૂગોળની ભવ્યતાવાળું પણ જરીના જામ-પાઘડીમાં ઝગમગતું શરીર, મોઢા પર ખૂંપ અને હાથમાં નાળિયેર! શું સૌંદર્ય! શી છટા! પરદેશીઓને કહીએ કે આવો અને જુઓ, છે તમારે ત્યાં આવો કલાનો આદર્શ? ગમે તેવા પણ અમે શ્રેષ્ઠ તે શ્રેષ્ઠ.

શેઠ ઓટલાની કોર પર ઊભા. ઘોડાને ઓટલાની કોર પાસે આણ્યો. પણ કાં તો શેઠનું સ્વરૂપ જોઈ કંઈ કાળકા-માતાના સ્મરણથી ઘોડો ચમક્યો હોય; કે કાં તો જાનવરની લગ્નની પવિત્ર ભાવનાની દૃષ્ટિથી શેઠના કૃત્યને ઠપકો આપી, સુધારાનો હિમાયતી થયો હોય; કે કાં તો સંન્યસ્ત અવસ્થામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

આવી રહ્યો હોઈ શેઠને પણ તેમ સૂચવતો હોય: ગમે તે કારણ હોય, પણ જ્યાં શેઠ ઓટલા પરથી પગ ઊંચકે કે ઘોડો ફૂં કરે, ડોકી હલાવે, કે ખાંધ ખંખેરે. શેઠ તો બિચારા જ્યારે જ્યારે પરણવા જતા ત્યારે જ ફક્ત ઘોડે બેસવાનો મહાવરો રાખતા હોવાથી ઘોડાની આ દગાબાજીથી બીને, તરત પગ પાછો ખેંચતા. શેઠે એક વાર, બે વાર, સાત વાર, મહાન ભગીરથ પ્રયત્ન આ ઘરડા ઘોડાને પલાણવા કર્યા, પણ હતા ત્યાંના ત્યાં! આખરે બે જણે અશ્વરાજને મોઢા આગળથી ઝાલ્યો, બે જણ પૂંછડાની તપાસ રાખવા પીઠ આગળ ઊભા રહ્યા, અને શેઠને કહ્યું: "ચાલો શેઠ, હવે ફિકર નથી."

લોકો બધા એકીટશે જોઈ રહ્યા. અર્જુને મત્સ્ય વીંધ્યું ત્યારે પણ આટલી એકાગ્રતા દ્રુપદના રાજદરબારમાં નહિ દેખાઈ હોય. બેફિકર થવાનાં વચનોથી શેઠે હિંમતને બે હાથે પકડી. અરે હા! પણ બંને હાથમાં તો નાળિયેર હતું. શેઠે પગ ઉઠાવ્યો, – હંમેશ કરતાં વધારે – અને મૂકયો અશ્વરાજની વૃદ્ધ પીઠે; પણ જાત ઘોડાની અને તેમાં પુરાણો, પછી પૂછવું શું! તરત જ ફરી ગયો. મોઢું શેઠ તરફ કર્યું, કાન ઊંચા કર્યા, શેઠ ગભરાયા – જીવ બ્રહ્માંડની લગોલગ જઈ પહોંચ્યો – પાછા હઠયા – હાથ છોડી જીવ બચાવવા નાળિયેર જતું કર્યું. પાછા હઠતાં એકદમ પાઘડી ભીંતમાં અથડાઈ – ખસી – આગળ આવી પડી ગઈ. વરરાજા તાજનષ્ટ થયા. લોકોમાં હાહાકાર કે પછી હ–હ–હકાર વ્યાપ્યો. શેઠે ઊંચું જોયું – ગૌરવથી કીચડમાં પડેલી પાઘડી સામું જોયું. ઠપકામાં, મિજાજમાં આકાશ તરફ – ઈશ્વર સામું જોયું. કોણ જાણે શું દેખાયું, પણ એકદમ હોઠ ખેંચાયા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી મેદનીમાં પહોંચે એવો સૂર તેમના ગળામાંથી નીકળ્યો :

"એં—એં—એ–"

લોકો બધા વીંટાઈ વળ્યા. ઘણાખરાએ મોઢે રૂમાલ કે ખેસ દીધો. મને લાગ્યું કે તે શરમમાં હોવું જોઈએ. શેઠ કેમ રડચા તે કોઈ સમજ્યું નહિ. શેઠે રડતે રાગે કહ્યું કે "ઢીલાની બા સાંભરી." પછી મહામહેનતે ઠીક કર્યા અને ચાર મજબૂત સાજનિયાઓએ ઊંચકી અશ્વરાજ પર બેસાડચા. મને, ઘોડાને દ્વેષબુદ્ધિ થઈ હોય એમ લાગ્યું. તેની આંખો ઘડપણના પાખંડથી ભરેલી લાગી. શેઠને ઘરડે ખભે, નીકળતાં નીકળતાં, વળી એક તલવાર સૂકી. રખે ઘોડા પરથી પડી જાય, મ્યાનમાંથી નીકળી તલવાર વાગે – કે હાથમાંથી નાળિયેર સરી જાય એવી અનેક ફિકરમાં વરરાજા કેમે કરીને બેઠા. આખરે બેંડના અવાજથી અને નાચનારાના નૃત્યથી તાલબદ્ધ થઈ વરઘોડો નીકળ્યો.

આખરે અમે વેવાઈને ઘેર આવ્યા. વેવાઈનું ઘર જરા નીચાણમાં હતું એટલે ત્યાં જતાં પહેલાં ઢોળાવ ઊતરવાનો હતો. તાસાંવાળા તાનમાં, નાચનારાઓ ગાનમાં, અને સાજનિયાઓ ગુલતાનમાં ઢોળાવ ઊતર્યા; ઊતર્યા અને પાછા ફર્યા. ઉપર ઢોળાવ શરૂ થાય ત્યાં — કોઈ પર્વત પર ફિરસ્તો ઊભો હોય તેમ — શેઠ અને તેમનો ઘોડો ઠમકીને ઊભા હતા. ઘોડો બળવો કરવાની તૈયારી કરતો હોય તેમ, જાણે તેના મનમાં તે કરવાનો સર્વાનુમતે ઠરાવ થતો હોય તેમ, જાણે નિશ્ચલતાથી એક જ પગ ઢોળાવ પર મૂકી — દુનિયાને દબાવતો, શેઠને ગભરાવતો, ઊભો હતો. અરે ઘોડા! જમાનાની અસર તારા પર પણ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[પૃષ્ઠ ૨૦૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે-ચાર જણ દોડી ગયા, અને ઘોડાને પકડી ખેંચવા માંડ્યો. પણ તે વળી એકનો બે થાય? શેઠ કહે ઊતરી પડું? લોકો કહે વળી એમ તે ઊતરાય! બે-ત્રણ જણે લગામ ઝાલી. અને એકે પાછળથી બે-ત્રણ સપાટા ઘોડાને અડાવી દીધા. ઘોડો હિંમત હાર્યો – બળવાનો ઇરાદો છોડ્યો. ત્યાગ-વૃત્તિથી — માર ન સહન થવાથી, તેણે ગતિ સ્વીકારી, ડગલાં દીધાં. એક, બે, ત્રણ; ઉપર શેઠ ગભરાયા — ઢોળાવને લીધે ઘોડાની ડોક પર નમ્યા, ઘોડાના આગલા પગ ધ્રૂજ્યા, તેણે જોખમદારી છોડી. તેના આગલા બે પગ મરડાયા – વળ્યા – અને ગુરુત્વાકર્ષણના પ્રભાવે તે સર્યો; નીચે અમે ઊભા હતા ત્યાં એ અને ડોકે વળગેલા શેઠ એમ ઝપાટાબંધ ઊતર્યા – આખરે નીચે અટક્યા. સ્વાર્થી સાજનિયાઓ જોઈ રહ્યા. મદદે દોડતાં પહેલાં આ દૃશ્ય ફરી નહિ જોવા મળે એવા વિચારે તેને હૃદયમાં ઉતાર્યું. આખરે શેઠને ઊંચક્યા અને હવે વેવાઈનું ઘર આવ્યું હતું એટલે પગે જ તે ત્યાં પહોંચ્યા.

વરરાજા પોંખાયા — વેવાણો રિસાઈ — અને આપણા શિરસ્તાઓ મુજબ વરરાજા ચોરીમાં પધરાયા. નાનુંસરખું, પાનેતરમાં વીંટાળેલું ઢીમચું હોય તેવી કન્યાને તેના સામા ઊંચકી લાવ્યા અને ચોરી સામે બેસાડી. શ્લોક પર શ્લોક ભણાવા માંડ્યા; દૂર જ્યાં હું ઊભો હતો ત્યાં સમરથ જોષી તપેલામાં જોઈ ઘડી ગણતા હતા અને ગમે તે શ્લોકની લીટીઓ ભેગી કરી શેઠને 'સાવધાન' કરતા હતા. મને જોષીની સ્થિતિ વિચિત્ર લાગી. તેમની આંખોમાં કંઈ જુદું જ તેજ હતું – અને તેમની જીભ જરા લથડતી. મને લાગ્યું કે જોષી બુવાએ 'વિજયા'ની આરાધના કરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂર લીલા પાણીનો ભરેલો લોટો હોય તેવો એક લોટો જોઈ ખાતરી થઈ. પ્રસંગની મહત્તાના માનમાં અને મહાદેવને પ્રસન્ન કરવાના સ્તુત્ય હેતુથી, જોષીજી ચકચૂર થયા હતા. મેં પાણીથી ભરેલા તપેલામાં—જે તરફ જોષી એકી નજરે જોઈ રહ્યા હતા તે તરફ જોયું. પાણી પર કંઈ ન હતું. જોષી જોતા હતા ખરા—પણ ઘડી માંડી જ ન હતી. ભાંગની ધૂનમાં કાલ્પનિક ઘડીઓ જ ગણતા હતા. આખરે જોષીએ થાળી લીધી—વગાડી—વાજાં વગડયાં—શામળશાહ સજોડ થયા—તેમની હોંશ પૂરી પડી.

થોડી વારે જગા થઈ એટલે હું ચોરી પાસે ગયો. કન્યા ઊંઘી ગઈ હતી અને તેની મા તેને ખોળામાં લઈ બેઠી હતી. સપ્તપદી, અમારા શાસ્ત્રના કહેવાતા અમર કોલ, જેની મહત્તા પર અમારાં લગ્નની પવિત્રતાના બુરજો ચણાયા છે તેનો વારો આવ્યો. મને ધાર્મિક લાગણીઓએ પુનિત કર્યો. હું તો આઠ વર્ષ પહેલાં પરણ્યો હતો અને ઘરવાળી હજુ તેની તે જ હતી એટલે તે વખતની મારી શી લાગણીઓ હતી તે મને યાદ ન હતી; મને આજે અનુભવ થયો. પાટલા નીચે હાથ મૂકી—ટેકવી, શેઠ ઊઠયા; કન્યા કેમે કરી જાગી જ નહિ; આખરે તેની મા ઊઠી—હાથમાં દીકરી લીધી અને શેઠની સાથે ચોરીની આસપાસ ફરી. આખરે પવિત્ર સપ્તપદી પૂરી થઈ. લખવાનું હજુ બહુ છે, પણ સ્થળનો અભાવ છે. હું બહાર નીકળ્યો તો જાણે ભીલડીઓ, નશામાં ગાળો ભાંડતી હોય તેમ—લૂગડાં કે અવાજ કે ચાળા કે શબ્દોની મર્યાદા અને છટા રાખ્યા વિના—દરરોજ વેંત આઘું ઓઢી ડાહી ઠકરાણી ગણાવા ધીમે ધીમે બોલતી સ્ત્રીઓ ગાઈ રહી હતી. બહુ જોવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે મારામાં અભિલાષા રહી ન હતી. અમે વાડીએ ગયા અને રાતની ગાડીનો વખત થયો એટલે મેં ગાંડાભાઈની રજા લીધી કે "હવે તો હું જઈશ જ."

"પણ રણછોડભાઈ! શેઠને મળીને જાઓ. નહિ તો તેમને ખોટું લાગશે. કાલે મને વઢશે."

"ઠીક ભાઈ," કહી હું પાછો વેવાઈને ત્યાં આવ્યો. શેઠની ભાળ પૂછી તો મને જણાવવામાં આવ્યું કે માતાના ઓરડામાં વર–કન્યા પૂજા કરે છે. લોકો જમણની ખટપટમાં હતા એટલે ઘર સૂનું લાગતું. હું દેખાડેલા ઓરડા તરફ ગયો અને ત્યાં જઈ જોયું અને ઊભો.

ભીંતને રંગી, માતા કરી, તેની પૂજા કરવા અને ભટનું તરભાણું ભરવા, ચોખા અને ઘઉંના ઢગલા કરેલા હતા. સામે શેઠ અને નવાં શેઠાણી – અત્યારે જાગતાં બેઠાં હતાં; ગોર કંઈ લેવા બહાર ગયા હોય એમ દેખાયું.

હું અંદર પેસવા જતો હતો અને ઠમકયો; મર્યાદાનો બાધ આવ્યો. શેઠ સંવનન (Wooing) કરતા હતા. ધીમે ધીમે છ વર્ષની કોડીલી કન્યાનો ઘૂમટો તાણતા હતા. પેલી અંદરથી 'ખીખી' કરી હસતી હતી. હું જોઈ રહ્યો. કોણ કહે છે કે આપણે ત્યાં સંવનન નથી? હું તો ચિત્રવત્ થઈ ઊભો, જોયા જ કર્યું; શેઠ ધીમે રહી શેઠાણીની હડપચીને અડકવા ગયા; તેણે કહ્યું: "ના–હી." અને જરા આઘી ગઈ; શેઠ જરા પાસે ગયા; શેઠાણીએ ધમકી દીધી: "બાને બોલાવીશ." શેઠ હિંમત હાર્યા નહિ – "હવે બેસની," કહી હાથ લંબાવ્યો, શેઠાણીને ગલીપચી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠાણીનો તીણો ઘાંટો ગાજી ઊઠ્યો, "એ બા! એ બા! આ ડોસો મને મારે છે."

શું કહું? મેં–રણછોડે રણ છોડ્યું; હું મૂગે મોઢે નાઠો. જતાં જતાં બૈરાંઓનો બેસી ગયેલો પણ દૂર સંભળાતો સ્વર આવ્યો: "એ વર નહિ પરણે, નહિ પરણે....અમે જીત્યા રે જીત્યા."

—મારી કમલા અને બીજી વાતો

ટિપ્પણ અને પ્રશ્નો

ગ્લૅડસ્ટન – મહારાણી વિક્ટોરિયાના સમયનો ગ્રેટ બ્રિટનનો વડો પ્રધાન. **ગોધાં લગ્ન** – ગોરજ લગ્ન, સમીસાંજનું લગ્ન. **કિલ્લાં** – અનાજમાં પડતાં એક જાતનાં રાતાં–કાળાં જીવડાં. **ઊંકડા** – અધૂકડા. **કલપ** – વાળ રંગવાની દવા. **ડૉન કિવક્ઝોટ** – એક હાસ્યરસિક સ્પેનિશ કથાનો નાયક. **સાજ** – ઘોડા ઉપરનો સામાન. **કાડી** – કાછી – શરીરનો બાંધો.

૧. શ્રીયુત મુનશીના જીવનનો ટૂંકો પરિચય આપો.
૨. નીચેની પંક્તિઓનું સ્પષ્ટીકરણ કરો:
   क. 'કવિ થઈ રવિ ન પહોંચે તેવા અંધારામાં જવું નથી.'
   ख. 'સાપ કાંચળી ઉતારે તેમ તમે પણ—'
   ग. 'લલાટે લખ્યા લેખ તે કંઈ મિથ્યા થાય?'
   घ. 'ગમે તેવા પણ અમે શ્રેષ્ઠ તે શ્રેષ્ઠ.'
   ङ. 'મેં—રણછોડે રણ છોડ્યું.'
૩. તમે કોઈ લગ્નમાં ગયા હો તે પ્રસંગ વર્ણવો.
૪. જાનીવાસાનો ચિતાર તમારા શબ્દોમાં આપો.
૫. વૃદ્ધલગ્ન અને બાળલગ્ન – બંને કુરિવાજો ઉપર લેખકે કરેલા કટાક્ષ સમજાવો.
૬. શામળશાહના વરઘોડાનો પ્રસંગ વર્ણવો. ઘોડા અને શેઠ વચ્ચેનું સામ્ય દર્શાવો અને એ પ્રસંગમાંથી વિનોદ ભરેલાં બેત્રણ વાક્યો દર્શાવી એનો વિનોદ સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



[જન્મે અને શિક્ષણે દક્ષિણી છતાં ગુજરાતી ભાષા ઉપર અપૂર્વ પ્રભુત્વ ધરાવનાર કાકાસાહેબનો જન્મ ઈ. સ. ૧૮૮૬માં સતારામાં થયો હતો. જુદે જુદે સ્થળે પ્રાથમિક અને માધ્યમિક કેળવણી લઈ કૉલેજનો અભ્યાસ એમણે પૂના અને મુંબઈમાં કર્યો હતો. હિંદુ ધાર્મિક સાહિત્યના અભ્યાસથી ઘડાયેલા એમના વિચારોને સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીના લખાણે નવું બળ આપ્યું. એમની જ્ઞાનપિપાસા અતિ તીવ્ર હતી અને જ્ઞાનામૃત મેળવવા ઋષિકુળ, હરદ્વાર, શાંતિનિકેતન વગેરે સ્થળોએ ફરેલા, પણ આત્માની અનંત તૃષ્ણા મહાત્માજીના સંગમાં જ છીપશે એવી પ્રતીતિ થતાં ઈ. સ. ૧૯૧૭માં તે સાબરમતી આશ્રમમાં આવી વસ્યા. ગૂજરાત વિદ્યાપીઠ અને ‘નવજીવન’ના સંચાલનમાં એમનો ફાળો અમૂલ્ય હતો.

ગુજરાતીને જ પોતાની ભાષા માનનાર આ મહારાષ્ટ્રીય વિદ્વાનની સેવા ગુજરાત કદી ન વીસરી શકે. પ્રકીર્ણ પ્રાસંગિક લેખો લખી ગાંધીજીના વિચારો ફેલાવવામાં એમની લેખનીએ ઘણી મદદ કરી છે. ‘જોડણીકોશ’ પ્રગટ કરી ગુજરાતી જોડણીને સ્થાયી અને એકધારી બનાવવા એમણે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે. એમની બળવાહી અને સંસ્કારી પ્રૌઢ શૈલીને લીધે અત્યારની ગુજરાતી ભાષાના એ એક સાચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિનિધિ થઈ ચૂક્યા છે, અને આપણા ગણ્યાગાંઠ્યા સમર્થ ગદ્ય લેખકોમાં અગત્યનું સ્થાન પ્રાપ્ત કરી શક્યા છે.

જ્યારે કાકાસાહેબ ગાંધી અસર ત્યાગી, પોતાની લેખનીને છૂટી મૂકી દે છે, ત્યારે એક સુંદર કલાકાર તરીકે ઝળકી ઊઠે છે. એમનો કલ્પનાવિહાર કવિતામય ગદ્યમાં પરિણમે છે. એમનો 'હિમાલયનો પ્રવાસ' કુદરતના સૌંદર્યનાં દર્શન કરાવી આપણને મુગ્ધ કરે છે. ગુજરાતી પ્રવાસસાહિત્યનું એ ઉત્તમ પુસ્તક લેખાય છે. એવી જ રીતે જેલ-નિવાસના અનુભવોની નોંધ સમી 'ઓતરાતી દીવાલો'ની ગ્રંથિકા કુદરતનાં તત્ત્વો અને પશુપંખી તરફના એમના અનહદ પ્રેમ અને તેમની ટેવોના સૂક્ષ્મ અવલોકનથી આપણને રંજિત કરે છે. આવા પ્રસંગોએ એમની શૈલી ભાવમય અને સરળ છતાં પ્રૌઢ બને છે. 'સ્મરણયાત્રા' અને 'લોકમાતા' પ્રત્યેક કિશોર–કિશોરીએ વાંચી જવા જેવાં પુસ્તકો છે. આ ઉપરાંત 'જીવનસંસ્કૃતિ' અને 'જીવન-ભારતી'માં એમના અગત્યના લેખોનો સંગ્રહ થયો છે.]

કાગડા

ઉનાળો પૂર જોસમાં શરૂ થયો. આસપાસનાં ઘાસ બધાં સુકાઈ ગયાં. કાગડાઓ, કાબરો, લેલાંઓ અને ખિસકોલીઓ પાણીને માટે ટળવળવા લાગ્યાં. વાંદરાં પણ આસપાસથી આવી અમારા હોજ પર ડોકિયાં કરવા લાગ્યાં. કબૂતરો કર્મકાંડી બ્રાહ્મણની પેઠે આખો દિવસ પાણીમાં નાહવા લાગ્યાં. મારી પાસે માટીની એક કૂંડી હતી. તે ભરીને હું લીમડા તળે મૂકતો. આખો દિવસ ખિસકોલીઓ આવે, કાબરો આવે, કાગડાઓ આવે, અને લે લે લે લે કરીને આકાશ ગજાવી મૂકનાર બેરાગીવર્ણાં લેલાંઓ પણ આવે. આ બધાંમાં કાગડો બડો ચતુર હતો. તે તો મળે ત્યાંથી રોટલીના સૂકા કટકા લઈ આવે. કૂંડીમાં ત્રણ-ચાર પલાળી રાખે, ત્રણ-ચાર વાર ચાંચ વડે દબાવી જુએ.

[સા. રત્ન ભા. ૧–૧૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પલળી બરાબર પોચો થઈ જાય એટલે આત્મદેવને ભોગ ચઢાવે. રવિવારને દિવસે આ ગૃહસ્થો અમારી કૂંડી પણ હાડકાંના કકડાથી અભડાવી નાખે. એક દહાડો એક નકટો કાગડો આવ્યો. તેની ચાંચ ઉપરના ભાગમાંથી અડધો-અડધ તૂટી ગઈ હતી. તેની દીન મુદ્રા પરથી લાગતું હતું કે પોતાની ખોડનું તેને પૂરેપૂરું ભાન હતું. બિચારો પાણી પીતો ત્યારે બહુ દયા આવતી. બીજા કાગડા તેને મંડળમાં ભળવા દેતા નહિ.

એક મહિના પછી બીજો એક એકપગો કાગડો આવ્યો. કયા મહાયુદ્ધમાં એણે પોતાનો બીજો પગ ગુમાવ્યો હતો તે કંઈ તે મને કહી ન શક્યો. તે પણ બીજા કાગડા સાથે ભળી શકતો નહિ. બિચારો ઊડીને આવે, અને આવીને એક પગ પર ઊભો રહે. પણ એ કંઈ બગલાની નાત નહિ કે એમ ને એમ પગ પર ઊભો રહી શકે. બગલા ને કાગડા વચ્ચે તો ધોળા કાળા જેટલું અંતર. એકાદ મિનિટ ઊભો રહે કે થાકીને પડી જાય. ફરી ઊડે, ફરી ઊભો રહે, ફરી પડે. આ તેનો ક્રમ આખો વખત ચાલતો. એ કાગડો લાગ-લાગટ, ચાર-પાંચ દિવસ સુધી આવ્યો. પછી ક્યાં ગયો એની ખબર ન પડી.

* * *

હવે કાગડાઓના માળા બાંધવાના દિવસ આવ્યા. કાગડાઓ દૂર દૂરથી ડાંખળીઓ લઈ આવતા અને ઝાડ પર ગોઠવતા. ડાંખળી જરા મોટી હોય અથવા જોઈએ તેવી ન હોય ત્યારે કાગડાઓ લાવીને મારી કૂંડીમાં નાખતા. પંદરેક મિનિટમાં બરાબર પલળે એટલે લઈ જતા. એક દિવસ એક કાગડાને લોઢાના તારનો જાડો કકડો જડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાસની ગાંસડી બાંધવા માટે આવા તારનો ઉપયોગ થાય છે. આ તાર વડે વીસમી સદીના આ મયાસુરે એક લોહ-પ્રાસાદ બાંધવાની ખૂબ મથામણ કરી, પણ તાર અક્કડ જ રહ્યો. આખરે એને સૂઝ્યું કે ચાલો આપણે એને પાણીમાં નાખીને પલાળીએ. બરાબર બે વાગ્યાથી ચાર વાગ્યા સુધી એણે એ પ્રયત્ન કર્યો. પહેલાં એક છેડો પાણીમાં બોળ્યો, પછી બીજો, પછી વચલો ભાગ. બે કલાકની મહેનત પછી કાગડાભાઈ એટલું પદાર્થવિજ્ઞાન શીખ્યા કે લોઢાલાકડાના ગુણધર્મ સરખા નથી હોતા. પણ આખરે એણે પોતાના માળામાં એ તારનો ઉપયોગ તો કર્યો જ.

* * *

એક દિવસ અલ્લાદાદ દોડતો દોડતો આવીને કહે: 'કાકાજી, કાકાજી, જરા ઇધર આઈએ તો સહી, હમને એક કાગડા પકડા હૈ.' જઈને જોઉં છું તો સાચે જ ચતુર કાગડો પણ ઠગાયો હતો. કાગડો ઓરડીમાં પકડાયો હતો. એને પગે એક લાંબી દોરી બાંધેલી હતી. [કેદી પાસે દોરી ક્યાંથી આવી? (જ.) ખાનગી વ્યવસ્થા.] કાગડાએ દુનિયાના તમામ કાકાઓને વહારે ધાવા બૂમો પાડી પણ હું એકલો જ ત્યાં હાજર હતો. મેં ઘણી આજીજી કરી અને કાગડાભાઈ છૂટી ગયા. મારી ખાતરી છે કે એ કાગડે ફરી વાર જેલનું મોં પણ નહિ જોયું હોય. પગ બંધાયો એનું કંઈ નહિ, પણ કાગડો ઠગાયો એ શરમ એની આખી નાતને અસહ્ય થઈ હશે.

* * *

આ જ અરસામાં લીમડા પર કાગડીનાં બચ્ચાં પણ ઈંડાં-માંથી બહાર નીકળ્યાં. પશુપક્ષીઓમાં અપત્યરક્ષણની વૃત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌથી પ્રબલ હોય છે. અત્યાર સુધી ઘણા કેદી રોજ સવારે કે સાંજે દાતણને અર્થે લીમડા પર ચઢતા. કેટલાક તો જેલ બહારની દુનિયાનું દર્શન કરવા ખાતર પણ લીમડા પર ચઢતા! ‘એ તમારો આશ્રમ દેખાય! ત્રણ મજલાનું એક બીજું મકાન દેખાય છે!’ એમ મને સંભળાવતા અને મને પણ ઉપર આવવા નોતરતા. ઝાડ ઉપર ચઢવું એ તો જેલના નિયમ પ્રમાણે નવ દિવસની સજા થાય એવો ગુનો છે. એક જ વરસ માટે હું જેલમાં આવેલો હોવાથી ગુનો કરી બહારની દુનિયા જોવાનું મને મન ન થયું. પણ જ્યારે લીમડા પર કાગડીનાં બચ્ચાંનો વાસો થયો ત્યારે લીમડા પર ચઢવાની કોઈ કેદીની મગદૂર ન રહી. કાગડાઓ ઝટ દેતા આવીને ચાંચ મારતા અથવા માથા પરની ટોપી ઉપાડી જતા, અને કેદી ટોપી ખોઈ બેસે તો સાથે નવ દિવસની માફી પણ ખોઈ બેસે.

કાગડીને હવે પોતાનાં બચ્ચાંના ચારાનો સવાલ ઊભો થયો હતો; એટલે તેણે પોતાની કાકદૃષ્ટિ વધારે તીવ્ર કરી આહાર શોધવાનું શરૂ કર્યું. એટલામાં ખિસકોલીનાં બચ્ચાં પણ સહેજ મોટાં થઈ આમતેમ ફરતાં થયાં હતાં. કાગડીએ તેમાંનું એક બચ્ચું મારી, પોતાના દીકરાને માંસનો પહેલ-વહેલો સ્વાદ ચખાડ્યો. તે દિવસથી ખિસકોલીઓ ને કાગડાઓ વચ્ચે મહા વેર જામ્યું. કાગડા છાપરા પર બેઠા હોય કે લીમડા પર એકાદ મોટી ખિસકોલી પોતાની પૂંછડી ફુલાવીને કાગડા પર ધસી જતી અને કાગડો ભયભીત થઈને ઝડપથી ઊડી જાય તેટલામાં તેને પોતાના નખ અને દાંતનો કંઈક પ્રતાપ બતાવતી. કાગડા ખિસકોલીથી બીએ છે એ તો મેં અહીં જ પહેલવહેલું જોયું. પણ કાગડો હવામાં ઊડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે અને ખિસકોલી નથી ઊડી શકતી, એટલે અંગ્રેજો અને આરબ વચ્ચેના યુદ્ધ જેવું આ યુદ્ધ થઈ જતું. આરબો પાસે હવાઈ જહાજ (એરોપ્લેન) હોત અને ખિસકોલીને પાંખો હોત તો તે મહાયુદ્ધ બીજું જ સ્વરૂપ પકડત.

એક દિવસ એક કાગડો ક્યાંકથી ખિસકોલીનું બચ્ચું મારી લાવીને મારી કૂંડીમાં પલાળવા લઈ આવ્યો હતો. ચિડાઈને મેં પાણી ઢોળી નાખી કૂંડી ઊંધી મૂકી દીધી. ફરી વિચાર કર્યો, દયાધર્મમાં વળી ઇન્સાફ કેવો? ઇન્સાફ તો એક ખુદા જ કરી શકે. તે રહીમ પણ છે ને કહાર પણ છે. મારું કામ તો તરસ્યાને પાણી પાવાનું છે. કાગડો પોતાનો આહાર શોધી લે છે તેમાં હું તેને શેની સજા કરું? મારા દેખતાં તે ખિસકોલીને મારતો હોય તો ખિસકોલીનો જીવ બચાવવાનો હું જરૂર પ્રયત્ન કરું; તેમ ન કરું તો મારી દયાવૃત્તિ દુભાય. પણ મારે કાગડા પર રીસ રાખવી ન જ ઘટે. કાગડો જ્યારે ખિસકોલીને મારતો હોય ત્યારે તેના મનમાં ખિસકોલી પ્રત્યે દ્વેષ કે વેર હોય છે કે પોતાનાં ભૂખ્યાં બચ્ચાંની વાત્સલ્યભરી ચિંતા હોય છે એ કોણ નક્કી કરે? મારી મા ઝાડ પરની કેરી તોડી મને ખાવા આપતી ત્યારે તેના જે વિચારો હશે તેથી શું આ કાગડાના વિચારો જુદા હશે? પરદુઃખનો વિચાર કરવો એ માણસનો જ અધિકાર છે; અન્ય પ્રાણીઓ તો જવલ્લે જ એ વૃત્તિ કેળવી શકે છે. પશુપક્ષીઓનું જીવન નીતિબાહ્ય હોઈ તેમાં નીતિઅનીતિ સંભવતી જ નથી. માણસ પણ હજુ મોટે ભાગે પશુ જ છે. તેથી જ પરદુઃખથી તેનું હૃદય પીગળતું નથી. એમ કહેવાય છે કે માણસોમાં પણ સ્ત્રીઓ પોતાનાં બાળબચ્ચાં ને સગાંવહાલાં પ્રત્યે પ્રેમવૃત્તિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસાધારણ ઉત્કર્ષ બતાવતી છતાં અન્યના દુઃખ પ્રત્યે ઉદાસીન જ હોય છે અને સ્ત્રી સ્ત્રીનું દુઃખ જોઈને તો કેટલીક વાર રાજી પણ થાય છે. આ વાત કેટલે દરજ્જે સાચી છે અને કેટલે દરજ્જે તહોમત છે એ તો સ્ત્રીઓ જ કહી શકે. એટલું ખરું કે મનુષ્યેતર સૃષ્ટિમાં નર કરતાં માદાનો જુસ્સો અને ઝનૂન વધારે હોય છે.

એક રાત્રે મોટો પવન ચાલ્યો. કાગડાનો માળો પડ્યો અને એક બચ્ચું મરી ગયું. નૂરમહંમદે માળો અને બચી ગયેલું બચ્ચું લીમડા પર ફરી ગોઠવી દીધાં. પણ એક બે દિવસમાં તેનો પણ અંત આવ્યો. ઝાડુવાળાએ બચ્ચું દીવાલ બહાર ફેંકી દીધું. ત્યાં કાગડાઓની નાત ભેગી થઈ ને કાણ કાઢી. કેટલાક ઘરડા કાગડાઓએ રાજિયા ગાયા. મા કાગડી તો અવાચક થઈને બેસી જ ગઈ હતી. આખરે જ્યારે મોટો વરસાદ આવ્યો ત્યારે નાત લાચાર થઈને ઊડી ગઈ, પણ ત્રણ-ચાર કાગડાના દુઃખનો આવેગ એટલો બધો હતો કે વરસાદમાં ઊડી જવાનું પણ તેમને ન સૂઝ્યું. કાગડાઓનું નસંતાન વળેલું ટોળું જોઈ ખિસકોલીઓ રાજી થઈ કે કેમ એ આપણે કેમ કહી શકીએ? અદેખાઈ, મત્સર અને પારકાનું દુઃખ જોઈ થતો આનંદ — એ વૃત્તિઓ, વખતે સુધરેલાં પ્રાણીઓનો જ દુર્ગુણ હશે. બચ્ચાં મરી ગયાં પછી કાગડા પણ જરા ભોળા પડ્યા. અમને સાલે એવો કાગડાને છેલ્લો શિકાર તો અમારા જાજરૂ પર રહેલી એક દેવચકલીનાં બચ્ચાંનો હતો.

— ઓતરાતી દીવાલો

ટિપ્પણ અને પ્રશ્નો

કર્મકાંડી–વેદમાં બતાવેલી ધાર્મિક ક્રિયાઓને અનુસરનાર. **બેરાગી**–કર્કશ. **મયાસુર**–અસુરોનો શિલ્પી. **આશ્રમ**–સાબરમતીનો સત્યાગ્રહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રમ, જે સાબરમતી જેલની બાજુમાં આવેલો છે. **રહીમ**– (ફા. રહમ – ઉપરથી) દયાવાન, કૃપાળુ. **કહાર**– (ફા.) નિષ્ઠુર, ક્રૂર, કેર વર્તાવનાર. **મનુષ્યેતર**– મનુષ્ય + ઇતર, મનુષ્યથી ભિન્ન એવી પશુપંખીઓની સૃષ્ટિ.

૧. 'કાલેલકર મહારાષ્ટ્રીય વિદ્વાન હોવા છતાં ગુજરાત તેમની સેવા કદી ન વીસરી શકે.' શા માટે?

૨. 'ઓતરાતી દીવાલો' આ શબ્દપ્રયોગ સમજાવો.

૩. 'રહીમ' અને 'કહાર'–બંને શબ્દો ખુદાને માટે વાપરીને લેખકે ઇન્સાફ અને દયાધર્મ સંબંધી કઈ બાબતનું સૂચન કર્યું છે?

૪. નીચેનાં વાક્યો પૂર્વાપર સંબંધ દર્શાવી સમજાવો—

ક. પરદુઃખથી કોનું હૃદય પીગળતું નથી?

ખ. પશુપક્ષીના જીવનમાં નીતિઅનીતિ સંભવતી નથી.

ગ. માણસ હજુ મોટે ભાગે પશુ જ છે.

ઘ. ઇન્સાફ તો એક ખુદા જ કરી શકે.

૫. કાગડાની કેટલીક ટેવો વિષે જે જાણી શક્યા હો તે લખો.

રામનારાયણ વિશ્વનાથ પાઠક ('સ્વૈરવિહારી')

(જીવનપરિચય માટે જુઓ પૃષ્ઠ ૮૫)

['સ્વૈરવિહાર'ના લેખોમાં અનેક પ્રાસંગિક અને સામાન્ય વિષયોનો લેખકે સ્પર્શ કર્યો છે. સાહિત્ય, સમાજ, રાજકારણ, ધર્મ વગેરેમાં જ્યાં જ્યાં આપણી નિર્બળતાઓ લેખકની નજરે પડે છે ત્યાં ત્યાં લેખક રમૂજ સાથે કટાક્ષ કરે છે.

પ્રસ્તુત લેખમાં આભડછેટ પાછળ ધર્મનો આડંબર ઊભો કરવામાં આવે છે તેના ઉપર લેખકનો કટાક્ષ છે. વસ્તુતઃ આભડછેટ જાણે મનનું ભૂત હોય એમ પણ લેખક રમૂજ સાથે જણાવી દે છે. સ્વૈરવિહારની શૈલી પણ વિષયની પેઠે સરળતાથી વહે છે.]

હિંદુઓનું ખાસ સાયન્સ

ઘણા માણસો કહે છે કે હિંદુઓએ સાયન્સમાં શોધખોળ કરી નથી. આપણે તેમને સમજાવીએ કે વ્યાસ ભગવાનનાં પુસ્તકોમાં વિમાનો છે, એકમાંથી સહસ્ર થઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊડે એવાં બાણો છે, અગ્ન્યસ્ત્ર, વાય્વસ્ત્ર, સર્પાસ્ત્ર વગેરે અનેક શસ્ત્રાસ્ત્ર છે, ત્યારે નવા ભણેલા કહે છે કે એ તો કલ્પના છે. અત્યારે પણ હિંદીઓએ કેટલીક શોધ કરી છે તેની હજુ ક્યાં કદર થાય છે?

વીજળીની શોધ તો હજુ આધુનિક છે. અમુક અમુક પદાર્થો વિદ્યુતના વાહક છે. અમુક ચુંબકત્વના વાહક છે. ધાતુમાં વિદ્યુત વહીને તેનો પ્રવાહ ચાલી શકે છે. થાળી ઉપર સોય મૂકો અને નીચે લોહચુંબક ફેરવો તો સોય પણ તેનાથી ફરે છે; પણ કાચ વિ તનો વાહક નથી; પણ હિંદુઓએ જે એક તત્ત્વ શોધી કાઢ્યું છે તેનો તો કાચ પણ એટલો જ વાહક છે. હજારો વરસ પહેલાં થયેલી તે શોધમાં પ્રગતિ થયા જ કરે છે. જે પદાર્થો વાહક ન હતા તે પણ હવે વાહક બન્યા છે. જે પદાર્થોમાં એ તત્ત્વ પહેલાં નહિ જણાયેલું, તે તત્ત્વ નવા નવા પદાર્થોમાં પછીથી શોધાયું છે. અને વળી હિંદુઓ શોધ તરફ ઉદાસીન પણ નથી. બધી જિંદગીની વ્યવસ્થા એ તત્ત્વ ઉપર જ થાય છે; છતાં આપણા લોકો આપણી જ શોધ તરફ એટલા ઉદાસીન છે કે હું આટલું કહું છું છતાં કોઈ તે નહિ સમજે. અને કેટલાકને તો આ સમસ્યા જેવું લાગશે. તમે સમજો છો કે આ શું?

ત્યારે હું કહું. એ નવીન તત્ત્વ તે આભડછેટ! દુનિયા ઉપર કોઈ બીજી પ્રજાએ તેની શોધ કરી નથી. એ તત્ત્વ વીજળીથી પણ વિલક્ષણ છે.

થિયોસૉફિસ્ટો કહે છે કે શરીરમાં વિદ્યુત છે. પણ હિંદુઓએ આભડછેટની શોધ કરી છે, પછી વિદ્યુતની શોધની જરૂર નથી. આ તત્ત્વને લીધે વસ્તુઓ એંઠી થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. વાડકામાં દાળ મૂકો તો દાળ એંઠી છે તેથી વાડકો એંઠો થાય અને વાડકો નીચે મૂકો તો જમીન એંઠી થાય; હાથમાં ઝાલો તો તે હાથ એંઠો થાય. પણ શરીર આખું એંઠું ન થાય. લોટમાં એક પાણીનો છાંટો પડે તો લોટ એંઠો થાય, પણ લોટમાં દૂધ પડે તો લોટ એંઠો ન થાય. કાચ વિદ્યુતનો વાહક નથી પણ કાચ એંઠો થાય. માટીનું વાસણ પણ એંઠું થાય. પિત્તળનો વાડકો એંઠો થાય, તે કરતાં કાચનો પ્યાલો વધારે એંઠો થાય. લાકડાના હાથાવાળો ઝારો હોય, તે દાળમાં બોળો તો લાકડું પણ એંઠું થાય. પણ ચૂલામાં સળગાવેલા લાકડા ઉપર દાળ ઊભરાઈને પડે તે લાકડું એંઠું ન થાય.

એવી જ રીતે આભડછેટનું પણ છે. ઢેડને અડેલી વસ્તુ અભડાય. ઢેડને હિંદુ અડે તો હિંદુ અભડાય. તે નહાય ત્યારે શુદ્ધ થાય. ઢેડને અડેલા પૈસા લેવા હોય તો તેના પર પાણીની છાંટ નાખવી જોઈએ. પાણીથી લોટ એંઠો થાય પણ પાણીથી પૈસા ચોખ્ખા થાય. ઢેડને અડેલાં કપડાં ધોવાં પડે, પણ કોરાં કપડાંને માત્ર છાંટ નાખે તો ચાલે. ટોપી ઉપર છાંટ પણ ન નાખી શકાય, માટે તે મુસલમાનને અડાડો તો શુદ્ધ થાય. પણ નાહીને તમે મુસલમાનને અડો તો નાહવાની અસર નાબૂદ થઈ જાય. જમવા માટે તમારે ફરીથી નાહવું પડે. ઘી કદી ન અભડાય. વિદ્યુતનું કામ કરવાને કાચના હાથાવાળાં હથિયાર જેમ વૈજ્ઞાનિકો વાપરે છે તેમ ઢેડને અડવા માટે ઘીનાં ઓજારો બનાવીએ તો વાંધો ન આવે; ઢેડને ઘીની લાકડી વડે જરૂર મારી શકાય. સામાન્ય રીતે હિંદુઓ વિજ્ઞાનની શોધખોળ પ્રમાણે જીવન નથી ચલાવતા એમ કહેવાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ બાબતમાં એમ નથી. બધા હિંદુ સમાજની વ્યવસ્થા આ તત્ત્વ ઉપર થઈ છે. પહેલાં માત્ર ધાતુનાં અને માટીનાં વાસણો હતાં. પછી કાચનાં આવ્યાં. ત્યારે આપણા શોધખોળખાતાવાળા માણસોએ શોધ કરી આપી કે કાચનાં વાસણો અભડાય. 'એંઠું' નો અર્થ પહેલાં માત્ર એટલું કે ખાધેલું એટલે ઉચ્છિષ્ટ એવો થતો હતો, પણ પછીથી લોટમાં પાણી પડે, તે લોટ કે પાણી કોઈએ ખાધું-પીધું ન હોય તોપણ એંઠું થાય છે, એવી શોધ થઈ છે. નવા નવા પદાર્થો આપણા દેશમાં આવે છે તે સંબંધી નવી નવી શોધ થાય છે.

આ બાબતમાં હિંદુ મહાસભાને મારે એક સૂચના કરવાની છે. હાલના જમાનામાં ઘણા નવા નવા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. તેના નિર્ણયો જુદી જુદી જગાએ ત્યાંના લોકો પોતપોતાની મેળે કરી લે છે. જો આવા નિર્ણયોનું એક માસિક કે સાપ્તાહિક કાઢવામાં આવે તો સમસ્ત હિંદુ કોમને તેથી ફાયદો થાય. દાખલા તરીકે, મારે ઘેર એક મારી નાતનો માણસ અને એક મારો વાણિયો મિત્ર જમવા આવેલા હતા. હવે રિવાજ એવો છે કે નાતનો માણસ એકલો હોય ત્યાં સુધી તેને નાતના નિયમો અસર નથી કરતા. એકલો માણસ બીડી પી શકે, ગમે તે ખાઈ શકે વગેરે. પણ તેની જ નાતનો બીજો માણસ આવે ત્યારે નાતના બધા નિયમો તેને પાળવા પડે છે. તે મુજબ નાતના નિયમો પ્રમાણે વાણિયાને દૂર બેસાડીને અમે જમવા બેઠા. જમવામાં એક પણ કાચનું વાસણ ન હતું. ભાણાં ઘરમાંથી જ પીરસીને ઘરવાળી લાજ કાઢીને બહાર મૂકી ગઈ. પછી જમવા દરમિયાન પીરસવાનો ઠરાવ આવ્યો. પીરસનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પ્રથમ ત્રણેયને લાડુ પીરસી ગઈ. પછી દાળ પીરસવાનો સવાલ આવ્યો ત્યારે વાણિયાને દાળ પીરસ્યા પછી, બ્રાહ્મણને ન પીરસી શકાય એમ મારા જ્ઞાતિબંધુએ વાંધો લીધો.

મેં કહ્યું: "લાડુ પીરસાય તો દાળ પણ પીરસાય!"

"ના, લાડુ ઘન વસ્તુ છે, દાળ પ્રવાહી છે, માટે ન પીરસાય."

મેં કહ્યું: "આપણે ઢેડના પૈસાને છાંટ નાખીને લઈ લઈએ છીએ. એ પાણી પ્રવાહી છે, તેથી છાંટ નાખનાર અભડાતો નથી."

"પણ તેમાં એક ફેર છે. છાંટમાં પાણીની સતત ધાર નથી થતી. એ પદાર્થ અને હાથ બન્ને ધારથી સંધાતા નથી." મેં કહ્યું: "ધારમાં તો પાણી ઉપરથી નીચે જાય છે. ધાર દોરડી જેવી વસ્તુ નથી. દોરડી ઉપર માણસ ચડીને ઉપર આવી શકે, પણ પાણીની ધાર પકડીને માણસ ઉપર ન ચડી શકે. રંગ ઉપર પાણીની ધાર કરો તો ધાર તે રંગ નહિ પકડી શકે." તેમણે કહ્યું: "આભડછેટ એવી સૂક્ષ્મ વસ્તુ છે કે તે ધાર ઉપર પણ ચડી જાય."

મેં કહ્યું: "ત્યારે વરસાદનું પાણી પડે છે તેમાં આપણાથી નવાય નહિ, કારણ કે વાદળનું પાણી ઢેડના ઘર ઉપર પડવાથી આખું વાદળ અભડાઈ જાય, અને તેથી તેનું પાણી બીજા કોઈથી ન વાપરી શકાય."

મારા જ્ઞાતિબંધુ ચિડાઈ ગયા. તેમણે કહ્યું: "વાદળમાં તો વીજળી થાય છે તેથી તે પાણી પવિત્ર જ રહ્યા કરે છે."

છેવટે અમે નિશ્ચય કર્યો કે અમારા વાણિયા મિત્ર ભલે દાળ ખાય, અમારે માત્ર લાડુથી ચલાવી લેવું. બ્રાહ્મણો એટલા માટે દાળની વિરુદ્ધ હશે એમ મને લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર નાતને માટે એક મોટા તાસમાં લાડુ ભરી રાખેલા હતા. તેને કૂતરું અડી ગયું. નવા લાડુ કરીએ તો ખર્ચ ઘણું થાય અને વાર લાગે. અમારા વૃદ્ધોએ નિર્ણય કર્યો કે બધા લાડુ અભડાય નહિ; માત્ર કૂતરાના વજન જેટલા લાડુ અભડાય. અને એમ કરવાથી અમારું કામ ચાલ્યું. આ તો ઠીક થયું કે કૂતરું હતું, પણ હાથી હોય તો? કદાચ હાથીથી કશું ન અભડાત, પણ ગધેડું હોત તો?

— સ્વૈરવિહાર

ટિપ્પણ અને પ્રશ્નો

વ્યાસ ભગવાનનાં પુસ્તકો – પુરાણો (એવો અર્થ લાગે છે). **અગ્ન્યસ્ત્ર** – (અસ્ત્ર = ફેંકવાનું હથિયાર) જે ફેંકવાથી અગ્નિ ઉત્પન્ન થાય તે હથિયાર. **વાયવ્યાસ્ત્ર** – જે ફેંકવાથી વાયુ ઉત્પન્ન થાય તે હથિયાર. **સર્પાસ્ત્ર** – જે ફેંકવાથી સર્પ ઉત્પન્ન થાય તે હથિયાર. **શસ્ત્રાસ્ત્ર** – શસ્ત્ર (હાથમાં પકડીને મારવાનું હથિયાર) અને અસ્ત્ર (ફેંકવાનું હથિયાર). **વિદ્યુતના વાહક** – જેમાંથી વીજળી વહી શકે છે તે પદાર્થ (good conductors of electricity). **ચુંબકત્વ** – magnetism. **તાસ** – તાટ, કથરોટ.

૧. 'આભડછેટ' પાછળ ધર્મનો આડંબર ઊભો કરવો એ ઇષ્ટ નથી એ બતાવવા લેખક કેટલાક રમૂજી કટાક્ષ કરે છે એ સમજાવો.

૨. એંઠું, આભડછેટ, છાંટ નાખવી, ઉચ્છિષ્ટ—આ શબ્દો વાપરીને વાક્યો યોજો.

૩. આભડછેટનું તત્ત્વ વીજળીથી પણ વિલક્ષણ છે એ ઉદાહરણો આપીને સમજાવો.

૪. આ નિબંધ વાંચીને બે મિત્ર વચ્ચે નાનકડો સંવાદ 'આભડછેટ' પર લખો.

૫. નાતના નિયમોની પ્રત્યક્ષ અસર ક્યારે થાય છે? લેખકને થયેલા અનુભવો વર્ણવો.

૬. 'આભડછેટ' સંબંધી તમે કેવો સ્વતંત્ર અભિપ્રાય ધરાવો છો? કારણ આપી તમારો અભિપ્રાય સમજાવો.

૭. લેખકે વાપરેલી કેટલીક રમૂજી દલીલો એકઠી કરો અને એમાં રહેલા વિનોદ અને કટાક્ષ સમજાવો.

— o —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિશોરલાલ મશરૂવાળા



[શ્રી કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળાનો જન્મ ઈ. સ. ૧૮૯૦માં મુંબઈમાં થયો હતો. ૧૯૦૯માં પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર સાથે એમણે મુંબઈની વિલ્સન કૉલેજમાંથી બી. એ.ની અને ૧૯૧૩માં એલએલ. બી.ની પદવીઓ મેળવી. ૧૯૧૭માં વકાલત છોડી શ્રી મશરૂવાળા દેશસેવાની પ્રવૃત્તિમાં જોડાયા. આજે વર્ધામાં રહી ગાંધીજીના 'હરિજન' નું સંપાદન કરી એ દેશને એમની શક્તિ અને સેવાનો સતત લાભ આપી રહ્યા છે.

ધર્મ અને તત્ત્વજ્ઞાન એમના પ્રિય વિષયો છે. આ બંને વિષયોનો ઝીણવટભર્યો અભ્યાસ કરી એમણે તટસ્થ સ્વતંત્ર ગ્રંથો લખ્યા છે. એમના જીવન અને ચિંતન ઉપર સ્વામી સહજાનંદ અને મહાત્મા ગાંધીજીના વિચારોની ઊંડી અસર થઈ છે. સત્યની શોધ માટેની એમની ધગશ એમનું 'જીવનશોધન' નામનું પુસ્તક વાંચવાથી સમજી શકાશે. સ્વતંત્ર ચિંતનથી ભરેલા આવા ગ્રંથો ગુજરાતી ભાષામાં અલ્પ છે. કોઈ સંપ્રદાય કે મંતવ્યના પક્ષપાતથી આ ગ્રંથ પર છે. ભૌતિક અને આધ્યાત્મિક જીવન પરત્વેનું પોતાનું ચિંતન લેખકે આમાં વ્યક્ત કર્યું છે.

શ્રી મશરૂવાળા ગુજરાતના અલ્પ ચિંતકો અને વિચારકોમાંના એક છે. જૂના અને નવા પૂર્વગ્રહોથી મુક્ત થઈ સ્વતંત્ર રીતે વિચાર કરવો એ એમની વિશિષ્ટતા છે. સામાન્ય માણસોને સમજતાં મુશ્કેલી પડે અને અધિકાર વગર સૂઝ ન પડે એવું એમનું ઘણું લખાણ છે. પરંતુ મહાવીર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધ અને ઈશુખ્રિસ્ત વિષે એમણે જે લખ્યું તે ઘણાને સમજાય તેવું સરળ છતાં અર્થયુક્ત છે. એમના સાદા અને સત્યપ્રિય વ્યક્તિત્વની છાપ એમનાં બધાં લખાણોમાંથી દેખાય છે. શ્રી મશરૂવાળાની શૈલી વિષયાનુસાર સાદી કે પ્રૌઢ હોય છે. સંક્ષિપ્તતા અને ચોકસાઈ એ એમની ગૌરવશીલ શૈલીનાં ખાસ લક્ષણ છે.

'બુદ્ધ અને મહાવીર' નામના એમના પુસ્તકમાંથી બુદ્ધના જીવન-ના કેટલાક સૂચક પ્રસંગો અહીં આપ્યા છે. બુદ્ધના વિરલ વ્યક્તિત્વ અને ઉપદેશની ઝાંખી આ પ્રસંગો દ્વારા આપણને થઈ શકે છે. બુદ્ધનાં પ્રખર સહિષ્ણુતા, ક્ષમા અને વિરલ સત્યાગ્રહનો ખરો ખ્યાલ આ પ્રસંગો આપણી સમક્ષ છતો કરે છે.]

બુદ્ધ

મહાપુરુષોના ઉપદેશો એમણે શું વિચાર્યું છે એ દર્શાવે છેઃ એમના ઉપદેશથી સમાજ ઉપર થયેલી અસર એમની વાણીનો પ્રભાવ જણાવે છેઃ પણ એ વિચાર અને વાણીની પાછળ રહેલી નિષ્ઠા એમના જીવનના પ્રસંગો પરથી જ જણાય છે. માણસ વિચારે છે તેટલું બોલી શકતો નથી, અને બોલે છે તેટલું કરી શકતો નથી. માટે એ જે કરે છે તે ઉપરથી જ એનું તત્ત્વજ્ઞાન એના હૃદયમાં કેટલું ઊતર્યું હતું તે પારખી શકાય છે.

બુદ્ધના ઉપદેશની સાંભળનાર ઉપર તત્કાળ અસર થતી. જેમ ઢાંકેલી વસ્તુને કોઈ ઉઘાડીને બતાવે, અથવા અંધારામાં જેમ દીવો વસ્તુઓને પ્રકાશિત કરે, તેમ બુદ્ધના ઉપદેશથી શ્રોતાઓને સત્યનો પ્રકાશ થતો. લૂંટારા જેવા પણ એમના ઉપદેશથી સુધરી જતા. અનેક જનોને એમનાં વચનોથી વૈરાગ્યનાં બાણ વાગતાં, અને તેઓ સુખસંપત્તિ છોડી એમના ભિક્ષુસંઘમાં દાખલ થઈ જતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના ઉપદેશથી કેટલાંક સ્ત્રીપુરુષોનાં ચારિત્ર કેવાં ઘડાયાં, તે એક બે વાતો પરથી ઠીક સમજાશે.

પૂર્ણ નામે એક શિષ્યને પોતાનો ધર્મોપદેશ સંક્ષિપ્તમાં આપી બુદ્ધે એને પૂછ્યું : "પૂર્ણ, હવે તું કયા પ્રદેશમાં જઈશ?"

પૂર્ણ : ભગવન્, આપના ઉપદેશને ગ્રહણ કરીને હું હવે સુનાપરન્ત પ્રાન્તમાં જનાર છું.

બુદ્ધ : પૂર્ણ, સુનાપરન્ત પ્રાન્તના લોકો અતિ કઠોર છે, બહુ ક્રૂર છે. તે જ્યારે તને ગાળો દેશે, તારી નિંદા કરશે, ત્યારે તને કેવું લાગશે?

પૂર્ણ : તે વખતે, હે ભગવન્, હું માનીશ કે આ લોકો બહુ સારા છે, કારણ કે તેઓએ મારા ઉપર હાથથી પ્રહાર કર્યો નથી.

બુદ્ધ : અને જો તેઓએ તારા ઉપર હાથથી પ્રહાર કર્યો તો?

પૂર્ણ : મને તેઓએ પથ્થરથી માર્યો નહિ, તેથી તે લોકો સારા જ છે એમ હું સમજીશ.

બુદ્ધ : અને પથરાઓથી માર્યો તો?

પૂર્ણ : મારી ઉપર તેઓએ દંડપ્રહાર કર્યો નહિ, તેથી તે બહુ સારા લોક છે એમ હું સમજીશ.

બુદ્ધ : અને દંડપ્રહાર કર્યો તો?

પૂર્ણ : શસ્ત્રપ્રહાર કર્યો નહિ એ તેમનું ભલપણ છે એમ સમજીશ.

બુદ્ધ : અને શસ્ત્રપ્રહાર કર્યો તો?

પૂર્ણ : મને ઠાર માર્યો નહિ એ તેમની ભલાઈ છે એમ સમજીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધ : અને ઠાર કર્યો તો ?

પૂર્ણ : ભગવન્, કેટલાએક ભિક્ષુ આ શરીરથી કંટાળીને આત્મઘાત કરે છે. એવા શરીરનો જો આ સુનાપરન્તના રહેવાસીઓએ નાશ કર્યો, તો તેમણે મારા ઉપર ઉપકાર કર્યો એમ હું માનીશ. અને તેથી તે લોકો બહુ જ સારા છે એમ હું સમજીશ.

બુદ્ધ : સાબાશ ! પૂર્ણ, સાબાશ ! આવા પ્રકારના શમદમથી યુક્ત હોવાથી તું સુનાપરન્ત પ્રદેશમાં ધર્મોપદેશ કરવાને સમર્થ થઈશ.

* * *

જો જગત પ્રત્યેની મિત્રતાની ભાવનાની આપણે મૂર્તિ બનાવી શકીએ તો તે બુદ્ધના જેવી હોય એમ કહેવાને હરકત નથી. પ્રાણીમાત્ર વિષે મૈત્રી સિવાય બીજી કોઈ એમની દૃષ્ટિ જ ન હતી. એમના ઉપર વૈરભાવ રાખનાર કેટલાયે જન નીકળ્યા, હલકામાં હલકાં આળ ચડાવવાથી લઈને એમને મારી નાખવા સુધીના પ્રયત્નો કરવામાં આવ્યા; પણ એમના હૃદયમાં એ વિરોધીઓ વિષે પણ

ભગવાન બુદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિત્રતાથી હલકો ભાવ નીકળી શક્યો જ નહિ, એ નીચેના પ્રસંગો પરથી સમજાશે; અને તે ઉપરથી અવતાર એટલે કેવો પુરુષ હોય તેનો ખ્યાલ આવશે.

કૌશામ્બીના ઉદયન રાજાની રાણી જ્યારે કુમારી હતી, ત્યારે એના પિતાએ બુદ્ધને પાણિગ્રહણ કરવા વિનંતી કરેલી. પણ બુદ્ધે તે વખતે જવાબ વાળ્યો હતો કે: "મનુષ્યના નાશવંત શરીર ઉપરથી મોહ છૂટી જવાથી મેં ઘર છોડ્યું. પરણવામાં મને કશો આનંદ જણાતો નથી. હું એ કન્યાનો સ્વીકાર કેવી રીતે કરું?"

પોતાના જેવી સુંદર કન્યાનો અસ્વીકાર કરવાથી એ કુમારીને અપમાન લાગ્યું. વખત આવ્યે બુદ્ધ પર વેર વાળવા એણે મનમાં નિશ્ચય કર્યો. જતે દહાડે એ ઉદયન રાજાની પટ્ટરાણી થઈ.

એક વાર બુદ્ધ કોશામ્બીમાં આવ્યા. શહેરના લફંગાઓને પૈસા આપી આ રાણીએ એમને શીખવ્યું કે જ્યારે બુદ્ધ અને તેના શિષ્યો શહેરમાં ભિક્ષા માગવા ફરે, ત્યારે એમને ખૂબ ગાળો દેવી. તે ઉપરથી જ્યારે બુદ્ધનો સંઘ ગલીઓમાં પેસે કે ચારે તરફથી એમના ઉપર બીભત્સ ગાળોનો વરસાદ વરસવા લાગ્યો. કેટલાક શિષ્યો અપશબ્દોથી મૂંઝાયા. આનંદ નામના એક શિષ્યે શહેર છોડી જવા બુદ્ધને વિનંતી કરી.

બુદ્ધે કહ્યું: "આનંદ, જો ત્યાં પણ આપણને લોકો ગાળો દેશે તો શું કરીશું?"

આનંદ બોલ્યો: "બીજે ક્યાંક જશું."

બુદ્ધ: "અને ત્યાં પણ એમ થાય તો?"

આનંદ: "વળી કોઈ ત્રીજે ઠેકાણે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધ: "આનંદ, જો આપણે આ પ્રમાણે નાસભાગ કર્યા કરશું, તો નિષ્કારણ ક્લેશભાગી જ થઈશું. એથી ઊલટું, જો આપણે આ લોકોના અપશબ્દો સહન કરી લઈશું તો એમની બીકથી બીજે જવાનું પ્રયોજન નહિ રહે, અને એમની ચારઆઠ દિવસ ઉપેક્ષા કરવાથી એ પોતાની મેળે મૂંગા થઈ જશે."

બુદ્ધના કહેવા પ્રમાણે જ સાતઆઠ દિવસમાં શિષ્યોને અનુભવ થયો.

વળી એક વાર બુદ્ધ શ્રાવસ્તીમાં રહેતા હતા. એમની લોકપ્રિયતાને લીધે એમના ભિક્ષુઓનો શહેરમાં સારો આદરસત્કાર થતો. આથી અન્ય સંપ્રદાયના વેરાગીઓને ઈર્ષ્યા થવા લાગી. એમણે બુદ્ધ વિષે એવી વાત ફેલાવી કે એમની ચાલચલગત સારી નથી. થોડા દહાડા પછી વેરાગીઓએ એક વેરાગી સ્ત્રીનું ખૂન કરાવી, તેનું શબ બુદ્ધના વિહાર પાસે એક ખાડામાં ફેંકાવ્યું, અને પછી રાજાની આગળ પોતાના સંઘની એક સ્ત્રી ખોવાય છે એમ ફરિયાદ કરી અને બુદ્ધ અને એમના શિષ્યો ઉપર વહેમ ખાધો. રાજાના માણસોએ શબ માટે તપાસ કરી અને બુદ્ધના વિહાર પાસેથી એને શોધી કાઢ્યું. થોડા વખતમાં આખા શહેરમાં આ વાત ફેલાઈ ગઈ અને બુદ્ધ તથા એમના ભિક્ષુકો પરથી લોકોનો વિશ્વાસ ઊઠી ગયો. જે તે એમના ઉપર થૂ-થૂ કરવા મંડ્યા.

બુદ્ધ આથી જરાયે બીધા નહિ. "ખોટાબોલાને પાપ સિવાય બીજી ગતિ નથી," એમ જાણી એ શાન્ત રહ્યા.

કેટલાક દિવસ પછી જે મારાઓએ વેરાગણનું ખૂન કર્યું હતું તેઓ એક દારૂના પીઠામાં ભેગા થઈ ખૂન કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે મળેલા પૈસાની વહેંચણી કરતા હતા. એક બોલ્યો : "મેં સુંદરીને મારી માટે હું મોટો ભાગ લઈશ."

બીજાએ કહ્યું : "મેં ગળું દાબ્યું ન હોત તો સુંદરીએ બૂમ પાડીને આપણને ઉઘાડા પાડી દીધા હોત."

આ વાત રાજાના ગુપ્ત માણસોએ સાંભળી. એમને પકડી એ રાજા પાસે લઈ ગયા. મારાઓએ પોતાનો ગુનો કબૂલ કરીને જે હકીકત બની હતી તે કહી દીધી. બુદ્ધ પરનું આળ ખોટું ઠરવાથી એમને વિષેનો પૂજ્યભાવ ઊલટો બમણો વધ્યો, અને પેલા વૈરાગીઓનો સર્વને તિરસ્કાર આવ્યો.

એમનો ત્રીજો વિરોધી દેવદત્ત નામે તેમનો એક શિષ્ય જ હતો. દેવદત્ત શાક્ય વંશનો જ હતો. એ ઐશ્વર્યનો અત્યંત લોભી હતો. એને માન અને મોટપ જોઈતાં હતાં. કોઈ રાજકુમારને પ્રસન્ન કરી એણે આ કાર્ય સાધવા વિચાર કર્યો.

બિમ્બિસાર રાજાને અજાતશત્રુ નામે એક પુત્ર હતો. દેવદત્તે એને ફોસલાવી પોતાને વશ કરી લીધો.

પછી એ બુદ્ધ પાસે આવી કહેવા લાગ્યો : "તમે હવે ઘરડા થયા છો. માટે મને સર્વ ભિક્ષુઓનો નાયક બનાવો, અને તમે હવે શાન્તપણે બાકીનું આયુષ્ય ગાળો."

બુદ્ધે એ માગણી સ્વીકારી નહિ. એમણે કહ્યું : "તું એ અધિકારને લાયક નથી."

દેવદત્તને આથી અપમાન લાગ્યું. એણે બુદ્ધ ઉપર વેર વાળવા મનમાં ગાંઠ બાંધી.

એ અજાતશત્રુ પાસે ગયો અને બોલ્યો : "કુમાર, મનુષ્યદેહનો ભરોસો નથી. ક્યારે મરી જવાશે તે કહેવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. માટે જે પ્રાપ્ત કરવાનું છે તે તરત જ મેળવી લેવું જોઈએ. તું પહેલો મરીશ કે તારો બાપ પહેલો મરશે એ નક્કી નથી. તને રાજ્ય મળે તે પહેલાં જ તારો કાળ આવવાનો સંભવ છે. માટે રાજાના મરવાની રાહ ન જોતાં એને મારીને તું રાજા થા, અને બુદ્ધને મારીને હું બુદ્ધ થાઉં."

અજાતશત્રુને ગુરુની યુક્તિ પસંદ પડી. એણે ઘરડા બાપને કેદખાનામાં નાખી ભૂખ્યો માર્યો અને પોતે સિંહાસન પર ચઢી બેઠો. હવે દેવદત્તનો રાજ્યમાં વગ વધી જાય એમાં શી નવાઈ?

લોકો જેટલો રાજાનો ભય રાખતા તેથી પણ વધારે દેવદત્તથી ડરતા. બુદ્ધનું ખૂન કરાવવા એણે રાજાને પ્રેર્યો. પણ જે જે મારાઓ ગયા તે બુદ્ધને મારી જ શક્યા નહિ. બુદ્ધની નિરતિશય અહિંસા અને પ્રેમવૃત્તિ, એમના વૈરાગ્યપૂર્ણ અંતઃકરણમાંથી નીકળતો સચોટ ઉપદેશ, એમના શત્રુઓનાં ચિત્તને પણ શુદ્ધ કરી દેતાં. જે જે મારાઓ ગયા તે બુદ્ધના શિષ્ય થઈ ગયા.

દેવદત્તને આથી બહુ ચીડ ચડી. એક વાર ગુરુ પર્વતની છાયામાં ફરતા હતા ત્યારે પર્વતની ધાર પરથી દેવદત્તે એક મોટી શિલા એમના ઉપર ધકેલી દીધી. દૈવયોગે શિલા તો એમના ઉપર ન પડી. પણ એમાંથી એક ચીપ ઊડીને બુદ્ધદેવના પગમાં વાગી. બુદ્ધે દેવદત્તને જોયો. એમને એના ઉપર દયા આવી. એ બોલ્યા: "અરે મૂર્ખ, ખૂન કરવાના ઇરાદાથી તેં આ જે દુષ્ટ કૃત્ય કર્યું, તેથી તું કેટલા પાપનો ભાગીદાર થયો તેનું તને ભાન નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગના જખમથી બુદ્ધને ઘણો વખત હરવા-ફરવાનું અશક્ય થયું. ભિક્ષુઓને બીક લાગી કે દેવદત્ત વળી પાછો બુદ્ધને મારવાનો લાગ શોધશે. તેથી તેઓ રાતદિવસ એની આસપાસ ચોકીપહેરો રાખવા લાગ્યા. બુદ્ધને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમણે કહ્યું: "ભિક્ષુઓ, મારા દેહ માટે આટલી કાળજી લેવાની જરૂર નથી. મારા શિષ્યથી બીને મારા શરીરને સાચવવા હું ઇચ્છતો નથી. માટે કોઈએ ચોકી ન કરતાં પોતપોતાના કામે લાગી જવું."

કેટલેક દિવસે બુદ્ધ સાજા થયા. પણ દેવદત્તે વળી તેમને એક હાથી તળે ચગદાવી નાખવાનો વિચાર કર્યો. બુદ્ધ એક ગલીમાં ભિક્ષા લેવા નીકળ્યા કે સામી બાજુથી દેવદત્તે રાજાના એક મત્ત હાથીને છોડાવી મૂક્યો. લોકો આમતેમ નાસવા લાગ્યા. જેને જ્યાં જગ્યા દેખાઈ ત્યાં ચઢી ગયા. બુદ્ધને પણ કેટલાક ભિક્ષુઓએ એક સાળ ઉપર ચઢી જવા બૂમ મારી, પણ બુદ્ધ તો દૃઢપણે જેમ ચાલતા હતા તેમ જ ચાલતા રહ્યા. પોતાની સર્વ પ્રેમવૃત્તિનું એકીકરણ કરી, એ સર્વ કરુણા પોતાનાં નેત્રોમાંથી એમણે હાથીના ઉપર વરસાવી. હાથી પોતાની સૂંઢ નીચે નાખી એક પાળેલા કૂતરાની પેઠે બુદ્ધ આગળ ઊભો થઈ ગયો. બુદ્ધે એના ઉપર હાથ ફેરવી પોતાનું લાડ દર્શાવ્યું. હાથી ગરીબ બની પાછો ગજશાળામાં પોતાને સ્થાનકે જઈ ઊભો રહ્યો.

"દંડથી પશુ રાખે કો, અંકુશે વા લગામથી;
"વિના દંડે, વિના શસ્ત્રે, હાથી રોક્યો મહર્ષિએ."

પછી દેવદત્તે કેટલાક શિષ્યોને ભોળવીને જુદો પંથ કાઢ્યો. પણ એમને એ રાખી ન શક્યો અને સર્વે શિષ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછા બુદ્ધને શરણે આવ્યા. કેટલેક કાળે દેવદત્ત માંદો પડ્યો. એને એનાં કર્મો માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો. પણ તે બુદ્ધ આગળ પ્રગટ કરતાં પહેલાં જ તેનું મરણ થયું.

અજાતશત્રુએ પણ પોતાનાં કર્મો માટે પશ્ચાત્તાપ કર્યો. એણે પાછું બુદ્ધનું શરણ લીધું અને સન્માર્ગે વળ્યો.

એંશી વર્ષની વય થતાં સુધી બુદ્ધે ધર્મોપદેશ કર્યો. આખા મગધમાં એમના એટલા વિહારો ફેલાઈ ગયા કે મગધનું નામ 'બિહાર' પડી ગયું. હજારો માણસો બુદ્ધના ઉપદેશથી પોતાનું જીવન સુધારી સન્માર્ગે વળ્યા. એક વાર ભિક્ષામાં કાંઈ અયોગ્ય અન્ન મળવાથી બુદ્ધ માંદા પડ્યા. તે મંદવાડમાંથી બુદ્ધ ઊઠ્યા જ નહિ. ગોરખપુર જિલ્લામાં કસયા નામે એક ગામ છે, ત્યાંથી એક માઈલને અંતરે 'માથાકુંવરકા કોટ' નામે સ્થાન છે. ત્યાં આગળ તે કાળે કુસિનારા નામે ગામ હતું. ત્યાં બુદ્ધનું પરિનિર્વાણ થયું.

એમના મરણથી એમના શિષ્યોમાં અત્યંત શોક છવાઈ ગયો. જ્ઞાની શિષ્યોએ સર્વ સંસાર અનિત્ય છે, કોઈની સાથે કાયમનો સમાગમ રહી શકતો નથી, એવા વિવેકથી ગુરુનો વિયોગ સહન કરી લીધો. બુદ્ધનાં ફૂલો પર ક્યાં સમાધિ બાંધવી એ વિષે એમના શિષ્યોમાં બહુ કલહ થયો. છેવટે એ ફૂલોના આઠ વિભાગ કરવામાં આવ્યા. એને જુદે જુદે ઠેકાણે દાટી એ ઉપર સ્તૂપો બાંધવામાં આવ્યા. એ ફૂલ જે ઘડામાં રાખ્યાં હતાં તે ઘડા ઉપર અને એમની ચિતાના કોલસા ઉપર પણ બે સ્તૂપો બંધાયા.

ફૂલ પરના આઠ સ્તૂપો નીચેનાં ગામોમાં છે: રાજગૃહ (પટના પાસે), વૈશાલી, કપિલવસ્તુ, અલ્લકપ્પ, રામગ્રામ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેહૃદ્વીપ, પાવા અને કુસિનારા. બુદ્ધનું જન્મસ્થાન લુમ્બિનીવન (નેપાળની તરાઈમાં), જ્ઞાનપ્રાપ્તિનું સ્થાન બુદ્ધ-ગયા, પ્રથમોપદેશનું સ્થાન સારનાથ (કાશી પાસે) અને પરિનિર્વાણનું સ્થાન કુસિનારા એ બૌદ્ધ ધર્મનાં મુખ્ય તીર્થો તરીકે લાંબા કાળ સુધી પૂજાયાં.

એવી પૂજાવિધિથી બુદ્ધના અનુયાયીઓએ પોતાના ગુરુ પ્રતિનો પોતાનો આદર બતાવ્યો. પણ એમણે પોતે તો છેવટના ઉપદેશમાં આ મુજબ કહેલું: "મારા પરિનિર્વાણ પછી મારા દેહની પૂજા કરવાની ભાંજગડમાં પડતા નહિ. મેં જે સન્માર્ગ શીખવ્યો છે તે પ્રમાણે ચાલવા પ્રયત્ન કરજો. સાવધાન, ઉદ્યોગી અને શાન્ત રહેજો. મારા અભાવે મારો ધર્મ અને વિનય એને જ તમારા ગુરુ માનજો. જેની ઉત્પત્તિ થઈ છે તેનો નાશ છે એમ વિચારી સાવધાનપણે વર્તજો."

બુદ્ધદેવની પ્રસાદીનાં સ્થળોમાંથી ફરીને આપણે એમની પૂજા નથી કરી શકવાના. સત્યના શોધન અને આચરણ માટે એમનો આગ્રહ, તેને માટે ભારેમાં ભારે પુરુષાર્થ તથા એમની અહિંસાવૃત્તિ, મૈત્રી, કરુણા વગેરે સદ્ભાવનાઓ એ બધાંને આપણા હૃદયમાં આપણે વિકસાવીએ, એ જ એમના પ્રતિનો આપણો ખરો આદર હોઈ શકે; અને એમનાં બોધવચનોનું મનન એ જ એમની પૂજા અને યાત્રા કરી ગણાય.

ટિપ્પણ અને પ્રશ્નો

બુદ્ધ–જાગેલા, જેને જ્ઞાન થયું છે તે. તેમનું મૂળ નામ સિદ્ધાર્થ હતું. જે વૃક્ષની નીચે બેસી તપશ્ચર્યા કરતાં એમને જ્ઞાન થયું તે વૃક્ષનું નામ 'બોધિવૃક્ષ' પડયું. **શ્રોતા**–સાંભળનાર, શ્રોતાજન. **ભિક્ષુસંઘ**–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિક્ષુઓનો સંઘ (સમુદાય). બૌદ્ધ ધર્મના સાધુઓ ભિક્ષુ—ભિખ્ખુના નામથી ઓળખાય છે. એની વ્યવસ્થા લોકશાસનની ભાવના પ્રમાણે ભિખ્ખુઓ જાતે જ કરતા તેથી તેને 'સંઘ' કહેતા. સંઘ શબ્દ મૂળ તો લોકશાસનની પદ્ધતિથી ચાલતાં પ્રજાસત્તાક રાજ્યો માટે વપરાતો. તે ઉપરથી બુદ્ધે પોતાના ભિખ્ખુ-સમુદાય માટે એ શબ્દ વાપર્યો. બૌદ્ધ ધર્મમાં સંઘનું માહાત્મ્ય કેટલું છે તે નીચેની ત્રણ મુખ્ય પ્રતિજ્ઞાઓમાં તેનો સમાવેશ થયો છે તે પરથી સમજાશે. (૧) बुद्धं सरणं गच्छामि । (२) धम्मं सरणं गच्छामि'। (३) संघं सरणं गच्छामि । 'બુદ્ધને, ધર્મને અને સંઘને શરણે જાઉં છું'—એવી પ્રતિજ્ઞા પ્રત્યેક ભિખ્ખુને કરવી પડતી. **પૂર્ણ**—બુદ્ધનો એક માનીતો શિષ્ય. આ સંવાદમાંથી બુદ્ધ પોતાના શિષ્યોમાં કેવી શ્રદ્ધા પ્રેરી શકતા તે સમજાશે. બૌદ્ધ ધર્મમાં રહેલી પ્રેમભાવના અને ક્ષમાવૃત્તિનો આ પ્રસંગ સુંદર ખ્યાલ આપે છે. **ધર્મોપદેશ**—ધર્મ + ઉપદેશ; ધર્મનો ઉપદેશ. **શમદમ**—શમ—શાંતિ, ક્ષમા. દમ—ઇંદ્રિયોને તાબે રાખવી તે, દમન. **પાણિગ્રહણ**—પાણિ (સં.)—હાથ. પાણિનું ગ્રહણ (કરવું તે), લગ્ન. **બીભત્સ**—ભૂંડી, ખરાબ, નઠારી, ચીતરી ચડે તેવી. **આનંદ**—બુદ્ધનો પ્રિય અને પટ્ટ શિષ્ય. બુદ્ધ આનંદને સમજાવે છે એ પ્રસંગ સહનશક્તિના પ્રભાવ અને વિજયને વર્ણવે છે. **ક્લેશભાગી**—જેના નસીબમાં ક્લેશ જ લખેલો છે, એવા. **વિહાર**—સાધુઓનો મઠ, રહેઠાણ. **દેવદત્ત**—બુદ્ધનો એક દ્રોહી શિષ્ય. આ પ્રસંગ બુદ્ધની અજોડ પ્રેમભાવના અને ક્ષમાવૃત્તિનો સચોટ ખ્યાલ આપે છે. પયગંબરોના શિષ્યોમાંથી કોઈ ફૂટેલ પણ નીકળે. ઈસુ ખ્રિસ્તના બાર શિષ્યોમાંનો જ એક (જુડા) તેમને મારનારાઓના હાથમાં સોંપનાર હતો. હેમાચાર્યના મુખ્ય શિષ્યો રામચંદ્ર અને બાલચંદ્રની ઈર્ષ્યા અને વર્તન પણ જાણીતાં છે. **ઐશ્વર્ય**—સત્તા અને વૈભવ. **ગાંઠ બાંધી**—નિશ્ચય કર્યો. **નિરતિશય**—નિર્ (નકારવાચક પૂર્વગ) + અતિશય. **પરિનિર્વાણ**—મૃત્યુ, મોક્ષ, અંતિમ શાંતિ. **સ્તૂપ**—બુદ્ધના અવશેષો પર બંધાયેલી ઘુમ્મટ આકારની ઇમારત.

૧. પૂર્ણ અને બુદ્ધના સંવાદમાં રહેલી ભાવના સમજાવો. એ સંવાદનો ટૂંક સાર લખો.

૨. આગળપાછળનો સંબંધ દર્શાવી બુદ્ધ અને આનંદના સંવાદનું રહસ્ય સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. દેવદત્ત કોણ હતો ? એણે ભગવાન બુદ્ધ પ્રત્યે જે વર્તન બતાવ્યું તેના પર નોંધ લખો. આવા કોઈ ગુરુદ્રોહી શિષ્ય વિષે થોડી માહિતી એકઠી કરો.

૪. આમાંના પ્રસંગો દ્વારા બુદ્ધ અને તેમના ધર્મની ભાવના ને ઉપદેશ વિષે તમે શું જાણી શક્યા ?

૫. બુદ્ધના મૃત્યુ પછી એમના સંઘની શી દશા થઈ ?

૬. નીચેના શબ્દો પર ટૂંકી નોંધ લખો—

મગધ, સ્તૂપ, વિહાર, ભિક્ષુ, પરિનિર્વાણ.

સ્વ. ઝવેરચંદ મેઘાણી

[ઈ. સ. ૧૮૯૯–૧૯૪૭]

[ભુલાઈ જતા લોકસાહિત્યને અમર કરવા અજોડ પ્રયત્ન કરનાર, સોરઠી સંસ્કૃતિના આ સ્વયંસેવકનો જન્મ ૧૮૯૯માં થયો હતો.



૧૯૧૭માં બી. એ. ની પદવી મેળવી, કલકત્તામાં ઍલ્યુમિનિયમના કારખાનામાં વ્યવસ્થાપક તરીકે જોડાયા, અને ૧૯૨૨માં 'સૌરાષ્ટ્ર' પત્રના તંત્રીખાતામાં દાખલ થયા. ૧૯૩૦માં અસહકારની લડતમાં જોડાઈ જેલનિવાસી થયા. લાંબા વખત સુધી 'જન્મભૂમિ', 'ફૂલછાબ' અને 'ઊર્મિ' સાથે એમનો ગાઢ સંબંધ હતો.

પ્રાચીન લોકસાહિત્યનું સંશોધન કરી પ્રસિદ્ધ કરવા પાછળ એમણે અથાગ શ્રમ લીધો છે. રાષ્ટ્રભાવના સચેતન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવામાં પણ એમનાં ભાવભર્યાં મધુર કાવ્યો કારણભૂત થયાં છે. 'કોઈનો લાડકવાયો' જેવાં માર્મિક, મધુર, કરુણ કાવ્યોમાં એમણે રાષ્ટ્રયજ્ઞની ભાવના મૂર્ત કરી અમર કરી છે. આ ઉપરાંત 'સોરઠી બહારવટિયા' ને 'સૌરાષ્ટ્રની રસધાર'માં સૌરાષ્ટ્રની વીરકથાઓનો એમણે સંચય કર્યો છે. એમનાં રાસ અને ગીતો સાદાં, સરસ અને ભાવથી નીતરતાં છે. આ ઉપરાંત એમણે કેટલાંક ભાષાંતરો પણ કર્યાં છે.]

આનું નામ તે ધણી!

કાઠિયાવાડમાં થાણા સોનગઢ તાબાનું ગામ વડોદ, ભાવનગરની ગાદીનો પાયો મજબૂત કરનાર ભા દેવાજીના વંશજોનું ગરાસનું ગામ છે. આજથી આશરે પોણોસો વર્ષ પહેલાંની આ બનેલી વાત છે.

દિવાળીના દિવસો હતા. દરબાર ગોહિલ ગજાભાઈ દેહાભાઈના ખેડૂત પટેલ જગા ગાંગાને દિવાળીની જુવાર-બાજરાની નીપજ સારી થઈ હતી. ખળાં મસળી, ઊપણી તૈયાર કર્યાં હતાં. મૂઠી ફાટે એવો બાજરો જોઈ જગા પટેલને મનમાં થયું કે "આવા સારા બાજરામાંથી દરબારનો 'રાજભાગ' આપવો પડશે; માટે રાતમાં એક ગાડી છાનોમાનો ઘરે લઈ જાઉં તો એટલો દરબારના ભાગનો ન જતાં મને સુવાંગ રહેશે." આવા હેતુનો વિચાર જગા પટેલે કર્યો, અને અર્ધી રાત ગઈ એટલે પોતાના ભાઈ તથા સાથીને લઈ ખળામાંથી બાજરાનું ગાડું ભર્યું. ભૂદેવો જેમ તરપિંડી જમતી વખતે પોતાની પાચનશક્તિનો ખ્યાલ રાખતા નથી તેમ જગા પટેલે લોભે જઈ ગાડામાં હદ ઉપરાંત બાજરો ભર્યો, અને પાછલી રાતના ગાડું જોડી ઘર ભણી ચાલ્યા. સાથી ગાડું હાંકતો હતો; પોતે ગાડાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ ચાલતા હતા; અને તેમના ભાઈ ગાડાની પાછળ ચાલતા હતા. ગામની પાદર નજીક આવતાં, હદ ઉપરાંતના ભારને લીધે, ગાડાની ધરી ગૂડિયામાંથી નીકળી ગઈ, અને ગાડાનું પૈડું ચાલતું અટકી પડ્યું. જગા પટેલ મૂંઝાયા. ત્રણે જણે મળી મહેનત કરી પણ ગાડું ઊંચું થયું નહિ. ધણીદરબારની ચોરી, એટલે કોઈને મદદે બોલાવવા જાય તો છતરાચું થઈ જાય, તેમ પાછળ ખળું પણ છેટું ગયું; એટલે ગાડું પાછું ખાલી પણ કરી શકાય નહિ. આમ સાપે છછુંદર ગળ્યા જેવું જગા પટેલને થયું. સવાર પડશે — અજવાળું થશે — તો ફજેતી થશે; એ બીકમાં હાંફળાફાંફળા જગા પટેલ કોઈ વટેમાર્ગુની રાહ જોવા માંડ્યા.

એવામાં ઈશ્વરને કરવું, તે એના જ દરબાર, જેની ચોરી હતી તે — ગજાભાઈ ગોહિલ પરોઢિયામાં તેમના હંમેશના નિયમ પ્રમાણે જંગલ જવા સારુ હાથમાં પાણીનો લોટો લઈ નીકળ્યા. ટાઢ પડતી હતી; દરબારે મોઢે બુકાની બાંધેલી હતી, જેથી ફક્ત દરબારનો આંખનો ભાગ દેખાતો હતો. દરબાર જેવા જગા પટેલના ગાડા પાસેથી નીકળ્યા તેવા જ જગા પટેલ ગરજવાનને અક્કલ ન હોય એ હિસાબે દરબારને કોઈ વટેમાર્ગુ ધારી — અને અજાણ્યો હોવાથી હું બાજરો છાનોમાનો લઈ જાઉં છું એ ગામનાને ખબર નહિ પડે એમ માની, ઉતાવળા ઉતાવળા બોલ્યા કે — "એ જુવાન! ગાડું સમું કરાવતો જા." અંધારું, ગભરામણ તથા દરબારે મોઢે બુકાની બાંધેલી એટલે જગા પટેલે તો દરબારને ન ઓળખ્યા; પરંતુ દરબારે જગા પટેલને ઓળખી લીધા. દરબાર સમજી ગયા કે "મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રાજભાગ'નો બાજરો આપવો પડે એ ચોરીએ પટેલ છાનુંમાનું ગાડું ભરી લઈ જાય છે." પરંતુ દરબારે વિચાર કર્યો કે: "હું ઓળખાઈ જઈશ તો જગા પટેલ જેવો માણસ ભોંઠો પડશે–શરમાશે." માટે તેમણે, પટેલ પોતાને ન ઓળખે એવી રીતે નીચું જોઈ ગાડાને કેડનો ટેકો દઈ પૈડું ઊંચું કરાવ્યું એટલે પટેલ ધરી નાખી, ગાડું

ચાલતું કરી, રાજી થતા ઘર ભણી હંકારી ગયા, અને દરબાર "હશે! હોય! બિચારા રાતદિવસ ટાઢતડકો વેઠી મહેનત કરી કમાય અને સારો દાણો ભાળી મન બગાડે તો ભલે; એ પણ આપણી પ્રજા છે" — આમ વિચારતા જંગલ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરની વાત બન્યાને આશરે છએક માસ થયા હશે. દરબારના દરિયાવ દિલમાં ઉપરની વાતનું સ્મરણ પણ નથી. દરબારમાં મહેમાનો આવેલા. હવાલદાર મહેમાનો સારુ ખાટલા-ગોદડાં લેવા જગા પટેલને ત્યાં ગયો. હા, ના, કરતાં હવાલદારે જગા પટેલને કાંઈ કડવું વચન કહ્યું એટલે પટેલને રીસ ચઢી ને બોલ્યા કે: “મારે આવા દરબારના ગામમાં રહેવું જ નથી.” હવાલદારે પણ તોછડાઈથી કહ્યું કે: “ત્યારે શીદને પડ્યો છે? તને ક્યાંય બીજે મળતું નથી?” એટલે તો જગા પટેલે રાત્રે ગાડામાં ઉચાળા ભર્યા. દરબારને આ વાતની કશી પણ ખબર નથી; પરંતુ બીજી સવારે દરબાર ડેલીએ ડાયરો કરી બેઠા છે, ત્યાં જગા પટેલ પોતાનાં બાળબચ્ચાં, રાચરચીલું અને ઢોરઢાંખર લઈ ગાડાં ભરી ડેલી પાસેથી નીકળ્યા. ગામના માણસો વારવા-મનાવવા મંડ્યા પણ પટેલ તો વધારે જોર કરવા મંડ્યા. દરબારને ખબર પડી એટલે દરબારે પણ રાવટીમાંથી નીચે ઊતરી જગા પટેલને ખૂબ સમજાવ્યા અને કારણ પૂછ્યું. જગા પટેલે હવાલદારની વાત કરી. દરબારે હવાલદારને ધમકાવ્યો અને હવાલદારની ભૂલ કબૂલ કરીને પોતે દિલગીરી બતાવી. પરંતુ જગા પટેલ કોઈ રીતે સમજ્યા નહિ, એટલે દરબારે જગા પટેલના પડખે ચઢી કાનમાં કહ્યું: “પટેલ! જાઓ તો ભલે જાઓ, પણ જે ધણીના કેડનો ટેકો દઈ બાજરાનું ભરતિયું વળાવે, તેવા ધણીના ગામમાં રહેજો.” આટલું કહી દરબાર તો ડેલીએ ચાલ્યા ગયા. પણ અહીં પટેલના હાડેહાડમાં ધ્રુજારો છૂટ્યો. પટેલથી કાંઈ બોલાયું નહિ. મનમાં એક જ વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલાઈ ગઈ કે : "આનું નામ તે ધણી!" જે ધણીની મેં ચોરી કરી હતી તે જ ચોરીમાં મદદ કરે! અને મારી આબરૂ ખાતર મને માફ તો કરે, પરંતુ વાતમાં હું ભોંઠો પડું એ દયાથી મને ખાનગીમાં પણ ઠપકો નહિ! અરે! આવો ધણી મને બીજે ક્યાં મળે? ક્યાંય નહિ." એમ નિશ્ચય કરી પટેલે ગાડાં પાછાં ફેરવ્યાં. અદ્યાપિ પર્યંત તેના વંશજો આ ગામમાં રહે છે.

ટિપ્પણ અને પ્રશ્નો

ઊપણી – ઊપણવું તે, ઝાટકવું તે. ખેતરમાં પાકેલા અનાજને ખળામાં ઝાટકવામાં આવે છે તે ક્રિયા. **સુવાંગ** – (સ્વાંગ ઉપરથી) પોતાને. **તરપિંડી** – મરનારની વરશીને દિવસે કરાતી શ્રાદ્ધક્રિયા. **ગૂડિયામાંથી** – પૈડાંની વચ્ચેના કાણામાંથી. **છતરાયું** – ખુલ્લું. **રાવટી** – ગોળ છજું, અગાશી (તંબૂ).

૧. 'જે ધણી કેડનો ટેકો દઈ બાજરાનું ભરતિયું વળાવે તેવા ધણીના ગામમાં રહેજો.' આ શબ્દો કોણે કહ્યા? કોને કહ્યા? ક્યારે કહ્યા? શા માટે કહ્યા?

૨. 'આનું નામ તે ધણી!' આ શબ્દો કોણે ઉચ્ચાર્યા? એમાં શું રહસ્ય રહેલું છે?

૩. રાજભાગ, ગરાસ, સુવાંગ, તરપિંડી, ગૂડિયું, ઉચાળા ભરવા, આ શબ્દો સમજાવો.

૪. નીચેનાં વાક્યો સંબંધ દર્શાવી સમજાવો—

क. 'સાપે છછુંદર ગળ્યા જેવું થયું.'

ख. ગરજવાનને અક્કલ ન હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રવદન મહેતા

(જીવનપરિચય માટે જુઓ પૃષ્ઠ ૯૨)

પ્રેમનું મોતી

પ્રવેશ પહેલો

[બધે શ્વેત પ્રકાશ]

[કૃષ્ણનું ઘર; ઘરની બારી, ઓટલો; જશોદા ઘર સાફ કરતાં દેખાય છે. છોકરાઓનું ટોળું પ્રવેશે છે. મોટે ભાગે સુદામા સંવાદ કરે છે.]

છોકરાઓનું ટોળું — અરે જશોદા મૈયા! ઓ જશોદા મૈયા!

જશોદા — અરે તોફાનીઓ, નીકળો અહીંથી.

છોકરાઓ — જશોદા મૈયા! કનૈયાને મોકલોને.

[જશોદા ઘર સાફ કરતાં દેખાય છે.]

જશોદા — તમે અહીંથી ટળો છો કે નહિ, કે લાકડી લઉં? અલ્યા બલરામ! ચાલ, તું ઘરમાં ચાલ્યો આવ. કનૈયાએ કે તારે કોઈએ આજે વૃંદાવન કૂદવા નથી જવાનું.

છોકરાઓ — અરે જશોદા મૈયા! મોકલોને કનૈયાને. આ ગાયો ખોટી થાય છે અને રમવાનો વખત જાય છે.

જશોદા — જાઓ! આજ કનૈયો નહિ આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાઓ — પણ કેમ ?

જશોદા — એને તાવ ચઢ્યો છે . . . .

બલરામ — જુઠ્ઠું . . . જુઠ્ઠું . . .

જશોદા — અરે તમે બધા ચૂપ રહો હવે; એ ઊંઘી ગયો છે.

બલરામ — એ બધી ખોટી વાત છે.

[અંદરથી વાંસળીનો નાદ સંભળાય છે.]

છોકરા — અરે સાંભળો ! સાંભળો !

" ચાલો વૃંદાવન જઈએ — "

એ ધીમે ધીમે ગાય, પેલો કા'નો બંસીવાલો.

હેં ? જશોદા મૈયા ! કહોને ? કા'નો ઊંઘે છે કે માંદો છે ?

જશોદા — એ માંદો હોય કે ન હોય, આજે એ ઘરની બહાર નહિ આવે. કુસ્તીઓ કરવા ને કપડાં બગાડવા, અને વાંદરાઓ નસાડવા, ને જમનામાં કાચબા પકડવા, હવે તમારી સાથે એ નહિ આવે. તમારાં એ બધાં અડપલાંની મને ખબર છે. સમજ્યા ક'ની ? ચાલો, નીકળો, અહીંથી તોફાનીઓ !

છોકરાઓ — અરે રે ? આ મોટાં એટલાં તો સાવ ખોટાં. ચાલો, ચાલો, હજી આપણે એને સમજાવીએ: ઓ જશોદા મા ! ફક્ત આજનો દિવસ જ મોકલો. અમે એનો વાળ પણ વાંકો નહિ થવા દઈએ. એ ગોપાલને તો અમે અમારો રાજા બનાવીશું, અને તેની વાંસળી ને ડાંગ અમે સૌ ઉપાડીશું. કાંટા-કાંકરાવાળા રસ્તા પર અમે એને ખાંધે ઉપાડીશું. તડકો વધતાં અમે એને શીળે બેસાડીશું. એને ભૂખ લાગશે તો વનફળ ખવડાવીશું.

જશોદા — અને કહોને, કે ઝેર પણ આપીશું ! નીકળો મારા રોયાઓ, નીકળો અહીંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાઓ — ઝેર! અરે, ના, ના, ના, ના, ના, ના. એમ શું બોલો છો જશોદા મા! મોકલો, મોકલોને કનૈયાને! આજે એ અમારી સાથે ન આવે ને અમે એની બંસીયે ન સાંભળીએ તો અમને મઝા પણ કેમ પડે? મોર, કોયલ, માખી અને બંસીઘેલી ખિસકોલી એની તો પાણીની માફક રાહ જોતી હશે.

પેલી કદંબછાયા હેઠે એ તો બંસીમાં કાંઈ ગાશે,
અને અમે બધા નિરાંતે ચંપા ચંપેલીની માળા,
વચમાં માલતી ફૂલ સુંવાળાં હોસે, ગૂંથશું એને માટે,
ભલા યોગી મુનિને પ્યારો એવો કા'નો કામણગારો!

જશોદા — મારે શું? તમારે જોઈએ તો આખો દિવસ અહીં કકલાણ મચાવોની, તોયે આજે હું એને નથી જ મોકલવાની, વનચરિયાઓ!

[છોકરાઓ ઘરમાં દાખલ થવા ધસે છે.]

છોકરાઓ — આજે તો અમે જરૂર સાથે લઈશું,
અને દૂર દૂર રમવા જઈશું.
તમે 'ના' 'ના' કહેશો તોયે,
અમે અંદર દાખલ થઈશું.
ભલે તમે ખિજાઓ, અમે સૌ એ સાંખી રહીશું.

જશોદા — એ નઠોર છોકરાઓ! અહીંથી નીકળો છો કે નહિ? કે લઉં લાકડી ને ભાગું તમારા વાંસા?

છોકરાઓ — કનૈયા! ઓ કનૈયા! અરે ઓ કનૈયા! અમારાથી અંદર નથી અવાતું. તું આજે નહિ આવે?

[એટલામાં કૃષ્ણ જાળિયામાંથી ડોકિયું કરે છે અને વાંસળી વગાડે છે.]

અરે! સાંભળો સાંભળો રે સૌ ભાઈઓ!
ઓ પેલો રહ્યો કનૈયો.

[છોકરાઓ કનૈયા પાસે દોડી જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલો ચાલો રે વનમાં જઈએ
ને જશોદા માને રામ રામ કહીએ.

[અને કૃષ્ણને લઈને બધા છોકરાઓ વૃંદાવન તરફ દોડી જાય છે.]

જશોદા — અરે આ તો ચાલ્યા. મારા કા'નાને લઈ ચાલ્યા. વનચર જેવા નાઠા. કોઈ આવો રે આવો . . . આ મારા કૃષ્ણને લઈ જાય છે. કેવા તોફાની છે!

[પડોશી આવે છે.]

પડોશી — જશોદાબાઈ! કેમ, શી ધમાલ મચી છે?

જશોદા — આ પેલા ગોવાળિયાઓ કનૈયાને લઈ ગયા. મારા પગમાં તો હવે એમની પાછળ જવાનું જરાયે જોર નથી.

પડોશી — અરે તમારો કનૈયો તે શું હજી કાંઈ બાળક છે કે એને રમવા પણ ન જવા દો!

જશોદા — એમ કેમ બોલો છો? તમને ખબર નથી? પેલા મૂઆ રાક્ષસો તો ખાઈ પીને પૂઠે મંડયા છે.

પડોશી — હા, હા, પણ આજ સુધી તો તમારો કા'નો એ સૌને પૂરો પડયો છે. ભગવાનનું નામ લો, એને કંઈ નહિ થાય.

જશોદા — ભગવાન ભગવાન શું? ભગવાન અપ્સરાના નાચમાંથી પરવારે ત્યારે આપણું સાંભળે કેની? પેલા ગોવાળિયા કહેતા તે વાત ખરી કે એનામાં કામણ છે, અને યોગીમુનિઓ પણ અહીં દૂર દૂરથી આવી એનાં દર્શન કરી સૌ એનાં વખાણ કરે છે. પણ હું કાંઈ એમ ભોળવાઈ જાઉં એવી નથી તો. એ જોગટાઓ તો મૂઆ ચપટી ચોખા વધારે લેવા કંઈ કંઈ બોલે. આ મારું ઘરનું કામ પત્યું કે હમણાં હું આ ચાલી; અને એને પકડી લાવું છું.

[જશોદા ઘરમાં જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ બીજો

[લીલો પ્રકાશ]

[વૃંદાવનમાં પીપળાના ઝાડ નીચે એક યોગી ધ્યાનસ્થ બેઠા છે. ત્યાં એક બાજુથી કૃષ્ણ આવે છે.]

કૃષ્ણ — કેટલી સુંદર મારી રાધા ! એ હસે છે ત્યારે કેટલી સુંદર દેખાય છે, મારી રાધા ! અને વરસાદ પછીના સ્વચ્છ આકાશ જેવી એની હાસ્યભરી આંખો મારી આંખમાં શરમાતી ઢળે છે, ત્યારે શાં શાં સૂચન નથી સૂચવતી એ . . . મારી રાધા ! . . . "હું મારી સહિયરોથી છૂટી વહેલી વહેલી કેમ તારી પાસે આવી એ મને પૂછીશ નહિ. અને પેલા ઊગતા ચાંદલિયા કરતાંયે વધારે સુંદર હું કોને માટે લાગું છું, એ પણ પૂછીશ નહિ." . . .

પણ હા સૌથી સુંદર છે મારી રાધા ! અને પેલી વીજળી જેવી એની મસ્તીભરી આંખો મારી મશ્કરીઓ કરીને મને એકીટશે નીરખી રહે છે ત્યારે એના હૃદયમાં શું શું ભર્યું છે ? શો મદ, શી આશા, શાં તોફાન અને કેવું કામણ ! . . . અને સૌ એની કીકીમાં તરવરતું હું જોઉં છું અને ત્યારે મારું હૃદય આનંદે ઊછળી રહે છે.

[ઋષિને જોઈ]

ઓહો ! આ શું ? આ કોણ ? કોઈ મુનિવર્ય ! નિર્વિકાર થયેલું એનું શરીર રાફડા જેવું લાગે છે. પણ શરીર આ દશામાં હોય ત્યારે આત્મા ક્યાં ને ક્યાં ભમે છે. લાવ, લાવ, મારી વાંસળીમાં વગાડું અનેરું સંગીત કે અનંત આનંદના મહોદધિમાં એનો આત્મા નાચી રહે.

[કૃષ્ણ વાંસળી વગાડે છે. એના સંગીતથી મુનિ જાગે છે. અને આંખોએ હાથ જોડી એ ઊભા રહે છે અને લવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિ — અહો! મેં શું જોયું? સ્વર્ગનાં દ્વાર બંધ જોઈ હું નિરાશ થઈ પાછો ફરતો હતો, ત્યાં કોઈ સંગીતધ્વનિ મારા શ્રવણપટમાં અથડાયો અને સ્વર્ગનાં દ્વાર ઊઘડી ગયાં! એ શું સ્વપ્ન હતું? ઓ! એ સંગીત ક્યાં?

[કૃષ્ણ ફરીથી વાંસળી વગાડે છે. ઋષિ એને જુએ છે, પગે પડે છે.]

ઋષિ — એ જ, એ જ, એ જ સંગીત. એ જ એ.

કૃષ્ણ — યોગી મહાત્મા! કાંઈ ગાંડા થયા છો કે શું, મને પગે લાગો છો? ઊઠો.

ઋષિ — ત્યારે તું . . .

કૃષ્ણ — હા, હા, હું એ જ કે જેને તમે ઓળખો છો. હું કનૈયો. મારા પિતાનું નામ નંદ અને માતાનું નામ યશોદા.

ઋષિ — ને બચ્ચા! એ વાંસળી તેં વગાડી હતી?

કૃષ્ણ — ખરેખર! અને એથી આપના તપનો ભંગ થયો હોય તો મને ક્ષમા કરો.

ઋષિ — ના, ના, વત્સ, એમાં તો કાંઈ અજબ જાદુ ભર્યો હતો. એના શ્રવણે તો મને પ્રભુનાં સત્ય દર્શન થયાં. અહો! ધન્ય છે એ વાંસળીને, અને એના વગાડનારને!

છોકરાઓ—(અંદરથી) કનૈયા! કનૈયા! ક્યાં સંતાઈ ગયો?

કૃષ્ણ — હત્તારીની! બંસી સાંભળીને એ લોક આવ્યા. વારુ યોગીરાજ, આ ઝાડ પર સંતાઈ જાઉં છું. તમે જરા પણ બોલશો નહિ, અને એ કોઈને કંઈ કહેતા પણ નહિ.

[કૃષ્ણ પીપળાના ઝાડ પર ચઢી જાય છે અને યોગી પાછા ધ્યાનસ્થ બેસે છે. બલરામ, સુદામા, સુબાલ વગેરે આવી પહોંચે છે.]

છોકરાઓ — કનૈયા! ઓ કનૈયા!

સુદામા — અરે આટલામાં જ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુબાલ—(નિસાસા નાખી) બાપ, થાક્યા એનાથી તો. બલરામ, તું એનો ભાઈ છે. કંઈ કહેતો કેમ નથી એને?

બલરામ — એને શું કહે? હજાર વાર કહીએ તોયે એ તો એવો જ રહેવાનો. પથ્થર પર પાણી.

સુદામા — ચાલો ચાલો, એ નહિ આવે તો ઊંઘી ગયો. ઓ, અહીંયાં આ કોઈ યોગીરાજ બેઠા છે!

એક છોકરો — અરે યોગીરાજ! તમે કનૈયાને જોયો કે?

બીજો છોકરો — હાં, હાં, હેં યોગીરાજ! કા'નો જોયો તમે?

બલરામ — એણે સાંભળ્યું લાગતું નથી. એને જરા ચમકારો બતાવો કે હમણાં સાંભળશે.

ત્રીજો છોકરો — અરે જવા દો, જવા દો એને. એ શું જાણે આપણી વાત? એને તો એનું ધ્યાન ભલું.

સુદામા — આપણે તો ભાઈ આ બેઠા. ચાંદની ખીલી છે અને ઘાસ પણ લીલુંછમ છે....એ ભલે સંતાકૂકડી રમે.

સુબાલ — અરે એ તો રાધા અને ગોપીઓ સાથે સંતાકૂકડી રમતો હશે.

ત્રીજો છોકરો — હશે! આપણે શી પડી છે હવે?

સુદામા — પણ ભાઈ઼ઓ, એ હોય તો જરા ગમ્મત તો આવે. આપણો વખત કેમ જશે?

બલરામ — આપણે બધા ઊંઘી જઈએ તો?

સુદામા — અરે એમ તે કાંઈ ઊંઘ આવે? ચાલો, કોઈ વાર્તા કહો. ગમે તેમ પણ કૃષ્ણ વગર અંધારું તો ખરું.

સુબાલ — ગાયો પણ ક્યાં જતી રહી?

એક છોકરો — ઓ પેલી....અલ્યા ગણો તો કેટલી છે?

સુદામા — છત્રીસ. છત્રીસ છે. પેલી લંગડી જમના પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ને ? આ ગાયો કેવી મઝાની દેખાય છે, પણ ઘરેણાં વગર શોભતી નથી.

બલરામ — એને ડોકે એકેકી મોતીની કંઠી હોય તો !

સુદામા — ખરે, તો તો સુંદર દેખાય.

બલરામ — પણ એ મોતી મેળવવાં ક્યાંથી ? એનાં તે શું કાંઈ ઝાડ ઊગતાં હશે !

સુદામા — એ કાંઈ પથ્થર ઓછાં જ છે ? જરૂર એ ક્યાંક પણ ઊગતાં જ હશે, નહિ તો આ બધી છોકરીઓ ક્યાંથી લાવીને પહેરે !

બલરામ — અરે એ લોકો તો મેળામાંથી વેચાતાં લાવે છે.

સુદામા — હા, પણ વેચનાર પણ ક્યાંથી લાવતો હશે ? ખરે, જો અત્યારે કૃષ્ણ અહીં હોત તો જરૂર એ મોતી ગમે ત્યાંથી આણી આપત.

[પીપળાના ઝાડ પરથી કૃષ્ણ ધીમે રહી બોલે છે.]

કૃષ્ણ — સુદામા ! સુદામા !

સુદામા — (એકદમ) એ એનો અવાજ ! અરે ક્યાં છે તું ?....અરે ! આ રહ્યો પીપળા ઉપર !

કૃષ્ણ — વારુ, સુદામા, તું રાધા પાસે જા અને મારું નામ દઈને કહેજે કે કૃષ્ણને એક મોતીની જરૂર છે. જા, મોતી લાવ, પછી આપણે એ વાવશું અને એમાંથી હજારો મોતી ઉત્પન્ન કરશું, અને આપણી ગાયો શણગારીશું....અને ઓ સુદામા, રાધાને કહેજે કે જો તું એક મોતી આપશે, તો કા'નો તને એનો અનેક ગણો બદલો વાળી આપશે.

સુદામા — જા ! જા ! મશ્કરીઓ શું કરે છે ? એ ગોપીઓ આગળ મને બનાવવાની ઠીક પેરવી કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃષ્ણ — તારી મશ્કરી! સુદામા! ખરું કહું છું તું જા, વખત ન લગાડ.

બલરામ — જોયું કે ભાઈ! સુદામા રાધા અને ગોપીઓથી બીધો.

સુદામા — જાને ત્યારે તું જ, બહુ ચાંપલાઈ કરે છે તો?

બલરામ — નહિ રે ભાઈ, અમારો હંમેશનો નાયક તો તું જ.

સુદામા — વારુ, વારુ ત્યારે જઈશું. કૃષ્ણ કહે છે એટલે જ તો, નહિ તો આપણે કાંઈ એની તમા નથી.

સુબાલ — (બલરામને) બલરામ! અલ્યા સાચું કહેજે, કૃષ્ણે તને આ કામ સોંપ્યું હોત તું જાત ખરો?

બલરામ — અરે તારી તે કંઈ ખસી ગઈ છે કે શું? એમ તે કંઈ જતા હઈશું? અને હું તો માનતો જ નથી કે રાધા એને એમ મોતી કાઢી આપશે; અને કા'નો એને વાવશે. કાંઈ ઘેલાનાં તે ગામ વસતાં હશે?

કૃષ્ણ — (ઝાડ ઉપરથી જ) બલરામ! આ બધાને બાર બાર મોતી, અને તને છ અને તે પણ નાનાં જ આપીશ.

[બધા બલરામની હાંસી કરતા હોય તેમ ખડખડાટ હસી પડે છે.]

પ્રવેશ ત્રીજો

[રાતો પ્રકાશ]

[ગોકુળ ગામ: રાધા વિચારમાં મશગૂલ છે. અન્ય ગોપીઓ એને નિહાળી રહી છે.]

ચંદ્રાવલી — અરે એકલડાં મૂંઝાવું,
અહીં કા'નકુંવર ક્યાંથી લાવું?

લલિતા — અલી ચંદ્રી! પણ એ તને સાંભળે છે જ ક્યાં! એ તો એના વિચારમાં ડૂલ છે. રાધા! રાધા!....ઉં....હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રાવલી—એને કોઈએ કામણ કર્યું લાગે છે.

લલિતા—અને કોણે તે પણ હું જાણું છું. એનું નામ દે એટલે એ બોલશે.

ચંદ્રાવલી—ના, ના, જવા દે, વખતે વધારે ખિજાશે.

લલિતા—તે ખિજાવા દે ને!

રાધાકૃષ્ણ! બોલો રાધાકૃષ્ણ!
રાધાકૃષ્ણ! રાધાકૃષ્ણ! રાધાકૃષ્ણ!
બોલો રાધાકૃષ્ણ! રાધાકૃષ્ણ!

રાધા—લલિતા! એ તું શું બોલી? તને ખબર નથી કે એ નામ મને નથી ગમતું?

લલિતા—નથી ગમતું, હં!

રાધા—વારુ વારુ, ચાંપલી, હવે મને પજવ નહિ.

[એટલામાં સુદામા આવે છે.]

લલિતા—અરે! આ સુદામા આજે અહીંયાં ક્યાંથી? અરે સુદામા! કોનું કામ છે?

સુદામા—રાધાનું, રાધા ક્યાં છે, રાધા?

ચંદ્રાવલી—જોજે ભાઈ, સમાલજે. કૃષ્ણનું નામબામ લીધું છે તો એ તને જીવતો જ ખાઈ જશે.

સુદામા—ઓ ભગવાન! હું શા માટે અહીં આવ્યો?

લલિતા—અલી રાધા! આ સુદામા તને બોલાવે છે.

[રાધા આવે છે.]

રાધા—કહે! શું છે?

સુદામા—કૃષ્ણે કહ્યું....

રાધા—(રીસમાં ચાલવા માંડે છે.) કૃષ્ણે!

લલિતા—અરે, પણ તું એને સાંભળ તો ખરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુદામા — કૃષ્ણે તમારી પાસેથી એક મોતી માગ્યું છે.

લલિતા — લે, વળી એને મોતીનું શું કામ પડ્યું ?

સુદામા — એ મોતી એને વાવવું છે, અને એમાંથી મોતીનું ઝાડ ઉગાડી પુષ્કળ મોતીથી અમારી ગાયો શણગારવી છે.

ગોપીઓ — મોતીનું ઝાડ !

[હસે છે.]

સુદામા — રાધા ! એ તને એનો પૂરો બદલો વાળી આપશે.

રાધા — (સરોષ) જા ! જા ! પાછો જા ! અને કહેજે તારા કૃષ્ણને કે મોતી તો છિપોલીમાં પાકે, ઝાડ પર નહિ. અને એ કાંઈ તારા વૃંદાવનમાં ઊભરાતાં ફૂલ જેટલાં સોંઘાં નથી. કહેજે એને કે વર્ષમાં એક વાર સ્વાતિ નક્ષત્રમાં કોઈ અદ્ભુત જલબિંદુ છિપોલીમાં પડે છે, અને તેનું મોતી બંધાય છે, અને તે તરનારાઓ જીવને જોખમે પાણીમાંથી બહાર લાવે છે. એ કાંઈ તમારાં ચંપાનાં ફૂલ નહિ જોયાં ! અને તમને ગોવાળિયાને પણ શાં ઘેલાં લાગ્યાં છે. મોતીથી ગાયો શણગારવી છે ! જાણે મોટા રાજાના દીકરાઓ ! મોટા કુબેરભંડારીઓ !

ગોપીઓ — વાહવાહ ! રાધા ! તેં એને ઠીક ચૂપ કરી દીધો.

[સુદામા ઝંખવાણો પડી જાય છે.]

રાધા — અલી લલિતા ! તું સુદામાની પાછળ છાનીમાની જા તો, કૃષ્ણને એ શું કહે છે અને એ શો ઉત્તર આપે છે, તથા શો તાલ જામે છે, એ જો તો.

લલિતા — ઠીક.

રાધા — પણ જલદી જા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લલિતા — (જતાં જતાં સ્વગત) રાધા ! તારા વિચાર મારાથી છૂપા નહિ રહે હોં !

પ્રવેશ ચોથો

[શ્વેત પ્રકાશ]

[પીપળાના ઝાડ નીચે ઋષિ હજી બેઠા જ છે. કૃષ્ણ અને ગોવાળિયાઓ ઘાસ પર ગપ્પાં હાંકતા બેઠા છે, અને સુદામા ત્યાં આવી પહોંચે છે. લલિતા ધીમેથી આવી એક ઝાડને ઓથે સંતાઈ ઊભી રહે છે.]

કૃષ્ણ — હેં ! શું રાધાએ એમ કહ્યું ?

સુદામા — હા, મેં કહ્યા એ જ શબ્દો. અને વળી આપણને ગોવાળિયા પણ કહ્યા !

કૃષ્ણ — વારુ, ચિંતા નહિ. એને પણ હું હવે બતાવીશ.

સુદામા — હા, પણ હવે આપણે શું કરવું ?

બલરામ — એને હવે કાંઈ સૂઝતું લાગતું નથી.

સુબાલ — રાધાએ પણ એને ઠીક બનાવ્યો હં ! મોતી કરતાં તો, રાધાએ પણ એને ગણકાર્યો જ નહિ એ એને વધારે લાગ્યું છે.

બલરામ — હું રાધાની જગાએ હોત તો જરૂર મોતી આપત, અને ગમ્મત પણ જોત.

[જશોદા આવે છે.]

જશોદા — કનૈયા ! કનૈયા ! કનૈયા !

એક છોકરો — અરે આ તો જશોદા મા !

[નાસભાગ કરવા મંડી જાય છે.]

જશોદા — અંતે મળ્યા ખરા, હરામખોરો.

સુદામા — ચાલો હવે, વળી કાંઈ નવાજૂની થશે ખરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જશોદા—એટલે દૂર મને ખીદડી ખવડાવી છે તે કંઈ નહિ. ના કહી કે કૃષ્ણને તાવ આવે છે તે ન લઈ જાઓ, તોયે લાવ્યા.

કૃષ્ણ—(લાડથી) હા, બા. હું માંદો તો છું. પણ ચિંતા નહિ. મને એક વસ્તુ આપે તો હમણાં સાજો થઈ જાઉં.

જશોદા—શું જોઈએ છે, બેટા ?

કૃષ્ણ—પણ તું મને આપશે ?

જશોદા—તને નહિ આપું દીકરા ?

કૃષ્ણ—ત્યારે મને એક નાનુંસરખું મોતી આપ. એનાં વધારે કરી તને એ પાછું આપી દઈશ.

જશોદા—બસ એ જ ને ! લે બાપુ લે. પણ એનું શું કરીશ ?

કૃષ્ણ—તે તો તું હમણાં જ જોઈશ.

એક છોકરો—ભાઈ ઠાંસ મારતા'તા, તે હવે એનું પોગળ જણાશે. એ તો કયો મોટો મહાત્મા થઈ ગયો કે મોતીનાં ઝાડ ઉગાડશે ?

જશોદા—ઓ કનૈયા ! આ શું કર્યું ? મારું મોતી ધૂળમાં દાટ્યું ! આ છોકરાઓ આગળ મારી ઠેકડી કરવા ધારી છે કે શું ?

એક છોકરો—જશોદા મા ! વઢો નહિ, જુઓ તો ખરાં. એણે તો વાંસળી વગાડવા માંડી. એ એમ ધારતો હશે કે બંસીનાદે એ મોતી પણ નાચશે, કૂદશે, ને એમાંથી ઝાડ ઊગી નીકળશે.

બીજો છોકરો— અરે ભાઈ, મોતી તે મોતી, ને બી તે બી.

લલિતા—(સ્વગત) રાધાએ મોતીબોતી આપ્યું હોત તો પાછું મળવાની આશા ન હતી.

સુદામા—પણ જોયું કે અલ્યા !

એક છોકરો—અરે કંઈયે નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુબાલ — હા, હા, કાંઈ ચળકતું જણાય છે ખરું.

છોકરાઓ — હા, હા. ઝાડ ઊગે છે ઝાડ.

સુદામા — રાધા અત્યારે હોત તો જોતે કે ઝાડ ઊગે છે કે નહિ.

લલિતા — (સ્વગત) અરેરે! મૂરખી છોકરી!

સુબાલ — અરે, આ તો બે વેંતનું પણ થયું.

બલરામ — અરે, ચાર, છ, આઠ; અલ્યા, પાંદડાં જુઓ છો કે?

સુબાલ — અલ્યા, મોહનિયાની માયા તો નથી? ઝાડને અડકી તો જુઓ.

સુદામા — ના, ભાઈ ના. લે અડકને. ઓ! પણે મોતી પણ આવ્યાં. ઓ! આ તો ફાલ્યું, ને વધ્યું અધધધ . . .

છોકરાઓ — મોતી જ મોતી!

કૃષ્ણ — (એક તોડીને) મા, આ તારું મોતી પાછું.

જશોદા — બેટા . . .

કૃષ્ણ — ને આટલાં તારાં ઘરેણાં માટે.

છોકરાઓ — ચાલો બે ચાલો, આપણે પણ લૂંટીએ, માળાઓ ગૂંથીએ, અને ગાયોને પહેરાવીએ.

લલિતા — (સ્વગત) ખરે, રાધા કેટલી મૂરખી. આ જાણશે, ત્યારે એને શું શું થશે. લાવ હવે જાઉં.

છોકરાઓ — ખરે, આપણા કનૈયા જેવો કોઈ નહિ. રાધા ક્ષમા નહિ માગે ત્યાં સુધી હવે આપણે એનાં સામું પણ નહિ જોઈએ.

[છોકરાઓ ખોબલે મોતી લૂટે છે.]

પ્રવેશ પાંચમો

[સ્થળ : ગોકુળ ગામ

લલિતા — તું ત્યાં જ હોત ને . . .

રાધા — ખરે, તો તો હું બધું જ જોતે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લલિતા — ત્યારે મારે શું કામ જૂઠું બોલવું જોઈએ !

રાધા — લાખો મોતીની વાતો કરે છે, તો લાવી તો એકે નહિ !

લલિતા — લે, પણ હું ક્યાંથી લાવું ! તેં તો મને સુયાઈને જોવાનું કહ્યું હતું ને !

રાધા — બહુ સારું. ચાલો, અગાડી કહો હવે.

લલિતા — અને પછી જશોદા માએ સોયો પણ આણી આપી. અને બધા ગોવાળિયાઓએ માળા ગૂંથવા માંડી. અને તારો કૃષ્ણ તો ઊભો ઊભો એની વાંસળી જ વગાડ્યા કરતો હતો.

રાધા — આ બધું તું શું બકે છે ?

લલિતા — ખોટું કહેતી હોઉં તો જોજે, હમણાં ગાયો ઘર તરફ જાય ત્યારે; અને મારું કહ્યું માને તો હજી એની ક્ષમા માગશે તો કા'નો જરૂર તને ક્ષમા આપશે જ.

રાધા — હું એની ક્ષમા માગું ! જા, જા, એમ કદી બને જ નહિ !

[લલિતા જાય છે.]

રાધા — હં, એણે કહ્યું તે બધું સાચું જ હશે ? અને મારે એની ક્ષમા યાચવી ? મદ ! મદ તું યે ઓછો સત્તાવાન નથી. મારા હૃદયને હું નિયંત્રી શકું પણ નહિ, અને મારું સ્વમાન ! ગમે તેમ હોય તોયે આજે હું એ જંગલમાં તો જઈશ જ. અને આંખે જોઈશ, કે લલિતાએ કહ્યું એ ખરું કે ખોટું. ચાલ જીવ ! જમનાતટે; હા, હા, મને રસ્તો બરાબર યાદ છે.

[જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ છઠ્ઠો

[પીપળાના ઝાડ નીચે હજી ઋષિ ધ્યાનસ્થ બેઠા છે. રાધા આવે છે.]

રાધા—હું એકલી હવે ક્યાં ક્યાં રખડું! બધાયે ગામમાં ચાલ્યા ગયા લાગે છે. આ રહ્યું પેલું પીપળાનું ઝાડ, એ જ જગા. પણ એ—એ ક્યાં હશે? આ કોઈ મહાત્મા છે. એને પૂછવા દે. સંન્યાસીજી, કૃષ્ણ ક્યાં હશે? એ આપને ખબર છે?

ઋષિ—તું કોણ છે?

રાધા—હું રાધા. કૃષ્ણને શોધું છું. તમે એને જોયો છે?

ઋષિ—હા, અને મેં એની વાંસળી પણ સાંભળી છે.

રાધા—ત્યારે અહીંથી એ ક્યાં ગયો? અને એણે ઉગાડેલું મોતીનું ઝાડ પણ ક્યાં અલોપ થઈ ગયું?

ઋષિ—જોતી નથી? આ રહ્યું એ.

રાધા—હું તો કંઈયે નથી દેખતી.

ઋષિ—મદાંધ બાળા! ક્યાંથી દેખે તું? તારી આંખે અભિમાનનાં પડળ ચઢયાં લાગે છે.

રાધા—અરે, હું તો—હું તો—અરે, મારું માન, ને સ્વમાન, ને અભિમાન તો બધું એ લઈ બેઠો છે. છતાં હું આંધળી છું.

ઋષિ—એની કૃપા થાય તો કદાચ તું એ વૃક્ષ જોઈ શકે.

રાધા—કહો, કહો, મુનિવર્ય! મને મારી ભૂલ માટે પશ્ચાત્તાપ થાય છે. કહો, શી રીતે હું કૃષ્ણને રીઝવી શકું? તમે જ્ઞાની છો, કહો.

ઋષિ—બધું એની કૃપા પર અવલંબે છે.

રાધા—અરેરે! મેં મૂરખીએ એની મશ્કરી કરી. હવે એ મને હસે છે, ધિક્કારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ઋષિ — કોણ કૃષ્ણ? જે એની કૃપા વાંછતું હોય એને કૃષ્ણ કદી ધિક્કારે નહિ.

રાધા — હું તો એની કૃપા વાંછું છું, અને એને પણ વાંછું છું. એ ક્યાં હશે અત્યારે? કહો, એ મને કહો.

ઋષિ — એ તો તું તારા મનને જ પૂછી જો.

[રાધા ત્યાંથી ચાલવા માંડે છે.]

રાધા — હાય રે! આ તો રાતનાં અંધારાં વધે છે, અને મારા હૃદયમાંયે ગાઢ તિમિર જ વસે છે. પેલા તારાઓ મારી મશ્કરી કરે છે; મારા હૃદયમાં તો નથી ચંદ્ર કે નથી તારા, અને નથી ક્યાંય રે આશાના ચમકારા; ત્યારે હવે તો મૃત્યુ. હા, મૃત્યુને વધાવું. એની એમ જ ઇચ્છા છે તો — પણ ના, એમાં એનોય શો વાંક? જે થકી મેં મારું જીવન ભર્યું, એ તેજને જ મેં અવગણ્યું! હું મરું તે પહેલાં એક વાર મારા કૃષ્ણનું મુખારવિંદ નહિ જોઉં? ઓ દયાનિધિ! મારા પર એક વાર ફરી અમીદૃષ્ટિ નહિ કરે? હું ભૂલી, ભૂલી! મારા કનૈયા! હું ભૂલી. મને ક્ષમા કર. ઓ પેલું ચળકતું શું દેખાય? હેં! એ જ એ મોતીનું ઝાડ! એ જ મારા કનૈયાનું વૃક્ષ! ઓ દૂર દૂર જમનાતીરે ઓ પેલું મારા કનૈયાનું નગર. ને આ વચમાં પેલું શું ચમકે? ત્યાં જાઉં અને જોઉં. શું છે એ?

[જાય છે.]

પ્રવેશ સાતમો

[પૂર્ણ પ્રકાશ] [રાધા પ્રવેશ કરે છે.]

રાધા — આ શો ચમત્કાર! આ સ્થળ તો એ જ છે. જમનાનાં જળ કેવાં વહ્યાં જાય છે! પણ આ ભવ્ય મહાલયો, ને આ ચાંદનીમાં ચમકતો નગર ફરતો આ કોટ, એ બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાલે તો ન હતું! તે એણે એક મોતીના ઝાડમાંથી આ એક મોતીની નગરી જ વસાવી છે! આ પેલા દેખાય એ નગરના ભવ્ય દરવાજા:

આ શા તેજના અંબાર?
મારા દિલે તો ધગધગે છે ઊના અંગાર:
મોતીના ઝરૂખા ને મોતીના મહેલ!
મને ઘેલીને બતાવો કો એના ઉકેલ;
અરે આ વાટેયે વેર્યા છે મોતીના થાળ,
એ ક્યાં છે, ક્યાં છે, મારો કા’નો ગોવાળ?

હાય રે! અંધારું ઘોર આ તો. એ નગર ને અજવાળાં ક્યાં અલોપ થઈ ગયાં! મારું તે શું થવા બેઠું છે — કે હું ગાંડી જ થઈ છું?

[રાધા સન્મુખ એકાએક મોતીનું ઝાડ પ્રગટ થાય છે. અહીં એકદમ અંધારું કરી ઝાડનું એક ઠૂંઠું મૂકી પછી ધીમે ધીમે પ્રકાશ કરવો.]

હેં! આ રહ્યું એ વૃક્ષ! મારી યાત્રા સિદ્ધ થઈ. લાવ સ્પર્શું એને! પણ અલોપ થતાં અજવાળાં માફક તુંયે અલોપ ન થઈશ. મને આ આનંદ શાને થાય છે? આ ચાંદની ને આ મોતીને મારે શું ચઢાવવાં હતાં! મારે ઘેર એવાં મોતી નથી શું? હા, હા, છતાં મારા કનૈયાને મેં ન આપ્યું! અને મને ભૂરખી નાખી અહીં સુધી આણી. એણે આમ વેર વાળવા જ ધાર્યું છે. એ મોતીવૃક્ષના ઝગમગાટની મને જરાયે દરકાર હતી જ નહિ. મારે તો જોઈએ છે પેલી તારી અમીભરી આંખો. કનૈયા! કનૈયા! ....મારા પ્રાણના આધાર; સકળ વિશ્વના આધાર! કનૈયા! હું તો એક ગરીબ, મૂરખી, ઉદ્ધત અબળા છું, અજ્ઞાન છું, તારા ચરણની રજ છું. મારા પર દયા કર. નિર્બળ, નિર્લજ્જ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખીને ન રિબાવ! તારા વિના જીવવાનું હવે મારામાં સામર્થ્ય નથી. હું મરું છું! મરું છું! કનૈયા કનૈયા!

[મોતીનું ઝાડ અલોપ થઈ જાય છે. એ સ્થળે કૃષ્ણ વાંસળી લઈને ઊભો રહે છે. રાધાની બાજુમાં જઈ એનો હાથ ઝાલે છે.]

કૃષ્ણ — રાધા! રાધિકા! મારા જીવનનું અમૃત! મારા આત્માનો આનંદ! ક્યાં હતી? આટલો સમય ક્યાં હતી તું!

[રાધા એને પગે પડે છે. કૃષ્ણ એને ઊભી કરે છે.]

આવ! રાધિકા, આવ! ભૂતકાળ ભૂલી જા! મારાં સ્વપ્નાં જેવો એ કાળ વહી ગયો.

[રાધા મોતીની કંઠમાળા કૃષ્ણના હાથમાં મૂકે છે.]

રહેવા દે! તારાં મોતી તારી પાસે રહેવા દે. મારે હવે એ મોતીની જરૂર નથી. આવ! રાધા, આવ! પ્રેમનું જ્વલંત મોતી હવે મને મળ્યું છે — હવે એ મારું છે.

[બન્ને એકબીજાની પડખે ઊભાં રહે છે. કૃષ્ણ વાંસળી વગાડવી શરૂ કરે છે. છોકરાઓનું ટોળું પાછું ત્યાં પ્રવેશે છે.]

સુદામા — આ રહ્યો, આ રહ્યો. મેં નહોતું કહ્યું? કેવાં શોભે છે બન્ને!

સુબાલ — અલ્યા, આપણે રાસ રમીએ તો?

બલરામ — જા, સુદામા! મોતી લઈ આવ્યો તેમ હવે ગોપીઓને બોલાવી લાવ.

બધા — હા, હા.

સુદામા — અરે, આ લલિતા અને ચંદ્રાવલી તો આવ્યાં પણ ખરાં. ચાલો ચાલો, આપણે સૌ રાસ રમીએ.

[બધાં ગોળાકારમાં ગોઠવાઈ રાસ રમવો શરૂ કરે છે, અને રાસ પૂરો થતાં પડદો પડે છે.]

— પ્રેમનું મોતી અને બીજાં નાટકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

વનચરિયાઓ – વનના ફરનારા, રખડુ. **મુનિવર્ય** – મુનિઓમાં શ્રેષ્ઠ. **નિર્વિકાર** – જેનામાં વિકાર ન હોય તે. **કુબેરભંડારી** – દેવોના ધનપતિ. **ખીદફી** – રખડપટ્ટી. **નિયંત્રી** – વશ રાખી. **સિદ્ધ** – સફળ. **સામર્થ્ય** – શક્તિ.

૧. કૃષ્ણનાં જુદાં જુદાં નામો ગણાવો.
૨. કનૈયાએ મોતીનું વૃક્ષ શા માટે ઉગાડયું? એ વૃક્ષ માટેનું બી તે ક્યાંથી લાવ્યો?
૩. કનૈયાએ રાધાના પ્રેમની કસોટી શી રીતે કરી?
૪. રાધાએ કનૈયાના દર્શન માટે કેવી અધીરાઈ દેખાડી હતી તે દર્શાવો.
૫. આ નાટક ભજવવું હોય તો તમે કયા પ્રકારની તૈયારી કરો?

જ્યોતીન્દ્ર દવે



[શ્રી જ્યોતીન્દ્ર હરિહરશંકર દવેનો જન્મ સુરતમાં ૧૯૦૧માં થયો હતો. સુરતની એમ. ટી. બી. કૉલેજમાંથી ૧૯૨૫માં ગુજરાતી સાથે એમણે એમ. એ.ની પદવી મેળવી. થોડો વખત એમણે એ જ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કર્યું. હાલમાં મુંબઈ સરકારના ઓરિયેન્ટલ ટ્રાન્સલેટર તરીકે શ્રી જ્યોતીન્દ્ર કામ કરે છે.

એમનાં હાસ્યરસનાં લખાણોમાં ઉચ્ચ પ્રકારનો, શિષ્ટ અને માર્મિક વિનોદ હોય છે, અને બીજા હાસ્યરસપ્રધાન સાહિત્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારની જે દરિદ્રતા સામાન્ય રીતે દેખાય છે, તેથી શ્રી જ્યોતીન્દ્ર દવેનું લખાણ મુક્ત હોય છે. આથી શ્રી દવે આપણા હાસ્યરસના લેખકોમાં વિશિષ્ટ સ્થાન ભોગવે છે. સામાન્ય લાગતા પ્રસંગ કે વિચારની ગંભીર લાગતી ચર્ચા દ્વારા શ્રી દવે શાંત હાસ્યરસ ઉત્પન્ન કરે છે. ખોટી વસ્તુને ખરી ઠરાવવા માટેની એમની દલીલો તર્કયુક્ત અને કુશળતાભરી હોય છે. આપણા આ યુગના અનન્ય હાસ્યરસના લેખક હોવા ઉપરાંત શ્રી દવે સારા વિવેચક અને વિદ્વાન છે. પણ એમની પ્રતિભાના એ પાસાનો ઝાઝો પરિચય હજુ ગુજરાતને થયો નથી. 'ગુપ્તાની નોંધપોથી', 'રંગતરંગ'—ભાગ ૧ થી ૬ અને 'અમે બધાં' એ એમનાં લોકપ્રિય પુસ્તકો છે.]

વહેમ

આજે મને થયેલી શરદીનું કારણ જણાવતાં ડૉક્ટરને કહ્યું, "રાતે બારી ખુલ્લી મૂકીને સૂતો હતો તેથી કદાચ શરદી થઈ હશે." ડૉક્ટરે જવાબ દીધો, "એ તમારો વહેમ છે. બારી ખુલ્લી રાખવાથી નહિ, પણ ખાવામાં સંભાળ્યું નહિ હોય તેથી શરદી થઈ છે." "ખાવામાં તો હંમેશ સંભાળ રાખું છું. ખાવાનાં સિવાય બીજું કાંઈ ન ખવાઈ જાય એની બહુ જ કાળજી રાખું છું."

"શું ખાધું હતું?"

"ખોરાક."

"કયો?"

"સામાન્ય રીતે ખાઈએ છીએ તેવો જ—દાળભાત, રોટલી શાક વગેરે."

"શરદીમાં ભૂખ વધારે લાગતી હોય તેવું લાગે, ને જોઈએ તે કરતાં વધારે ખવાઈ જાય તેથી શરદી થાય છે." એમણે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારાથી હમણાં ઊલટું ઓછું ખવાય છે."

"એ તમારો વહેમ છે. શરદી થવાથી વધારે ખવાય છે, ને વધારે ખાવાથી શરદી થાય છે, ને શરદી થવાથી પાછું વધારે ખવાય છે ને વધારે ખાવાથી પાછી શરદી થાય છે."

"એમ તમે માનો છો એ તમારો વહેમ છે," મેં જવાબ દીધો.

"વહેમ! વહેમ! દશ વર્ષ મેં મેડિકલ કૉલેજમાં અભ્યાસ કર્યો છે!"

"તમને એ ડૉક્ટરી વહેમ મેળવતાં દશ વર્ષ લાગ્યાં, મને આ અશાસ્ત્રીય વહેમ મેળવતાં પચીસ વર્ષ થયાં."

"મારો વહેમ નથી."

"હશે, મારો પણ નથી. પણ હવે તમારી દવાથી મારી શરદી મટશે એવો આપણો બન્નેનો સામાન્ય વહેમ છે તે મુજબ દવા આપો." આખરે વહેમનું ઓસડ વહેમ, એ ન્યાયે મેં શરદીના વહેમને દવાના વહેમથી મટાડ્યો.

આખા જગત માટે એક ધર્મ શોધવાના પ્રયાસો અનેક થાય છે; ખ્રિસ્તી ધર્મ વિશ્વધર્મ થવાને યોગ્ય છે એમ માની ખ્રિસ્તીઓ જગતભરમાં એ ધર્મ પ્રસારવા નીકળી પડ્યા છે; ઇસ્લામ એ જ વિશ્વધર્મ થઈ શકે એમ માની મુસ્લિમો એનો પ્રચાર કરી રહ્યા છે; હિંદુ ધર્મ સનાતન હોવાથી એ જ સાચો વિશ્વધર્મ હોઈ શકે એમ હિંદુઓ પોતાના ધર્મના ગુણ ગાયા કરે છે. આ બધા ધર્મોમાં સંપૂર્ણતઃ નહિ, પણ અંશતઃ સત્ય છે. તેથી એ સત્યાંશ ભેગો કરી નવો વિશ્વધર્મ સ્થાપવાના કેટલાકો પ્રયાસ કરી રહ્યા છે. આમ વિશ્વધર્મની શોધમાં ધર્મનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વ ઘડાઈ રહ્યું છે. અને સાચો વિશ્વધર્મ તો હજી કોઈને જડયો જ નથી.

ને જડે પણ કયાંથી? વિશ્વની સર્વ ધર્મભાવનાઓમાંથી સમાન તત્ત્વ શોધવાની એ લોકોએ પ્રવૃત્તિ કરી હોય એમ મને તો લાગતું નથી. નહિ તો દુનિયાના ધર્મોની બાબતમાં નહિ, પણ વ્યવહારના પ્રત્યેક વિષયમાં પણ જે સમાન તત્ત્વ છુપાઈ રહેલું – છુપાઈ રહેલું નહિ, પરંતુ પ્રગટ તરી આવતું જણાય છે તે તત્ત્વની જ વિસ્મૃતિ એમને કેમ થાય?

એ તત્ત્વ તે જેને સામાન્ય લોકો વહેમ કહે છે તે.. આપણા આચારનું આખું ધોરણ એ તત્ત્વ – જે આપણામાં હોય ત્યારે પ્રતીતિ ને અન્યમાં હોય ત્યારે વહેમ તરીકે ઓળખાય છે તે તત્ત્વ – ના ઉપર રચાયું છે.

વિશ્વધર્મ જો સ્થાપવો હોય તો વહેમનો વિશ્વધર્મ સ્થપાય એમ છે – અથવા એ તો સ્થપાઈ જ ચૂક્યો છે. આપણે એટલું જાણવાની જ વાર છે. વહેમના વિશ્વધર્મના સામ્રાજ્યમાં જાતિભેદનાં બંધન નથી, એને રાષ્ટ્રોની સીમાઓ નડતી નથી, એમાં વયની મર્યાદા નથી. જ્યાં જ્યાં માણસ ત્યાં ત્યાં વહેમ એવી વ્યાપ્તિ બાંધીએ, તો એમાં કોઈ પણ પ્રકારનો દોષ નથી.

વહેમની આન્તરરાષ્ટ્રીયતા, સર્વવ્યાપકતા વિષે સંદેહ નથી. અત્યારે ભિન્ન ભિન્ન દેશો વચ્ચે વધારેમાં વધારે વિનિમય વહેમનો થઈ રહ્યો છે. આપણા વહેમો પરદેશ ચડાવીને ત્યાંથી આપણે તે દેશના વહેમો મંગાવીએ છીએ.

મારા ઓળખીતાને ત્યાં એના પુત્રનાં હોણસાલ લગ્ન ઠર્યાં. પરંતુ એમના મિત્રને માતા આવ્યાં ને આવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ માતાએ જણાવ્યું કે, 'જો તમારા મિત્રના છોકરાનાં હોણ લગ્ન કરશો, તો એને બહુ ભયંકર અનિષ્ટો ભોગવવાં પડશે.' છોકરાના બાપ જાતે જૈન છે ને માતા, મહાદેવ વિષે એમને શ્રદ્ધા નથી. છતાં આ ચેતવણીથી ગભરાઈ એમણે લગ્ન મોકૂફ રાખવાનો વિચાર પોતાના વેવાઈને જણાવ્યો. દરમ્યાન એમના વેવાઈના સગામાં એક જણને મહાદેવે સ્વપ્નામાં કહ્યું: 'હોણ તારા સગાની છોકરીનાં લગ્ન જો નહિ થાય તો ભવિષ્યમાં થવાનો સંભવ રહેશે નહિ.' વેવાઈ પણ જૈન હતા. છતાં મહાદેવની ચેતવણીથી ગભરાઈ એમણે મારા ઓળખીતા ગૃહસ્થ (છોકરાના પિતા)ને વસ્તુસ્થિતિથી વાકેફ કર્યા. માતા કરતાં મહાદેવ મોટા, એમ માની આખરે બંને પક્ષે લગ્ન કરવાનું ઠરાવ્યું. ઠરાવ થવાને ચોથે દહાડે ત્રીજા એક જણ (બંને વેવાઈના ઓળખીતા) ને માતા આવ્યાં ને તેમણે છોકરાનાં લગ્ન ન કરવા વિષે બહુ જ ભયંકર શબ્દોમાં ચેતવણી આપી. ફરી લગ્ન મુલતવી રખાયાં. પાછા મહાદેવ આવ્યા ને તેમણે લગ્ન કરી નાખવાની બહુ જ સખ્ત શબ્દોમાં આજ્ઞા કરી. ફરી વિમાસણ ઊભી થઈ. મારી સલાહ પૂછવામાં આવી. મેં તોડ કાઢ્યો: 'લગ્ન કરવાં ખરાં, પણ વરવધૂને એકબીજાને સાસરે જવા ન દેવાં.' મારી સૂચના માન્ય રખાઈ ને લગ્ન કરી નાખવામાં આવ્યાં. છોકરો ને છોકરી બંનેમાંથી એકેનું કુટુંબ માતા કે મહાદેવને માનતું નથી, તેની પૂજા કરતું નથી, છતાં લગ્ન માટેની એમની ચેતવણીથી બંને કુટુંબોમાં જે ભયંકર ક્ષોભ વ્યાપી રહ્યો હતો, તે શિવભક્ત કે માતાના અનન્ય ઉપાસકને પણ શરમાવે એવો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુસ્તાન પર અનેક પ્રજાઓએ આક્રમણ કરી પોતાનો પગદંડો જમાવ્યો છે, પરંતુ હિંદુઓ હિંદુ ધર્મમાંથી ચલિત થયા નથી. છતાં તે તે પ્રજાના વહેમોને તો એમણે અપનાવી લીધા છે. પીરની માનતા રાખનાર અને તાબૂત આગળ આળોટનાર ચુસ્ત હિંદુઓ ઘણા છે; તેમ જ સાધુસંન્યાસી ને હિંદુ દેવોમાં અમુક રીતની શ્રદ્ધા ધરાવનાર મુસ્લિમો પણ ઘણા છે.

પરંતુ આ વહેમની આયાત માત્ર ધર્મમાંથી જ થતી નથી. ઉપદેશકના વિવેચનમાંથી, ડૉક્ટરના દવાખાનામાંથી, અધ્યાપકોના શિક્ષણમાંથી, વિદ્વાનોનાં લખાણોમાંથી, નિરક્ષરની વાતચીતમાંથી, બાળકના પ્રલાપમાંથી વહેમનાં તત્ત્વો આખા સમાજમાં પ્રસરી રહે છે. આટલું જ નહિ પણ જડ વસ્તુઓ પણ વહેમની વાહક થાય છે. છીંક, જોડા, ઘોડાની નાળ, તેલ, ઘી, સીંદુ, વાળ, નખ, ઉકરડો, આમલીનું ઝાડ, સુકાયેલા ઝાડનું ઠૂંઠું, ચોરસ, ત્રિકોણ વગેરે આકૃતિ, અમુક આંકડા ઇત્યાદિ અનેકાનેક વસ્તુનું વહેમના શાસ્ત્રમાં બહુ જ મહત્ત્વ છે. આ ઉપરાંત વહેમ વિરોધીના રૂપે પણ ઘણી વાર સમાજમાં સંચરે છે. જેને તેને વહેમ ગણી લેવાનો પણ એક 'ફેશનેબલ' વહેમ શિષ્ટ ને સુશિક્ષિત સમાજમાં દાખલ થઈ ગયો છે. બધું જ વહેમરૂપ છે એમ માનવું એ પણ એક વહેમ જ છે.

દરેકને કોઈ ને કોઈ બાબતમાં વહેમ હોય છે, ને છતાં તે બીજાના વહેમોનો તિરસ્કાર કે ઉપહાસ કર્યા કરતો હોય છે. જેની તેની પાસે જન્માક્ષર જોવડાવી જુદા જુદા નામધારી જોશીઓના પ્રત્યેક પરસ્પર વિરોધી વચનમાં અડગ શ્રદ્ધા રાખનાર, ડૉક્ટરના જંતુ સંબંધીના વહેમોને હસી કાઢે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. જ્યાં ત્યાં જંતુઓ જ જોનારા ને દરદીના દાદાની દૂરથી છબી જોઈ કાર્બોલિક સાબુ વડે કોણી સુધી હાથ ધોનારા ડૉકટરો જમતાં પહેલાં હંમેશ નાહવાની હિમાયત કરનારાઓની મજાક કરે છે. વારંવાર 'હંગર-સ્ટ્રાઈક' પર જનારાઓ ને રાષ્ટ્રોદ્ધારના કાર્યમાં અથવા તબિયતને સુધારવા માટે ઉપવાસને આગળ કરનારાઓ શિવરાત્રિ કે અગિયારશને દહાડે ભૂખ્યા રહેનારાઓને હાસ્યપાત્ર ગણે છે. ૧૩ના આંકડાથી ભડકનારાઓ ને ઘોડાની નાળના શુકન લેનારાઓ, ગાયને શુકનરૂપ ને છીંકને અપશુકનરૂપ સમજનારને જંગલી જેવા માને છે. દારૂડિયો જેમ બીજાને પીધેલો ધારે છે, તેમ વહેમમાં પડેલો મનુષ્ય અન્યને વહેમી ધારે છે.

દરેક જાતિ, રાષ્ટ્ર અને વર્ગને પોતપોતાના વિશિષ્ટ વહેમો હોય છે. તે ઉપરાંત દરેક વ્યક્તિને પણ પોતાના વિલક્ષણ ને સ્વતંત્ર વહેમો હોય છે. અમુક હોલ્ડરથી પરીક્ષામાં લખું તો જ હું પાસ થાઉં, એમ એક કાળે હું માનતો. મારા એક સગાને એવો વહેમ છે કે પાણીના સાત ઘૂંટડા એ પીએ તો જ એનાથી તેમની તરસ મટે. એક વિદ્વાન અધ્યાપક ઓરડામાં દાખલ થતાં પહેલાં ઊમરા આગળ ત્રણ વાર ડાબો પગ ધીરેથી ઠોકે છે. એક ધનાઢ્ય વેપારી મુંબઈની ગંદી ચાલમાં મહામહેનતે સમાસ કરી શકાય એવી એક ઓરડીમાં રહે છે; એમાં રહીશ તો જ કમાઈશ એવો એને વહેમ છે. એક દેશસેવક જેટજેટલા દાદર ચડે છે તેનાં પગથિયાં ગણે છે. ગણવાં કદાચ રહી જાય તો ફરી નીચે ઊતરીને ગણે છે. એમાં કંઈ ભૂલ થાય તો પોતે કેદમાં જાય એવો એમનો વહેમ છે. મારા એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખીતા એમ માને છે કે જમ્યા પછી તરત ઓડકાર ન આવે તો જરૂર અપચો થાય. આથી જમીને તરત એઓ તાણીતાણીને ખોટા પણ ઓડકાર ખાય છે. આવાં તો અસંખ્ય ઉદાહરણ આપી શકાય.

ઈશ્વર છે અથવા ઈશ્વર નથી એ સિદ્ધ કરવું અશક્યવત્ છે, તે જ પ્રમાણે આ બધા વહેમો ખરા છે અથવા ખોટા છે એવી નિશ્ચયાત્મક પ્રતીતિ કરાવવી બહુ કઠિન છે. જે દલીલ વડે આપણે ધારીએ છીએ કે આપણે વહેમનું ખંડન કરીએ છીએ, તે જ દલીલ વડે એ વહેમ ધરાવનાર વ્યક્તિ પોતાના વહેમનું સમર્થન કરે છે. અમારા ગોરને એક વખત ખાસ કામને અંગે કોઈકને મળવા બહાર જવું હતું. જવાને એઓ ઊઠ્યા. એટલામાં મને છીંક આવી એટલે એ પાછા બેસી ગયા. મેં કહ્યું, "તમને મોડું થાય છે."

એમણે જવાબ દીધો, "હમણાં જઈશ તો નહિ મળે, તમને છીંક થઈ છે."

મેં જવાબ દીધો, "હમણાં નહિ જાઓ ને મોડું થશે તો કદાચ નહિ મળે!" થોડી વાર થોભીને એઓ ગયા. જેને મળવા ગયા હતા તે એમની વાટ જોઈ આખરે ઘર બહાર ચાલ્યો ગયો હતો.

એ પાછા ફર્યા ત્યારે મેં કહ્યું, "જોયું, છીંકને લીધે તમે થોભ્યા તેમાં તમારું કામ થયું નહિ. છીંકની દરકાર કર્યા વગર તમે ગયા હોત તો મળતે."

એણે ઉત્તર વાળ્યો, "તમે છીંક ખાધી એટલે જ મને થયું કે હવે કામ થવાનું નહિ! નહિ તો હું જવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભો થાઉં અને તરત તમને છીંક કેમ આવે? હું તો જાણતો જ હતો કે હવે આજે વહેલોમોડો ગમે ત્યારે જઈશ તોયે મેળાપ નહિ થાય. જોયું? હવે ખાતરી થઈ કે છીંકના અપશુકન માનીએ છીએ તે ખરું છે?"

એક વાર હું મારા મિત્રને ત્યાં ગયો હતો. ઉતાવળમાં જોડા કાઢતાં એક જોડો ઊંધો થઈ ગયો. મારા મિત્રે કહ્યું: "જોડો સીધો કરો, નહિ તો આપણી વચ્ચે વઢવાડ થશે."

મેં કહ્યું, "જોડો ઊંધો થઈ ગયો, પણ કંઈ આપણા બેમાંથી એકેનું મગજ ઊંધું નથી થઈ ગયું ને? લડાઈ શાની થાય?"

"થાય જ; જોડો ઊંધો હોય તો બે જણ વચ્ચે લડાઈ જામે એવો નિયમ છે."

"પણ હું લડવા નથી આવ્યો, મળવા આવ્યો છું."

"માટે જ કહું છું કે જોડો સીધો કરી દો."

"હું કંઈ એવો વહેમબહેમ નથી માનતો," કહીને હું જઈને હીંચકા પર જઈ બેઠો.

"જુઓ, તમને ફરી કહું છું કે જોડો બરાબર કરો, નહિ તો લડાઈ થશે."

"અરે ભાઈ! નહિ થાય."

"થશે!"

"નહિ થાય!"

"કહું છું કે થશે!"

"કહું છું કે નહિ થાય!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'થશે!' 'નહિ થાય!' એ શબ્દો પરથી અમે વધારે સૂચક અર્થવાળા શબ્દો પર ઊતરી પડ્યા અને આખરે અમારા વચ્ચે ભારે શબ્દયુદ્ધ – શારીરિક યુદ્ધની સીમાને સ્પર્શે એવું થયું!

"જુઓ, આ જોડા તમે ઊંધો મૂક્યો તેથી આપણી વચ્ચે લડાઈ થઈ કે નહિ?" મારા મિત્રે કહ્યું.

"ના, જોડાને લીધે નથી થઈ!" મેં ખિજવાઈને કહ્યું.

"જોડાને લીધે જ થઈ છે!" મારા મિત્રે મારા કરતાં વધારે કોપાવિષ્ટ થઈને કહ્યું, અને હોલવાયેલી આગના ફરી તણખા પ્રસરવા માંડ્યા. અંતે યુદ્ધ શમાવવાને ખાતર જોડા સીધો કરી થોડીક ક્ષણ થોભી હું ઘેર પાછો ફર્યો.

એક લેખક એકાદા લેખને માટે શબ્દો શોધવાનાં ફાંફાં મારી રહ્યા હતા. એટલામાં એમની નજર એમનાં પત્નીએ ખૂણામાં ઊભી મૂકેલી સાવરણી પર પડી. એમણે હોલ્ડર પછાડી એકદમ ઊભા થઈ પોતાની પત્નીને સંબોધી ગર્જના કરી, "મૂર્ખી! આ સાવરણી ઊભી કેમ મૂકી? લડાઈ કરવી છે તારે?"

મંદ અવાજે પત્નીએ ટહુકો કર્યો: "બળ્યું, ભૂલી ગઈ."

"તારા બાપનું કપાળ ભૂલી ગઈ!"

"આમ શું બરાડો પાડો છો?"

"બરાડો! બરાડો! અરે હું તો એવી બૂમ પાડીશ કે તું બેભાન થઈ જશે!"

"જરા ધીમે બોલોની! કોઈ સાંભળશે."

"કોઈનો બાપ સાંભળે તેની મને પરવા નથી, સમજી?" પ્રચંડ અવાજે એઓ ગરજી ઊઠ્યા, અને થોડી વાર પરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દો માટેની નિષ્ફળ શોધનો ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે બદલો મળતો હોય તેમ એમના મુખમાંથી સબળ ને તીક્ષ્ણ શબ્દોની અવિરામ ધારા વર્ષી રહી. થોડી વારે કંઈ સ્વાસ્થ્ય આવ્યા પછી જરા નરમ પડી બોલ્યા: "જોયું, આ સાવરણી ઊભી મૂકી તેનું પરિણામ? હવે ફરીથી એમ ન કરતી."

પરંતુ આ બધા પારાયણ પરથી કોઈ એમ ધારે કે હું લોકોના વહેમ દૂર કરવા માગું છું, તો એ એનો વહેમ છે. હું મારા પોતાના વહેમ દૂર કરી શકતો નથી, તો બીજાના તો ક્યાંથી જ કરી શકું? ઘણા વખતથી મારા મનમાં એક વહેમ પેસી ગયો છે કે હું મારા અમુક મિત્રની કોઈ પણ વસ્તુને છેડું છું એટલે એ વસ્તુ તદ્દન બગડી જાય છે. હું એની ઘડિયાળ જોવા લઉં તો તે મારા હાથમાંથી પડી જાય ને એની આખી મશીનરી રદ્દ થઈ જાય; એની ટોપી વચમાં પડી હોય ને તેને ઊંચી મૂકવા લઉં તો તે મરડાઈ જાય; એની ચોપડી વાંચવા લઉં તો કાં તો તે ફાટી જાય કે કાં તો ખોવાઈ જાય. આવા કેટલાક દાખલાઓ બન્યા છે, અને તેથી હવે હું એની કોઈ પણ વસ્તુને સ્પર્શ કરતાં ગભરાઉં છું ને ગભરાઈને સ્પર્શ કરું છું તેથી તે ક્વચિત્ બગડી પણ જાય છે. હું જાણું છું કે હંમેશ કંઈ આમ થતું નથી. છતાં એ વહેમ મારા મગજ-માંથી જતો જ નથી.

પણ મેં મારાં અનેકાનેક લખાણોમાંથી એકાદ લેખમાં કહ્યું છે અથવા હું કહેવાનો છું તેમ વહેમ વિષે બહુ વિચાર કરવો એ પણ વહેમ જ છે. એટલે હવે આટલેથી જ બસ કરવું યોગ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંશત – કંઈક અંશે, થોડાવત્તા પ્રમાણમાં. **પ્રતીતિ** – ખાતરી, વિશ્વાસ, પતીજ. **વ્યાપ્તિ** – વિસ્તાર, પસારો, વ્યાપક નિયમ કે માન્યતા. **પગદંડો** – સત્તા, અમલ, બળજબરીથી નિવાસ કરી રહેવું તે. **પ્રલાપ** – બડબડાટ, અર્થ વગરનું બોલવું તે. **હિમાયત** – તરફેણ, પક્ષ, પ્રચાર. **હંગર-સ્ટ્રાઈક** – hunger-strike. ભૂખ-હડતાળ; વિરોધ કે અણગમો દર્શાવવા ઉપવાસ કરવા તે. **વિલક્ષણ** – વિચિત્ર. **પારાયણ** – કંટાળો ઉપજાવે તેવું લાંબું વિવેચન.

૧. વહેમની સર્વવ્યાપકતા વિષે લેખક શું કહે છે?

૨. 'આપણામાં હોય ત્યારે પ્રતીતિ ને અન્યમાં હોય ત્યારે વહેમ'— લેખકનું આ કથન વિસ્તારપૂર્વક સમજાવો.

૩. વહેમ ક્યાં ક્યાંથી આવે છે? બીજાના વહેમ તરફ બધા કઈ દૃષ્ટિથી જુએ છે?

૪. વહેમ ખરો છે કે ખોટો, એની ખાતરી કરાવવી શા માટે અઘરી છે?

૫. બે ત્રણ જાણીતા વહેમનાં દૃષ્ટાંત આપો. તમે કોઈ વહેમમાં માનો છો?

૬. 'ધર્માંધતા' અથવા 'આળસ'—એ વિષય પર ત્રણ ચાર ફકરા લખો.

કીકુભાઈ રતનજી દેસાઈ

[જન્મ ઈ. સ. ૧૮૯૮માં સુરત જિલ્લાના ભદેલી ગામમાં. ૧૯૨૧માં અસહકારની પહેલી ચળવળમાં જોડાયા. થોડો વખત ગૂજરાત વિદ્યાપીઠમાં રાજકારણના અધ્યાપક તરીકે એમણે કામ કર્યું. હાલમાં અમદાવાદના મ્યુનિસિપલ પુસ્તકાલયના વ્યવસ્થાપક તરીકે કામ કરે છે. પણ હવે ગુજરાત યુનિવર્સિટીમાં ગ્રંથપાલ નિમાયા છે. 'ખોવાયેલા તારા' એ દેશપરદેશની સુંદર વાર્તાઓના અનુવાદનો સંગ્રહ છે અને તે શ્રી કીકુભાઈની સફળ અને સરસ અનુવાદકલાનો ખ્યાલ આપે છે. પ્રસ્તુત વાર્તા નૉર્વેની એક વાર્તાનો અનુવાદ છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમરાજ અને વૈદરાજ

એક છોકરો હતો. તે એક ફડિયાને ત્યાં લાંબા વખતથી નોકરી કરતો હતો. આ ફડિયો એટલો તો સરસ દારૂ ગાળતો હતો કે આખી દુનિયામાં એને ત્યાંના જેવો દારૂ બીજે ક્યાંય મળતો ન હતો. એટલે જ્યારે પેલા છોકરાએ એની નોકરી છોડી દીધી, ત્યારે પગારમાં પૈસા લેવાને બદલે એક નાનુંસરખું પીપ ભરીને દારૂ જ લીધો. આ પીપ લઈને તે ચાલી નીકળ્યો. પણ રસ્તે ચાલતાં ચાલતાં પીપ ભારે ને ભારે લાગવા માંડ્યું, એટલે એણે વિચાર કર્યો કે રસ્તામાં કોઈ મળી જાય તો સારું, કે જેથી તેની સાથે બેસીને દારૂ પીવાનું થાય તો દારૂ થોડો ઓછો થાય, અને પીપ પણ થોડું હલકું થાય. થોડુંક આગળ ચાલ્યો એટલે લાંબી દાઢીવાળો એક બુઢ્ઢો સામો મળ્યો.

"રામ રામ." બુઢ્ઢાએ કહ્યું.

છોકરાએ જવાબ આપ્યો: "રામ રામ."

બુઢ્ઢાએ પૂછ્યું: "કાંઈ ભારે વિચારમાં પડ્યો હોય એમ લાગે છે."

છોકરાએ જવાબ આપ્યો: "દારૂ પીવા માટે કોઈ સોબતીની રાહ જોઉં છું."

"તો હું શો ખોટો?" બુઢ્ઢાએ કહ્યું: "હું ખૂબ થાક્યો છું અને તરસ્યો પણ થયો છું."

"ખોટો તો કાંઈ નહિ, પણ તું ક્યાંથી આવે છે અને કોણ છે તે મને પહેલાં કહે."

"હું ઈશ્વર છું અને સ્વર્ગમાંથી આવું છું."

"તો તો હું તારી જોડે દારૂ ના પીઉં, કારણ કે તું આ દુનિયામાં માણસ માણસ વચ્ચે ખૂબ ભેદભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખે છે. કેટલાકને તું શ્રીમંત બનાવે છે અને કેટલાકને તદ્દન ગરીબ રાખે છે. એટલે હું તારી જોડે તો દારૂ નહિ જ પીઉં." આટલું કહીને છોકરો આગળ ચાલવા લાગ્યો.

થોડે દૂર ગયા પછી તો પીપ એટલું ભારે લાગવા માંડ્યું, કે એનાથી જરા પણ આગળ ચાલી શકાશે નહિ એમ તેને લાગ્યું. સાથે બેસીને દારૂ પીવા લાગે એવો કોઈ માણસ મળી જાય તો જ હવે આ હલકું થાય એવો વિચાર કરતાંની સાથે જ સામેથી ઝપાટાભેર આવતો એક કદરૂપો, કેડમાંથી વાંકો વળેલો બુઢ્ઢો તેની નજરે ચડ્યો.

બુઢ્ઢાએ કહ્યું: "રામ રામ."

"રામ રામ." છોકરાએ જવાબ આપ્યો.

બુઢ્ઢાએ પૂછ્યું: "શા વિચારમાં પડ્યો છે?"

"દારૂ પીવા માટે કોઈ સોબતી મળી જાય તેની રાહ જોઉં છું."

"તો હું શો ખોટો? હું થાક્યો છું અને તરસ્યો પણ થયો છું."

"ખોટો તો કાંઈ નહિ, પણ તું કોણ છે તે પહેલાં મને કહે."

હું સેતાન."

"છોકરાએ કહ્યું: "તું તો ગરીબ લોકોને રંજાડે છે અને દુનિયામાં જે કાંઈ દુઃખ છે તે બધું તારે લીધે જ છે, એમ બધા કહે છે. એટલે તારી જોડે હું દારૂ પી શકું નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી છોકરો આગળ ચાલવા માંડ્યો. દારૂનું પીપ ભારે ને ભારે થતું ગયું અને છોકરો હવે આતુરતાથી કોઈ દારૂ પીનાર સોબતી આવી ચડે એની રાહ જોવા લાગ્યો. જરાક આગળ ચાલ્યો એટલે તેણે સામેથી એક હાડપિંજર જેવા પાતળા ફિક્કા ડોસાને આવતો દીઠો.

"રામ રામ." ડોસાએ કહ્યું.

છોકરાએ જવાબ આપ્યો: "રામ રામ."

ડોસાએ પૂછ્યું: "કેમ, શો વિચાર કરે છે?"

સાથે બેસી દારૂ પીવા લાગે એવા કોઈની રાહ જોઉં છું. પીપ બહુ ભારે થઈ ગયું છે; થોડું હલકું થાય તો સારું!"

"તો હું શો ખોટો?"

"ખોટો તો કાંઈ નહિ, પણ તું કોણ છે તે પહેલાં કહે."

"હું જમરાજ છું."

"તું દોસ્ત ખરો. તારી જોડે હું જરૂર આનંદથી દારૂ પીવાનો. તું ભરોસાદાર અને પ્રામાણિક ખરો. ગરીબ તેમ જ તવંગર બધાને એક લાકડીએ હાંકનારો આ જગતમાં તું જ એક છે. તારી સાથે તો જરૂર દારૂ પીવાનો." આમ કહીને છોકરાએ પીપ નીચે મૂક્યું અને પ્યાલી ભરીને બન્નેએ દારૂ ગટગટાવ્યો. આવો સરસ દારૂ જમરાજે કદી પીધો જ ન હતો એટલે પ્યાલી પર પ્યાલી ઊડવા લાગી. દારૂ ઓછો થઈ ગયો, પીપ હલકું થયું.

છેવટે જમરાજે કહ્યું: "આટલો લહેજતદાર તેમ જ આટલી તાજગી આપનાર દારૂ મને કદી પીવા મળ્યો નથી. આના બદલામાં મારે તને શું આપવું તેની કાંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂઝ પડતી નથી." થોડોક વખત વિચાર કર્યા પછી તે બોલ્યો: "તને મારું વરદાન છે, કે આ પીપમાંનો દારૂ કદી ખૂટશે નહિ, અને એમાંનો દારૂ એવી તો દવા બની જશે, કે તે પીવાથી દરદી સાજો થઈ જશે; પણ તારે એક વાત ધ્યાનમાં રાખવી. તું જ્યારે દરદી પાસે જાય ત્યારે હું તને ત્યાં દેખા દઈશ. જો હું દરદીના પગ આગળ બેઠેલો હોઉં તો તારે સમજવું કે એક જ ઘૂંટડો દવા આપવાથી એ સાજો થઈ જશે; પણ જો હું માથા આગળ બેઠેલો હોઉં તો તારે સમજી જવું કે એ સારો થાય એમ છે જ નહિ, અને પછી તારે તેને દવા આપવી જ નહિ."

છોકરો તો થોડા વખતમાં પ્રખ્યાત થઈ ગયો. દેશ-દેશાવરથી તેને લોકો બોલાવતા, અને બધા વૈદ દાક્તરોએ જેમની આશા છોડી દીધી હોય તેવાઓને પણ એ સાજા કરવા લાગ્યો. દરદી પાસે જઈને પહેલાં તો એ, જમરાજ ક્યાં બેઠો છે તે જોઈ લેતો અને પછી દરદી બચશે કે કેમ તે કહેતો, અને એનું કહેવું કદી પણ ખોટું પડતું નહિ. એ ખૂબ પૈસાદાર પણ થયો. એક વખત દૂર દેશના કોઈ મહારાજાને ત્યાં એને જવાનું થયું. રાજકુંવરી માંદી હતી. રાજાએ એને કહ્યું: "જે જોઈએ તે લો, પણ કુંવરીને સારી કરો."

છોકરો જ્યારે રાજકુંવરીના ઓરડામાં આવ્યો, ત્યારે તેણે જમરાજને તેના માથા આગળ બેઠેલો જોયો. તે બેઠો બેઠો ઝોકાં ખાતો હતો. અને ઝોકું આવતું તેટલી વખત રાજકુંવરીને જરા સારું લાગતું. વૈદરાજે કહ્યું: "મને લાગે છે કે આમાં કાંઈ વળે એમ નથી."

[સા. રત્ન ભા. ૧-૧૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રાજાએ કહ્યું: "જોઈએ તો રાજપાટ લો, રાજકુંવરી લો, પણ એને સારી તો કરો જ."

વૈદરાજે જમરાજ તરફ જોયું અને જેવું તેણે ઝોકું ખાધું કે તરત જ રાજકુંવરીનો પલંગ ફેરવી નાખવાની નોકરોને ઇશારત કરી, અને જેવો પલંગ ફર્યો અને જમરાજ પગ આગળ થયો કે તરત જ દવાનો એક ઘૂંટડો કુંવરીને પાઈ દીધો. કુંવરી બચી ગઈ.

જમરાજે આંખ ઉઘાડી ત્યારે પોતે દરદીના પગ આગળ બેઠો છે એ જોઈને શું બન્યું હતું તે એ સમજી ગયો અને વૈદરાજને કહેવા લાગ્યો: "અલ્યા, તેં મને છેતર્યો! આજથી આપણી મૈત્રી તૂટી. રાજપાટ અને રાજકુંવરીના લોભે તેં મને છેતર્યો, પણ એ બંને તારે માટે કશા કામનાં નહિ રહે, કારણ કે હવે તારે મારી જોડે આવવું પડશે."

છોકરાએ જવાબ આપ્યો: "બનવા કાળ હશે તે બનશે. પણ તું મને ગીતાના બીજા અધ્યાયના પ્રાર્થનાના શ્લોકો તો વાંચી લેવા દેશે ને?"

જમરાજે શ્લોકો વાંચવાની રજા આપી. પણ આ ભાઈ તો શ્લોક વાંચે જ શેના! પહેલો અધ્યાય વાંચે, ત્રીજો અધ્યાય વાંચે, બીજા અધ્યાયના શરૂઆતના શ્લોકો વાંચે, પણ स्थितप्रज्ञस्य का भाषा....નો શ્લોક આવે કે તરત જ પાનાં ઉથલાવે. જમરાજને થયું કે આ તો આણે ફરી વાર છેતર્યો! ખૂબ વિચાર કરી આખરે જમરાજે એક યુક્તિ શોધી કાઢી. એક તખતી ઉપર સુંદર અક્ષરે આ શ્લોકો એણે લખ્યા, અને રાત્રે પેલા છોકરાને ઘેર જઈ એ સૂતો હતો ત્યાં એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગ આગળ બરાબર એની આંખ સામે દીવાલ પર એ તખતી ટાંગી. સવારમાં છોકરો જાગ્યો ત્યારે અર્ધા ઊંઘતાં, અર્ધા જાગતાં, તેની નજર પેલી તખતી પર પડી અને બધું વંચાઈ ગયું. શું થયું તેની પૂરી સમજ પડે, તે પહેલાં જમરાજે આવીને તેનો બરડો થાબડ્યો અને કહ્યું: "ચાલો ભાઈસાહેબ, શ્લોકો વંચાઈ રહ્યા."

—'ખોવાયેલા તારા'માંથી

ટિપ્પણ અને પ્રશ્નો

ફંડિયો—દારૂ ગાળનાર—બનાવનાર; ફંડ—દારૂ ગાળવાનું સ્થાન—ભઠ્ઠી. **તાજગી**—(ફા.) સ્ફૂર્તિ, તંદુરસ્તી.

૧. છોકરાને રસ્તે ચાલતાં કોણ કોણ મળ્યું? છોકરાને તે દરેકની સાથે શી વાતચીત થઈ?
૨. ઈશ્વર, સેતાન, જમરાજ—આ ત્રણ સંબંધી લેખકે છોકરાના મોઢામાં કયા વિચારો મૂક્યા છે? એમાં યથાર્થતા છે ખરી?
૩. વૈદરાજે જમરાજને છેતરીને રાજકુંવરીને કેવી રીતે બચાવી?
૪. જમરાજે વૈદરાજને થાપ આપવા માટે શો ઇલાજ લીધો?
૫. આ વાર્તાનું રહસ્ય સમજાવો.

યશવંત પંડ્યા

[રા. યશવંત સવાઈલાલ પંડ્યાનો જન્મ પચ્છેગામ (સૌરાષ્ટ્ર)માં ઈ. સ. ૧૯૦૬માં થયો હતો. ૧૯૩૪માં એમણે સુરતની એમ. ટી. બી. કૉલેજમાં અભ્યાસ કરી એમ. એ.ની પદવી મેળવી. એમણે નવી શૈલીમાં કેટલાંક સુંદર નાટકો લખ્યાં છે. મુંબઈથી તે 'શરદ' નામનું વાર્ષિક કાઢતા. હાલ તેઓ બૉમ્બે લાઈફ ઇન્સ્યોરન્સ કંપનીની દિલ્હીની શાખાના સંચાલક છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોળીનું નાળિયેર

નામ	ઓળખ	વય
નારદ	શેરીના ગોઠિયા	૧૩
કિરીટ	શેરીના ગોઠિયા	૧૨
બિંદુ	શેરીના ગોઠિયા	૧૨
હરબાલ	શેરીના ગોઠિયા	૧૦
ગોપાલદાસ	નગરશેઠ	૬૪
વસંતરાય	ફોજદાર	૩૪

-ચિત્ર પહેલું-

[શેરીને નાકે બે-ચાર છોકરાઓ ટોળે મળીને ઊભા છે. નારદના હાથમાં પિત્તળની પિચકારી છે. કિરીટની પાસે સીસમની લાકડી છે. બિંદુના હાથ ખાલી છે.]

નારદ — દોસ્તો ! આજે ખૂબ જ ગમ્મત ઉડાવવી છે.

કિરીટ — હા, ભાઈ, હા ! હું તો કહું છું કે ગમ્મત સિવાય આજે બીજું કાંઈ કરવું જ નથી.

બિંદુ — બરાબર. (મુઠીમાં રંગ લઈ) આજ જો સારી સામે કોઈ ગરબડ કરશે તો હું મોઢું જ રંગી નાખીશ.

કિરીટ — (હાથમાંની લાકડી પછાડી) અને હું તો માર્યા વિના નહિ મૂકું.

નારદ — ખરું કહ્યું. આજે તો આખા વરસનું વેર વાળવાનો લાગ છે. જેણે જેણે આપણને હેરાન કર્યા હોય, એમને જરૂર આપણું પાણી પણ ચખાડવું જોઈએ. કેમ કિરીટ ?

કિરીટ — બીજું શું ? (લાકડી બતાવી) આ લાવ્યો છું જ એટલા માટે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિંદુ — (ગંભીર થઈ) ચા....લે ત્યારે, એટલું નક્કી કરીએ કે કોનાં હાડકાં ખોખરાં થાય તો સારું.

[ત્રણે જણ વિચારવા લાગે છે. એવામાં નારદની નજર કિરીટની લાકડી પર પડે છે.]

નારદ — (આશ્ચર્યથી) પણ આ ધોકો કોનો ઉપાડ્યો છે?

કિરીટ — (ધીરજથી) જેનો છે એના જ ખરડામાં પછાડવાનું મને તો મન થાય છે.

બિંદુ — (હોંશભેર) પણ કોના ?

કિરીટ — (દયા ખાઈ) ગરીબ બિચારા નગરશેઠના! આપણા ઉપર એવો રોફ રાખ્યા કરે છે કે એમની ગાડી નીકળવાની હોય ત્યારે આપણાથી લખોટીએ રમાય નહિ, ગિલ્લીદંડે ખેલાય નહિ, પતંગના દોર પકડાય નહિ!

બિંદુ — અને શેઠ કંજૂસ પણ કેટલા છે? બૉલબૅટ રમતાં જો આપણો દડો એમની ઓસરીમાં ગયો તો ચોક્કસ શેઠાણી ઉપાડી લેવાનાં.

નારદ — (હસી) એમાં શેઠનો શો વાંક?

બિંદુ — કેમ નહિ? શેઠે જ શેઠાણીને શીખવ્યું હશે.

[ત્રણે મિત્રો માંહોમાંહ્ય હસે છે.]

નારદ — એ બધું તો સાચું. પણ આ સાલ આપણે લાકડાં, છાણાં, કમાડ, છત્રી, પાટલી, લાકડી, જે હાથ આવ્યું એ ઉપાડી લાવ્યા છીએ. અત્યારે તો ભલે એ સંતાડ્યું; પણ સાંજ પડશે એટલે તો બધું બહાર લાવવું પડશે ને?

બિંદુ — (નિરાંતે) તો લાવીશું.

નારદ — અને પછી કોઈ કાકા લાગમાં લેશે તો?

કિરીટ — હવે લીધાં લીધાં. આપણે વળી બીવાનું કેવું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિંદુ — (વળી ગંભીર બની) વા....રુ ત્યારે; પછી નગરશેઠ ઉપરાંત બીજા કોને લાગમાં લઈશું?

નારદ — ઠીક સંભાર્યું. મારો ઘણા ઘણા માટે વિચાર છે. (દિલગીરીથી) પણ કેટલાક તો આજે આપણું નામ સુધ્ધાં નહિ લેવાના. (હોશિયારીથી) સમજે ખરા ને કે શેરીમાં નીકળ્યા તો ખિસ્સાં ખલાસ થઈ જશે!

કિરીટ — સાચી વાત છે. છેલ્લા પા કલાકથી કોઈ ફરક્યું પણ છે?

[એ જ ઘડીએ ગુસ્સામાં રાતાપીળા થતા ગોપાલદાસ નગરશેઠ પ્રવેશે છે. મિજાજને અંગે પાઘડી ઊંચી પહેરાઈ છે, ખેસ જમીન સાથે ઘસડાય છે, ધોતિયું પગમાં ભરાતાં માંડ પડતાં બચે છે.]

નારદ, કિરીટ, બિંદુ — (કૂદતા, ખેલતા) હોળીનો પૈસો, હોળીનો પૈસો.

ગોપાલદાસ — અલ્યા છોકરાઓ, તમે ધાર્યું છે શું? પેલી કંકુ ડોશીએ મને ફરિયાદ કરી કે એનું ધોકણું લઈ લીધું છે. પેલો મારો ગુમાસ્તો મોહન કહે છે કે એના જોડા નથી જડતા. એટલું ઓછું હતું કે મારી એકની એક લાકડી ચોરી ગયા? (રોફથી) બોલો કોણે લીધી છે?

[પોતાની પાછળ લાકડી રાખી કિરીટ પાછે પગે દૂર જતો જાય છે.]

નારદ — (હિંમતથી) અમે કોઈએ નથી લીધી. (નમ્ર બની) નકામું આળ ન ચડાવો.

ગોપાલદાસ — (ડોકું ઊંચું-નીચું કરી) હું તમને બધાને ઓળખું છું. તમે ચોરી ન હોય તો જાય ક્યાં?

બિંદુ — (શાંતિથી) તમે અમને બીજું બધું કહેજો, પણ ચોર ન કહેશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોપાલદાસ — શું કામ ન કહું? સાત વાર ચોર-લૂંટારા-બહારવટિયા! કહેવાનો-કહેવાનો-કહેવાનો!

[નારદ અને બિંદુ બેપરવાઈથી સાંભળે છે; દરમિયાન કિરીટ પણ લાકડી સંતાડીને પાછો આવી પહોંચે છે.]

ગોપાલદાસ — અને ઉપરાંત હવે તો હું તમારા મગજની રાઈ પણ કાઢી નાખવાનો છું. બપોર સુધીમાં જો મને મારી લાકડી પાછી નહિ મળે તો તમારે માથે મોત ભમે છે એમ સમજજો.

બિંદુ — (હળવેથી) એટલે શું તમે અમારું ખૂન કરવાના છો એમ? તો પછી તમને ફોજદાર ફાંસીએ ચઢાવશે તેનું કેમ?

ગોપાલદાસ — (બિંદુનો હાથ પકડી) આમ આવ, લુચ્ચા! બોલતાં લાજતો નથી? તને વસંતરાય પાસે પકડાવું નહિ તો મારું નામ નગરશેઠ ગોપાલદાસ નહિ.

નારદ — (ઝોટપથી) જવા દો. છોકરું છે. (હાથ પહોળા કરી) ને તમે તો આખા નગરના શેઠ છો.

[બિંદુનો હાથ છોડી ગોપાલદાસ નારદ તરફ ફરે છે. ગુસ્સામાં એમના હોઠ ફફડે છે; પણ એ કંઈ બોલે એ અગાઉ કિરીટ માથું મારે છે.]

કિરીટ — (લાડમાં) એટલે નગરશેઠ, તમારે તો અમને પૈસા-આના-રૂપિયા આપવા જોઈએ.

ગોપાલદાસ — (કરડી આંખે) બધું મળશે. વસંતરાય-કાકા પાસે માગજો.

બિંદુ — (આસ્તે રહી) ત્યારે તમે કશું નહિ પરખાવો? સવારના પહોરમાં તમારા મોહન જેવાએ પણ બે પૈસા આપ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોપાલદાસ — (લાગ જોઈ હસતાં) ઓ હો હો હો! ત્યારે કહેતા શું નથી? મેં જ એને કહ્યું હતું કે મારા પૈસાની તમને ઓળખાણ કરાવે, એટલે આખા દિવસમાં તમને ઢગલાબંધ કમાણી થાય.

[ગોપાલદાસ બીજી બાજુ ફરીને છોકરાંને છેતર્યાના ગર્વથી છીંકણી સૂંઘે છે.]

નારદ — (કિરીટને અને બિંદુને ધીરેથી) તોપ સારે છે!

કિરીટ — (ધીમા અવાજે) એમ જ. આપણે પણ એને પૂરા પડવું જોઈએ કેમ બિંદુ?

[બિંદુ શાંત સૂચનથી એની હા ભણે છે. પછી ગોપાલદાસ નજીક જઈ મોટો ખૂંખારો ખાય છે.]

ગોપાલદાસ — કેમ અલ્યા?

બિંદુ — (ગજવામાંથી ઢબ્બુ કાઢી) શેઠ, આ આપનો ઢબ્બુ પાછો લ્યો.

ગોપાલદાસ — (ઊંડી આંખે) કેમ?

બિંદુ — કારણ કે એ એકદમ અપશુકનિયાળ લાગે છે. એ આવ્યા પછી અમને પાઈની પેદાશ નથી થઈ. કેમ શેઠ? આ તમારો જ ઢબ્બુ છે ને?

નારદ — (બિંદુના હાથમાંથી ઢબ્બુ લઈ તપાસ્યા પછી) અરે! બીજા કોઈનો નહિ હોય. જોને, ૧૮૭૮માં તો એનો જન્મ છે! કહોને કે લગભગ શેઠની ઉંમરનો!

કિરીટ — (સહેજ આસ્તેથી) અને લગભગ સરખી જ અક્કલનો!

[ગોપાલદાસ એક-બે શબ્દ સાંભળી જાય છે.]

ગોપાલદાસ — (ધૂંઆપૂંઆ થઈ) જોઈ લેજો. હવે તો હું વસંતરાયને બોલાવ્યા વિના રહેવાનો નથી. જોઉં છું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

તમે કેવીક હોળી પ્રગટાવો છો ! (આંગળાં બતાવી) ત્રણે બદમાસોને આજે ભેડી પડશે. તૈયાર રહેજો. ગધેડાઓ !

[પીઠ ફેરવી ગોપાલદાસ જવા માંડે છે.]

નારદ — (ગુસ્સો દાબી) ડોસે ગાળ દીધી !

કિરીટ — (તુરત) તો પછી આ પિચકારી છે કોના માટે ?

બિંદુ — (હળવા હુકમથી) ચલાવ મારો !

[તત્કાલ નારદ ગોપાલદાસને લાલ રંગી નાખે છે. એમાંથી એ સ્વસ્થ થાય એ અગાઉ તો ટોળી રફુચક્કર થઈ ગઈ હોય છે.]

-ચિત્ર બીજું-

[પોતાની વાંચવાની ઓરડીમાં ઊંધું ઘાલી હરબાલ કંઈક વાંચી રહ્યો છે. એક બાજુ પાટી-પેન છે, બીજી બાજુ ખડિયો-કલમ છે; સામે થોડીક ચોપડીઓ પડી છે. જરા વાર એ ચોપડીનું એક પાનું ઉઘાડું રાખી પાટી પર અંદરની રકમ ઉતારવા લાગે છે.]

હરબાલ — એક રૂપિયો, પંદર આના, અગિયાર પાઈને આણપાણના રૂપમાં લખો.

[હરબાલ પહેલાં વિચારની મહેનત કરે છે. એમ ન ફાવતાં મૂંઝાય છે.]

હરબાલ — (મનને) લાવ, જવાબ જોઈ લઉં.

(પાટી બાજુએ મૂકી એ અંકગણિતનાં છેલ્લાં પાનાં ઉથલાવે છે. ધીમે પગલે પાછળથી નારદ, કિરીટ અને બિંદુ દાખલ થાય છે.]

હરબાલ — (જવાબ જોઈ) બરાબર, હું એ જ ધારતો હતો.

નારદ — (હરબાલ પાસે જઈ) હેં ! શું ધારતો હતો ?

કિરીટ — (આગળ આવી) જવા દો એને, વેદિયો છે.

હરબાલ — (મોં ઊતરી જતાં) મેં એક દાખલાનો જવાબ જોયો એટલે હું વેદિયો થઈ ગયો ? તમે તો જાણે....

બિંદુ — (વચ્ચે પડી) ના; અમે કોઈ દિવસ એવી ચોરી નથી કરતા. તારી માફક અમે ઘેર વખત બગાડતા હોઈએ તો એ વારો આવે ને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિરીટ — એમ જ હરબાલ, તું અમારો દોસ્ત થઈ આમ ઘરમાં બેસી રહે છે એટલે અમારે તને વેદિયો કહેવો પડે છે.

[હરબાલ શરમને લીધે બોલી પણ શકતો નથી.]

નારદ — (બહે ધીમે ધબ્બો મારી) હરબાલ, એમ ઝંખવાણો ન પડ. તને ગાળો દેવા અમે અહીં નથી આવ્યા.

હરબાલ — ત્યારે ?

બિંદુ — ધીરજ આપવા. આજે સવારે આપણી શેરીમાં શું શું થયું, કેવી કેવી ગમ્મત જામી, કેટલા કેટલા રંગાઈ ગયા, એ સઘળું અમે તને કહી સંભળાવવાના છીએ.

હરબાલ — (હોંશથી) એમ ?

કિરીટ — વાહ ! આજે જો તું ત્યાં હાજર હોત તો લોકો અમારી ચાલાકીનાં-બહાદુરીનાં કેવાં ભારે વખાણ કરતા હતા, તે તું તારી જાતે જોત.

બિંદુ — પણ પેલી નગરશેઠની દીકરી ચંદન ! શી વાત કરું ? કંઈ નહિ, ને શેઠની લાકડી આપી ગઈ !

નારદ-કિરીટ — જબરી છોકરી !

બિંદુ — અને એ ટાણે પેલી સુમન શું બોલી હતી તે તમે સાંભળ્યું હતું કે ?

નારદ-કિરીટ — ના.

હરબાલ — (આનંદથી) શું બોલી હતી ?

બિંદુ — (ગંભીર થઈ) હરબાલ, ખોટું ન લગાડીશ. એણે એમ કહ્યું કે આપણી આખી શેરીમાં કોઈયે નમાલો છોકરો હોય તો એક હરબાલ છે.

[હરબાલના મોં પર ગસગીની ફેલાય છે.]

નારદ — (હાથ પકડી) દોસ્ત હરબાલ, એમ રડવા જેવો ન થઈ જા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

હરબાલ — (આંખમાં આવેલાં આંસુ લૂછતાં) પણ એમાં હું શું કરું ? મારે તો ઘણું આવવું હતું. પણ મારા બાપા કહે કે 'ખબરદાર છે ઘર બહાર પગ મૂક્યો તો !' બાને પૂછ્યું તો કહે કે 'કપડાં રંગાશે તો ખાવા નહિ આપું !' (હરબાલ ગળગળો બને છે.)

નારદ — (હિંમત દેતો હોય તેમ) જા રે જા, નકામો બી ગયો. બધાનાં માબાપ એવું બોલે છે.

બિંદુ — (તરત) પણ કોઈ કરે છે ?

કિરીટ — (ભપકાથી) કર્યાં હવે. આજે સવારમાં મારી માએ મને કહ્યું હતું કે 'તું પાઠ તૈયાર નહિ કરે તો તને દોરડે બાંધીશ.' તોયે મેં પાઠ ન કર્યા.

હરબાલ — અને પછી ?

કિરીટ — પછી શું ? ખાવા વખત થયો એટલે એની ગરજે જમવા તેડી ગઈ.

બિંદુ — (સમજાવ્યા જેમ) જો હરબાલ, રજામાં તો રમવાનું હોય કે વાંચવાનું ?

[હરબાલ વધારે નવાઈ પામે છે.]

નારદ — બસ, વાતો કરી વખત નથી બગાડવો. ભાઈ હરબાલ, હવે અમે અહીં કેમ આવ્યા છીએ તે કહીએ. (વિરામ લઈ) સુમનના શબ્દથી અમને બહુ લાગી આવ્યું છે. (રુઆબથી) અલ્યા ! તને નમાલો કહેનાર વળી એ કોણ ?

હરબાલ — (લાચારીથી) પણ હું ઘરમાં સંતાઈ રહું પછી...

નારદ — (અવાજભેર) તેથી શું ? જો દોસ્ત ! આજે અમે નક્કી કર્યું છે કે આપણી આખી શેરીને અમારે પુરવાર કરી આપવું કે અમારા બધામાં બહાદુર હરબાલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરબાલ — (બીકણ જેમ) પણ એ માનશે કોણ?

કિરીટ — કરી દેખાડશું તોય નહિ માને?

બિંદુ — અરે! પછી તો એમને માન્યા વિના છૂટકો નથી.

હરબાલ — પણ કઈ રીતે?

નારદ — (ચપટી વગાડી) તદ્દન સહેલી રીત છે. (પટાવતો હોય તેમ) અમે આજે ઘણું એકઠું કર્યું છે. ગામમાં પણ એની ખબર પડી છે. એટલે વસંતરાય ફોજદાર સાહેબ જેવા ઉપરી લોકો પણ આપણી હોળી માતાનાં દર્શન કરવા આવવાના છે. નગરશેઠ તો ખરા જ જાણે!

હરબાલ — (ડરતો) પછી એમની લાકડી પાછી નહિ માગે?

કિરીટ — તો કહીશું કે લીધી છે જ કોણે?

બિંદુ — હં....લીધી હોય એમને પૂછો! અમને શું?

નારદ — હરબાલ, ભાઈ, એ ટાણે અમે હોળીની આસપાસ ઊભા રહીએ અને તું એને ચેતવ તો...........

કિરીટ-બિંદુ — બધા કહે કે શાબાશ, હરબાલ!

[હરબાલને લાલચ લાગે છે.]

નારદ — ખરું ને હરબાલ?

હરબાલ — પણ બાપા જાણી જશે તો....

બિંદુ — (ઠંડકથી) તદ્દન ડરપોક! એ જમવા બેસે ત્યારે આવી જજે.

હરબાલ — પણ કપડાં બગડશે તો મારી બા . . .

કિરીટ — (શાંતિ સાચવી) મારો ઝભ્ભો પહેરવા આપીશ. પછી કાંઈ? (હરબાલ કાંઈ કહેતો નથી.)

નારદ — (હરબાલની સામે હસી, શાબાશી આપતાં) કેમ બધું કબૂલ ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરબાલ — (હોંશ અને હામથી) ચોક્કસ – ચોક્કસ.

[નારદ, કિરીટ અને બિંદુ આનંદથી પાછા ફરે છે. હરબાલ પાટી, પેન, ચોપડી વગેરે ઉશેટી ઓરડી બહાર ચાલ્યો જાય છે.]

-ચિત્ર ત્રીજું -

[શેરી વચ્ચોવચ્ચ હોળીની તૈયારી થઈ છે. સૌ અતિશય ઉમંગમાં છે. હરબાલ ચૂપકીદી અને ચતુરાઈથી દીવાસળી ચેતાવવામાં મશગૂલ છે.]

નારદ
કિરીટ } હોળીમાતા જયબે! હોળી માતા વંદે!
બિંદુ

[ગોપાલદાસ અને વસંતરાયને આવતા જોતાં, નારદ, કિરીટ અને બિંદુ હળવે હળવે દૂર જતા રહે છે. પણ પછી નગરશેઠ અને ફોજદાર આવી પહોંચે છે.]

ગોપાલદાસ — (ક્રોધથી ધ્રૂજતા જતા) જુઓ; ફોજદાર સાહેબ, આ પેલા કિરીટિયાએ મારી લાકડી ચોરી છે એવું મારો સોહનો કહે છે. (આમતેમ ફરી) અને પેલો નારદિયો ક્યાં ગયો? હરામીએ મારાં ધોબી કને ધોવરાવેલાં કપડાં રંગી નાખ્યાં હતાં. સાહેબ, એ તો હું પોતે કહું છું. (હરબાલ પાસે પહોંચી, બરડામાં જોરથી ધબ્બો મારી ગોપાલદાસ એનો હાથ ખેંચે છે. પણ એ પહેલાં હોળી પ્રગટાઈ ચૂકી છે.)

ગોપાલદાસ — કેમ કિરીટિયા?

[ગોપાલદાસ અને હરબાલ સામસામું ટગર ટગર તાકી રહે છે.]

વસંતરાય — (હસી લઈ) આ તો આપણા શંકરભાઈનો હરબાલ! બાપડો તદ્દન મૂંગો છોકરો છે. (જરા ચિડાઈને) નગરશેઠ, તમે પણ કેવા માણસ છો? આ બચ્ચાંના રંગમાં ભંગ કરવા મને નોતર્યો હતો? (મૂછ મરડી) મારા મહેરબાન, થોડાં વર્ષ પહેલાં હુંયે એવું ખેલતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોપાલદાસ — પણ સાહેબ . . .

વસંતરાય — મારે નથી સાંભળવું. (કરડાઈથી) મને એમ કે કાંઈ માલપાણી મળે એવું હશે.

[વસંતરાય જતા રહે છે. ગોપાલદાસ ડાફાં મારે છે. હરબાલ ઓઘો બન્યો છે.]

નારદ–કિરીટ–બિંદુ—

હાં રે લાલ! હોળીનો પૈસો ગોપાલદાસ.
લંકાની હોળી બળે જો હનુમાન પૂછડે લાહ્ય;
તો રામ રાજપાટ ભોગવે ને રાવણ ખત્તા ખાય;
હાં રે લાલ! હરબાલ હોળીનું નાળિયેર;
શેરીમાં હોળી બળે જો હરબાલ ધબ્બા ખાય,
તો બાળકને મીઠી મઝા ને નગરશેઠને લાહ્ય;
હાં રે લાલ! હોળીનો ઢબ્બુ ગોપાલદાસ.

પ્રશ્નો

૧. આ નાટકનું નામ 'હોળીનું નાળિયેર' શા માટે રાખવામાં આવ્યું છે એ સમજાવો.
૨. આ નાટક વાંચ્યા પછી હોળીનાં તોફાન વિષે તમારો કેવો અભિપ્રાય બંધાય છે?
૩. 'વસંતોત્સવ' વિષે વીસેક લીટીનો નિબંધ લખો.
૪. નીચેના શબ્દપ્રયોગ બરાબર સમજાવો:
પાણી ચખાડવું, હાડકાં ખોખરાં થવાં, રાતાપીળા થવું, આળ ચઢાવવું, મગજની રાઈ કાઢી નાખવી, તોપ મારવી, માથે મોત ભમવું, ધૂંઆ-પૂંઆ થવું.
૫. નગરશેઠના અથવા હરબાલના પાત્રનું આલેખન તમારા શબ્દોમાં કરો.
૬. હોળીના તહેવાર વિષે હકીકત એકઠી કરો; અને એ તહેવાર ઊજવવાની સાચી રીત કઈ હોઈ શકે એ વિષે તમારા વિચાર દર્શાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતિમ યાત્રા

[શુક્રવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮ની સાંજે સવાપાંચ વાગ્યે, દિલ્હીના બિરલાભવનના ચોગાનમાં, પ્રાર્થના કરવા જતા ગાંધીજી પર, નથ્થુરામ ગોડસે નામના એક માર્ગભૂલ્યા, ધર્માંધ ઝનૂની માણસે ત્રણ ગોળી છોડી, સ્વતંત્ર ભારતના સર્જક ગાંધીજીની હત્યા કરી. આ સમાચાર સાંભળી સમસ્ત જગત સ્તબ્ધ બની ગયું. બીજે દિવસે ગાંધીજીની જે વિરાટ સ્મશાનયાત્રા નીકળી તે પ્રસંગનું વર્ણન અહીં આપ્યું છે. જુદાં જુદાં વર્તમાનપત્રોમાં એ પ્રસંગના જે અહેવાલો પ્રગટ થયા હતા તેના આધારે આ લેખ તૈયાર થયો છે. વચ્ચે વચ્ચે સંપાદકે લોકહૃદયની લાગણી ને ભાવના દર્શાવતા ઉદ્ગારો મૂકી આ વર્ણનને વિશેષ કરુણ, હૃદયસ્પર્શી અને વાસ્તવિક બનાવ્યું છે. હિંદના લોકહૃદયમાં ગાંધીજીએ પોતાના ભવ્ય જીવન અને ગૌરવભર્યા મૃત્યુથી જે અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે તેનો પણ થોડો ખ્યાલ આ વર્ણન વાંચવાથી આવી શકશે.]

શનિવારનું પરોઢ ઊગ્યું ત્યારે ક્યાંય ઉષઃકાળની પ્રસન્નતા ન હતી. પ્રકાશ પથરાયો હતો છતાં જાણે ચોપાસ ઘોર અંધકાર હોય એમ મનમાં થતું હતું. કરોડો માનવીઓ આજે એક જ લાગણી અનુભવતાં હતાં. સમસ્ત આભમાંથી જાણે વિષાદ નીતરી રહ્યો હતો. રાષ્ટ્રપિતાના દેહવિલયને બાર કલાક વીતી ગયા હતા. તોય લોકહૃદયની સ્તબ્ધતા હજી જરાયે ઓસરી ન હતી. હૃદયમાં ભરાયેલો ડૂમો હજુ છૂટતો ન હતો.

આ પુણ્યશ્લોક પુરુષની છેલ્લી ઝાંખી કરી કૃતાર્થ થવા, દૂર દૂરનાં ગામોમાંથી લાખો સ્ત્રી, પુરુષ અને બાળકો આખી રાતની મજલ વેઠી દિલ્હી આવી પહોંચ્યાં હતાં. શહેરમાં ઠેરઠેર હજારો રાષ્ટ્રધ્વજો અરધી કાઠીએ ફરકી ભારતના એ ભાગ્યવિધાતાને છેલ્લી વિદાય આપી રહ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિરલાભવનમાં અંતિમ યાત્રાની તૈયારી ચાલતી હતી અને હજારો માનવીઓ બાપુના નશ્વર દેહનાં અંતિમ દર્શન કરવા ધીમે પગલે, આંસુ ગળતી આંખે ને રડતે હૃદયે ઓરડા આગળથી કતારબંધ પસાર થઈ રહ્યાં હતાં.

હજારો નાગરિકો, પરદેશી એલચી ખાતાના સભ્યો અને પરદેશોના પ્રતિનિધિઓ બાપુને અંતિમ અંજલિ આપવા પુષ્પહાર લઈ આવી રહ્યા હતા. બાપુના દેહને સફેદ વસ્ત્રે ઢાંક્યો હતો. પરંતુ રાષ્ટ્રપિતાનાં દર્શન સહુ કોઈ કરી શકે એ માટે પેટ સુધી જ એ આચ્છાદન રખાયું હતું. સૌમ્ય અને તેજસ્વી મુખમુદ્રા સાથે અનંત નિદ્રામાં પોઢેલા બાપુના ભવ્ય લલાટ પર ચંદનનો લેપ કર્યો હતો;



ગળામાં સૂતરહાર અને ફૂલ અને રુદ્રાક્ષની માળાઓ હતાં. છાતીના મધ્ય ભાગમાં, એક સુંદર ગુલાબ પં. નેહરુએ મૂક્યું હતું. ઓશીકા ઉપર ટેકવેલું રાષ્ટ્રપિતાનું મસ્તક એમની વિરાટ ભવ્યતાનાં દર્શન કરાવતા પ્રતાપી અને તેજસ્વી મુખ ઉપર જ બધાની દૃષ્ટિ ખેંચી લેતું હતું. એક મોટો રાષ્ટ્રધ્વજ એમના દેહ ઉપર આચ્છાદન તરીકે રખાયો હતો. ગાંધીજી હિંદ સરકારના કોઈ હોદ્દેદાર ન હતા; પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદ સરકારના સર્વોચ્ચ નેતાઓના પણ એ પિતા સમાન, હિંદના સ્વાતંત્ર્યના સર્જક અને રાષ્ટ્રપિતા હતા. તેથી એમની સ્મશાનયાત્રા દરબારી ઢબે નીકળે એવો નિર્ણય હિંદ સરકારે આગલી રાત્રે કરી દીધો હતો.

બાપુના દેહ પાસે ઘીનો દીવો બળતો હતો અને મંત્રોચ્ચાર તથા રામધૂન અખંડ ચાલતાં હતાં. દસ વાગ્યા અને સ્મશાનયાત્રાની તૈયારીઓએ વેગ પકડ્યો. લશ્કરી દળોના ત્રણે વિભાગો — ખુશકી, નૌકાદળ અને હવાઇદળની ટુકડીઓ આવી પહોંચી હતી. લાલ ડગલાવાળી સશસ્ત્ર પોલીસદળની ટુકડી પણ હાજર થઈ. ચાર બખ્તર ગાડીઓ આખા સરઘસને મોખરે હતી. માનવમેદનીનો તો કાંઈ સુમાર જ ન હતો. માનવસાગર બિરલાભવન પાસે ઊમટ્યો હતો એટલું જ નહિ, પણ ત્યાંથી જમના-તટ સુધીના આખાયે માર્ગ પર દરેક ઇંચ જગા રોકીને લાખો શોકમગ્ન માનવીઓ અદબપૂર્વક ઊભાં રહી ગયાં હતાં. દિલ્હીની અને આસપાસની વાડીઓનાં અપાર ફૂલો આજે રાષ્ટ્રપિતાના દેહ પર ચડી પોતાનું અલ્પ જીવન સાર્થક કરવાની હરીફાઈ માંડી બેઠાં હોય તેમ સેંકડો હારગજરાઓ બાપુના દેહ ઉપર ચડ્યે જ જતા હતા. પંડિત નેહરુ અને સરદાર પટેલની પુષ્પાંજલિએ હૃદયદ્રાવક દૃશ્યો બતાવ્યાં. અનેક આંખોમાંથી આંસુની ધારા ચાલી. અનંત નિદ્રામાં પોઢેલા બાપુની અખંડિત શાંતિને લીધે છવાયેલું મૌન જાણે છાતી ભીંસી નાખતું હોય એવું નક્કર હતું. ત્યાં ઊભેલાં જીવતાં માનવીઓનાં હૈયાં પણ જાણે ધબકવાનું ભૂલી ગયાં હતાં.

[સા. રત્ન ભા. ૧-૧૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિરલાભવનના ઓટલાને એક ખૂણે ઊભેલા અખિલ હિંદ રેડિયોના પ્રતિનિધિએ પ્રસંગનું તાદૃશ વર્ણન કરી લાખો માનવીઓના હૈયાની શોકતંત્રી જગાડી મૂકી.

"बापुके अवशेषको अब बहार लाये जाते हैं । लाखो लोग यहां जमा हैं । निःश्वास तक सुना जा सके इतनी शोकमग्न शांतिमें भारतके राष्ट्रपिता आज अपनी अंतिम शांतियात्राके लिये बिरलाभवनके द्वार छोड रहे हैं । लाखो लोग यहां हैं । किंतु उनमें प्राण कहां? प्राण तो यह था जो अभी अपनी अंतिम यात्राके लिये जा रहा है । जाओ, महात्मन्, जाओ! अपनी अंतिम शांतियात्राके पावनकर मार्गो पर जनहृदयकी अंजलियां पाते हुए जाओ! करोडोंकी जनता आपको – भारतके राष्ट्रपिताको, विश्वके युगपुरुषको – अंतिम वंदना कर रही है. जाओ, महात्मन्!"

બિરલાભવનથી બરોબર પોણાબાર વાગ્યે નીકળી રાષ્ટ્રપિતાની આ અંતિમ યાત્રા પાંચ કલાકમાં સાડાપાંચ માઈલનો પંથ કાપી સાંજે ચાર વાગ્યે જમના–તટે રાજઘાટ પર પહોંચવાની હતી. આખોય સાડાપાંચ માઈલનો યાત્રા-માર્ગ માનવીઓથી ઊભરાતો હતો. બન્ને બાજુ કીડિયારાની જેમ લાખો લોકો હારબંધ ઊભા હતા.

શંખનાદ થયો. કોના વિજયનો એ શંખનાદ હતો? અસાધારણ શહીદીથી ગાંધીજીએ જીવન અને મૃત્યુ બન્ને ઉપર મેળવેલા વિજયનો જાણે એ શંખનાદ ન હોય! 'મહાત્માજીકી જય', 'ગાંધીજી અમર હો ગયે'ના ઘોષ અને શંખનાદ યાત્રાના માર્ગ પર ગાજી રહ્યા. દોઢસો ફૂટ ઊંચા યુદ્ધસ્મારક પાસેથી શબવાહિની પસાર થઈ ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની છેક ટોચે અને આસપાસનાં સેંકડો વૃક્ષો, તારના થાંભલા, ઘરોની અટારીઓ અને અગાશીઓ — જ્યાં નજર પડે ત્યાં માનવમેદની જ દેખાતી હતી. હિંદુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી, પારસી બધા જ આ મેદનીમાં હતા; બધા જ શોકગ્રસ્ત હતા અને બાપુનું છેલ્લું દર્શન કરતાં, એમના હાથ જોડાતાં જ — આંખમાંથી અખંડ અશ્રુધારા ચાલતી.

લાખો લોકોનાં વંદન ઝીલતી અને અશ્રુજળથી પાવન બનેલાં પુષ્પોની અંજલિ પામતી સ્મશાનયાત્રા લગભગ બે કલાકે દિલ્હી દરવાજા પાસે આવી પહોંચી. ગુલાબની ઢગલાબંધ પાંદડીઓની વર્ષા તો આખાય માર્ગ પર ચાલુ જ હતી. અને આખો રસ્તો ફૂલો અને પાંદડીઓથી છવાઈ ગયો હતો. ત્યાં તો હિંદી વિમાનીદળનાં ત્રણ ડાકોટા વિમાનોનો ઘરઘરાટ સંભળાયો. રાષ્ટ્રપિતાના અંતિમ અવશેષોની પ્રદક્ષિણા કરી તેમણે શબવાહિની પર ગુલાબોની વૃષ્ટિ કરી. લાખો ગુલાબની એ અનુપમ મહેક! પરંતુ અખંડ ધૂપ અને ગુલાબની મહેક કરતાં, અંતિમ યાત્રાએ નીકળેલા સંતના જીવનની અનન્ય મહેકથી જ જનતાનાં હૈયાં ભરાઈ ગયાં હતાં; એનું છેલ્લું દર્શન કરી આ ક્ષણે લાખો હૈયાં ધન્ય બની રહ્યાં હતાં.

દિલ્હી દરવાજાની પાસે અઢીથી ત્રણ લાખ માનવીઓ આ મહાન સ્મશાનયાત્રાનાં દર્શન કરી પાવન થવા ઊભાં હતાં. અહીં મીરત, દેહરાદૂન અને આગ્રાથી તેમ જ દિલ્હીની આસપાસનાં ૧૦૦–૧૦૦ માઈલ દૂરનાં ગામડાંથી હજારો માનવીઓ મોટરબસોમાં આવ્યાં હતાં. એ બધાં બાપુના દર્શનાર્થે, શાંત ચિત્તે અને શોકભર્યા હૃદયે કલાકોથી અહીં ઊભાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજઘાટની ભૂમિ આ અદ્વિતીય સંતના છેલ્લા અવશેષોને સમાવી લેવા પસંદ કરવામાં આવી હતી. રાજઘાટ ! આજે તારી ભૂમિ આ સંતનું સન્માન કરી વિશેષ પાવન બનવાની ! મડદાંમાંથી માણસ બનાવનાર આ સુકલકડી દેખાતો વિરાટ દેહ આજ તારે ખોળે અનંતકાળ માટે પોઢવા આવી રહ્યો છે. કરોડો દીન અને દુઃખીને આશરો આપનાર આજ તારે આશરે આવી રહ્યો છે. રાજઘાટ ! આજે તું તીર્થરાજનું વિરલ પદ પામે છે એ તારું અહોભાગ્ય છે.

શબવાહિની ચિતા નજીક આવી પહોંચી ત્યારે શોકવિહ્વળ સમુદાય મર્યાદા ન રાખી શક્યો. રાષ્ટ્રપિતાનાં અંતિમ દર્શન માટે એટલી બધી પડાપડી થઈ રહી કે સૈનિકો ને સ્વયંસેવકોના ભગીરથ પ્રયત્ન છતાં રેખાદોર તુટી. શોક-ઘેલા માનવોના ધસારામાં કેટલાંક સ્ત્રીબાળકો મૂર્છાવશ થઈ ગયાં. લૉર્ડ માઉન્ટબૅટન અને પં. નેહરુ લોકમેદની વચ્ચે જઈ બધાંને શાંતિ રાખવા વીનવતા હતા. ડૂસકાં ભરી રડતી સ્ત્રીઓને આશ્વાસન આપવું અશક્ય થઈ પડ્યું હતું. છેક છેલ્લાં દર્શન માટે કોણ કોને રોકી શકે ? કલાકો સુધી સંયમમાં રહેલો શોક અત્યારે માઝા મૂકતો હતો. બાપુનો દેહ પુષ્પના ઢગલાથી સંપૂર્ણ રીતે છવાઈ ગયો હતો. દેખાતું હતું માત્ર એ અણનમ વિજયી મસ્તક અને ભવ્ય તેજસ્વી ચંદનચર્ચિત લલાટ ! એક ક્ષણ માત્ર પણ એનાં દર્શન કરી, એ ક્ષણને પોતાની મહામોંઘી સ્મૃતિ તરીકે જીવનભર સંઘરી રાખવા આજે જનહૃદય અધીરું બન્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે એ હૃદય ભાંગી નાખતી પળ આવી પહોંચી. રાષ્ટ્રપિતાના દેહ ઉપર મંત્રોચ્ચાર સાથે જમના નદીનું પવિત્ર જળ સિંચાયું અને બાપુના દેહને આશ્રમવાસીઓએ —ઉત્તર દિશા તરફ મસ્તક રાખી— ચતા પર સુવાડયો. રાષ્ટ્રધ્વજે એ દેહ ઢંકાયો અને ફરી ગંભીર અને હૃદય-ભેદક મંત્રોચ્ચાર શરૂ થયા. હજારો પુષ્પમાળાઓ અને સૂતરના હાર જુદા જુદા દેશો અને સંસ્થાઓના પ્રતિ-નિધિઓ એમના પગ પાસે મૂકતા હતા. એક સાથે વીસ લાખ આંખોમાંથી એકધારાં આંસુ સરી રહ્યાં હતાં. અનેક સંત ને સમ્રાટોને દિલના અમીપાને પોષનારી યમુનાએ આવો પ્રચંડ અશ્રુપ્રવાહ કદી નહિ જોયો હોય! યમુના! તારે ખોળે ખેલનાર દેવોનેય દુર્લભ અને મહાન સમ્રાટો-નેય અલભ્ય એવી ભવ્ય વિદાય આજે ભારતની જનતા એના વરાયેલા જનાર્દનને આપી રહી છે! તારે કાંઠે વસેલાં એ ગોકુળ, વૃંદાવન ને મથુરાએ તને ઉદ્ધારી; આગ્રાના તાજમહાલે તને શણગારી; દિલ્હીના રાજમહેલો ને સિંહાસનોએ તને સમૃદ્ધ કરી; આજે આ સંતને અનંત સમાધિ આપી આ રાજઘાટ તને સવિશેષ પાવનકારી બનાવી રહ્યો છે!

ચંદનકાષ્ઠ, કપૂર તથા ઘીથી સજાયેલી ચિતા ઘડીક વારમાં ભડભડાટ સળગી ઊઠી. રામધૂનના અવિરત ઘોષ વચ્ચે બાપુનો નશ્વર દેહ પંચમહાભૂતમાં મળી જતો હતો, ત્યારે ભારતની સમસ્ત જનતા અખંડ ધારાએ રડી રહી હતી. આજે કોઈ નેતા ન હતું, કોઈ અનુયાયી ન હતું; બધાં જ આ મહાન પિતાનાં બાળકો હતાં; અને પિતા જતાં, નાનું બાળક અનુભવે એવી નિરાધારતા સહુ કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવી રહ્યું હતું. વજ્ર જેવા કઠણ હૈયાવાળા સરદાર પટેલ જમીન પર બેસી પડ્યા હતા અને ડૂસકાં ભરી રહેલી એક બાળાને ખભે હાથ મૂકી, તેને આશ્વાસન આપવાના મિથ્યા પ્રયત્ન કરી રહ્યા હતા. આજે એમના મોં પર ઘેરા વિષાદની છાયા હતી, આંખમાં ઝળઝળિયાં હતાં, હૃદયમાં નર્યું રુદન ભર્યું હતું. છ કલાક સુધી આખે રસ્તે શબવાહિની પર નીચું મુખ ઢાળીને બેઠા હતા, તે જ રીતે—વેદના અને વિષાદની પ્રત્યક્ષ મૂર્તિ જેવા—તે સ્તબ્ધ બની અહીં બેસી રહ્યા હતા. પં. નેહરુએ તો છાતી ફાટી જાય એવું આ દૃશ્ય જોતાં જ મોકળે મને રડી દીધું. અચાનક આવી પડેલી નિરાધારી ને વધી પડેલી જવાબદારીના દ્વિવિધ ભાર નીચે એમનું લાગણીપ્રધાન હૈયું દબાઈ જતું હતું. દેશના આ બન્ને સૂત્રધારો જાણે એક રાતમાં જ દસ વર્ષ વધુ વૃદ્ધ થઈ ગયા હોય એવું લાગતું હતું.

જ્વાલાઓ વધતી ગઈ અને રાષ્ટ્રપિતાના દેહને વીંટળાઈ વળી. માનવમેદની રુદન કરતી, ગમગીન ચહેરે દૂર હઠવા લાગી. મહાન સત્તાનાં સિંહાસન ડોલાવી ઉખેડી નાખનાર રાષ્ટ્રપિતાનો દેહ અઢી કલાકમાં તો પંચમહાભૂતમાં મળી ગયો. પશ્ચિમની ક્ષિતિજમાં ખિન્ન વદને જ્યારે ભગવાન ભાસ્કરરાજ ઊતરી પડ્યા ત્યારે જમનાતટના રાજઘાટની ક્ષિતિજેથી એક જ નહિ પણ બે સૂર્યો એકસામટા આથમ્યા !

ટિપ્પણ અને પ્રશ્નો

શનિવાર—તા. ૩૧મી જાન્યુ૦, ૧૯૪૮. રાષ્ટ્રપિતા ગાંધીજીના દેહને દિલ્હીમાં યમુનાના તટે રાજઘાટ પર અગ્નિસંસ્કાર કરાયો તે દિવસ. **દેહવિલય**—દેહનો વિલય (નાશ, અંત, મૃત્યુ). **પુણ્યશ્લોક**—પ્રાતઃસ્મરણીય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેનું નામ પાવનકારી છે તે. હરિશ્ચંદ્ર, નળ, યુધિષ્ઠિર જેવા માટે પણ આ વિશેષણ વપરાય છે. **ઝાંખી** – દર્શન. **ભાગ્યવિધાતા** – ભાગ્યનો વિધાતા (ઘડનાર). **મુખમુદ્રા** – મુખની મુદ્રા, ચહેરો. **ખુશકી** – ભૂમિદળ. **કીડિયારું** – કીડીઓનું દર. **શહીદી** – શહાદત (અરબ્બી); દેશ, ધર્મ કે સિદ્ધાંત ખાતર આત્મબલિદાન આપવું તે. **શોકગ્રસ્ત** – શોકથી ગ્રસ્ત (ઘેરાયેલાં). **અદ્વિતીય** – જેનો જોટો નથી. **તીર્થરાજ** – તીર્થોમાં શ્રેષ્ઠ. **ભગીરથ** – મહાન, અથાગ. ભગીરથ નામે એક રાજા પૌરાણિક કાળમાં થઈ ગયા. પોતાના શાપિત પૂર્વજોનો ઉદ્ધાર કરવા સતત અને અથાગ મહેનત કરી એમણે ગંગાને ભૂમિ પર આણી. એ રાજાના નામ પરથી આ વિશેષણ બન્યું છે. એટલા માટે ગંગાને પણ ભાગીરથી કહેવામાં આવે છે. **ચંદનચર્ચિત** – ચંદનથી ચર્ચિત, ચંદનના લેપવાળું. **જનાર્દન** – કૃષ્ણ, વિષ્ણુ પ્રભુ. **પંચમહાભૂત** – પાંચ તત્ત્વો– પ્રકાશ, પાણી, પૃથ્વી (માટી), વાયુ, આકાશ (અવકાશ) — જેમાંથી આ વિશ્વ રચાયું છે — એવી પ્રાચીન માન્યતા છે. **સૂત્રધાર** – સૂત્ર (તંત્ર) ધરનાર. **ભાસ્કર** – સૂર્ય.

૧. ગાંધીજીનો દેહવિલય ક્યારે, ક્યાં અને કેવી રીતે થયો હતો?

૨. ગાંધીજી 'રાષ્ટ્રપિતા' અને 'ભારતના ભાગ્યવિધાતા' શા માટે કહેવાય છે?

૩. ગાંધીજીના મૃત્યુપ્રસંગે લોક-લાગણી કેવા પ્રકારની હતી?

૪. સ્મશાનયાત્રાના પ્રસંગનું ટૂંકમાં વર્ણન કરો. ગાંધીજીને અગ્નિદાહ ક્યાં દેવાયો હતો?

૫ પૂર્વાપર સંબંધ દર્શાવી નીચેનાં વાક્યો સમજાવો:

અ. 'કરોડો દીન અને દુઃખીને આશરો આપનાર આજ તારે આશરે આવી રહ્યો છે.'

આ. 'આજે કોઈ નેતા ન હતું, કોઈ અનુયાયી ન હતું.'

ઇ. 'રાજઘાટની ક્ષિતિજેથી એક જ નહિ પણ બે સૂર્યો એકસામટા આથમ્યા!'

૬. નીચેના પર ટૂંકી નોંધ લખો:

રાજઘાટ, પંચમહાભૂત, ભગીરથ, પુણ્યશ્લોક, તીર્થરાજ.

—(०)—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બબલભાઈ મહેતા

[શ્રી બબલભાઈ પ્રાણજીવનદાસ મહેતાનો જન્મ ઈ. સ. ૧૯૧૦માં સૌરાષ્ટ્રના હળવદ ગામમાં થયો હતો. અઢાર વર્ષની ઉંમરે એમને દેશસેવાએ આકર્ષ્યા. કરાંચીની કૉલેજમાં તે અભ્યાસ કરતા હતા તે છોડીને ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામસેવા મંદિરમાં દાખલ થયા. "વર્ગશિક્ષણ કરતાં કાર્યના પ્રત્યક્ષ શિક્ષણમાં જ એમને વધારે રસ હતો." કાર્યપ્રવૃત્તિમાં એમને મંત્રી કે પ્રમુખ થવાનો મોહ હતો નહિ. "કામ કરવા માટે સ્વયંસેવક થવાનું જ એ પસંદ કરતા." ગૂજરાત વિદ્યાપીઠમાં દોઢ વર્ષ કાકાસાહેબ પાસે રહી એમણે સમાજવિદ્યા અને ગ્રામપ્રશ્નોનો અભ્યાસ કર્યો. એમણે ગામડાંઓને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. રાજકીય લડત અંગે ઘણો વખત જેલમાં પણ વિતાવ્યો. જેલમાંથી છૂટયા પછી ગ્રામપુનર્ઘટનાના કામ માટે શ્રી બબલભાઈ ખેડા જિલ્લ માસરા ગામમાં ત્રણ વર્ષ રહ્યા. ૧૯૩૭માં વર્ધા શિક્ષણ યોજનાનો પ્રયોગ શરૂ કરવાનું નક્કી થયું ત્યારથી માસરા નજીકના થામણા ગામમાં રહી શ્રી બબલભાઈ 'નઈ તાલીમ' અને ગ્રામપુનર્ઘટનાનું કાર્ય નિઃસ્વાર્થ સેવાભાવે કરી રહ્યા છે. એમનું પુસ્તક 'મારું ગામડું'માંથી નીચેનો ખંડ લેવામાં આવ્યો છે. આ પુસ્તકમાં શ્રી બબલભાઈ પોતાના અનુભવો વર્ણવે છે. અનુભવકથનના રસ ઉપરાંત આપણાં ગામડાંની સાચી સેવા કરવાના માર્ગો કયા કયા છે અને તે માર્ગે જતાં કેવાં વિઘ્નો આવે છે, અને તેનું નિરાકરણ કેવી રીતે થઈ શકે છે તે એમણે આ પુસ્તકમાં સમજાવ્યું છે.]

ગામડાના ધરમરાજા !

તમે ગામડું જોયું હશે, ગામડાની ગંદકી જોઈ હશે, ગામડાની ગરીબાઈ પણ જોઈ હશે. પણ ગામડાનો ભૂવો જોયો છે? એ પણ એક જાણવા જેવું પ્રાણી છે.

અમારા ગામના મુખીને ગાલે ગાલપચોળું થયું હતું. એની પીડાને લીધે તાવ પણ આવ્યો હતો. મેં એમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુલાબ લેવાનું કહ્યું અને ચાલવા માંડ્યું. ત્યાં તો પાંચેક જણાનું એક ટોળું આવતું જણાયું. એકના હાથમાં ચલમ છે, બીજાના હાથમાં હુક્કો અને ચીપિયો છે, અને ત્રીજાના હાથમાં કાંઈક પડીકા જેવું છે. હું તો આ લંગરને આવેલું જોઈ ત્યાં જ થોભી ગયો.

પછી તો આવેલામાંથી એકે ગજવામાંથી એક ચીંથરું કાઢ્યું, અને એને છેડે બાંધેલા થોડા ઘઉંના દાણા છોડી જમીન ઉપર નાખ્યા. બધા એકીટસે એના સામું જોઈ રહ્યા. પેલાએ જરા હોઠ ફફડાવ્યા. પછી દાણાની એક ચપટી ભરી તે ગણ્યા અને માથું ધુણાવ્યું. બીજા બે વચ્ચે બોલી ઊઠ્યા, 'કેમ કોઈ આવે છે?' પેલાએ ફરીથી ચપટી ભરી દાણા ગણ્યા, 'માનો ન માનો પણ ઝપટમાં આવી ગયેલ છે.' ઘરની ડોશી બોલી ઊઠી: 'ત્યારે શું કરશું, ભયા? કહો એ બાધા રાખું, પણ મારે તો એ સાજો થઈ જાય એવું કરો. બે દી ને બે રાતથી આંખે ઊંઘ નથી ભાળી.' ભૂવો કહે છે, 'એક ઘીનો દીવો કરો, પેલું પડીકું છોડો.' પડીકું છોડનારાએ લોટો-પ્યાલો મંગાવ્યાં, પ્યાલામાં પાણી સાથે ખાંડ ભેળવી, મુખ્ય ભૂવાએ નાળ ઉપરના દેવતા ઉપર કાંઈક ભભરાવ્યું અને ધૂણી કરી. ધૂપની વાસ આવવા લાગી. પછી થોડી ખાંડ પણ નાખી અને તડતડાટી બોલાવી.

મુખીને તાવ ૧૦૪° લગભગ હતો. એમને ખાટલા પરથી નીચે ઉતારીને બેસાડ્યા. દરદીમાં બેસવાના પણ હોશ ન હતા. ભૂવાએ પેલો મીઠા પાણીનો પ્યાલો લઈ એને દરદીની કેડથી માથા સુધી ધીમે ધીમે ફેરવ્યો; પછી ચારેય દિશામાં થોડું થોડું પાણી છાંટ્યું. આ બધો વખત ભૂવાના હોઠ ફફડ્યા કરતા હતા. છેવટે બાકી વધેલું પાણી પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પી ગયો. આમ ત્રણ વખત કર્યું. આને પ્યાલો કર્યો એમ કહેવાય છે. પછી સુખીને સૂવાનું કહી એની ડોશીના કાનમાં કાંઈક કહ્યું. ડોશી કહે, 'સારું ભાઈ, એ સાજો થઈ જતો હોય તો એની ભારોભાર ગોળ મહારાજે જઈને વહેંચીશ.' પછી ભૂવાએ ચલમના દમ તાણ્યા. જૂના વળગાડનાં બે ચાર ગપ્પાં માર્યાં અને બધા વેરાયા.

એ બધા ગયા પછી મેં દરદીનું શરીર તપાસ્યું તો તાવ પહેલાં કરતાં વધારે હતો, અને આટલા વખત સુધી બેસવાથી શરીરમાં ખૂબ અશક્તિ આવી ગઈ હતી.

બીજે દિવસે તો સુખીનો બીજો ગાલ ફૂલ્યો. મેં કહ્યું, 'ભાઈ, આડુંઅવળું કશું કરવા કરતાં એમને જુલાબ આપો અને ગાલે કાળીજીરી ને મીઠું વાટીને ચોપડો.'

'પણ દવા ન અપાય. નહિ તો આ તો મહારાજનું કહેવાય.'

'અરે ભાઈ, આ ક્યાં દવા પિવડાવવી છે? આ તો થોડું દિવેલ પાવાનું અને દવા તો બહાર ગાલે ચોપડવાની. એમાં મહારાજને શું થઈ જવાનું હતું!'

છેવટે એમ કર્યું. ચોથે દિવસે કાંઈક આરામ થયો. પણ મહારાજની દેરીએ સવાત્રણ મણ ગોળ તો વહેંચાયો જ.

કોઈને તાવ આવ્યો હોય, કોઈને ગાંઠ નીકળી હોય, કે કોઈને કમળો થયો હોય, તો એ બધા ભૂવાને બોલાવવાના અને ભૂવો એમનો એકાદ દોષ તો કાઢવાનો જ; અને બદલામાં માતા કે મહારાજની, મેલડી કે જોગણીની કાંઈક તો બાધા રખાવવાનો જ. આમ શહેરના લોક જેમ દાક્તર અને દવાદારૂના વહેમ પાછળ પૈસા વેરે છે, એમ આ લોકો ભૂતભૂવાના વહેમ પાછળ પોતાનો રોટલો વેડફી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે છે. એટલું જ નહિ, પણ પચ્ચીસ વર્ષના જુવાનજોધને પણ એક કલ્પનાની બીકથી ફફડતો બનાવે છે.

આ ભૂવાઓની એક ખૂબી એ છે કે, કોઈ પણ જગ્યાએ એ એકલો નહિ જવાનો, સાથે બીજા બે ત્રણ ટાપશી પૂરવાવાળા તો હોય જ.

ગામના ચોરામાં લોકોની ઠઠ જામી છે. એક વાઘરી ડાકલું વગાડતો વગાડતો, મોઢેથી માતાનાં અનેક સાચાંજૂઠાં વખાણ ગાઈ રહ્યો છે. પણ ભૂવાને માતા આવતી નથી. પોણો કલાક આમ ચાલ્યું, પણ ત્રણ ચાર ભૂવામાંથી કોઈ ધૂણતું નથી. એકાદો હુઉઉઉ અવાજ કાઢે છે, પણ પાછો ઠંડો પડી જાય છે. બે ત્રણ જણા એકબીજાને ખાંડના ફાકડા ભરાવે છે. એક જણ ધૂપ કરે છે અને વાઘરી વધુ ને વધુ જોસથી ડાકલું ડુગડુગાવે છે. એટલામાં માતા આવી. હુઉઉઉ હુઉઉઉ હુઉઉઉ. મુખ્ય ભૂવો બે હાથનાં આંગળાં એકબીજામાં ભરાવી ધ્રૂજતો જાય છે, ધૂણતો જાય છે અને હુઉઉઉ હુઉઉ કરતો જાય છે.

'તમને બધાંને હું ઓળખી ગઈ છું. તમે મને બહુ પજવી છે. મારી મરજાદ તોડી નાખી છે. દીવાદિવેટમાંથી મને કાઢી નાખી છે. તમે મને છેતરવા ભેગા થયા છો ખરું ને ?'

ભૂવાના ટોળામાંથી જ એક જણ બોલે છે: 'ના રે મા ! આવું શું બોલો છો ! તમને છેતરીને અમારે ક્યાં જઈને રહેવું છે ! દીવોદિવેટ રહી ગઈ હોય તો એમાં અમારી ભૂલ થઈ હશે. મા, આજની ફેરે માફ કર. હવે તું કહે એમ કરીશું. તારી અમી-નજર અમારા તરફ રાખ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં ભેગાં થયેલાંમાં ખળભળાટ થાય છે, 'માતા બાઈ રિહાયાં છે.'

એટલામાં તો કોઈ ઘી લઈ આવ્યું અને પાંચ કોડિયાંમાં પાંચ દીવા પ્રગટાવ્યા. કોઈ ઘરડિયા ફાળિયું ઉતારી ઉતારીને 'માબાઈ, આટલો ગનો જતો કર, હવે ભૂલ નહિ થાય' એમ વીનવવા લાગ્યા.

પણ ભૂવો તો વધુ ને વધુ બરાડા પાડીને બોલવા લાગ્યો, 'તમે મારી આમન્યા તોડવા લાગ્યાં છો. ગામને પાદર બાંધેલાં મારાં નાળિયેરનાં તોરણ ઉપર તમે નજર બગાડો છો ! હું કોઈને સાજા નથી રહેવા દેવાની. મારા ઘામાં આવેલા ભલભલાના મેં ભુક્કા ઉડાવી દીધા છે.'

ફરી બધાં કરગરવા લાગ્યાં, 'માજી, હવે એવું કોઈ દી નહિ થાય. પણ કોક એવો ગનો કરે એમાં અમે શું કરીએ? અમને કેમ કરીને ખબર પડે? તું તો અંતરજામી છે. જે એવું કરતો હોય એને જ ઊંધો પાડી દે ને !'

'હુઉઉઉ હુઉઉઉ હુઉઉઉ. હું તો આજ ચેતવણી આપું છું. મને મારાં છોકરાંને દૂભવવાં ગમતાં નથી. મારે તો તમે બધાં સરખાં છો. જુઓ, આ સોમલો. મારી સામે નજર રાખે છે,' એમ કહી ગામના વાણિયાની પીઠ ભૂવાએ થાબડી. અને કહ્યું, 'જા, વૈશાખ મહિના સુધીમાં તમારા બે ભાઈઓમાંથી એકાદનું ઘર બંધાશે. મારો કોલ છે. પછી તને ઠીક લાગે એ કરજે.'

વાંણિયો ટોપી ઉતારીને ભૂવાને પગે લાગ્યો, 'માજી, તમારી આશિષ જોઈએ. તમારો કોલ ફળશે તો હું મારી શક્તિ જોગું કરીશ.' આટલું થયા પછી બધાં ફરી કરગર્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કહ્યું, 'માજી, તું આજ સુધી અમારું રક્ષણ કરતી આવી છું એવું જ હંમેશ કરજે.'

'અરે, કોનો ભાર છે કે હું બેઠી છું ત્યાં સુધી મારાં છોકરાંઓમાંથી કોઈનો વાંકો વાળ કરી શકે! ગામના ઝાંપાથી આગળ કોઈ એક ડગલું પણ ભરે તો એને ત્યાં ને ત્યાં પાડી દઉં. મેં તમારી ચોકી લીધી છે ત્યારથી બોલો, કોઈની આંખ પણ રાતી થવા દીધી છે?'

'ના માબાઈ ના; તારી સામે કોણ ઝૂઝી શકે એવું છે?' આમ કહી બધાં માથાં નમાવવા લાગ્યાં.

આ પ્રસંગ યોજાયો હતો ગામમાંથી પાડા અને બકરાંના વધ અટકાવવા માટે; એટલે માબાઈને આખા ગામના પંચ તરફથી કહેવામાં આવ્યું કે, "માબાઈ, તમને ભાદરવાની ઉજાણીના ભોગમાં બે પાડા અને એક બકરો વધેરીએ છીએ, એને બદલે હવેથી કાંઈક બ્રાહ્મણ જમાડવાનું કે એવું રાખો તો અમે તમારો પાડ માનીએ. પંચ તરફથી અમારી આટલી વિનંતી છે."

મુખ્ય ભૂવો કહે, 'જાઓ, મારે લોહી હરામ છે.' પણ એટલામાં બીજો ભૂવો ધૂણવા લાગ્યો, 'નહિ, નહિ, એવું નહિ ચાલે, મારે તો લોહી અને દારૂ પહેલાં જોઈશે. નહિ તો ઊંધા પાડી દેવાની.'

લોકો મુખ્ય ભૂવાને કરગરવા લાગ્યા, 'માજી, તમે તો છોડયું, પણ આ તમારી નાની બૂન ક્યાં માને છે? તમે એને મનાવો તો મોટો પાડ. એ તો તમારા હાથની વાત છે.'

હા ના કરતાં મોટી માતાએ નાની બહેનને સમજાવવાનું માથે લીધું, અને છેવટે બેય માતા પાસે પાંચ પાંચ બ્રાહ્મણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમાડવાનું નક્કી થયું. માતાએ બીજી પણ કેટલીક નાની મોટી આજ્ઞાઓ સંભળાવી. બધાંએ સાંભળી. ખાંડના ફાકડા ભરાયા અને ભૂવા હળવા પડચા.

ગામમાં પ્લેગ થયો તો ભૂવાઓ કહેશે, 'તમે માતાની ઉજાણી બરાબર નથી ઊજવી, તેથી આ માતાનો પરવેહ (પ્રવેશ) થયો છે. બધા સાથે ઉજાણી કરો ને રથ કાઢો,' એટલે એની પાછળ ૫૦-૬૦નું પાણી થાય.

ગામનાં ઢોરમાં કોઈ બીમારી આવી તો કહેશે, 'ગામની બાઈઓએ ચોમાસાના દિવસોમાં શેરીઓમાંથી ઢોરના પોદળા ઊંચક્યા હતા માટે રોગચાળો આવ્યો છે. બધા જ મહારાજ પાસે નાળિયેર વધેરીને બબ્બે દીવા કરી આવો.'

આવી તો અનેક માગણીઓ આવે. વરસાદમાં ચાર પાંચ વખત સાદ પડાવીને આખા ગામ પાસે લાપસીની કે ગોળભાતની ઉજાણીઓ કરાવરાવે એટલું જ નહિ, પણ કોઈ એકાદ બહુ પીડાયેલો દરદી હાથમાં આવ્યો તો એની પાસે માતાનું સોનાનું છત્તર કે દેરીનાં પગથિયાં પણ કરાવી લે, અને કોઈની પાસે મરઘું કે બકરું પણ વધેરાવે.

એક દિવસ હું ઘરમાંથી બહાર નીકળ્યો તો શું જોયું? છોકરાઓનું એક મોટું ટોળું. એની આગળ અમારા પડોશીની વીસ વર્ષની દીકરી. એના માથા ઉપર એક ફૂટેલું કાળું હાંલ્લું. છોડીના મોઢામાં કોઈએ ફેંકી દીધેલું ખાસડું અને એના હાથ પાછળ બાંધેલા. સાથે સાથે એનો નાનો ભાઈ ચાલતો હતો. એના હાથમાં એક નાનકડું મરઘીનું બચ્ચું હતું. આ બધું સરઘસ મારા ઘર પાછળથી કૂવા તરફ ગયું. મેં કોઈને પૂછ્યું, 'અલ્યા આ શું?' તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે છે કે, 'ચતુરીના ડોસાને મહારાજ (શીતળા) નીકળ્યા'તા ને તે મહારાજે જાય છે.' હું તો વિચાર કરતો ઊભો જ થઈ રહ્યો.

રાતના સાડાબાર વાગ્યા હતા. લોકોનું એક મોટું ટોળું રંગે ચઢેલું હતું. છોકરાને રમવાનું નાનું લાકડાનું ગાડું હોય છે એવો એક રથ. એના ઉપર ચૂંદડી, કંકુ, ગુલાલ, એમ અનેક રીતે શણગાર સજેલા હતા. મુખ્ય ભૂવાના હાથમાં એ રથની દોરડીનો એક છેડો હતો. એ હુઉઉઉ હુઉઉઉ કરતો રથ ખેંચતો જતો હતો. સાથે બીજા ભૂવાઓ પણ બૂમો પાડી નાચતા હતા અને આખું ટોળું દેકારો બોલાવતું પાછળ જતું હતું.

ગામની પશ્ચિમે જઈ રથ ઊભો રાખ્યો. ભૂવાએ રથની દોરી બીજા ભૂવાના હાથમાં આપી. અને પોતે ખૂબ ધૂણ્યો અને ખૂબ નાચ્યો. પછી બે ત્રણ લાકડાં ગોઠવી હવન કરતા હોય એવું તાપણું કર્યું. એમાં ચોખા, નાળિયેર તથા થોડો દારૂ રેડ્યો. પછી બધા ભૂવાઓએ એકબીજાના મોઢામાં ચાંગળું ચાંગળું દારૂ રેડ્યો. કોઈએ વધારે પણ ઢીંચ્યો.

એકાએક રથનું મોઢું ફર્યું અને આખું સરઘસ ગામ સોંસરું થઈ પૂર્વ દિશાએ આવેલી કાળકા માતા તરફ ચાલ્યું. ગામની બહેનો અધરાતે રસ્તે દર્શન કરવા આવી. કાળકા માતાએ જઈ બધા ભૂવા ખૂબ ખૂબ નાચ્યા અને હુઉઉઉ હુઉઉઉ કર્યું. છેવટે દીવા કરી નાળિયેર વધેર્યાં ને દર વખતે એક બકરું વધેરતા તેને બદલે કાંટાકોળું વધેર્યું. બધાને સુખડી વહેંચી. ત્યાર બાદ રથને દૂર દૂર એક ખેતરને શેઢે મૂકી આવી બધા પાછા ફર્યા. આને રથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢયા કહેવાય. એટલે હવે આખા વર્ષ સુધી અમારું ગામ સહીસલામત !

ગામના લોકોમાંથી ઘણાયને બાવટાના લોટ સાટે આસથી તેમ આંટાફેરા મારવા પડે છે. ઘણાયને વાણિયાઓ અનેક રીતે ચૂસી ખાય છે અને અવારનવાર કેટલાકને પોલીસ ચોકીએ જઈ ઝૂડિયાં ખાવાં પડે છે. ગામમાં મહિને દહાડે એકાદ જાસાચિઠ્ઠી તો બંધાય જ: કૂવામાં ઘાસલેટ રેડાય, લોકોની ઘાસની ગંજીઓ કે છાપરીઓ બાળી મૂકવામાં આવે, ઊભા પાક કે લીલાછમ આંબા વાઢી નાખવામાં આવે, અને આજુબાજુના ગામમાં લૂંટ કે ચોરી થાય તોય અમારા ગામ ઉપર લોકોને વહેમ આવે એવું અમારું ગામ સહીસલામત ! ! !

અમારા ભૂવાઓ હુક્કા પીએ, ચલમ પીએ, બીડી પીએ, ચા પીએ, કસૂંબા પીએ, દારૂ પીએ, ને જે હાથ આવે તે બધું એમને ખપે એટલું જ નહિ, પણ એ જ્યાં જાય ત્યાં આ બધાનો પ્રચાર પણ કરે. અફીણ વિરુદ્ધની વાત કરો તો તમે એમના દુશ્મન. ભૂતભૂવાઓ છોડી રામનું નામ લેવાનું કહો તો તમે એમના દુશ્મન !

અને લોકો પણ એમનાથી એવા ફફડે કે, ભૂવા સાથે બનતું ન હોય છતાં, કોઈ માંદુંસાજું થાય ત્યારે એના જ પગ ઓળસતા એ જાય અને એ જે કાંઈ બાધા માનતા રખાવે એ રાખીને પાંચદસના ખાડામાં ઊતરે.

ગામમાં રોજ એકાદ બે ઓરયાલા કરવાના તો હોય જ, અને પરગામનું કોઈ વહેમી પ્રાણી સપડાઈ પડે તો એના તો ભૂવા મહારાજ બાર જ વગાડી દે. એ પહેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને શિકોતરું વળગ્યું છે કે જોગણી એની ખબર શાની પડે !

અમારે કેટલીક વખત રાત્રે જાગવું ન હોય તોય પરોઢિયાના ત્રણ ચાર વાગ્યા સુધી ડાકલાની રમઝટ અને હુઉઉઉ હુઉઉઉના અવાજો અમને જાગરણ કરાવે.

ભૂવાની સંસ્થાનું અમારે ત્યાં આવું સામ્રાજ્ય જામ્યું છે. છતાં આ બધા અંધારામાંય એક કરણ એવાં છે કે જે આ અંધારાને ભેદીનેય એ બધા તરફ પોતાની અશ્રદ્ધા બતાવે છે. પણ આવા લોકોને કોઈ કોઈ વખતે આ સંસ્થાની અવગણના કર્યા બદલ દંડ ભરવો પડે છે. આ સંસ્થાના પાયાનો સડો જો આપણે લોકોને બતાવી શકીશું તો, મને લાગે છે કે, થોડા વખતમાં એની આખી ઇમારત ખખળી પડશે, અને ધર્મને નામે જે ધતિંગ ચાલી રહ્યું છે એનો અંત આવી જશે.

—'મારું ગામડું'માંથી

ટિપ્પણ અને પ્રશ્નો

ભૂવો–ભૂતને વશ કરનાર–કાઢનાર. **ગાલંપચોળું**–કાકડા કે ચોળિયાનો સોજો–ને તે અંગે તાવ. **મેલડી**–ભૂતડી, એક દેવી. **જોગણી**–ઈશ્વરશક્તિનું એક સ્ત્રીસ્વરૂપ. **મરજાદ**–મર્યાદા, અદબ, લાજ, આમન્યા. **દેકારો**–બૂમ, ચીસ, પોકાર. **શેઢે**–છેડે. ખેતરની ચોમેર ખેડ્યા વિનાની જમીનની પટ્ટીને શેઢો કહે છે. **જાસાચિઠ્ઠી**–ધમકી કે જબરદસ્તીનો સંદેશો આપનાર ચિઠ્ઠી. જાસો–ધમકી, જબરદસ્તી. **શિકોતરું**–વળગેલું છૂટે નહિ તેવું ભૂત. સીકોત્તરી (દેશ્ય)=સ્ત્રી, ભૂતડી.

૧. 'પ્યાલો કરવો'–એટલે શું ? એ ક્રિયા વિગતવાર સમજાવો.

૨. ગામડાના લોકો પોતાના પૈસા કેવી રીતે વેડફી નાખે છે ? એનું કારણ શું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. કેવે પ્રસંગે ગામડાંના લોકો ભૂવાનો આશરો લે છે? એનું પરિણામ કેવું આવે છે?

૪. રથનો પ્રસંગ તમારા શબ્દોમાં વર્ણવો. એ પ્રસંગનો હેતુ સમજાવો.

૫. ભૂવાઓ કેવા હોય છે? લોકોને એમનામાં શ્રદ્ધા શા માટે છે? ભૂવાની સંસ્થાનો નાશ કરવા તમે કેવા ઉપાય સૂચવો?

૬. આમાંથી ભૂવાનો એક પ્રસંગ પસંદ કરી એક સંવાદ યોજો. બની શકે તો એ સંવાદ ભજવી બતાવો.

—(૦)—

છોટુભાઈ સુથાર

[શ્રી છોટુભાઈ સુથારનો જન્મ ખેડા જિલ્લાના ચકલાશી ગામમાં ૧૯૧૧માં થયો હતો. ગણિત અને વિજ્ઞાન એમના પ્રિય વિષયો છે. એ વિષયો લઈ એમણે બી. એસસી.ની પદવી મેળવી. ઘણા વખતથી તે આણંદની ચરોતર એજ્યુકેશન સોસાયટીની શાળામાં શિક્ષક તરીકે કામ કરે છે અને 'તારક મંડળ' તરફથી 'આકાશગંગા' નામનું ખગોળ-વિજ્ઞાનનું દ્વિમાસિક ચલાવે છે. એમણે ખગોળશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો છે અને એ વિષયની ઘણી ગહન વાતો સરળતાથી સમજાવતાં લેખો અને પુસ્તકો એમણે લખ્યાં છે.

આ લેખનું મથાળું તો બહુ સાદું લાગે છે. પણ આ લેખમાં જે વિષયની ચર્ચા કરી છે તે ઘણો ગહન વિષય છે. ખરી રીતે જોતાં જગતમાં કાંઈ પણ લાંબું કે ટૂંકું, મોટું કે નાનું નથી. બીજી વસ્તુ સાથે સરખાવતાં જ તેને નાનું, મોટું કે લાંબું, ટૂંકું કહી શકાય. શ્રી ગોવર્ધનરામની નીચેની પંક્તિઓથી આ કથન વધુ સ્પષ્ટ થશે:

"મોટાં નાનાં વધુ મોટામાં તો નાનાં પણ મોટાં;
વ્યોમ-દીપ રવિ નભ બિંદુ તો ઘરદીવડાં નહિ ખોટાં."

ઊંડો વિચાર કરશો તો આ લેખમાં સમજાવેલું રહસ્ય તમને સમજાશે. એ સાથે આ જગતના અનંત વિસ્તારનો થોડો ખ્યાલ પણ તમને આવશે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંબું અને ટૂંકું

રોજના વ્યવહારમાં, અમુક વસ્તુ લાંબી છે યા ટૂંકી છે એમ આપણે કહીએ છીએ. પણ વસ્તુતઃ એમ કહેવું વાજબી નથી. કોઈ વસ્તુ એકલપંડે લાંબી યા ટૂંકી હોતી નથી. એક ઉદાહરણ લઈએ. ફરવા જવાની લાકડી નાની છે, અથવા ગોવાળની ડાંગ મોટી છે—એમ કહીએ છીએ ત્યારે નાના યા મોટાપણાનું કોઈ સ્પષ્ટ માપ આપણા મનમાં હોય છે ખરું?

નાનું અને મોટું યા લાંબું અને ટૂંકું સાપેક્ષ—બીજા પર આધાર રાખતી—બાબતો છે. લાકડી નાની છે એમ કહેવું અર્થહીન છે. લાકડી નાની જ શા માટે? અને નાની તો કોનાથી નાની? આ પ્રશ્નો દર્શાવે છે કે 'નાની' એ કોઈની સરખામણીમાં નાની છે. મતલબ કે નાનાને કોઈ મોટા સાથે સંબંધ છે. આમ 'લાકડી નાની છે,' એ કહેવાનો અર્થ એ થશે કે આપણી કલ્પનાની કોઈ અમુક લંબાઈની સરખામણીમાં લાકડીની લંબાઈ ઓછી છે.

પણ આપણી એ કલ્પનાવાળી લંબાઈના એકમનું માપ પણ હંમેશાં એકસરખું હોતું નથી. નાનપણમાં જોયેલું અને મોટું ગણેલું તળાવ, મોટી ઉંમરે નાનું લાગે છે, બાળક અવસ્થામાં જોયેલું અને તે વખતે ઘણું ઊંચું લાગતું મંદિર મોટી વયે તેવું લાગતું નથી. આમ થવાનું કારણ આપણી કલ્પિત ઊંચાઈ યા મોટાઈના ખ્યાલમાં ફરક પડવાનું છે. ગામનું તળાવ જોયા બાદ સરોવર જોઈએ તો સરોવરની સરખામણીમાં તળાવ સાવ નાનું લાગશે; પણ સમુદ્ર જોયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તો તળાવ સાવ ખાડા જેવું લાગવા માંડશે. ખરી રીતે જોતાં તો એ પહેલાંનું જ તળાવ છે. પણ બીજાં સાથે સરખાવતાં એના વિષેનો આપણો ખ્યાલ બદલાઈ જાય છે. આ જ વાત ગામની પાસે આવેલા ટેકરા, ખડક યા પર્વત અને જંગલને લાગુ પડી શકે છે.

આપણી આ પૃથ્વીની જ વાત કરીએ. સાડાપાંચ ફૂટ ઊંચાઈવાળા માનવીના હિસાબે એ કેવડી મોટી છે? અનેક મોટા મોટા પર્વતો અને મહાસાગરો એની પર આવેલા છે. આમ છતાંય સૂર્યના હિસાબે એ સાવ નાની છે. ખગોળશાસ્ત્રીઓ કહે છે કે તેર લાખ પૃથ્વીઓ ભેગી કરીએ ત્યારે એક સૂર્ય બની શકે. પૃથ્વીના હિસાબે સૂર્ય ઘણો જ મોટો છે. પણ એ જ સૂર્યનું એ મોટાપણું આકાશગંગાના–વિશ્વના હિસાબે નાચીજ છે. બે અબજ સૂર્ય ભેગા કરીએ ત્યારે એક આકાશગંગા–વિશ્વ બની શકે એમ છે. અને આવાં તો લાખો આકાશગંગા–વિશ્વ આકાશમાં આવેલાં છે. ક્યાં પૃથ્વી અને ક્યાં લાખો વિશ્વ સમાવતું બ્રહ્માંડ ! ! કોણ મોટું અને કોણ નાનું ?

પણ ત્યારે, સ્વાભાવિક રીતે, આપણે નાના મોટાની જે સરખામણી કરીએ છીએ તે ક્યા માપના આધારે કરીએ છીએ ?

એ માપ છે આપણું શરીર. શરીરની ઊંચાઈના પ્રમાણમાં આપણે નાની મોટી ઊંચાઈઓ માપીએ છીએ. અને આ હિસાબે ઝાડ અને ઘર ઊંચાં ગણાય છે, જ્યારે ફૂલછોડ અને ઘાસ નીચાં ગણાય છે. આ ઊંચાનીચાપણા-માં પણ આગળ કહ્યા પ્રમાણે મનુષ્યની ઉંમરના હિસાબે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેદ રહેશે. નાનું બાળક પગથિયાને ઊંચું કલ્પશે, મોટો બાળક એને સરસું માનશે અને પુખ્ત ઉંમરનો મનુષ્ય એને નીચું ગણશે. આમ આ બધાંની પાછળ અમુક એક ચોક્કસ માપના એકમની માનસિક કલ્પના પડેલી જ છે, જેની સરખામણીમાં બધું મપાય છે.

આપણાં સાપેક્ષ માપ પુખ્ત વયના મનુષ્યના શરીરને ખ્યાલમાં રાખીને મપાય છે. મનુષ્યનું આ માપ વિશ્વનું એક મધ્યમ માપ છે. વજનની દૃષ્ટિએ વિશ્વનો ભારેમાં ભારે પદાર્થ તારો છે, અને હલકામાં હલકો પરમાણુ છે. પરમાણુના વજનના હિસાબે મનુષ્યનું વજન $૧૦^{૨૭}$ (એક પછી ૨૭ મીડાં) પરમાણુ-વજન જેટલું છે, જ્યારે એક સામાન્ય તારાનું વજન મનુષ્યના વજનના હિસાબે $૧૦^{૨૮}$ (એક પછી ૨૮ મીડાં) મનુષ્ય-વજન જેટલું છે. આ ગણતરીમાં મનુષ્યનું માપ એ સરખામણીનું માપ છે. પણ સાચેસાચ એ કેટલું અને કેવડું માપ છે એમ કહેવા માટે આપણી પાસે ચોક્કસ કશો જવાબ જ નથી. મનુષ્યના માપને બીજા માપની સરખામણીમાં (પરમાણુ કરતાં અમુક ગણું ભારે યા તારાના વજનના અમુક ભાગ જેટલું) કહેવું પડે છે. અને ત્યારે પણ પરમાણુનું વજન કેટલું એનો નિરપેક્ષ (સરખામણી વગરનો) કોઈ જવાબ નથી. જવાબ આપવો જ હોય તો એનો એ ચકરાવો આપણે ફરવો પડશે અને કહેવું પડશે કે તારાનું વજન પૃથ્વીના વજન કરતાં અમુક ગણું છે.

મતલબ કે કોઈ એક પદાર્થનાં નિશ્ચિત વજન, લંબાઈ, દૂરત્વ, કદ વગેરે કહેવા માટે આપણે એક વજનને બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વજનમાં યા એક કદને બીજા કદમાં કહેતા હોઈએ છીએ; એમ જ કહોને કે આપણે સાપેક્ષ વાત કરતા હોઈએ છીએ.

જેવું વજન, લંબાઈ યા કદનું છે તેવું જ સમયનું પણ છે. આપણે સમયને કલાક, મિનિટ વગેરેમાં માપીએ છીએ. પણ જરા થોભી પ્રશ્ન કરીશું કે કલાક એટલે શું? ત્યારે જ આપણને એની સાપેક્ષતા સમજાશે. કલાક એ દિવસનો ચોવીસમો ભાગ છે. પણ ત્યારે દિવસનું શું? એનું માપ કેવી રીતે નીકળે છે? પૃથ્વી પોતાની ધરી ફરતો એક આંટો ફરે છે ત્યારે એક દિવસ થાય છે. પણ દિવસની આ લંબાઈ હંમેશ માટે એકસરખી છે? એટલે કે પૃથ્વીનું ધરીભ્રમણ હંમેશ માટે એકસરખું છે? વૈજ્ઞાનિકો કહે છે કે એમ નથી. પ્રયોગો અને અવલોકનથી માલૂમ પડ્યું છે કે પૃથ્વીનું ધરીભ્રમણ દર સો વર્ષે સેકંડના સોમા ભાગ જેટલું વધે છે. પણ ત્યાં સવાલ થશે કે આ જણાયું શાના આધારે? પૃથ્વીની દૈનિક ગતિને એની વાર્ષિક ગતિ સાથે સરખાવવાથી આ હકીકત જણાઈ છે. તો પૃથ્વીનું વાર્ષિક પરિભ્રમણ કોઈ સ્થિર યા ચોક્કસ વાત છે ખરી? આનો જવાબ હા પણ થઈ શકે છે અને ના પણ હોઈ શકે છે. પણ એ માટે વાર્ષિક પરિભ્રમણની વાતને કોઈ બીજી વાત સાથે સરખાવવી પડશે ને!

ટૂંકમાં, આપણું કોઈ પણ માપ પોતાની રીતે સ્થિર, નિશ્ચિત યા નિરપેક્ષ નથી. આપણાં બધાં જ માપ—પછી એ ભલે લંબાઈ યા વજન અથવા કદ કે સમયનાં હોય—એકબીજા પર આધાર રાખતાં સાપેક્ષ માપ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

વસ્તુતઃ—ખરી રીતે, સાચું જોતાં. **એકલપંડે**-પોતાની જાતે, બીજા સાથે સરખામણી કર્યા વગર. **સાપેક્ષ**-બીજા કશા પર આધાર રાખનારું, સ્વતંત્ર અસ્તિત્વ ન ધરાવનારું (relative). **એકમ**-ગણતરી વગેરે હેતુઓ માટે એક અને આખી પૂર્ણ માનેલી વસ્તુ, unit. **ખગોળશાસ્ત્રી**-ખગોળ-ગગનમંડળ; ખગોળના પદાર્થોની ગતિ, કદ વગેરેનું ગણિત જાણનાર. **આકાશગંગા**-આકાશમાં રાતે અસંખ્ય ચાંદરણીઓનો જે લાંબો, સફેદ ને ચળકતો પટ દેખાય છે તે; મંદાકિની, સ્વર્ગંગંગા. આ આકાશગંગા અગણિત તારાઓ ને નિહારિકાઓના સમૂહની બનેલી છે. **નાચીજ**-નજીવું, જેનો કોઈ પણ હિસાબ ન હોય તેવું. **બ્રહ્માંડ**-બ્રહ્મ+અંડ, વિશ્વ, જેમાં પૃથ્વી, ગ્રહો, તારાઓ—એ બધાંનો સમાવેશ થાય છે. **પરમાણુ**-પરમ+ અણુ. જેના વધુ વિભાગ થઈ શકે નહિ તેવો ઝીણામાં ઝીણો અણુ; **અણુ**= atom. **નિરપેક્ષ**-પોતાની મેળે, બીજા કશા પર આધાર રાખ્યા વગર ટકે તેવું; સાપેક્ષથી ઊલટું; absolute. **વૈજ્ઞાનિક**-વિજ્ઞાનનો જાણકાર.

૧. નાનપણમાં જોયેલું તળાવ કે મંદિર મોટપણે નાનું કેમ લાગે છે?

૨. નાના મોટાનું ધોરણ આપણે શેને આધારે બાંધીએ છીએ?

૩. આ બ્રહ્માંડના વિસ્તાર વિષે જે જાણતા હો તે ટૂંકમાં લખો.

૪. પરમાણુ એટલે શું? એના કદ અને વજનનો સાપેક્ષ ખ્યાલ આપો.

૫. 'સાચી રીતે જોતાં કોઈ વસ્તુ નાની, મોટી, લાંબી, ટૂંકી નથી'—એ તમે કેવી રીતે કહી શકો? શ્રી ગોવર્ધનરામની બે પંક્તિઓ વિસ્તારથી સમજાવો.

૬. 'મોડું અને વહેલું' પર—નિરપેક્ષ દૃષ્ટિએ—આશરે પંદર લીટી લખો.

૭. ટૂંકી નોંધ લખો—સાપેક્ષ, નિરપેક્ષ, અણુ, આકાશગંગા, એકમ.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तक वितरण की तिथि नीचे अङ्कित है। इस तिथि सहित १५ वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए। अन्यथा ५ नये पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा।

19 JUL 1963 २८४१२		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी विश्वविद्यालय
विषय संख्या 66ग / 82(5)
आगत पंजिका संख्या 22-007

तिथि	संख्या	तिथि	संख्या
19 JUL 1963			
२४/१२.			

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ પહેલો

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ · નાણાવટ · સૂરત

કિં. રૂ. ૨-૦-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar